# ગીનાન મુબારક

રચનાર

પીર શમ્શ

પીર સદરદીન

પીર હસન કબીરદીન

અન્ય પીરો અને સૈયદ ઇમામ શાહ

ફકત શીયા ઈમામી ઈસ્માઈલીયો માટે

# ગીનાન મુબારક

=રચનાર=

પીર શમ્સ

પીર સદરદીન

પીર હસન કબીરદીન

અન્ય પીરો અને સૈયદ ઈમામશાહ

# ફરમાન મુબારક

**ખુંદાવંદ નુર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઈમામે ફરમાવ્યું,**

અમને લાગે છે કે આપણી યુવાન પ્રજાને ગીનાન શીખવવાની ઈસમાઈલીયા એશોસીએશન ઉપર ખાસ કરીને જે જવાબદારી અને ફરજ છે તેને અંજામ આપશે તોજ આપણી આ અદભૂત પ્રણાલિકાઓને આપણે ચાલુ રાખી શકીશું, નહિતર આપણે આપણો અગત્યનો એવો ભૂતકાળનો અમુક વારસો ગુમાવી બેસશું કે જે આપણી જીંદગી પર્યંત અને હવે પછી જંનમવાના છે તે અમારા રૂહાની બચ્ચાંઓના જીવન માટે અતિ અગત્યનું છે. ઢાકા,૧૭-૧૦-૧૯૬૦

અમોએ ઘણી વખત અમારા રૂહાની બચ્ચાઓને ભલામણ કરેલ છે કે તેમણે ગીનાનો યાદ કરવા જોઇએ અને ગીનાનોની સમજણ પોતાના દિલમાં લેવી જોઇએ. અમારા રૂહાની ફરજંદો જગતના ગમે તે ભાગના રહેવાસી હોય પણ તેમના માટે ખાસ જરૂરી છે કે જુગા જુગ અને પેઢી દર પેઢી તેઓ આ પ્રણાલિકાને પકડી રાખે. આપણી આ પ્રણાલિકા અજોડ છે અને અમારી જમાત માટે અતિશય મહત્વની છે.

કરાંચી, ગીનાને મહેફીલ, ૧૬-૧૨-૧૯૬૪

**હઝરત ઈમામ સુલતાન મુહમ્મદશાહે ફરમાવ્યું છેઃ-**

તમે ગીનાન શીખો અને એક બીજાને શીખવો, તમે ગીનાન પડો અને તેના અર્થ સમજશો તો ફાયદો થશે. તમે ગીનાન વાંચો અને તેના ભેદ સમજો. ગીનાનની ચાર તરેહની ભાયના થાય છે તે બરાબર સમજીને વાંચજો.

તમને પીર સદરદીને જે ગીનાનો રચી આપ્યા છે તેમાં કુરાનનું સાર તત્વ કાઢીને હિન્દુસ્તાનની ભાષામાં સંભળાવ્યા છે.

પીર સદરદીને એવા ગીનાન સમજાવ્યા છે કે તમે હુંશિયાર થઇ જાઓ.

.......ખાનાવાદાન

આપ્યો. આ જાહેરાતથી લોકો પીરની વીરૂધ થઇ ગયા. પીર શમ્સ એક દૈવી અને ચમત્કારીક પુરૂષ હોવાથી તરતજ પોતાના શરીરે એક કાળી કામળી ઓઢી લીધી અને પોતાના હાથે શરીરની ચામડી ઉતારી નાખી આલીમો તરફ ફેંકી.

પીર શમ્સને ભુખ લાગતા કોઇએ ખાવાનું આપ્યું નહીં. એક કસાઇને લાગણી થઇ આવવાથી માંસનો ટુકડો આપ્યો પણ કોઇએ અગ્નિ આપી નહી. તેથી તેને પકાવવા સુરજને નીચે ઉતાર્યો સુરજની અસહ્ય ગરમીથી લોકો દોડીને આપશ્રીના પગમાં પડી ગયા માંસનો ટુકડો પણ પાકી ગયો હોવાથી સુરજને પોતાની અસલ જગ્યાએ ચાલી જવાનું કહેતા સુરજ ચાલ્યો ગયો. આ જગ્યાને સુર્યકુંડ કહેવામાં આવે છે. અને હમણાં પણ તે મૌજુદ છે અને દર વર્ષે ત્યાં મોટો મેળો ભરાય છે.

પીર શમ્સુદીનની વફાત હિ. સ. ૭૫૭માં મુલતાન ખાતે થઇ હતી.

## પીર સદરદીન

પીર સદરદીનનો જન્મ હિ. સ. ૭૦૦ના રબીયુલ અવ્વલ માસની તારીખ બે ને વાર સોમવારના ઇરાનમાં આવેલ સબ્ઝવાર ગામમાં થયો હતો. તેઓના પિતાનું નામ પીર શાહબુદીન હતું.

આપણા ૩૦ મા ઇમામ હઝરત મૌલાના ઇમામ ઇસ્લામશાહએ પીરાતન સોંપી ખુરાશાનથી હિન્દુસ્તાન મોકલ્યા હતા.

હિન્દુ શાસ્ત્રો પ્રમાણે નવ અવતારો પછી દશમા નિષ્કલંક અવતાર તરીકે હઝરત મૌલા મુરતઝા અલી અ૦ને સાબીત કરી બતાવ્યા હતા, અને દુનિયાની ઉત્પતીથી એક ધારી ચાલી આવતી હ૦અલીની વંશાવલી લોકોને બતાવી હતી.

એવણે ૧૧૯ વર્ષની વયમાં ફક્ત બે વખત ઇમામના જાહેરી દિદાર કર્યા હતા.

ઇમામની હુઝુરમાં ગયા ત્યારે શાહ ઇસ્લામશાહ અ૦ એ હિન્દુસ્તાનના મુરીદોના ખબર અંતર પુછયા અને હિન્દુસ્તાનમાં જમાતખાનાઓ સ્થાપવાની અને મુખી કામડીયાઓની નીમણુંક કરવાની આજ્ઞા ફરમાવી.

પહેલું જમાતખાનું સિંધમાં કોટડી ગામે સ્થાપ્યું અને ત્યાંના મુખી તરીકે મુખી ત્રિકમની નિમણુંક કરી.

પીર સદરદીન આ ફાની દુનિયા છોડી ગયા બાદ હઝરત મૌલાના ઇમામ ઇસ્લામશાહે તેમના ફરજંદ પીર હસન કબીરદીનને પીરાતન સોંપી હતી.

## પીર હસન કબીરદીન

પીર હસન કબીરદીનનો જન્મ હિ. સ. ૭૪૨માં શાબાન માસની ૨૨મી તારીખને વાર બુધવારના દિવસે ભાવલપુર સ્ટેટમાં આવેલા ઉચ્છ શરીફ નામના ગામમાં થયો હતો. તેઓ પીર સદરદીનના પુત્ર હતા.

એમણે અનેક મોજીઝા કરેલાં કહેવાય છે. જેમાં ભાવલપુરની પ્રજાનો એક સંઘ જે ગંગાસ્નાન કરવા જતો હતો તેમને ઉચ્ચ ગામમાં ગંગા નદી મંગાવી સ્નાન કરાવ્યું. તેવી માન્યતા હજી તે બાજુ પ્રચલીત છે.

પીર હસન કબીરદીન સ્વભાવે ઘણાં ગંભીર અને સહનશીલ હતા. તેમની વાણીમાં ભારોભાર દીનતા જોવામાં આવતી હતી. તેવણને એક વખત કોઇએ પુછયું કે ધીરજ એટલે શું ? તો આપે જવાબ આપ્યો કે 'તમારા હાથ પગ કાપી નાખવામાં આવે, જાતજાતના દુઃખો તમારા ઉપર વરસાવવામાં આવે, તમારા રૂવે રૂવામાં કીડા પડે તો પણ તમારા મોઢેથી ફરીયાદનું એક પણ શબ્દ ન નીકળે તેનું નામ ધીરજ !' એકંદરે તેઓશ્રી ઘણાજ નમ્રતા અને સહનશીલતા જેવા ઉત્તમ ગુણો ધરાવતા હતા.

તેઓના અઢાર પુત્રોમાં ખાસ કરીને સૈયદ ઇમામશાહ અને પુત્રી બાઇ બુઢાઇ સતપંથીઓમાં જાણીતા છે.

## સૈયદ ઇમામશાહ

સૈયદ ઇમામશાહ પીર હસન કબીરદીનના પુત્ર હતા.

પીર હસન કબીરદીન વફાત વખતે તેઓશ્રી દૂર ગામમાં ધાર્મિક પ્રચારનું કાર્ય કરી રહ્યા હતા. તેમને સમાચાર મળતા ઉતાવળે આવી પહોંચ્યા હતા અને દફન કરવા લઇ જતા જનાજામાં લોકો સાથે સામેલ થયા હતા.

કહેવાય છે કે સૈયદ ઇમામશાહે જનાજો અટકાવ્યો હતો અને પિતા પાસે પોતાની પાંતી માંગી હતી અને જનાજામાંથી પીર હસન કબીરદીનના શબનો હાથ નીકળ્યો જેમાં તસબી અને સાકર હતી, જે તેમણે લીધી હતી. તસબીનો ભાવાર્થ ખુદા તાલાની બંદગી કરવાનો અને સાકરનો અર્થ મીઠી વાણીથી બોધ કરવાનો ધ્યેય છે.

ઘણા દિવસની તપશ્ચર્યા બાદ ઇરાનમાં ઇમામે જમાન મૌલાના શાહ મુહમ્મદ બિન ઇસલામ શાહની મુલાકાત થઇ હતી. ત્યારે તેમને ખબર પડી કે પીરાતનતો ઇમામે તેમના કાકા પીર તાજદીન ઇબ્ને પીર સદરદીનને સોંપી હતી. આ જાણી તેઓ જરા નારાજ થયા હતા, પણ ઇમામે જમાને તેમની તે નારાજી દૂર કરવા ઝીકરનો બોલ આપવાની કરમ બક્ષીસ ફરમાવી જેને પ્રતાપે કહેવાય છે કે તેમણે જન્નતની સહેલ કરી હતી. તેમનાં ઘણા ગીનાનો મશહુર છે.

## અનુક્રમણિકા

('ભાઇ' 'એજી' 'જીરેવીરા' 'એ સભાગા' 'જી ત્યા' 'અબધુ' વિગેરે શબ્દો છોડી પહેલા અક્ષરથી 'ક્રમવાર' શબ્દ કોષના ધોરણે આપવામાં આવેલ છે.)

### પીર શમ્સ


અ-આ-એ

૧. અબ તેરી મહોબત લાગી ........ ૩
૨. અમીરસ પીજો દીનને રાત (ગરબી) ........ ૪
૩. અજબ જમાના સુણો મોમન ભાઈ ........ ૫
૪. આજ આનંદ પામીયા મન ........ ૭
૫. એક તીરથ વેધડા ........ ૮
૬. એક શબ્દ સુણો મેરે ભાઈ ........ ૮
૭. એવી ગરબી સંપુર્ણ સાર (ગરબી) ........ ૯

ઈ

૮. ઇસ દુનિયા ધે વીચ ........ ૧૦

ઉ

૯. ઉચથી આયો બંદે ........ ૧૧

ક

૧૦. કેસરી સિંહ સરૂપ ભુલાયો ........ ૧૨
૧૧. કાયમ દાયમ તુ મોરો સામી ........ ૧૩

જ

૧૨. જુગત જોલ સંતોષ પાત્ર કરો ........ ૧૩

ત

૧૩. તમે જપજો દીન રાત કે (ગરબી) ........ ૧૪
૧૪. તારે પુઠીઅડે છે પાંચ ........ ૧૫
૧૫. તારે વાગા તે ગીનાનના વાજારે મા ........ ૧૬

ન

૧૬. નવરોઝના દીન સોહામણા ........ ૧૭
૧૭. નટડીએ જુગ માંહે ખેલજ કીધા ........ ૧૮
૧૮. નીતોનીત ઘટ પુજા કીજીયે ........ ૧૯

પ

૧૯. પીર નાચીને કંથે ગીનાનરે મા (ગરબી) ............ ૨૦

૨૦. પ્રેમ પાટણ રાજા મનસુધ ............ ૨૨

ફ

૨૧. ફરમાન કરી નરજી બોલીયા (જનાજો) ............ ૨૩

ભ

૨૨. ભુલો ભુલો તે ભુલો ભમરડો રે (ગરબી) ............ ૨૬

મ

૨૩. માંહે વરસે અમૃત નુર ............ ૨૭

સ

૨૪. સતગુર ભેટયા કેમ જાણીયે ............ ૨૮

૨૫. સતગુર આવ્યા કાંઇ આપણે દ્વારરે ............ ૨૯

૨૬. સતને મારગે ચાલીયે ............ ૩૦

૨૭. સતપંથ વોહરી વીરા અલગા ન રહીયે ............ ૩૧

૨૮. સામી તમારી વાડી માંહે ............ ૩૨

૨૯. સુનો સુનો ભાઇ વે મોમનો ............ ૩૩

૩૦. સુનો સુનાં મોમનો સુનીમન લાવના ............ ૩૪

૩૧. સેજે પોઢયા સહસ્ત્ર વરણ ............ ૩૬

હ

૩૨. હક તું પાક તું બાદશાહ ............ ૩૬

૩૩. હમદીલ ખાલક ............ ૩૭

૩૪. હથી હથી પરબત તોલંદે બંદે ............ ૩૮

## પીર સદરદીન

અ-આ

૩૫. અબુજ ન બુજે તેને કેમ કહીએ ............ ૪૦

૩૬. અમરતે આયો મોરે શાહજીજો ............ ૪૧

૩૭. અલખ સીરેવો બાના આપણો ............ ૪૩

૩૮. અલખ શ્રેવો બાના હેત ધરી ............ ૪૪

૩૯. અવલ તું હી આખર તું હી ............ ૪૫

૪૦. અવીચલ અલ્લાહ અવીચલ ખાલક ............ ૪૬

૪૧. આતમારામ તમે અવીગત સીરવો .................... ૪૭
૪૨. આતમારામ તમે બડા ગીનાની .................... ૪૮
૪૩. આદ તો અલખ અગીયા રમીયો .................... ૪૯
૪૪. આનંદ આનંદ કરીયો રીખીસરો .................... ૫૦
૪૫. આલમોત ગઢ પાટણ દેલમ દેશ .................... ૫૧
૪૬. આવા ગુરનર સામીસું હેત .................... ૫૪
૪૭. આવા ગુરનર સામીને શ્રેવીએં .................... ૫૫
૪૮. આવો મારા સામી રાજા .................... ૫૫

ઈ

૪૯. ઈમાની આ જુગમાંહે જાણીએ .................... ૫૬

ઉ

૫૦. ઉઠ બએઠ બંદા તું કાંઇ સુતો .................... ૫૭
૫૧. ઉણીયા બી ઉણીયા અમે કીરીયાના હીણા .................... ૫૯

ક

૫૨. કરણી કમાવો તો રબજીસું રાચો .................... ૬૧
૫૩. કરશનજી ભણેરે અરજુન સાંભળો .................... ૬૨
૫૪. કલપ ધંધુકારે રચ્યો મોરે સામીજી .................... ૬૩
૫૫. કસણી દીધી ચારા સાત સાહેરકું .................... ૬૪
૫૬. કહોરે પંડીતો જીવ કીસ ઘર જાતા .................... ૬૫
૫૭. કાયાની બેડી આપણા ગુરનરસું રાખોજી .................... ૬૬
૫૮. કાંયરે મોમનભાઇ તમે સોવોરે નચીંતા .................... ૬૭
૫૯. કે રાજા પાંડવે તે મેલી જ્યારે પરથવી .................... ૬૮

ગ

૬૦. ગતમાંહે આવીને વીરાભાઇ કરજોડી રહીએ .................... ૬૯
૬૧. ગુરસું બંધન બાંધીયે .................... ૭૦
૬૨. ગુન તેરા સામી રાજા .................... ૭૧
૬૩. ગીનાન બોલોરે નીત નુરે ભર્યા .................... ૭૨

ઘ

૬૪. ઘટપાટ વેળા આવી ઢુંકડી .................... ૭૩
૬૫. ઘર સર વધાઇયું શાહ મોરે લીઓ અવતાર .................... ૭૪

ચ


૬૬. ચેત ચેત બાના મન ચંચલ કરી ચેતો ................ ૭૫


જ-ઝ


૬૭. જમીન આસમાન સાહેબે જુગતે જડીયા ............ ૭૬
૬૮. જ્યારે તું ગીરભા સ્થાન વસંતો ........................ ૭૭
૬૯. જાગો રે સતપંથી વીરાભાઇ ............................ ૭૮
૭૦. જુગ દુઆપુરમે જંગન આદર્યો .......................... ૭૯
૭૧. જુઠી રે દુનિયા તમે કાંઇ ભૂલો ........................ ૮૦
૭૨. જેમ જેમ જુગતસુ પ્રીત કરેવા .......................... ૮૨


ટ


૭૩. ટાઢું ટાઢું મીઠડું બોલીએ ................................ ૮૩


ત


૭૪. તમકું સધારે સો દીન બહોત જ હુઆરે .............. ૮૪
૭૫. તારીએ તું તારણહાર ખુદાવંદ ........................ ૮૫
૭૬. તીલભાર તુલણા ખનેકી ધાર ચલણા ................ ૮૬
૭૭. તુંહી ગુર તુંહી નર ........................................ ૮૭


દ


૭૮. દીલના દગા બંદે કરના હો દૂર ........................ ૮૮
૭૯. દીવડા બતી માંહે જીઉં તેલ સમાણા .................. ૮૯
૮૦. દુનિયા ચલત્ર દેખકે ........................................ ૯૦
૮૧. દુનિયા સીરજીને શાહ મોરે .............................. ૯૧


ધ


૮૨. ધન ધન આજનો દાડલો .................................. ૯૨
૮૩. ધીરો ધીરો મોમનો .......................................... ૯૩
૮૪. ધંધુકારની સાંખ ભણી જે ................................ ૯૪


ન


૮૫. નુર વેળા નુર પીયો .......................................... ૯૫
૮૬. નીંદ્રાને વારો પ્રાણી .......................................... ૯૫

પ


૮૭. પડેને બુજે તેને શું શું કહીએ ........................ ૯૬
૮૮. પરતક વીલોડીએ ફાંસ માંડી ........................ ૯૭
૮૯. પહેલા કરતા જુગમાંહે સોનાનારે ઘટ ................ ૯૯
૯૦. પહેલું પહેલું નામજી ........................ ૧૦૦
૯૧. પાછમથી શાહના દળ આવશે........................ ૧૦૧
૯૨. પાટ માંડીને ચોક પુરાવો ........................ ૧૦૨
૯૩. પીઢંત તે જે કીસી ઘર ન જાતા ........................ ૧૦૩
૯૪. પીરને પૂછી તમે પંથ કમાવો........................ ૧૦૪


બ


૯૫. બીંદ્રારે વનમાં સુખ ચરેરે ગાવંત્રી ........................ ૧૦૫


લ


૯૬. લાવો લાવો ઘાસ બંધાવો ત્રાટી ........................ ૧૦૭


સ


૯૭. સખી મહાપદ કેરી વાત........................ ૧૦૮
૯૮. સખી મારી આતમાના ઓધાર ........................ ૧૦૯
૯૯. સતગુર સાથે ગોઠડી કીજે ........................ ૧૧૦
૧૦૦. સતગુર શ્રેવો તમે મધરાતે જાગો........................ ૧૧૧
૧૦૧. સતના સરોવર સરાસર ભરીયા........................ ૧૧૨
૧૦૨. સબ ઘટ સામી મારો ભરપુર બેઠા........................ ૧૧૩
૧૦૩. સાત સરગના કાંઇ ખુલ્યા છે દ્વાર ........................ ૧૧૫
૧૦૪. સામીને સાચું કરી શ્રેવીએ ........................ ૧૧૬
૧૦૫. સામી રાજો જંપુદીપે ઉમાયોજી ........................ ૧૧૮
૧૦૬. સામી રાજો આવે જંગી ઢોલ બજાવે........................ ૧૧૯
૧૦૭. સામી રાજો મોરે મનથી ન વીસરેજી ........................ ૧૨૦
૧૦૮. સાહેબ કેરો ભેદ ન બુજેરે કોઇ ........................ ૧૨૧
૧૦૯. સાંહી શ્રેવો મ ઢીલ કર ........................ ૧૨૨
૧૧૦. સેજડીએ સુતો રે રાજા નિંદ્રા ધરી........................ ૧૨૪
૧૧૧. સેંહતર દીપમેં શાહ જાહેર બેઠા........................ ૧૩૩
૧૧૨. શ્રી ઇસ્લામ શાહ અમને મળ્યા ........................ ૧૩૪

શ
૧૧૩. શાહકુ આવંતા જો કહે ........ ૧૩૫
૧૧૪. શામ સદાજી સચો ........ ૧૩૬
૧૧૫. શેઠ કહે તમે સાંભળો વાણોતર ........ ૧૩૭
હ
૧૧૬. હરોવર સરોવર આશા ભરપુર ........ ૧૩૯
૧૧૭. હસી કીજે વીરા હરતણી ........ ૧૪૦
૧૧૮. હાજર શાહ પીર જાણજો ........ ૧૪૧
૧૧૯. હું બલીહારી ગુર આપણે ........ ૧૪૨
૧૨૦. હેત ગુરનરસું કીજીયે ........ ૧૪૪
૧૨૧. હો હો કરતાં હોઇ ગયા ........ ૧૪૪
૧૨૨. હંસપુરી નગરીમાં માંડવો રચાયો ........ ૧૪૫

## પીર હસન કબીરદીન

અ-આ-ઓ-અં
૧૨૩. અનંત કલપમેં આગે તુંહીજ હોતા ........ ૧૪૯
૧૨૪. અલ્લાહ એક ખસમ સબુકા ........ ૧૫૩
૧૨૫. આદમ આદ નીરીંજન ........ ૧૫૫
૧૨૬. આશ તમારી મૌલા કાયમ શાહજી ........ ૧૫૯
૧૨૭. આશ પુની હમ શાહ દર આયા ........ ૧૬૦
૧૨૮. ઓહંગ નમો ગુર શબ્દ હય ........ ૧૬૧
૧૨૯. અંતકાળ વેળા વાપરીરે ........ ૧૬૩
ઉ
૧૩૦. ઉચારે કોટ બહુ વેચના ........ ૧૬૩
ક
૧૩૧. કલપત જલપત માયા એ મોહી ........ ૧૬૪
૧૩૨. કુટુંબ પરીવાર સજના ........ ૧૬૪

ખ
૧૩૩. ખડીયા પડીયા લેટીયા બેઠીયા ........................ ૧૬૫
દ
૧૩૪. દુર દેશથી આયો વણજારો ........................ ૧૬૬
૧૩૫. દેહી ગુરકે વાચા (પીર તાજદીન) .................... ૧૬૭
ધ
૧૩૬. ધરમ લાધો લાખેણે ફુલડે ........................ ૧૬૮
ન
૧૩૭. નુરે તે ખાક નીપાયા ........................ ૧૭૦
૧૩૮. નીંદ કરતા નીંદ ગઇ ........................ ૧૭૧
પ
૧૩૯. પહેલો રે નામ ખુદાજીકો લીજે ........................ ૧૭૨
૧૩૪૦. પહેલો પહેલો નામજીએ ખુદાજીકો લીજે ........... ૧૭૩
ભ
૧૪૧. ભાઇઓ ભરમે ન ભુલીએ (પીર સતગુર નુર) ..... ૧૭૪
ર
૧૪૨. રમતા રમતા પ્રભુ પાટણ આવ્યા .................. ૧૭૬
મ
૧૪૩. મગજરે મોમન મારગ લાધો ........................ ૧૮૦
૧૪૪. મન જીતે મન ઇચ્છા ફલ ઉપજે ........................ ૧૮૨
૧૪૫. મુમન મન એમ જાણજોજી ........................ ૧૮૪
સ
૧૪૬. સતગુર પધાર્યા તમે જાગજો (પીર સતગુર નુર) ૧૮૫
૧૪૭. સરવે જીવુંના જ્યારે લેખાં લેશે ........................ ૧૮૬
૧૪૮. સાહેબે ફરમાન લખી મોકલ્યા ........................ ૧૮૯

## સૈયદ ઈમામશાહ

અ-આ-એ
૧૪૯. અપરંમ જ્યારે આવશે ત્યારે ........................ ૧૯૨
૧૫૦. અમે સાહેબ સાથે સહેલ કીધા ........................ ૧૯૩
૧૫૧. આંખલડી જોઇ જોઇ થાકી ........................ ૧૯૪

૧૫૨. આદ ઉણાદ જન સતગુર સરજ્યા ........ ૧૯૫
૧૫૩. આદ ઉણાદે અહુંકાર ઉપના ........ ૧૯૬
૧૫૪. આદ થકી એક સુન નીપાયા ........ ૧૯૭
૧૫૫. આ સંસાર સપનુંતર કરી જાણજો ........ ૧૯૮
૧૫૬. એ તારી આશ કરીને હુરા ........ ૧૯૯

ઇ

૧૫૭. ઇંડ મધે જ્યારે ધ્યાન ધરીને ........ ૨૦૧

ઉ

૧૫૮. ઉગમેઆ સોહી દિન આથમેઆ ........ ૨૦૨
૧૫૯. ઉઠ જાગ મન મેરા ........ ૨૦૩
૧૬૦. ઉઠ બયઠરે કીયા સુતા ........ ૨૦૪
૧૬૧. ઉતમજ થાઓ તો તમે અલખને આરાધોજી ........ ૨૦૪

ક

૧૬૨. કાચી કાયા મીટકી ........ ૨૦૫

ચ

૧૬૩. ચીલા છોડી દીનકા ઘાંચા મત ખાઓ ........ ૨૦૬

જ-ઝ

૧૬૪. જાગ જાગ રે તું જાગ મોરા ભાઇ રે ........ ૨૦૬
૧૬૫. જાગત ક્યું નહીરે ........ ૨૦૭
૧૬૬. જીવની ચીંતા હવે કરો ........ ૨૦૮

ત

૧૬૭. તન મન ધન ગુરને અપરણ કીજે ........ ૨૦૯
૧૬૮. તુમ ચેત મન મેરા ........ ૨૧૦

દ

૧૬૯. દરશન દીઓ મોરા નાથ ........ ૨૧૧
૧૭૦. દરશન શાહકા તો પાઇ એ ........ ૨૧૨
૧૭૧. દીનકી બાત કહી ન જાવે ........ ૨૧૪

ધ

૧૭૨. ધન ધન સાહેબ તોરો પંથ કાયમ તોરો પંથ ........ ૨૧૪
૧૭૩. ધનરે ઘડી જો દીન સંત પધાર્યા ........ ૨૧૫
૧૭૪. ધન પુત્ર માયા સરવે કારમી ........ ૨૧૬

૧૭૫. ધરમી તે જે ધરમ વિચારે ............................ ૨૧૮
૧૭૬. ધામસ રૂપ નીરીંજન ભણીએ ............................ ૨૧૯

ન

૧૭૭. નર નકલંક કેરી વાત કોઈક જાણે રે ............................ ૨૨૦
૧૭૮. નીરમલ ચાલો તેહીંજે ફલ અંહી પામો ............................ ૨૨૧

પ

૧૭૯. પરતક પાત્રને પરખી પ્રેમેં પુજોને પાય ............................ ૨૨૨
૧૮૦. પરથમ પેલો મન વારો આપણો ............................ ૨૨૩
૧૮૧. પહેલે પાળો તે સતગુરની વાચા ............................ ૨૨૪
૧૮૨. પીયું પીયું કીજીએ ............................ ૨૨૫

ભ

૧૮૩. ભમર ગુફારે ઉપર દેખંતા ............................ ૨૨૭

મ

૧૮૪. મરના હયરે જરૂર ............................ ૨૨૮
૧૮૫. માલ ખજીના બહોત જ ભરીયા ............................ ૨૨૯
૧૮૬. મીઠું બોલીને નમી ચાલીએ ............................ ૨૩૦

ય

૧૮૭. યા અલી ખુબ મીજાલસ જીન્નત કરકે ............................ ૨૩૧

વ

૧૮૮. વેનતી કરૂં છું સાહેબ મોરા ............................ ૨૩૩

સ-શ

૧૮૯. સઈયાંજી મોરે ડર લાગો એક દીનકો ............................ ૨૩૫
૧૯૦. સતગુર મલીઆ મુને આજ ............................ ૨૩૫
૧૯૧. સતે ચાલો મારા મુનીવરો ............................ ૨૩૬
૧૯૨. સંત તણે મુખ માર ન હોવે ............................ ૨૩૮
૧૯૩. સતના ઘટ વીરા શ્રેવીએ ............................ ૨૩૯
૧૯૪. સતપંથ શ્રેવો મેરે ભાઈ ............................ ૨૪૦
૧૯૫. સતી સુહાગણ તીસે કહું ............................ ૨૪૧

૧૯૬. સરગ ભવનથી માટી મંગાઇ ........................ ૨૪૨
૧૯૭. સાચો ધીઆવો ને ગીનાન વીચારો ................ ૨૪૩
૧૯૮. સાહેબજી તું મોરે મન ભાવે ........................ ૨૪૪
૧૯૯. શાહના ખત આયા વીરા જંપુદીપ માંહે ........... ૨૪૫

હ

૨૦૦. હરદમ કરો અભીઆસ ........................ ૨૪૬
૨૦૧. હરદમ જપો પીરશાહનું જાપ ........................ ૨૪૭
૨૦૨. હરદમ ધરીએ ધીઆન અજંપીઆ તણો ........... ૨૪૮
૨૦૩. હું રે પીયાસી પીયા તેરે દરશનકી ................ ૨૪૯
૨૦૪. હેતે મીલીને સતે ચાલજો ........................ ૨૫૨
૨૦૫. હેતેસું મીલોરે મુનીવરો ........................ ૨૫૩

## કેટલાક ગ્રંથો અને તેનો સાર

૨૦૬. બ્રહ્મ પ્રકાશ - પીર શમ્સ .............. ૨૫૫
૨૦૭. બુજ નીરંજન - પીર સદરદીન .......... ૨૭૫
૨૦૮. શલોકો મોટો - પીર શમ્સ .............. ૩૧૯
૨૦૯. શલોકો નાનો - પીર સદરદીન .......... ૩૨૭
૨૧૦. મુમન ચેતામણી મોટી - સૈયદ ઇમામશાહ ....... ૩૩૨
૨૧૧. મુમન ચીતવેણી નાની - સૈયદ ઇમામશાહ ....... ૩૩૫
૨૧૨. અનંત અખાડો - પીર હસન કબીરદીન. ૩૩૭
૨૧૩. ઝીકર જાપ-રૂહાની ઇશ્ક- જુદાઇનો ફીરાક ......... ૩૪૩
૨૧૪. ગીરભાવલી - પીર સદરદીન .......... ૩૪૬
૨૧૫. સીતોતેર પાત્ર - દશ અવતાર .......... ૩૬૩
૨૧૬. સી. હરફી - સૈયદ અહમદશાહ ..... ૩૬૬

૨૧૮. ગીનાનની ચુંટી કાઢેલી કડીઓ ........................ ૪૨૯

૨૨૦. કસીદાઓ ........................ ૪૭૪
૨૨૧. શબ્દાર્થ ........................ ૪૯૫

# મહાન ઈસમાઈલી સંત

# પીર શમ્સ

## રચિત

## ગીનાનોનો સંગ્રહ

# ગીનાન - ૧

એજી અબ તેરી મહોબત લાગી, દીલ મેરે મહોબત લાગી;
નેનુંસે નેન મીલાવો-ઓ મેરે સાહેબ. ૧

એજી ખોલો પરદા સનમુખ દેખો,
હસ હસ મુખ દીખલાવો-ઓ મેરે સાહેબ. ૨

એજી તેરી સુરતકા પીર શમ્સ પીયાસા,
દરશન દાન દીલાવો-ઓ મેરે સાહેબ. ૩

એજી હમસું રીસ ન કરીયે ઓ પીયારા,
હમકું સંગ ચલાવો-ઓ મેરે સાહેબ. ૪

એજી જુવાની દિવાની સો કુછ ન નીભેગી,
જ્યું નદીયુંકા નીર ચલાવો-ઓ મેરે સાહેબ. ૫

એજી આશક તેરા તેરે સાથ ચલેગા,
દોસ્તી દિલ બીચ લાવો-ઓ મેરે સાહેબ. ૬

એજી છેલ છબીલા એ સુનો અલબેલા,
મયા તું મન બીચ લાવો-ઓ મેરે સાહેબ. ૭

એજી ચંચલ ચાલા એ જોબન મતવાલા,
મહોબત મનમેં લાવો-ઓ મેરે સાહેબ. ૮

એજી તેરી રમ્ઝકા પીયા મેં હું દિવાના,
ઇશ્કે અકલ ભુલાયા-ઓ મેરે સાહેબ. ૯

એજી મુખડા દેખીયા તબ મન હરખ્યા,
પીર શમસ કંથી સુણાયા-ઓ મેરે સાહેબ. ૧૦

કે તમે અમીરસ પીજો દીન ને રાત કે, નુર નુરાનાયારે લોલ. ૧
તો પાપ પ્રાશ્ચિત સરવે જાય કે, ચીતના ચોખલારે લોલ. ૨
એ તો આગમ વાણી સુણજો જોઇ કે, મનમાંહે માનજોરે લોલ. ૩
તમે ગીનાન વીચારી ચાલો વીર કે, નહીકાં નોખલારે લોલ. ૪
જેણે ગીનાન નહી સુણીયા કાન કે તે ભુલા પડીયારે લોલ. ૫
તમે માનખો જનમ કાંય ખોવો હાથ કે, ફરી નહી આવશેરે લોલ. ૬
તમે ધ્યાવો ધરમ આચાર કે, અધરમી ભુલીયારે લોલ. ૭
એ તો કરતવ આછા કીજે સાર કે, તો વઇકુંઠ પામશોરે લોલ. ૮
તમે સતની જાણો સીધી વાટ કે, સતે પાર ઉતરીયારે લોલ. ૯
જેણે જાણીયાં સરવે મરમ, તે ફલ પામીયારે લોલ. ૧૦
તમે કાને સુણજો આવા ગીનાન કે, લાલ અણમોલીયારે લોલ. ૧૧
કે તમે રખે ભુલો વારોવાર કે, ચેતીને ચાલજોરે લોલ. ૧૨
તમે રમજો સતને સંગાથ કે, ચીત ચોખા કરીરે લોલ. ૧૩
તમે કુડ કપટને કરજો દુર કે, ફલ પામશોરે લોલ. ૧૪
તમે આછી કીરીયા કરજો સાર કે, રદેઆ માંહે ભાવ ધરીએરે લોલ.૧૫
સતસંગ કરજો સાચી રીત કે, ધરમ સત રાખજોરે લોલ. ૧૬
સહી શ્રેવો તમે સતગુર નુર કે, નર કાસમ શાહ કરીનેરે લોલ. ૧૭
એમ બોલીયા ગુર શમસ પીર કે, ફલ પામશોરે લોલ. ૧૮

## ગીનાન - ૩

એજી અજબ જમાના સુણો મોમન ભાઈજી,
કલજુગ આયા ખોટા જીરે. ૧

એજી પીરસું મુરીદ લડેંગે,
બાપકું મારેંગા બેટા જીરે. ૨

એજી હુશીયારી હુશીયારી તમે ચેતો મોમન ભાઇ,
નજીક આયા છેડા જીરે. ૩

એજી કલજુગ જમાના કઠણ મેદે ભાઇ,
જુઠ બોલે તીસે બડાઇ જીરે. ૪

એજી સતીયા બી ત્યાં સત છોડેગેં,
સુધા ફલ સુક સુક જાવે જીરે. ૫

એજી આકાશ કેરા મેહ ન બરસેગા,
જમીન માંહે ધાન ન પાકે જીરે. ૬

એજી માઇ બેટી દોનું લડેગી,
એક એકકું કહેગી સોકા જીરે. ૭

એજી ખાય પીયે ને સોવે એકઠા,
દોસ્ત હોવે દુશ્મના જીરે. ૮

એજી સાસુ ઉઠ કર પાણી ભરેંગી,
વવર બેઠી ખાણા ખાવે જીરે. ૯

એજી સાહેબકું તો નફર દબાવેગા,
બાવા એસા જમાના આયા જીરે. ૧૦

એજી માંહો માંહે દોનું બંધવ લડેગેં,
તે એક એકકું છેદગેં જીરે. ૧૧

એજી મરદકું તો ઓરત મારેંગી,
બાવા નજર તમાસા દેખો જીરે. ૧૨

એજી હીંદુ મુસલમાન દોઇ મીલેગે,
એકઠા બેસી ખાના ખાવે જીરે. ૧૩

એજી મુલ્લાં બ્રાહ્મણ દોનું ગાયા કાટેગે,
સો વાટે સાટે લડેંગે જીરે. ૧૪

એજી મીસકીનકે સીર બલા પડેગી,
પકડેગા ગુમાન જીરે. ૧૫

એજી આજ કલજુગકી એસી વેળા જાણો,
બાવા એસા જમાના આયા જીરે. ૧૬
એજી સતી જતી કોઇ વીરલા હોવેંગા,
બાજત હોવે ઘર બારી જીરે. ૧૭
એજી શીલવંતીકું તો જાગા નાહી,
કમ અસીલ હોવે રાજદુવારીયા જીરે. ૧૮
એજી આતશ કેરા તબ મેહ બરસેંગા,
જમી તે જલ જલ હોવેંગી જીરે. ૧૯
એજી એક દીન એસા વાય છુટેગા,
પહાડ પરબત ઉડ ઉડ જાવે જીરે. ૨૦
એજી આલમ કે શીર ગુનાહ હોવેગા,
બાવા એસા અમલ હોવેગા જીરે. ૨૧
એજી બાજત લોક બુજત નાહી,
કેસા અમલ હોવેગા જીરે. ૨૨
એજી સાત દરીયાકા નીર ઘટેંગા,
મરેગા જલચરા જીરે. ૨૩
એજી ચાંદા સુરજ દોય છીપેગા,
હોવેગા ધંધુકાર જીરે. ૨૪
એજી કોટ ખસેગા માડીયું પડેગીયું,
જમીન તે જલ જલ હોવે જીરે. ૨૫
એજી બાર કોસકે દરમીયાન,
એક દીવા જલેગા જીરે. ૨૬
એજી દુનીયા સઘળી ફના હોવેંગી,
ન રહેગા ત્યાં કોઇ જીરે. ૨૭
એજી એક અલ્લાહ કેરી જાત રહેગીં,
તબ ત્યાં એક ઇલાહી જીરે. ૨૮
એજી હાથ બીલ્લસ નજીક ઉપર,
આપણે સાહેબજીકી બાદશાહી જીરે. ૨૯
એજી પીર શમસ કલંદર ઇયુંજ કહ્યા,
આપણે સાહેબજીકા અજબ ઇલાહી જીરે. ૩૦

## ગીનાન - ૪

આજ આનંદ પામીયા મન કે, સતગુર શ્રેવીયા રે લોલ. ૧

તમે ભુલો મ મુરખ લોક કે, મરમ રદેહ ધરોરે લોલ. ૨

એતો પાખણ દેવલ ભુત કે, ફેરા શું ફરો રે લોલ. ૩

તમે શ્રેવો સતગુર નૂર કે, ગુર અનવર ધણીરે લોલ. ૪

તમે દાન દશોંદે રહેજો પુર કે, તો ફળ પામશોરે લોલ. ૫

એ તો પુરા રીખીસર કરશે રાજ કે, જે સતપંથે ચાલશેરે લોલ.૬

તમે નાચો દીનને રાત કે, કાંઇ નવ પામશોરે લોલ. ૭

એ તો પંથર સરવે ભુત કે, બોલે બી નહીરે લોલ. ૮

તમે ભુલો તો ફોગટ, કાંહે કે, જે ઘડીયાં માનવીરે લોલ. ૯

એ તો ગરબી જુઠો છે દેવ કે, ભવાની છે ક્યાંરે લોલ. ૧૦

એ તો ગુર બ્રહ્માની કળા ભરપુર કે, ત્યાં સરવે રહેરે લોલ. ૧૧

તમે જુઠા જુવો સબ સંસાર કે, જમથી જાણજોરે લોલ. ૧૨

તમે માનો અલી અવતાર કે, તો ફળ પામશોરે લોલ. ૧૩

તો પાપ પ્રાશ્ચિત થાશે દુર કે, પદવી પામશોરે લોલ. ૧૪

એમ સમજાવ્યા તે સતગુરે સાચ કે, તોય નવ જાણીયા રે લોલ.૧૫

તે તો સુણીયા સરવે લોક કે, વળતાં બોલીયારે લોલ. ૧૬

તમે આવજો બીજી રાત કે, મલી કરી નાચીયેરે લોલ. ૧૭

એમ બોલ્યા ગુર શમસ પીર કે, ચેતીને ચાલજોરે લોલ. ૧૮

## ગીનાન - ૫

એક તીરથ વેધડા પીર શમસ ગાઝી સંધણા,
તુસા નાવો નાવો નાવણા-વીરા નાવણા. ૧
નાતે ધોતે સે જીયા જીને ગુરધા ફરમાયા કીયા,
ઓર નહી નાવણા-નહી નાવણા. ૨
રાહો રાહ ચલો તુસા પીર પુછી રાહ ચલો,
ઉજડ પગ નહી પાવણા-ન પાવણા. ૩
પીર શમસ અરવાહ પરબોધણા,
મનહઠી રૂહાને સમજાવણા-એ સમજાવણા. ૪
એસા દર મેડે સાહેબ રાજેધા સધડા,
સુઇધે ધફે વીચ હસતી માવણા-વીરા માવણા. ૫
પીર શમસ ગાઝી બોલીયા,
ફલ સચે યારે મોમને પાવણા-વીરા પાવણા. ૬

## ગીનાન - ૬

એજી એક શબ્દ સુણો મેરે ભાઇ, મંય આવી સુઘડ પંથમાં. ૧
એજી કીસકી બેટી કીસકું દીયા, તું કોણ પુરૂષ ઘર નારીયા. ૨
એજી સતકી બેટી સંતોષકું દીયા, મય થુલ પુરૂષ ઘર નારીયા. ૩
એજી થુલ પુરૂષ મય સુતા મેલીયા, મય બાળક મેલીયાં ઝુલતાં. ૪
એજી દુધ કઢંતા મય ચુલે મેલીયા, મય આવી દેવ દુવારીયા. ૫
એજી દેવકે કારણ મય સબ કુછ છોડીયા, મય ન જાણા અવર દુવારીયા. ૬
એજી અવર ચીંતા મુજે કીસીકી નાહી, ચીંતા હય મેરે જીવકી. ૭
એજી જીવકે કારણ મય સબ કુછ છોડીયા, મય આવી શરણ તમારીયા. ૮
એજી સતકા સાડા સંતોષકા નાડા, મય ચીંતદે ગાંઠ ગંઠાયા. ૯
એજી સતકા ગડુલા સંતોષકી જારી, મય ધરમ સીંચણકી દોરીયા. ૧૦
એજી ભણે પીર શમસ સુણો મેરે ભાઇ, મય આવી કોલ કરારીયા. ૧૧

## ગીનાન - ૭

એવી ગરબી સંપૂર્ણ સાર, ગુર શમસ બોલીયા વીચાર. ૧
જે કોઇ સાંભળશે એકહી મન, તેના સહસ્ત્ર ઘણેરા પુન. ૨
જે કોઇ ગાય તે નર ને નાર, તે તો પામશે પેલે પાર. ૩
જે કોઇ સંતપંથકી ગરબી ગાય, તેના પ્રાછત સરવે જાય. ૪
એવી ખેલ રમત થઇ છે ભારી, સતે સાંભળજો નર ને નારી. ૫
વાસો વઇકુંઠ તો તમે પામો, સતે ગરબીને જો તમે ગાવો. ૬
ગાઇ ગરબી આરાધો ધરમ, તો પાપ છુટે જુગાજુગના કરમ. ૭
જે કોઇ સતપંથકી ગરબી સુણીયા, તેના તરે એકોતેર પુરીયા. ૮
જેણે રાખ્યો છે દ્રઢ વિશ્વાસ, તે તો હોશે અલીના દાસ. ૯
જે કોઇ ગાયે અલીના દાસ, તે તો પામશે વઇકુંઠ વાસ. ૧૦
જે કોઇ ભણશે થાવર રાત, તે તો થાશે તે અમર જાત. ૧૧
સાચો સીદક રાખો મોરા ભાઇ, તો હોવે સાચી તમારી કમાઇ. ૧૨
રાખો રીખીસર રીદામાંહે ધીર, એમ બોલીયા છે ગુર શમસ પીર. ૧૩
પીરે કોલ કીધા તેથી આવીયા, કેવે મારગે કરી સમજાવીયા. ૧૪
એવો સમજીને ખોવો છો હોંશ, પછી પીરને મ દેજો દોષ. ૧૫
પીરે હરફે ફરફે કરી સમજાવીયા, જેણે સતપંથકુ ચીતમાં લાયા. ૧૬
તે તો ઓધરીયા નરને નાર, પીર શમસ બોલીયા વીચાર. ૧૭
એવી ગરબી સંપૂર્ણ સાચ, સાચા ગુરજીની સાચી વાચ. ૧૮

## ગીનાન - ૮

એ સભાગા ઈસ દુનિયાધે વીચ કીયા ગીન આવે,
કીયા ગીન વઈસી નાલ-સભાગા. ૧

એ સભાગા નાગો તું આયો નાગો તું વઈસી,
કર ગીન વણજ વેપાર-સભાગા. ૨

એ સભાગા નાગો તું આયો નાગો તું જાયસી,
કુછ ન મીલસી નાલ-સભાગા. ૩

એ સભાગા પેર પસાર પીયા વીચ ચોકે,
કોલ ન આવે ન ધરદે-સભાગા. ૪

એ સભાગા રલ ભીરાવે વીધીયા કીતી,
હોય હવાલે હરધે-સભાગા. ૫

એ સભાગા દેહી તેરી ખાકમેં રૂલેસી,
કીડે ખાવણ માંસ-સભાગા. ૬

એ સભાગા દેહી તેરી ઉપર ઘાસ જમેસી,
ગૌવા ચુગસી ઘાસ-સભાગા. ૭

એ સભાગા જીનુધે કારણ તું કુડ કમાયા,
સે નહી નીભસી નાલ-સભાગા. ૮

એ સભાગા તતીયા થંભીયા તીસ ગલે લંગસી,
કુક કહે ધાધો ધાધ-સભાગા. ૯

એ સભાગા સામી રાજો જબ લેખા મંગશી,
જો કીતે સો ભરધે-સભાગા. ૧૦

એ સભાગા એ ગીનાન મહારસ પીર શમસ બોલ્યા,
સાચા લંગસી પાર-સભાગા. ૧૧

## ગીનાન - ૯

એજી ઉંચથી આયો બંદે નીચ કીયું ધીયાવે,
ચાર દીન રહેણા બંદે જુઠ કીયું કમાવે,
ઈસરે ગુન્હે બંદે કીયા ફલ પાવે... ....
ભરમે મત ભુલો ભાઇ નમી ચાલો મરણાં.
સફાયત રસુલકી સફાયત પયગમ્બરકી,
જુઠસું ડરણા ભાઇ જુઠસું ડરણા,
ભરમે મત ભુલોરે, ભાઇ નમી ચાલો મરણાં. ૧

એજી નાગો તું આયો બંદે ઢકીયો તું લોણે,
હલત્ર કમાવે સો પલત્ર કીયું ખોવે,
પાપ કરી સત ધરમકું છોડે-ભરમે મત ભુલોરે... ૨

એજી દીન છોડી જે કોઇ દાવે પડીયા,
રાહ ચુકા પાપી સાથેસું ખડીયા,
આપ મુરાદા જીવ દોઝખે પડીયા-ભરમે મત ભુલોરે... ૩

એજી હી પંથ પુરો શુરો કોઇક ધીયાવે.
નબી મહમદ જોવે કહાવે,
સાચો ઇલમ પીર શમસ ભણાવે-ભરમે મત ભુલોરે... ૪

## ગીનાન - ૧૦

એજી કેસરીસિંહ સરૂપ ભુલાયો,
અજા કેરે સંગે અજા હોઇ રહ્યો,
ઐસે ભરમમેં જીવનકુ ભુલાયો,
ભરમ સબ છોડી ભાઇ અલી અલી કરના,
હયબી અલી ને હોયશે બી અલી,
એસા વચન તમે દિલ માંહે ધરના,
એસા વચન તમે દિલ માંહે ધરના,
ભરમ સબ છોડી ભાઇ અલી અલી કરના-હયબી. ૧

એજી ભરમને વારો તો સિંહ શુધ હોવે,
અજા કેરો ભાવ સો દિલસું ખોવે,
એસે ભરમમેં ફીર નહીં સોવે,
ભરમ સબ છોડી ભાઇ અલી અલી કરના-હયબી. ૨

એજી અવિદ્યામાં આવી પડયો સબ જીવ,
આપ પણામાં ખોયો હાથે પીવ,
ઓચીંતો આવીને કરેરે ગીરભ,
ભરમ સબ છોડી ભાઇ અલી અલી કરના-હયબી. ૩

એજી મુરશીદ કામીલકો સંગ કરીયે,
આવે વિદ્યા-અવિદ્યા સબ જાય વીસરીયે,
તબ તો સુજે દિલકી ગાલી,
ભરમ સબ છોડી ભાઇ અલી અલી કરના-હયબી. ૪

એજી ભરમને ટાળો તો સાંહીને પીછાણો,
આપણો આપ મોમન પીછાણો,
પીર શમસ કહે સોહી તમે પાળો,
ભરમ સબ છોડી ભાઇ અલી અલી કરના-હયબી. ૫

## ગીનાન - ૧૧

એજી કાયમ દાયમ તું મોરો સામી, તેરે નામે બી કોઇ કોઇ. ૧
એજી સચા કોલ પતીજણા, બંદે સચો મોહમદ સોહી સોહી. ૨
એજી પીરન બંદા તોલણા, ગુર વચન આધાબી ઢોઇ ઢોઇ. ૩
એજી સાધુ લંગે સાધ થીઆ, તીયાં ગાફલ બેઠા રોઇ રોઇ. ૪
એજી સો વરસ લગી જીવણા, બંદા આખર મરણા બી હોઇ હોઇ. ૫
ભણે પીર શમસ દિલ દરીયા ચાંદરૂણા, જે કરે કીરતાર સો હોઇ હોઇ. ૬

## ગીનાન - ૧૨

અબધુ જુગત જોલ સંતોષ પાત્ર કરો, અને ડંડા કરો વિચાર,
ખમીયા દયાકી દોય મુંદ્રા પહેરો, ગીનાન કરજો આહાર...
અબધુ તે જોગી જુગમાંહે, જાકો મન દુજારે નાંહી,
અબધુ તે જોગી જુગમાંહે. ૧

અબધુ ગુર મેરા ગીનાન વેરાગકી ઇંદ્રી, અને સંગમ કરો ભભુતા,
સાચ ધરમ સચ કરી ધીયાવો, તો જોગી હય અબધુતા...
અબધુ તે જોગી. ૨

અબધુ ચાંદો સુરજ દોય રોકી રાખો, અને મન ચીંત ધરો ઇસ ડંડી,
સુખમણા તંતી વાજણ લાગી, એ ભેદ કીસેજ ખંડી...
અબધુ તે જોગી. ૩

અબધુ સબ અવગુણ તજો ત્રીવેણી નહાવો, અને અનહદ નાદ બજાઓ,
કહે પીર શમસ જીવંત મરીયે, તો અવરથ જનમ નં પાઓ...
અબધુ તે જોગી. ૪

## ગીનાન - ૧૩

તમે જપજો દીન રાત કે, મંદીર માંહે મહાલજોરે લોલ. ૧
જાંકી સુરતી લાગી ભરમંડ કે, અમરત રેલજોરે લોલ. ૨
જેવા તાણ ન તુટે તાર કે, સુરતી બાંધજોરે લોલ. ૩
અનહદ વાજા વાજે સાર કે, નીત સોહંગ ઉઠેરે લોલ. ૪
માંહે બેઠા સુરતીયા સાર કે, દુરીજન શું કરેરે લોલ. ૫
જાંકી સુરતી લાગી ભરમંડ કે, નુરમાંહે ખેલજોરે લોલ. ૬
ભેદ ન જાણે પડેરે પુરાણ કે, મુંઢ મતી શું કરોરે લોલ. ૭
તમે પરખો તે પરખણહાર કે, ચીતમાંહે ચેતજોરે લોલ. ૮
ભરમંડ આખો કરજો હાથ કે, જ્યાં રવિ ચમકારે છે રે લોલ. ૯
સીર આલીયાથી આવે હાથ કે, તોય સોંઘો જાણજોરે લોલ. ૧૦
પુરવ જનમના હોય સંસ્કાર કે, તો ફળ પામશોરે લોલ. ૧૧
શુરા હો કર લડો સનમુખ કે, સીર સોંપી વળોરે લોલ. ૧૨
તમે ગુરૂજી સાથે હેત કે, રીદામાંહે રાખજોરે લોલ. ૧૩
તારે અમર ખેત્ર પાકે સાર કે, હરખે ઢાલજોરે લોલ. ૧૪
હીરા મુમન કરજો હાથ કે, ફેરા શું ફરોરે લોલ. ૧૫
જોઇ જોઇ ભગતી કરજો સાર કે, તો ફળ પામશોરે લોલ. ૧૬
છાની ચોરી ન કરીએ વીર કે, દશોંદ આલજોરે લોલ. ૧૭
કે જાણી લેજો દુનીયામાંહે કે, પુસ્તક પાળજોરે લોલ. ૧૮
તમે ચીતમાંહે ચેતો મુનીવર ભાઇ કે, મુગતીયે મહાલજોરે લોલ. ૧૯
તમે જુવો જુવો ગુરના ગીનાન કે, ભુલા શું ફરોરે લોલ. ૨૦
જે ચાલીયા ગુર ગીનાન પ્રમાણ કે, તે અમર હુવારે લોલ. ૨૧
એમ બોલીયા ગુરૂજી શમસ પીર કે, મનસું માનજોરે લોલ. ૨૨

## ગીનાન - ૧૪

તારે પુઠીઅડે છે પાંચ, સાચલો સમર લેજો સાથ, જીરે વણજારાજી;
જુગ માંહે લેજો ઘણેરો લાભ, આગળ સામી રાજો લેખા માંગશે.
જીરે વણજારાજી. ૧

એજી ખોખરી ભરી છે તોલ આગ, પાંચ પોઠીઅડા ભરે છે લાકડા.
જીરે વણજારાજી. ૨

એજી તારે પાણીનો પોટડીયો લેજો સાથ, આગલ કોઇ કેને પાણી
નહી આલશે. જીરે વણજારાજી. ૩

એજી તારે ખાવાનું સમર લેજો સાથ, આગલ હાટ નહી વાણીયા.
જીરે વણજારાજી. ૪

એજી તારે ખાવા મળીયો કુટુંબ પરીવાર,
આગલ કોઇ કેનું નહી થાયશે. જીરે વણજારાજી. ૫

એજી એ તારી ખોટી છે ઘરડાની નાર,
જે તુને વોળાવી ને પાંછી વળે. જીરે વણજારાજી. ૬

એજી એ ગીનાન બોલીયા પીર શમસ ચોટ,
સાચલો સમર લેજો સાથ. જીરે વણજારાજી. ૭

તારે વાગા તે ગીનાનના વાજારે મા, ખેલ કીધા તે ગુર શમસેરે મા. ૧
આવી ઉભા તે સરવે રૂખી રાજરે મા, ખેલ કીધા તે ગુર શમસેરે મા.૨
ત્યારે વાજી છે જંત્રી ધરમનીરે મા, ખેલ કીધા તે ગુર શમસેરે મા. ૩
છુટી તાલ તે સઘળી કરમનીરે મા, ખેલ કીધા તે ગુર શમસેરે મા.૪
આવી નાચે તે મોટા ભુપાલરે મા, ખેલ કીધા તે ગુર શમસેરે મા.૫
ઉભા છે તે છોડી પઇયાલરે મા, ખેલ કીધા તે ગુર શમસેરે મા. ૬
ત્યારે આનંદ અતી ઘણો થાયરે મા, ખેલ કીધા તે ગુર શમસેરે મા.૭
ત્યારે હતો જે નગરનો રાયરે મા, ખેલ કીધા તે ગુર શમસેરે મા. ૮
તેને ગરબીની થઇ છે જાણરે મા, ખેલ કીધા તે ગુર શમસેરે મા. ૯
આવીયા ગરબીમાં સારંગપાણરે મા, ખેલ કીધા તે ગુર શમસેરે મા.૧૦
રાય ચાલી આવીયા તેણે ઠાંઇ રે મા, ખેલ કીધા તે ગુર શમસેરેમા.૧૧
સરવે પરધાન તેને સાથરે મા, ખેલ કીધા તે ગુર શમસેરે મા. ૧૨
દીઠી કળા કુદરત ગુરનીરે મા, ખેલ કીધા તે ગુર શમસેરે મા. ૧૩
મલી રઇયત સરવે નગરનીરે મા, ખેલ કીધા તે ગુર શમસેરે મા. ૧૪
સહુને અચરત અતી ઘણો થાયરે મા, ખેલ કીધા તે ગુર શમસેરેમા.૧૫
આવી ગુરજીને લાગા છે પાયરે મા, ખેલ કીધા તે ગુર શમસેરે મા૧૬
એમ બોલીયા છે શમસ પીરરે મા, ખેલ કીધા તે ગુર શમસેરે મા. ૧૭
તમે સતપંથ આરાધો વીરરે મા, ખેલ કીધા તે ગુર શમસેરે મા.૧૮

## ગીનાન - ૧૬

એજી નવરોજના દીન સોહામણા, શ્રી હરી કાયમ શિકાર રમવા વન ગયા;
સેવકના મન થયા ઉદાસી, પ્રાણ હરી ચરણે રહ્યા. ૧

એજી શ્રી કાયમ પ્રીતે જો ચીંત બાંધી, નરને પ્રીતે અમે વન ગયા;
એવા વન સોહામણા શ્રી સાહેબ દીઠા, દિલ દઈ દેવતા રહ્યા. ૨

એજી ભલું થયું સાહેબે સુમત આલી, શ્રી હરી કાયમ સાથે રમવા અમે વન ગયા;
અનંત આશા પુરી હમારી, દેવ દિલ ભાવે ગમીયા. ૩

એજી હેતે હરીસું હીરખ બાંધો, અવીચલ રંગ સાહેબસે ગીરહીયા;
એવી ચીંત બાંધી નર કાયમ સાથે, સત ભંડાર મોતીએ ભરીયા. ૪

એજી અમે સાહેબ સાથે સહેલ કીધા, રીધ સીધજ પામીયા;
એક મને ગીનાન જે સાંભળે, આ જીવ તેના ઓધરીયા. ૫

એજી જીવ જારે જુગત પામે, પ્રાણ પોપે રમી રહ્યા;
અગર ચંદન પ્રેમ રસીયા, હેતે હંસ સરોવર ઝીલીયા. ૬

ગઢ ચકવાને કીલ્લે શાહ ખલીલ્લા રમે, ત્યાં ફતેઅલીને મયા કરીને બોલાવીયા;
અનંત આશા પુરી હમારી, નીત હરી નુરે ઉઠા. ૭

એજી ભાઈરે મોમન તમે ભાવે આરાધો, ભણે શમસી તમે સાંભળો રૂખી;
સાહેબના ગુણ નહી વીસારે, તેના પ્રાણ નહી થાશે દુઃખી. ૮

## ગીનાન - ૧૭ (ચેલા : વીમરસ )

એજી નટડીયે જુગ માંહે ખેલ જ કીધા જીવને,
દોર વીના બીજુ નજરે ન આવે
જેની સુરતા લાગી છે, જેની સુરતા લાગી છે
જીવની ભ્રમણા ભાંગી છે. ભ્રમણા ભાંગી તે જીવના ફેરા ટળીયા છે.
એજી મરજીવડા થઇ ને જેને મન વશ કીધા જીવને
પેસી સમુદ્ર માંહે મોતીડા લીધા રે... જેની સુરતા. (૧)

એજી પતંગાને દીપક સાથે પ્રીત બંધાણી જીવને,
જોઇ દીપક પતંગા પ્રાણ તજે રે... જેની સુરતા. (૨)

એજી માછલીને પાણી સાથે પ્રીત બંધાણી જીવને,
નીર વિના માછલી પ્રાણ તજે રે... જેની સુરતા. (૩)

એજી સતીના લક્ષણ એવા જો કહીએ,
સતગુરને વચને જેણે શીરજ દીધા... જેની સુરતા. (૪)

એજી શુરાના લક્ષણ એવાજ કહીએ,
બુમ પડેને પાછી પાની ન કરે... જેની સુરતા. (૫)

એજી છીપ સમુન્દર માંહેજ રહેવે,
સ્વાતીતણા બુંદ ઝીલીને રહેવે રે... જેની સુરતા. (૬)

એજી રાજા પહેલાજની પ્રીત બંધાણી જીવને,
સ્તંભ ફાટીને નરસીંહ પ્રગટ હુઆ... જેની સુરતા. (૭)

એજી રાજા જુજેષ્ઠણને પ્રીત બંધાણી જીવને,
તન મન ધન ગુરને અર્પણ કીધા... જેની સુરતા. (૮)

એજી પીર સદરદીન કલજુગમાંહે હુઆ જીવને,
ખરી દશોંદે જીવડા તારીયા રે... જેની સુરતા. (૯)

એજી ફડતાળ માંહે પીર હસન કબીરદીન હુઆ,
અનંતના સ્વામી શ્રી ઇસ્લામશાહ હુઆ... જેની સુરતા. (૧૦)

એજી એસો ગીનાન ચેલા વીમરસ બોલીયા જીવને,
પીર શમ્શને વચને શીરજ દીધા... જેની સુરતા. (૧૧)

## ગીનાન - ૧૮

એજી નીતોનીત ઘટ પુજા કીજીયે, અને રાખીયે વીરત સાર,
ગુર નામે જે પાવલ પીયે, તે સહી પહોંચે પાર. ૧

એજી બીજ વૃત કરવો, અને વળી હોય શુકરવાર,
તારે સુકરીત લાવીયે, અને કરીયે ધરમ વહેવાર. ૨

એજી થાપના ઘટની તે કરે, અને જેની નજર નીરમળ હોય,
પાપ સરવેના ઉતરે, અને સહી અમર ઘર જોય. ૩

એજી અમર વર તે પામશે, અને વળી જે ધરમસું ધીયાય,
પોતાને ઘેર અર્ધ અંગની, બીજી જાણો બેન ને માઇ. ૪

એજી સતને મારગે ચાલશે, અને વળી પર નીંદા ન આણે પાસ,
સરવેસું નમી ચાલશે, તે છે અમારો દાસ. ૫

એજી સતની વાત માંહે રહે, અને કેની ન કરે વાત,
પોતાને મારગે ચાલશે, તે આવશે અમારે સંગાત. ૬

એજી અમારો નુર જ્યાં વાપીયો, અને ખરે વીસવાસે જાણ,
ગત સૌ એકાંત કરો, કહો સતગુરની વાણ. ૭

એજી વેદ અમારા જે સાંભળે, અને તે સમજે સરવે વાત,
પોત પોતાને વારશે, તે છે અમારે સંગાત. ૮

એજી કોડી દમડી દીજીયે, અને દીજે ગતને હાથ,
આપણે હાથ જોડી ઉભા રહીયે, તે હજુર ગત જમાત. ૯

એજી ગત સરવે આશિશ ભણે, અને ઉભા રહીયે ગતને પાસ,
સુતક ઉતારવા કારણે, થઇ રહીયે આધીન દાસ. ૧૦

એજી ફરમાન અમારા જો માનશો, તો પામશો અમરાપુરી વાસ,
અનંત સુખ તીયાં પામશો, તો પામશો નરજીને હાથ. ૧૧

એજી પીર શમસ એમ બોલીયા, તે સહી સત કરી જાણ,
અમરપદ તમે પામશો, તે નીશ્ચે જાણો નીરવાણ. ૧૨

# ગીનાન - ૧૯ (ગરબી)

પીર નાચીને કંથે ગીનાનરે મા,
એમ સમજાવીને ગુર કહે છે રે મા. ૧

તમે સમજો તે સતની સાનરે મા,
એમ સમજાવીને ગુર કહે છે રે મા. ૨

તમે જુઠાસું કીધા આચારરે મા,
એમ સમજાવીને ગુર કહે છે રે મા. ૩

ગુર કહે છે વારોઇ વારરે મા,
એમ સમજાવીને ગુર કહે છે રે મા. ૪

તમે ભુલો છો કાંય સહુ સાથરે મા,
એમ સમજાવીને ગુર કહે છે રે મા. ૫

પીર આવીને ઝાલ્યો છે હાથરે મા,
એમ સમજાવીને ગુર કહે છે રે મા. ૬

તમે ખોજો તે વેદનો સારરે મા,
એમ સમજાવીને ગુર કહે છે રે મા. ૭

ભુલી જાઓ તે કાંહે ગેમારરે મા,
એમ સમજાવીને ગુર કહે છે રે મા. ૮

પીર કરે છે ખેલ આજરે મા,
એમ સમજાવીને ગુર કહે છે રે મા. ૯

તમે ગાફલ થયા શીયે કાજરે મા,
એમ સમજાવીને ગુર કહે છે રે મા. ૧૦

તમે શ્રેવો તે સતપંથ જનોરે મા,
એમ સમજાવીને ગુર કહે છે રે મા. ૧૧

દ્રઢ રાખીને આપણું મનરે મા,
એમ સમજાવીને ગુર કહે છે રે મા. ૧૨

તમે મુકો તે ઠાકર દેવરે મા,
એમ સમજાવીને ગુર કહે છે રે મા. ૧૩

એવી સમજ રાખો તતખેવરે મા,
એમ સમજાવીને ગુર કહે છે રે મા. ૧૪

તમે પાવલે પવિત્ર થાશોરે મા,
એમ સમજાવીને ગુર કહે છે રે મા. ૧૫

તો વહેલા તે વઇકુંઠમાંહે જાશોરે મા,
એમ સમજાવીને ગુર કહે છે રે મા. ૧૬

એમ બોલીયા છે ગુર શમસ પીરરે મા,
એમ સમજાવીને ગુર કહે છે રે મા. ૧૭

તમે રાખો રીદા માંહે ધીરરે મા,
એમ સમજાવીને ગુર કહે છે રે મા. ૧૮

# ગીનાન - ૨૦

એજી પ્રેમ પાટણ રાજા મનસુધ, તીસ ઘર રદીયાદે રાણી. ૧

રાજા રાણી બેઠા મહોલમાં, રાજ કરે પ્રધાન પંચવીર. ૨

હુકમ આવીયોરે વીરા ગુર તણો, હવે કેમ રહેવાય. ૩

હુકમ આવીયો જણ બે તણો, ત્રીજો કેમ લેવાય. ૪

બાળક પોઢાડયો સતીયે પારણે, ચાલીયા દેવને દુઆર. ૫

અરધી મેજલે રાયજી આવીયા, ત્યાં હરણી ધવરાવે બાળ. ૬

બાળક દેખીને પાનો ચડીયો, તેણે તજ્યા પ્રાણ. ૭

હુકમ આવીયો વીરા ગુર તણો, હવે કેમ રહેવાય. ૮

હુકમ આવીયો જણ બે તણો, એકથી કેમ જવાય ૯

ચાદર બીછાવી બાંધી ગાંઠડી, લઇ ચાલ્યા દેવને દુઆર. ૧૦

સોનાની દીવીયું આગે ઝગમગે, બેઠા ત્રીભોવર શામ. ૧૧

ઉઠો રદીયાદે રાણી અમી પીયો, ખોળે ધવરાવો બાળ. ૧૨

પીર શમસ ગાઝી બોલીયા, સાંભળો ગત જમાત. ૧૩

## ગીનાન - ૨૧

એજી ફરમાન કરી નરજી બોલીયા, તમે સાંભળો પીર શમસ વાત;
તમે જાઓ આજ જમાતમાં, અને પરખો તેઓના ઇમાન. ૧

એજી તારે પીર શમસ બોલીયા, શાહજી સાંભળો મોરી વાત;
તમે જે ફરમાવો તે માંગીએ, તે માંગસું ગત જમાત પાસ. ૨

એજી કાઠા તે ઘઉંની માંગજો રોટલી, અને માંગજો માણસ માંસ;
જે માણસ માંસ આપશે, તે પામશે વઇકુંઠ વાસ. ૩

એજી તારે તે પીર શમસ ચાલીયા, આવીયા ઉંચ મુલતાન માંહે;
ત્યાં ગત જુમલાજી આવી પાય લાગા, ગુરજી માંગો તમારી શીખ. ૪

એજી શીખ સંપત હોય તેવીજ આપજો, અને પાળો તે આપણા મન;
પણ ભોજન કરો તો આશીશ દઇએ, વળી દઇએ તે દિલ આશીશ. ૫

એજી તારે પીર શમસ બોલીયા, તમે સાંભળો ગત જમાત;
એટલો અમારો નીયમ છે, પછી દઇએ દિલ આશીશ. ૬

એજી કાઠા તે ઘઉંની રોટલી; પાસે જોઇએ તે માણસ માંસ;
જે માણસ માંસ આપશે, તે પામશે વઇકુંઠ વાસ. ૭

એજી તારે જુમલાજી જઇ વાત વીચારી, કોણ માણસ આપશે પોતાનું માંસ;
પીર શમસ સત છોડાવશે, કોણ જાયશે તે પીરને પાસ. ૮

એજી પીર શમસ તો તસબી લઇ બેઠા, સાહેબ રાખજો અમારી લાજ;
સાત દિવસનો રોજો રાખીયો, અને કોઇ ન આવે પીરને પાસ. ૯

એજી એક અંધો અભીયાગત ખાનામાંહે બેઠો, તે આવીયો પીરને પાસ;
સોના કટારી ગુરજી હાથે લીયો, અને ભરખો અમારો માંસ. ૧૦

એજી તમે કહીયું તે અમે ભરખીયું, અને ધન ઘડીને ધન રાત,
જે દીને તું સીરજ્યો, તે મોટા તમારા ભાગ. ૧૧

એજી તારે કાસમશાહ આપે આવીયા, આવી માંડીયા ઘટપાટ;
નુરના કંચોલા હાથે આલીયા, પીર શમસ ચાલીયા તેને સાથ. ૧૨

એજી તારે પીર શમસ બોલીયા, નરજી સાંભળો મોરી વાત;
એક અંધો અભીયાગત હુઓ, તેને આલજો નુર ઇલાહી.
નુરના કંચોલા તે પી ગયો, તેને સુજ્યા નવે નંદ. ૧૩

એજી તારે પીર શમસ બોલીયા, અંધા સાંભળો મોરી વાત;
તમે જાઓ ગત જમાતમાં, હવે થઇ છે હાલણ વેળા. ૧૪

એજી તારે તે અંધો અભીયાગત ઉઠીયો, તે આવીયો ગત જમાત માંહે;
હવે સંદુક લઇને સાબદી કરો, પીરની થઇ છે હાલણ વેળા. ૧૫

એજી જુમલોજીએ તારે વાત વીચારી, અંધા કયા તે સરેવીયા પીર;
કાલે ભીંતે ભટકતો હતો, હમણા ચાલે છે જમીનથી અધર. ૧૬

એજી અમે પીર શમસ શ્રેવીયા, અને પીધા નુર ઇલાહી;
જે માણસ માંસ આપશે, તે પામશે વઇકુંઠ વાસ. ૧૭

એજી તારે જુમલોજીએ વાત વીચારી, તે આવીયા પીરજીને પાસ;
સોના કટારી ગુરજી હાથે લીયો, અને ભરખો અમારો માંસ. ૧૮

એજી વેળા હતી તે તો વહી ગઇ, કોણ ભરખે તે માણસનું માંસ;
હવે સંદુક લઇને સાબદી કરો, પીરની થઇ છે હાલણ વેળા. ૧૯

એજી તારે જુમલોજી સરવે રોવાને લાગા, અને રૂવે તે નર ને નાર;
રૂઠો પીર અહીંથી દરગે જાશે, તે ફુટા આપણા નસીબ. ૨૦

એજી તારે પીર શમસ બોલીયા, તમે સાંભળો ગત જમાત;
હવે છેલ્લો જવાબ તમને મુકામે દેશું, હવે થઇ છે હાલણ વેળા. ૨૧

એજી વઇસાખ મહીનું ને તારીખ સતરમી, અને ભરેસપતવારનું દીન;
તે દીને પીરે જેમું સફરીયું, તે સફરીયું ઉંચ મુલતાન માંહે. ૨૨

એજી સતરસો પીરના કાંધી થયા, તે આવીયા જુને મુકામ;
જનાજો લઇ મુકામે રાખીયો, પીરજી આલજો છેલો જવાબ. ૨૩

એજી તારે પીર શમસ બોલીયા, તમે સાંભળો ગત જમાત;
બાર બાર મહીને આજનો રોજો રાખજો, તો પામશો વઇકુંઠ વાસ. ૨૪

એજી તે રોજો રાખજો નરને નાર, અને રાખજો તે નાનાંબાળ;
બાર મહીને રોજો રાખજો, તો પામશો વઇકુંઠ વાસ. ૨૫

એજી પીર શમસ ગીનાનજ બોલીયા, તમે સાંભળો ગત જમાત;
તો અમારો સરાપ તમને નહી લાગે, તમે પામશો વઇકુંઠ વાસ. ૨૬

## ગીનાન - ૨૨ (ગરબી)

ભુલો ભુલો તે ભુલો ભમરડોરે લોલ. ૧
કીયાં ભુલે મેરા પ્રાણીયારે લોલ. ૨
અગન જટન તારે તન જાગીયારે લોલ. ૩
અભી ભુલે સોહી પ્રાણી હારસેરે લોલ. ૪
એવા આઘે તો ભવ જે લંગણારે લોલ. ૫
તમે કીસ બીધ લંગશો, પાળીયારે લોલ. ૬
આગે પતણ નહી કોઇ બેડીયારે લોલ. ૭
નહી વંજ નહી કોહે તુલહારીયારે લોલ. ૮
સત કેરી બાંધો તમે પાળીયારે લોલ. ૯
તમને ધરમ લંગાવે પારીયારે લોલ. ૧૦
ગુર જામીન તમારા ભાઇ હો ચલેરે લોલ. ૧૧
તમે ઇસ બીધ લંગશો પારીયારે લોલ. ૧૨
જે કોઇ હેલે હોલે ભાઇ તરી ગયારે લોલ. ૧૩
બુડે સોહીકેજી ન સીર ભારીઆરે લોલ. ૧૪
આગે નહી કોઇ હાટ વાણીયારે લોલ. ૧૫
નહી વણજ નહી વેપારીયારે લોલ. ૧૬
આગે નહી કોઇ ભેણ નહી ભાઇયોરે લોલ. ૧૭
ત્યાં નહી કોઇ બાપ નહી માઇયારે લોલ. ૧૮
ભાઇ એકલડા ઉઠ કર જાઇંગેરે લોલ. ૧૯
કુછ ધરમ લીયો તમે સાથીયારે લોલ. ૨૦
એજી ગીનાન શમસ ગુર બોલીયારે લોલ. ૨૧
કુછ સુકરીત કરો ધરમ સાથીયારે લોલ. ૨૨

## ગીનાન - ૨૩ (ગરબી)

માંહે વરસે અમરત નુર કે, કુદરંતી ખેલજોરે લોલ. ૧

બે પડ રાતા બલદ બે ચાર કે, રાસે રાખજોરે લોલ. ૨

હર કીરીયા છે ગુરજીને હાથ કે, સમરણી હાથ કરોરે લોલ. ૩

તમે ખેત્ર ખેડો, કીરીયા સાર કે, વરત વાવજોરે લોલ. ૪

તમે પાપના પડદા મેલો દુર કે, ચીતમાંહે ચેતજોરે લોલ. ૫

કરમનો કાઢો કુડા મુળ કે, મન ચોખા કરોરે લોલ. ૬

તમે નીત નીંદામણ કરોને દુર કે, વરેહની વાડ કરોરે લોલ. ૭

ને સતનું સાવજ કાઢો બહાર કે, પંખી શું કરેરે લોલ. ૮

પુન પ્રીત કરો સંગાથ કે, હરીસું હેત ધરોરે લોલ. ૯

અમર ખેતર લેજો જોઇ કે, ઢગે ઢાળજોરે લોલ. ૧૦

તમે લુણી લેજો લુણવા કાજ કે, અહોનીશ જાગજોરે લોલ.૧૧

ખળા કરજો ખબરદાર કે, બે પાર પુરા કરોરે લોલ. ૧૨

ધરમના ધોરી થઇ કરજો કામ કે, અમર ઉપનારે લોલ. ૧૩

ગાડા ભરજો ગુરનાં ગીનાન કે, મંદીર માંહે મેલજોરે લોલ. ૧૪

ચીતમાંહે ચોરી મ કરજો જોઇ કે, દશોંદ આલજોરે લોલ. ૧૫

એમ રમજો દીન ને રાત કે, તો રાજ રૂડા કરોરે લોલ. ૧૬

તમે ભાવે ભગતી કરજો કામ કે, ફળ પામશોરે લોલ. ૧૭

એમ બોલીયા ગુર શમસ પીર કે, મનસું માનજોરે લોલ. ૧૮

## ગીનાન - ૨૪

એજી સતગુર ભેટયા કેમ જાણીયે, એ મન પરખીને જોય;
ચંદન કેરે વાસરે, ભાઇ નીમ સુગંધારે હોય. ૧

એજી જીસ વનમેં ચંદન ભયો, ઉસ વન વસે આપણો પીવ,
ચાલો સખી ઉસ વન જઇયે, સુખ પામે આપણો જીવ. ૨

એજી હમ તમ મન માંહે હોઇ રહ્યા, તમે કાંઇ ન લીયો વીચાર,
હમ તમ પડદે હોઇ રહ્યા, તમે ભુલી મ જાઓ ગેમાર. ૩

એજી હમ તમ પ્રીત બંધાણીયા, અને હમ તમ બોલીયા બોલ,
હમ તમ દોનું સાંહીયા એક હય, હમસું પડદા ખોલ. ૪

એજી હમ તમ ગીરભ ન કીજીયે, એણે ગીરભે હોયશે વીનાશ,
હમ તમ ગીરભ જો વારીયે, તો પહોંચે મનડાની આશ. ૫

એજી હમ તમ રયણ વીયાણીયા, તમે ભુલી મ જાઓ જન,
હમ તમ ચાહુડે હોઇ રહ્યા, તમે હેતેસું લાવો મન. ૬

એજી હમ તમ સમુદ્ર બેડીયા, જેમ લાગે લહેરનું પુર,
હમ તમ નદીયા વહી ગયા, સતગુર સોહદેવ વરસે નુર. ૭

એજી સતગુર નુર પટુંતરો, એ ગુર પરતક દેવ,
કીયા દઇ ગુરકું સંતોશીયે, અને કેસી તે કીજીયે સેવ. ૮

એજી સેવા સાચે મને કીજીયે, તો અબ કુછ દીયા ન જાય,
દિલ દીયા મન નેહસું, અને અદકો વાધે નેહ. ૯

એજી દિલ દીયા તેણે સરવે કુછ દીયા અને અહોનીસ જાગો મારા વીર,
કરોડી તેત્રીસસું જઇ મીલો, એમ બોલીયા શમસ પીર. ૧૦

## ગીનાન - ૨૫

એજી સતગુર આવ્યા કાંઇ આપણે દ્વારરે
આપણે કેમ રે કરીને પાયે લાગીએ હોજી.........૧

એજી સતીએ તોડયો મોતીડાનો હારરે,
તેના મોતી વેરાણા ચંદન ચોકમાં હોજી.........૨

એજી મોતી વીણંતા કાંય લાગી છે વારરે
આપણે એમરે કરીને પાયે લાગીએ હોજી.........૩

એજી જાજો જાજો સમુન્દરીયાની લહેરરે,
મારા મનના માનેલા મોતી લાવજો હોજી.........૪

એજી મોતી લાવ્યા કાંઇ લાખોઇ લાખરે,
મારા મનના માનેલા મોતી નહી મળ્યા હોજી.........૫

એજી મકર મકર કાંઇ નુગરાનો સંગરે,
તે તો નુગરે જાલ્યો તારો છેડલો હોજી.........૬

એજી વાળી વાળી હીરલીયાની ગાંઠરે,
તે તો તુટે પણરે છુટે નહિ હોજી.........૭

એજી પાડી પાડી પટોળે ભાતરે,
તે તો ફાટે પણ ફીટે નહી હોજી.........૮

એજી બોલ્યા બોલ્યા પીર શમ્સ ચોટરે
મારા મોમનભાઇ તમે અમરાપુરી પામશો હોજી.........૯

## ગીનાન - ૨૬

એજી સતને મારગે ચાલીયે, તો ભેદ પામીયે સાર;
ગુરના ગીનાનજ વાંચીયે, સમજેથી ઉતરીયે પાર. ૧

એજી ફરમાન અમારો જે ન માનશે, વળી નહી માનશે વાત;
તે ઠામ કયાંય નહી પામશે, નહી મલશે ગુરનરને સાથ. ૨

એજી વણ સમજ્યા તે પત્થર સરીખા, તેસું ન કરવી હઇયા ફુટ સોય;
જે સતગુર વચને ચાલે નહી, તે કેમ કરી અમર હોય. ૩

એજી પત્થર પાણીમાં રાખીયે, જે એક વરસજ સાર;
તો એ અંતર ભીજે નહી, જો કાઢીયે બહાર. ૪

એજી ગુર ગીનાને ભીના નહી, અને અંતર ન સુજી વાત;
તેને પત્થર કરી જાણીયે, તેને બોધીયે જો છ માસ. ૫

એજી દશ માસ ગીરભ સ્થાનમાં રહ્યા, અને સેવા કરીયે સાર;
આવી દુનિયા માંહે લોભાઇ ગયા, કોઇ ન પડીયો પાર. ૬

એજી ગીનાન વચન છે અમ તણા, જેણે રીદા માંહે રાખીયા સાર;
તે ભગત અમારા જાણજો, તે ગીનાની ઉતરે પાર. ૭

એજી મોતી છીપ માંહે નીપજે, વળી હોય માણક મોલ;
ભગત એવા કરી જાણીયે, તેની કોઇ ન આવે તોલ. ૮

એજી ગુર ગીનાન એવા જાણજો, અને વળી રાખે આપણી ધીર;
તે માણસ માંહે દેવ છે; તેનું અમર થાય શરીર. ૯

એજી ગુર ગીનાનજ રીદા માંહે રાખીયો, અને નામ ધરાવીયો દાસ;
જ્યાં આવી અવતરીયા, ત્યાં ગુરનર છે તેને પાસ. ૧૦

એજી વીમરસ સુરભાણ અવતરીયા, અને આવીયા માંહે કલીકાર;
પીર શમસ સતગુર એમ ભણે, તે આવીયા માંહે સંસાર. ૧૧

## ગીનાન - ૨૭

એજી સતપંથ વોહરી વીરા અલગા ન રહીયે,
નુર પીયો મુખે જુઠું ન કહીયે. ૧

એજી જેણે ઉપાયા ને જેણે નીપાયા,
સોહીરે સાહેબને તેં ઘડી ન સંભારીયા. ૨

એજી મારૂં મારૂં કરતાં જનમ ગમાવીયો,
હીરલા સરીખો આવો માનખો ડુબાવીયો. ૩

એજી આવો મારા મોતીના વેપારી,
મોતી વોરંતા વહાલી વસ્તું વીસારી. ૪

એજી ભુલી છે દુનિયા ને મરમ ન જાણે,
અલખ નીરીંજન ઇમામ ન પીછાણે. ૫

એજી ભણે પીર શમસ કહે ચેતીને ચાલો,
ફરી ફરી આવો માનખો નહીં માલો. ૬

એજી આરે કાયા તારી ફુલનકો ભારો,
નથી રે ઉગરવાનો એકે આરો. ૭

એજી દાન પુન દેજો વીરા સુપાત્રે જોઇ,
પુજાના ફલ તમે લેવોરે સોઇ. ૮

એજી પુન દાન દીજે વીરા આપણેરે હાથે,
અંતકાળે આવે તારા જીવડાની સાથે. ૯

એજી એસો ગીનાન પીર શમસ બોલીયા,
રીખીસર જાણી સાહેબે પડદા ખોલીયા. ૧૦

એજી પડદા ખુલીયાને સાહેબ નજરેસું મીલીયા,
લખ ચોરાસીના ફેરાજ ટળીયાં. ૧૧

## ગીનાન - ૨૮

એજી સામી તમારી વાડી માંહે, ગુર ભીરમા સીંચણહાર,
નવે ખંડમેં સીંચા રોપ્યા, સામી સીંચે અનંત અપાર. ૧

એજી એક સરોવરે સીંચા રોપ્યા, એક હરીયા દુજા સુકા,
નુગરે રહ નહી રે પાઇ, ભાઇ સત વીના તે સુકા. ૨

એજી જો જડ કાપો પાપની, ભાઇ તો જીવ હરીયા હોય,
શીશ કાપી ગુર દિલ બેસણ દીજીયે, તો ગુરનર બેલી હોય. ૩

એજી ગુરનર બેલી તેની વાટ સોહેલી. શબ્દ પતીઅણાં જેહ,
જેવી તે કરણીએ જીવડો છુટે, તેવી કરણીએ કીજે સ્નેહ. ૪

એજી દાસ દોશ નમી ખમી ચાલો, લીયો ખમઇયા બેલી,
એક રંગા નર પતીણાં, ભાઇ તેની વાટ સોહેલી. ૫

એજી મીલો રીખીસર મેળા મીલો, ભાઇ આપણાં જીવડાને ખાતર.
વહોરો વસ્તુ ચાર માણક ધરો નીલાડ, ભાઇ પંજભુને તમે વારો. ૬

એજી અપના બાના દુર ચુકાવો, ગુરકા ગીનાન કમાવો;
નર પરસાદે પીર શમસ બોલ્યા, સાચા સામીને આરાધો. ૭

# ગીનાન - ૨૯

સુનો સુનો ભાઇ વે મોમનો, એસા કલજુગ, એસા કલજુગ આયા. ૧

બયઠ રહ્યા હમ બહોત દીન, અબ છેલા, અબ છેલા સો પાયા. ૨

ચેતી સગો તમે ચેતજો, મારા મોમન, મારા મોમન ભાઇ. ૩

ધરમ નીયમસું નીત રહો, કરીયો ખુબ, કરીયો ખુબ કમાઇ. ૪

પહોરા આયા અલીશાહકા, દીન કેતે, દીન કેતેક માંહી. ૫

સામી રાજો લેખા માંગશે, જીવ રાખો; જીવ રાખો ઠેરાઇ. ૬

પીર બીના ભાઇ બહેશ્ત નહી, એમ સાચું; એમ સાચું કરી જાણો. ૭

પીર આંખે સુણો મોમનો, એબી મનમાં; એબી મન માંહે આણો. ૮

જાપ જપો વીરા નીશદીન, ખાલક શબ્દ; ખાલક શબ્દ પીછાણો. ૯

સબ જુગ બેઠા સુંદર ધરતીયે, મીલી કરજો; મીલી કરજો વીચાર. ૧૦

નાવ ભલી અલીશાહકી, જામે ઠોર; જામે ઠોર અપાર. ૧૧

જે કોઇ ચડે ઇસ નાવમેં, સોબી હયરે; સોબી હયરે હમારા. ૧૨

દરશન પાયા અલીશાહકા, મન રલીયા, મન રલીયા કરી જાણો. ૧૩

સતપંથી મોમન તે કહીયે, જાણે ધરમ, જાણે ધરમ આચાર. ૧૪

જીસકે હઇડે માંહે ધરમ નહી, સોબી હયરે, સોબી હયરે ધુતારા. ૧૫

સાચી ખબર પીર શમસ કહે, એમ સાચું, એમ સાચું કરી જાણો. ૧૬

## ગીનાન - ૩૦

સુનો સુનો મોમનો સુની મન લાવના, સુનને સરીખી બાતીયાજી;
કયામતકા ડર બહોતં મન લાવના, આપ ડરાઓ છાતીયાજી;
આખે નબી મહમદ જબરીલકું, કેતી બેર હય તુજે આનાજી;
મુજ પીછે દુનિયામેં કેતી બેર હય તુજે આનાજી;
આંખે જબરાઈલ સુનો નબી મહમદ;
દશ બેર હય મુજે આનાજી. ૧

પહેલી બાર સુનો યા મહમદ, ફીર કર હય મુજે આનાજી;
પહેલી બાર મેં ફીર કર આઉંગા, સો બરકત લેને કાજેજી;
દુનિયામેં સે બરકત લે જાઉંગા, સો ન રહેવે કુછ બાકીજી: ૨

દુજી બાર સુનો યા મહમદ, ફીર કર હય મુજે આનાજી;
દુજી બાર મેં ફીર કર આઉંગા, સો મહોબત લેને કાજેજી;
દુનિયામેંસે મહોબત લે જાઉંગા, સબ બેમહોબત હો જાવેજી. ૩

તીસરી બાર સુનો યા મહમદ, ફીર કર હય મુજે આનાજી;
તીસરી બાર મેં ફીર કર આઉંગા, સો રહેમત લેને કાજેજી;
દુનિયામેંસે રહેમત લે જાઉંગા, સો કણ ઓછા તીયાં પાકેજી. ૪

ચોથી બાર સુનો યા મહમદ, ફીર કર હય મુજે આનાજી;
ચોથી બાર મેં ફીર કર આઉંગા, સો શરમ લેને કાજેજી;
અઉરત મરદસે શરમ લે જાઉંગા, સબ ઢોરા રીતા હોવેજી. ૫

પાંચવી બાર સુનો યા મહમદ, ફીર કર હય મુજે આનાજી;
પાંચવી બાર મેં ફીર કર આઉંગા, સો સખાવત લેને કાજેજી;
દૌલતમંદસે સખાંવત લે જાઉંગા, સો ન રહેવે કુછ બાકીજી. ૬

છઠ્ઠી બાર સુનો યા મહમદ, ફીર કર હય મુજે આનાજી;
છઠ્ઠી બાર મેં ફીર કર આઉંગા, સો ઇમાન લેને કાજેજી;
ઇમાની તો કોઇ કોઇ હોવેગે, સબ બેઇમાની હો જાવેજી. ૭

સાતવી બાર સુનો યા મહમદ, ફીર કર હય મુજે આનાજી;
સાતવી બાર મેં ફીર કર આઉંગા, કોલ લેને કાજેજી;
રાજા તો બેકોલી હોવેગે, સો દીયા કોલ ન પાળેજી. ૮

આઠવી બાર સુનો યા મહમદ, ફીર કર હય મુજે આનાજી;
આઠવી બાર મેં ફીર કર આઉંગા, સો અદલ લેને કાજેજી;
બાદશાહોસે અદલ લે જાઉંગા, સો ઝુલમ હોંવે ઠામો ઠામજી. ૯

નવવી બાર સુનો યા મહમદ, ફીર કર હય મુજે આનાજી;
નવવી બાર મેં ફીર કર આઉંગા, સો સબર લેને કાજેજી;
દુનિયામેંસે સબર લે જાઉંગા, સબ બેસબર હો જાવેજી ૧૦

દશવી બાર સુનો યા મહમદ, ફીર કર હય મુજે આનાજી;
દશવી બાર મેં ફીર કર આઉંગા, સો કુરાન લેને કાજેજી;
દુનિયામેંસે કુરાન લે જાઉંગા, સો ન રહેવે કુછ બાકીજી. ૧૧

આલમ કોઇ બુજે નાહી, સબ જાહેલ હો જાવેજી;
ઇલમકું કોઇ બુજે નાંહી, સબ લીબાસ કપડે પહેચાનેજી;
રેશમી કપડે પહેનું કર આવે, ઉસે ખુદા કર માનેજી;
એ દશે બાતીયાં સહી કર બુજો, ચેતો ભાઇ સવેરાજી;
દુનિયામેંસે બરકત મહોબત શરમ એસી દસે બાતીયા ચલીયા,
તબ કીયામતકી નીશાનીજી;
પીર શમસ કલંદર ઇયું કહ્યા, આયા કાયમ શાહકા વારાજી. ૧૨

## ગીનાન - ૩૧

એજી સેજે પોઢયા સહસ્ત્ર વરણા, હજી તે નવશા બાળ;
રાત દિવસ ભાઇ રેંટ ફરે છે, સામી સીંચણહાર. ૧
એજી સીંચે સીંચે સીચાડા હરીયાલારે, સામી મારો આપ
ફરે રખવાલા...

આપ ફરે રખવાલો સામી, આપે વાડી જોગવે;
ફુલ પાંખડી ફરે બીજોરા, સામી આપે પરમલ ભોગવે; માલણ
મનમાંહે સંતોષી. ૨

એજી પાંચ કળી પચાસે ફુલી ફુલડે ફુલી ફુલવાડી;
જરે પવન નીત નુરજ વરશે, કાયમરાજે રોપી છે ભલી વાડીરે;
સામી તારે વેલડીયે વધારી, ચેતો મારા મુનીવર ભાઇ. ૩

એજી ધીયાવો ધરમ ને પાળો વાચા, કરીયો ધરમ ઓધારા;
નહીં તો આજકાલ પસ્તાવે પડશો, જરે જમ આવે હલકારા. ૪

એજી ચેતો વરતો કરીયો કમાઇ, કલમાંહે લીયો ભલાઇ;
નર પરસાદે પીર શમસ બોલીયા, દશમે શાહ જોત એ જગાઈરે;
દશમે શાહ અલખ એ લખાઇજી. ૫

## ગીનાન - ૩૨

હક તું પાક તું બાદશાહ, મહેરબાન બી અલી તું હી તું. ૧
રબ તું રહેમાન તું, અલી અવલ આખર કાજી તું હી તું. ૨
તેં ઉપાયા તેં નીપાયા, સીરજણહાર અલી તું હી તું. ૩
જલ થલ મુળમંડળહારના, અલી હુકમ તેરા બી તું હી તું. ૪
તેરી દોસ્તીમેં બોલીયા પીર શમસ, મેં બંદા ચા અલી તું હી તું. ૫

## ગીનાન - ૩૩

એજી હમદિલ ખાલક અલ્લાહ સોહી વસેજી,
જેણે કાયમ કુદરત ચલાઇ-એબી અલ્લાહ. ૧

એજી સુનબે મુલ્લાંહ, સુનબે કાજી,
એ સૃષ્ટી કેણે રચાઇ-એબી અલ્લાહ. ૨

એજી ઇસરે માટી માંહે સારી દુનિયા નીપાઇ,
ઇસમેં કોણ હિંદુ કોણ મુસલમાન-એબી અલ્લાહ. ૩

એજી હિંદુ સોહી જે અડસઠ તીરથ જાવે,
મુસલમાન મસીતા-એબી અલ્લાહ. ૪

એજી મેરે શાહકું હિંદુ ન જાણે મુસલમાન ન બુજે,
શાહ બેઠા નીરંજન હોઇ-એબી અલ્લાહ. ૫

એજી મન મેરા મુસલ્લા અલ્લાહ મેરા કાજી,
કાયા હમેરી મસીતા-એબી અલ્લાહ. ૬

એજી અંદર બયઠ મેં નીમાઝ ગુજારૂં,
મુરખ કીયા જાને તાયત હમારી-એબી અલ્લાહ. ૭

એજી આવે તો રોજી નહી તો રોજા,
એસા એસા ધીયાન મેરે સાહેબજીસું ધરના-એબી અલ્લાહ. ૮

એજી મોમન સોહી જો સબ મરમજ જાણે,
ઇલમં રાહ સર ચલણા-એબી અલ્લાહ. ૯

એજી ગીનાન ધીયાન માંહે સરવે સુધ પાઇ,
ખોજ ખોજ કર મીલના-એબી અલ્લાહ. ૧૦

એજી બોલીયા પીર શમસ સુણો મોરા ભાઇ,
પીર બીના પાર કીયું ઉતરણા-એબી અલ્લાહ. ૧૧

## ગીનાન - ૩૪

એજી હથી હથી પરબત તોલંદે બંદે સમુદ્ર ઘુંટ ભરે,
એસે જોધે મટી રલે બંદે તું કીયું ગીરભ કરે...
હર ભજ ગાફલ બંદે ચલણા હી સંસાર,
હર ભજ લોભી બંદે ચલણા હી સંસાર-હર ભજ લોભી. ૧

એજી આજ હોતી કલ ના હોવે બંદે કલ હોતી આજજ હો,
આંખ ફરકણ ના મીલે બંદે મુહમેં રહીયોરે ગીરોહ-હર ભજ. ૨

એજી જીન સંગ હસ હસ બોલણે બંદે એક ઘડી ના રલ્યો,
ખાંધ ઉઠા કર ગાડદે બંદે, ઉલટ પાલટ ભયો-હર ભજ. ૩

એજી મન માનેધા તારારાણી પહેનતે ગલે નવ કરોડધા હાર,
કાશી નગરીમેં ચોવાટે રાજા હરીચંદરે વેચી નાર-હર ભજ. ૪

એજી ગુર ગીનાન બોલીયા દાતા પીર શમસ;
યા શાહ જુમલો લંગાઇયે તું પાર,
દશોંદ દીયો મેરે મોમનો, તો ઉતરો પેલે પાર-હર ભજ. ૫

# મહાન ઈસમાઈલી સંત
# પીર સદરદીન
# રચિત
# ગીનાનોનો સંગ્રહ

## ગીનાન - ૩૫

અબુજ ન બુજે તેને કેમ કહીયે, તો ગુરનર વીના કેમ ધ્યાઇયે. ૧

ગુરનર સેવા કારણ તણે, તો ગઢ અમરાપુરી જઇયે. ૨

થુલને કેમ કહેરે કેસરા, તો ગુરનર વીના કેમ રહીયે. ૩

મુગતા માર્ગનો પંથ આગલો, તો પ્રેમ તંતવ એમ પાઇયે. ૪

આતમા હેડીને દીજે સામીને બેસણું, તો વીરાભાઇ પીર તણા હોઇયે. ૫

સુખ દુખ બેઉ બની આવશે, પણ હ્રદયથી ધરમ ન છોડીયે. ૬

માણક મોતીની ગાંઠ જો વાળો, તો વીચ વીચ હીરડા જડાઇયે. ૭

ગીનાન અમી મહારસ ભણે ગુર સોહોદેવ, તો ગીરભાવાસની વાચા
સંભારીયે. ૮

## ગીનાન - ૩૬

એજી અમર તે આયો મોરે શાહજીજો એમુ અલ્લાહ,
હુકમ તે મોટેઓ એ ન જાય હોજીરે,
સુણીયો ભાઇજી જી એમુ અલ્લાહ. ૧

એજી અમરે તે સીધા પંજે પાંડવા એમુ અલ્લાહ,
માતા કુંતા એ ભલેરા હોજીરે... સુણીઓ ભાઇજી. ૨

એજી અમરે તે સીધા તારારાણી લોચના એમુ અલ્લાહ,
રાજા હરીચંદ્ર રોહીદાસ હોજીરે... સુણીઓ. ૩

એજી હરીચંદ્ર પુછે તારારાણી લોચના એમુ અલ્લાહ,
રાણી મુને સપનુતર લાધો હોજીરે... સુણીઓ. ૪

એજી સપના માંહે એવડું મેં જાણીયું એમુ અલ્લાહ,
તારારાણી પીયરીયે પધારીયા હોજીરે... સુણીઓ. ૫

એજી ભલ ભલેરા રાજા પાદશાહ એમુ અલ્લાહ,
મારે ન કોઇ પીઅર તણો ઠામ હોજીરે... સુણીઓ. ૬

એજી ખડગ કાઢીને રાજા ઉભા થયા એમુ અલ્લાહ,
રાણી મુને થાળ એ દેખાડ હોજીરે... સુણીઓ. ૭

એજી રાણી વીનવે આપણા શાહજીને એમુ અલ્લાહ,
સામી રાજા લજા રાખણહાર હોજીરે... સુણીઓ. ૮

એજી લડુ બીજોરા નીપના નારંગીયું એમુ અલ્લાહ,
માંસ તે નીપના વીરા દ્રાક્ષ હોજીરે... સુણીઓ. ૯

એજી ઘુઘરી માંહેથી મોતીડા નીપના એમુ અલ્લાહ,
પુરીઉ તે નાગર વેલના પાન હોજીરે... સુણીઓ. ૧૦

એજી તારે ખડગ મેલીને રાજા બેસી રહ્યા એમુ અલ્લાહ,
રાણી મુને પંથ એ દેખાડ હોજીરે... સુણીઓ. ૧૧

એજી ભલ ભલેરા રાજા પાદશાહ એમુ અલ્લાહ,
હી પંથ ખંડા કેરી ધાર હોજીરે... સુણીઓ. ૧૨

એજી પહેલા તે દીજે કાયા કાળજા એમુ અલ્લાહ,
પછી દેજે પીંડી કેરો માંસ હોજીરે... સુણીઓ. ૧૩

એજી દાન તે દીજે ઘોડો હંસલો એમુ અલ્લાહ,
કુંવર તે દીજે રોહીદાસ હોજીરે... સુણીઓ. ૧૪

એજી અજોધા નગરી કેરો રાજપાટ એમુ અલ્લાહ,
તારારાણીના શણગાર હોજીરે... સુણીઓ. ૧૫

એજી સબ કુછ દીનું રાજા પાદશાહ એમુ અલ્લાહ,
જીકી હુઓ મીંજ એ સંસાર હોજીરે... સુણીઓ. ૧૬

એજી પીર સદરદીન બોલીયા વીનતી એમુ અલ્લાહ,
સામી રાજા તું તારીયે તારણહાર હોજીરે... સુણીઓ. ૧૭

## ગીનાન - ૩૭

એજી અલખ શ્રેવો બાના આપણું,
બાના સચથી કરીયો કમાઈ...
અલ્લાહ યાદ કરીયોજી.૧

એજી દુનિયા ફાની જાણીએ,
બાના હી લાદાણું સાથ..... અલ્લાહ. ૨

એજી પુરખ પાછમથી સામી રાજો આવશે,
શાહા મારો દુલ દુલ ઘોડે અસવાર..... અલ્લાહ. ૩

એજી જંપુદીપમે શાહા તખત રચાવે,
શાહના મુનીવર મેડા મેડ..... અલ્લાહ. ૪

એજી કોટ ઘટા ઘટ લુટીયા,
તારો ભમર ચલીયો મોકલાય..... અલ્લાહ. ૫

એજી કાયા હીઅસા દેહડી,
તેનું હંસ ઉડાણું જાય..... અલ્લાહ. ૬

એજી કાયા સેંથી હંસ વીછુટા,
તેનું મુશકીલ હોય કરાર..... અલ્લાહ. ૭

એજી ઘોડ અંધારી માંહે ચાલણાં,
તેનું અજરાઈલ જલાદ જીવડો કરશે.... અલ્લાહ. ૮

એજી છોડ વસંતા ઝુંપડાં,
તમે ઉજડ જાય વસાય પાંધી પંથરે શ્રેવો.....અલ્લાહ. ૯

એજી પીર ભણે સદરદીન... મોમનો,
બાના હી કુડો સંસાર..... અલ્લાહ.૧૦

એજી અલખ શ્રેવો બાના હેત ધરી, મેનું તેરે ઘર કેરી આશા;
યા સુનો મોમનો જી ભઇયા. ૧

એજી ખોજ ખોજ પીરે અંતર લાધા, તાની સાહેબધા ઘર સાચા;
યા સુનો મોમનો જી ભઇયા. ૨

એ મુસે સાહેબકુ મીજમાની કીયા, મુસે ખેણ પકાયા છ માસા;
યા સુનો મોમનો જી ભઇયા. ૩

એજી મુસે રજક સંભાર કીયા, તાની રજકકા અંત ન પાર;
યા સુનો મોમનો જી ભઇયા. ૪

એજી અલખ પુરખ મુસો ઓળખી ન શકયો;
શાહ હાથે લઇ આવીયા કાસા, યા સુનો મોમનો જી ભઇયા. ૫

એજી દેરે મુસા કુછ નામ સાહેબધે, મેં કર આયા હું આશા;
યા સુનો મોમનો જી ભઇયા. ૬

એજી મુસે લાલીકું ફરમાન કીયા, લાલી લે આઇ ભાત વાસા;
યા સુનો મોમનો જી ભઇયા. ૭

એજી મુસો આપે ચાલીયો સાહેબને દરગા,
આશા ખેણ રહ્યા અવાસા; યા સુનો મોમનો જી ભઇયા. ૮

એજી મુસો આપે બેઠો ધીયાન ધરી, તાની ઉઇ ભીરખ ઉઇ કાસા,
યા સુનો મોમનો જી ભઇયા. ૯

એજી મેં જે જાણું સાહેબ આવશે, એતો ગલીયે પાટ બીછાવસા;
એતો અતર અભીર ઉડાવસા, યા સુનો મોમનો જી ભઇયા. ૧૦

એજી સાહેબે મુસેકું ફરમાન કીયા, મુસા ખેણ લાવો નદી પાસા;
યા સુનો મોમનો જી ભઈયા. ૧૧

એજી સાહેબે મછલીકું ફરમાન કીયા, મછલી કીયા એક ગરાસા;
યા સુનો મોમનો જી ભઈયા. ૧૨

એજી મછલી સાહેબ દરગાહે પુકાર કીયા,
સાહેબ ખેણ ન પોતી મોરી આશા; યા સુનો મોમનો જી ભઈયા. ૧૩

એજી સુકા પથર હરીયા કીડ, હરીયા દીયા તીન મુખે ઘાસા;
યા સુનો મોમનો જી ભઈયા. ૧૪

એજી સાહેબ કાન રૂપે અવતાર કીયા, તાની ઘર ચંદ્રાવલી વાસા,
યા સુનો મોમનો જી ભઈયા. ૧૫

એજી પીર સદરદીન બોલીયા, મેરે સાહેબકા એહી તમાસા;
યા સુનો મોમનો જી ભઈયા. ૧૬

## ગીનાન - ૩૯

એજી અવલ તુંહી આખર તુંહી, તુંહી તું સીરજણહારા-એબી. ૧
જાહેર તુંહી બાતન તુંહી, તુંહી તું સાહેબ મેરા-એબી. ૨
હરદમ જીકર કરૂં ઈલાહી, એસા તું સાહેબ સાચા-એબી. ૩
જીસકેરા સાહેબ હોવેબી અયસા, ઉસેબી અંદેશા કયસા-એબી. ૪
સાતવે નેજે સુરજ આવશે, વો દીન કેમ કેમ હોશે-એબી. ૫
ત્યારે માઇ ન બાપ પુત્ર ન ભાઇ, સતગુર આગળ હોશે-એબી. ૬
ગીનાન અમી મહારસ બોલીયા ગુર સોહોદેવ, આગમ લેવો
વીચારી-એબી. ૭

## ગીનાન - ૪૦

એજી અવીચલ અલ્લાહ અવીચલ ખાલક,
અવીચલ કાયમ દયાલ-એજી. ૧
એજી અવીચલ રહેણા અવીચલ રહેમત,
અવીચલ દુરસ્ત દીવાન-એજી. ૨
એજી હફ્ત ચીજ મેરે ખાલક સીરજી,
સોબ્રી રેહણહારા- એજી. ૩
એજી એક અરસ ને દુજા તે કુરસ,
ત્રીજા તોલ મીઝાન- એજી. ૪
એજી ચોથા લોહા પંજમા કલમા,
છઠા દોજખ જાણો- એજી. ૫
એજી સાતમા બહેશ્ત સુણો મેરે ભાઇ,
સો અમર થાન વખાણું-એજી. ૬
એજી ચલંતે લક્ષ્મી ચલંતે પ્રાણ;
ચલંતે રૂપ ધન જોબન- એજી. ૭
એજી ચલંતે ચારા સરવે સંસાર કેરા,
ધરમ તો રહેશે નેચલ- એજી. ૮
એજી ઇયાં તમે દેશો આગલ જોઇ લેશો,
કરતવ સાથી તેરા- એજી. ૯
એજી જીભ સ્વાદ કાયા રસ લીણા,
ઇતના ખાવણ તેરા- એજી. ૧૦
એજી ઇતને ખાવણ તમે જીવડા ફિરાવો,
એ નહી ભલ ભલેરા- એજી. ૧૧
એજી ભલેરે ભાઇ તમે કર લીયો કમાઇ,
મંતરે ખાઓ દુજા ફેરા-એજી. ૧૨
એજી ભણે પીર સદરદીન સતગુર સાહેબ,
અથર વેદ ભણે સો મેરા-એજી. ૧૩

## ગીનાન - ૪૧

જીરેભાંઈરે આતમારામ તમે અવીગત શ્રેવો,
તો સરવે ભુતથી નીરવાસજી,
સેજ સમાવ પરમારથ જાણો,
તો કાંઇ ફરો વનવાસજી... આતમા. ૧

જીરેભાઈરે જપતપ તીરથ વરત ઉપવાસી,
વસતુ મુલ ન જાણે સો અંધાજી;
મોહો મતસર અહંકાર ન મેલે;
તો પરથમ પાખંડ ધંધાજી... આતમા. ૨

પીંઢ પખારે ને ચૌદીસ નીહારે,
અને મીથ્યા વાત ન મુકેજી;
વીવેક તણી ગતી ગુરૂ મુખે જાણો,
તો એકે વસ્તુ ન ચુકોજી... આતમા. ૩

જીરેભાઈરે જુગતી ન જાણે ને જોગ વખાણે,
તે તો બેઠા લોચન તાણીજી;
ગીનાન ધીયાનકી ગતી ભેદ ન જાણે,
તો સુરસું સીંગી તાણેજી;... આતમા. ૪

જીરેભાઈરે આપ ન શોધે ને અવરા સીર ઝુઝે,
શુધ તત્વ ગીનાને ન જાગેજી;
રદેહ ન આછા ને આપ વખાણે,
તો મનછા કરમ જ લાગેજી.. આતમા. ૫

જીરેભાઈરે ભણે પીર સદરદીન નીરમલ થઇને શ્રેવો,
તો જોત બીંબ તમ પાસેજી;
સુરત નીરત કરી ધીયાન લગાવો,
તો તેજ નુર માંહે ભાસેજી... આતમા. ૬

## ગીનાન - ૪૨

હો જીરેભાઈરે આતમારામ તમે બડા ગીનાની,
તારી ગત કેણે ન જાણીજી;
વાજે નાદ શબદ માંહે ખેલે,
તેની સુરતી ગગન માંહે ભેલાણીજી...આતમા. ૧

જીરેભાઈરે ખોજત ભરમા દેવ નીરીંજન,
સુરીજન મુનીજન ગીનાનીજી;
સેવાએ સનકાદીક સુરીનંર મોહ્યા,
તો મહેશર મોહ્યા ધીયાનીજી... આતમા. ૨

જીરેભાઈરે નિગમ નીરંતર વેદ નેતી નેતી ગાવે,
તો ભણતા પંડીત પુરાણીજી;
આતમારામકી જેણે શુધ ન જાણી,
તે ભુલા પંડીત પુરાણીજી... આતમા. ૩

જીરેભાઈરે અગમ અગોચર આપે અપરમપાર,
સદાય સરવેમાં સમાયાજી;
નીરગુણ ગીનાને ધીયાન મનજ લાગા,
ભણે પીર સદરદીન અમે પાયાજી... આતમા. ૪

આદ તો અલખ અગીયા રમીયો, તમે જુઓ જુઓ વેદ પુરાણ;
સરવે ચઇતન પરમાતમા, ભાઇ તેજ તેનું પરમાણ. ૧

તેજ બીંબ તીયાં જળહળે, અને શેશતર કોટ હજાર;
માઇ બાપ તેનું કોઇ નહીં, અને તે છે અલખ કીરતાર. ૨

એજી માયા માંહેથી જુગ રચાવીયા, અને અલીવર અકળ અપાર;
ચાર જુગનો લેખો કરી, અલીએ ધરીયા દશ અવતાર. ૩

એજી તેતાલીસ લાખ વરસ, અને ઉપર વીસ હજાર,
તેનું પુરાણે પુરાણે લેખો કરીયો, તે છેલો નકલંકી અવતાર. ૪

ભરમાની ઘડી એકમાં, તેના વરસ સતાણું લાખ;
વીસ હજાર તે ઉપર છે, તેની પુરાણે પુરાણે છે સાખ. ૫

ભરમાના પહોર એકમાં, એકસો ને એંસી અવતાર;
તેમાં અઢાર તો કલજુગ ગયા, તમે ગીનાની કરજો વિચાર. ૬

એજી ભરમાના દિન એકમાં, ઇન્દ્ર અઠાવીસ હોય;
સાતસો ને વીસ ઉપર કહીયે, ભાઇ અલી અવતાર સોય. ૭

એજી એવા સો વરસ બ્રહ્મા ભોગવે, એમ બોલીયા ચારે વેદ;
સો વરસમાં અવતાર કેટલા થયા, અને સુણો તેનો ભેદ. ૮

એજી બે કરોડ ને ઓગણસાઠ લાખ, અને ઉપર વીસ હજાર;
અવતાર અલીના એટલા થયા, તમે ગીનાની કરજો વીચાર. ૯

એજી બ્રહ્માની આયુષ્ય વીશે, અને ઇન્દ્ર તે કેટલા હોય ?
દશ લાખ ને આઠ હજાર, ભાઇ એટલા તે ઇન્દ્ર હોય. ૧૦

એજી એવા અનેક બ્રહ્મા આગે હુઆ, અને આદમ લાખ કરોડ,
અસંખ્ય ત્રો વીશનવ હુવા, પણ નહીં કોઇ શાહની જોડ. ૧૧

ધરમ સતની નાવ માંહે બેસીએ, તો પહોંચીયે પેલે પાર,
સતગુર માલમ પરમાતમા, એમ બોલીયા પીર સદરદીન સાર. ૧૨

## ગીનાન - ૪૪

એજી આનંદ આનંદ કરીયો રીખીસરો, અવલ શાહ તમે પાયા. ૧

એજી મીલોને મીલાવો રીખીસરો, મીલી કરી કરીયો કમાઇ. ૨

એજી જંપુદીપ માંહે શાહ મારો પરવરીયો, કે રીખીસરને ઘેર વધાયું.૩

એજી રીખીસરોને શાહ મારો ઉગારશે, ને કરણી તણા ફળ દેશે. ૪

એજી દીયો દશોંદ અવતાર ધીયાવો, તો એણે કરતવે જીવડો છુટે. ૫

એજી વીખડી વેળા માંહે પંથ કઠણ છે, કે આવીયા આગમ એંધાણ.૬

એજી ભણે પીર સદરદીન સતગુર સાહેબ, તમે ચેતો તે ચેતણહાર.૭

## ગીનાન - ૪૫

એજી આલમોત ગઢ પાટણ દેલમ દેશ ભાઈ રે,
ત્યાંથી સતગુર સોહોદેવ પધાર્યા. ૧

એજી સોનાનો ઘડુલો ને રૂપાની ઈન્ઢોણી હાથ બાઈને
હીરની દોરીએ સતી પાણી સીંચતા. ૨

એજી સામા તે મળ્યા સતગુર સોહોદેવ બાઈને,
કોટ માંહેથી તોડયો નવસરો હાર બાઈએ;
લળી લળી લાગું મારા સતગુરજીને પાય બાઈરે,
લોકડીયા જાણે સતી મોતી વીણંતા. ૩

એજી બાઈરે પનીહારી હું પુછું તમને વાત બાઈરે;
ઘર દેખાડો સતી એમણા તણા. ૪

એજી ઊંચા ઊંચા ઓરડાને ઉગમણા અવાસ બાઈનાં,
ઘુઘરીયાળો ઝાંપો ઘેર આંગણ પારસ પીપળો. ૫

એજી આવજો રીખીસર અમારે ઘેર ભાઈરે,
ભોજનીયા રંધાવું સારદાર ખીચડી. ૬

એજી લાવજો રીખીસર કેવડીયાના પાન ભાઈરે,
તેના ગુંથાવું રૂડા રૂડા બાજલા. ૭

એજી રીખીસરના બેસણા તે સોનાના બાજોટ બાઈરે,
ભોજનીયા આલીને સતી ઉભા રહ્યાં. ૮

એજી જમીને રીખીસરે દીધી આશીષ બાઈને,
બાઈ તમને હોજો ગઢ અમરાપુરીનો વાસ બાઈરે;
અમર કાયા સતી ઘણું જીવશો. ૯

એજી રીખીસરને સતીએ. આલીયો મુખવાસ ભાઈરે,
મુખવાસ લઈને રીખીસર સધાર્યા. ૧૦

એજી રીખીસરના બાજલા તે ઉપરવાડે નાખવાને ગયાંતા બાઈરે,
ત્યાંથી પડોશણે નીરખીયા. ૧૧

એજી બાઈરે એમણાબાઇ પુછું તમને વાત બાઈરે,
આજ તમારે ઘેર કોણ કોણ પરોણલા. ૧૨

એજી એક મારો મામો ને બીજો મારો વીર બાઈરે,
ત્રીજો અંતીત જે અમ ઘર પરોણલા. ૧૩

એજી ઓળખ્યો તારો મામો ને ઓળખીયો તારો વીર બાઈરે,
ઓળખીયો અતીત જે તમ ઘર પરોણલા. ૧૪

એજી બાઈરે પડોશણ આલું તમને સાડલો બાઈરે,
ઉપર સીવડાવું નીલ જર કાપડો બાઈરે,
અકારી સાસુ આગળ મ કહેજો. ૧૫

એજી શું કરૂં તારો સાડલો ને શું કરૂં તારો કાપડો બાઈરે,
મારી જીભીયા વારી ન વરે. ૧૬

એજી બાઈરે હેમાબાઇ કહું તમને વાત બાઈરે,
તમારી વહુએ આજ ઘર અભડાવીયાં. ૧૭

એજી જુમરે પડોસણ જુઠડું મ બોલ બાઈરે,
અમારી વહુ તો હજી નાના બાલકા. ૧૮

એજી બાઈરે હેમાબાઇ દેખાડું એંધાણ બાઈરે,
ઉપર વાડે જુઓ પડીયા છે બાજલા. ૧૯

એજી અગર ને ચંદન બે હેમાબાઇના કુંવર બાઈરે,
તમારી વહુએ આજ ઘર અભડાવીયા. ૨૦

એજી અગર ને ચંદન કુંવર સાંભળ મોરી વાત ભાઈરે,
તમારી વહુને આજ સીખ આલજો. ૨૧

એજી આંબઈઓ ને લીંબઈઓ બે એમણા બાઇના કુંવર ભાઈરે,
અમે માતાજી તમ ભેળા ચાલશું. ૨૨

એજી આંબઇયા લીંબઇયા કુંવર સાંભળો મોરી વાત ભાઈરે,
તમારી આઇ પાસે આજ સીખ માગજો. ૨૩

એજી આઇએ તે આલી કોઈલડી જુઆર બાઈને,
સીખ લઇને સતી વન સંધાર્યા. ૨૪

એજી બોલીયા બપૈયા કોયલ સરીખે કંઠ બાઈરે,
સુકા સરોવર આજ અમીજલે ભર્યા. ૨૫

એજી સાસુડી તે સરજી વન-વગડાની વાઘણ બાઈરે,
પાડોસણ સરજી કાળી કુતરી. ૨૬

એજી આંબઇયો તે સરજ્યો સરોવરની પાળ બાઈરે,
લીંબઇયો સરજ્યો સાધુ ઘેર છાંયડો. ૨૭

એજી આવે ને જાવે સતગુર સોહદેવ ભાઈરે,
છાંયડે બેસી તેમને આલે આશીષડી. ૨૮

એજી સરગ ભવનથી ઉતર્યા વિમાન બાઈને,
વિમાને બેસી સતી સરગે સધાર્યા. ૨૯

એજી ગીનાન બોલીયા પીર સતગુર સોહદેવ ભાઈરે,
કારજ સીધા સતી એમણા તણા. ૩૦

એજી આવા ગુરનર સામીસું હેત,
મોરેરે મને સતગુરજી મીલ્યા. ૧
એજી એવા ટાઢા ટાઢા જે લોડીધા હેત,
માંહેરે પવન જરૂખે ઘણા. ૨
એજી આવો રૂડો સંસાર લહેરડીયે જાય,
ઉંડાં રે દેખી તમે કાંય ડરો. ૩
એજી તમે છો મારા વીજ્યા ગુણના વીર,
ગાઠેરે વોણા વણજ કેમ કરો. ૪
એજી જેનીરે સમર નહી સાથ,
તેની રે બેડી પાર કેમ લંગે. ૫
એજી મારા મોમન ભાઇ તમે સમર લેજો સાથ,
સતી રે મારા તમે પાર લંગો. ૬
એજી ધન ધન તેનું પરીવાર,
જેના રે કુળ માંહે એક સતી. ૭
એજી સતી તારા રાણી ધ્રુવને પહેલાજ,
સતગુરને વચને થીર રહ્યા. ૮
એજી મારા મોમનભાઇ તમે ધુતારે મ ધીર,
ધુતારે આગળ હાણ હશે. ૯
એજી ધન ધન એણી રે વાટ,
ખેલણહારા ભાઇ ખેલી ગયા. ૧૦
એજી મારા મોમન ભાઇ તમે વાવી લ્યો ખેત્ર,
કમાઇ તણા ફલ વીણી લ્યો. ૧૧
એજી ઇશ્વર બ્રહ્માને વીશનું,
દુજા રે નહિ કોઇ દેવ હશે. ૧૨
એજી બોલીયા પીર સદરદીન,
મારા સામી રાજાસું હેત ધરો. ૧૩

## ગીનાન - ૪૭

આવા ગુરનર સામીને સીરેવીયે,
તે તો હુઅડા શાહના દીદારીયા,
તમસું પ્રીત બંધાણી,
એવી પ્રીત બંધાણી મીઠા શામશું;
તમશું નેહડો લાગો મોરા નાથજી,
તમશું પ્રીત બંધાણી. (૧)

એજી આવા ગુરનર સામી સાથે, જેણે જીવે ચારીયા;
તેણે દિલ થકી દુનિયા વીસારીયા -તમશું. (૨)

એજી આવા પંજ ભુ વશ કરી,
ચારે જુગની કળા ગુરની જોયલા;
કરોડી તેત્રીસ દેવતાના મેળા માંહે હોયલા. -તમશું. (૩)

એજી આવા પાછમ દીસે સામી રાજો આવીયા,
એવી ગુર મુખે ગીનાન સંભળાયા. -તમશું. (૪)

એજી પીર બોલીયા સતગુર સોહોદેવ સારીયા,
મેરે મોમનકું બહેશ્ત દીદારીયા. -તમશું. (૫)

## ગીનાન - ૪૮

આવો મારા સામી રાજા, ધરમી રાજા, તેરે નામસું મોરો મનડો બાંધો ૧
જીરે વીરા કેડીયું અડાઈએ ગઢ માંડીયુંરે, કેડા રોપાઈએ બાગ. ૨
જીરે વીરા ધનરે જોબનકો ગીરભ ન કીજીએરે, રૂડા મોમનભાઈ. ૩
જીરે વીરા કાચારે ઘડુઆ જેસા તમે આદમીરે, હાથે પડીયા સો ભાંગા. ૪
જીરે તેંજો શબદ રહીયો ઇસ દુનિયા માંહેરે, હંસા ઉડનેકુ લાગા. ૫
જીરે વીરા ખટણહારા વીરાભાઇ ખટી ગયારે, દુજા ખટણેકું લાગા. ૬
જીરે વીરા પુરખ સુંજાણી શાહની શ્રેવા કરીયો, સતીએ કરીયો સુજાગા. ૭
જીરે વીરા સતકેરી નાવડીએ વીરાભાઇ ઇયું ચલોરે, જીઉં સુઇ કેડે ધાગા. ૮
જીરે વીરા પીર સદરદીન ગુર બોલીઆરે, એ ગીનાન મીઠડા સો લાગા. ૯

## ગીનાન - ૪૯

એજી ઈમાની આ જુગ માંહે જાણીયે, જેને ભેટીયા સતગુર નુર;
સતગુર ભેટીયા મુનીવરો, તો હરદમ શાહ હજુર. ૧

એજી સતગુર સાથી કીજીએ, તો પરતક શાહ દીખલાય;
સતગુર ભેટીયે મુનીવરો, તો હાજર શાહા નુર પાય. ૨

એજી નુર નીરાકાર જાણજો, તે આજ પરતક દેવ કહેવાય;
તેણે આપ ઈચ્છાયે ઉપાવીયા, ભાઈ ચઉદ ભવન સોય. ૩

એજી ચઉદ ભવન ચીંતે કરી, અને સર્વે રચીયો ઠાઠ;
પાંચ તત્વનો પુતલો, સામી રાજે ઘડીયો ઘાટ. ૪

એજી સામી રાજો સહુનો દાતાર છે, અને રોજીનો પુરણહાર;
જીનકી જેસી કીસમત કહીયે, તીનકું તેસા દેવે દાતાર. ૫

આપ પીછાણોને આપણો, અને વેળા વીચારીને જોય;
આપણું આપ પીછાણતા, શુધ સરૂપ પાઈયે સોય. ૬

શુધ બુધ ગુર થકી પામીયે, અને ગુરે બતાવી વાટ;
ગુરનર ગોવીંદ દોનું ભેટીયે, જો કાસલ નાંખો કાઢ. ૭

એજી કાસલ કાઢો આપણી, તો શાહ મુખ દેખોને સોય;
જેમ અંબર આકાશમાં, ભાઈ સુરજ સનમુખ હોય. ૮

એજી મન વશ રાખોને આપણું, અને મન જીતે સરવે જીત;
જેણે મુનીવરે મન વશ રાખીયા; ગુર કહે સાચી તેની પ્રીત. ૯

એજી મન તો મહા બલવંત છે, અને જોધ જોરાવર જાણ;
મન જીતે સરવે જીતશો, ભાઈ મનની હાણે હાણ. ૧૦

એજી મને ભુલાવીયા ચઉદ લોકને, ચઉદ લોક જીતેરે મન;
જેણે મુનીવરે મન ચીત વશ રાખીયા, ભાઈ તાકુ ધનો ધન. ૧૧

એજી વીખ વાસના ત્યારે ગળે, જ્યારે મન વશજ થાય;
પીર સદરદીન એમ ભણે, ત્યારે નુરે નુર સમાય. ૧૨

## ગીનાન - ૫૦

એજી ઉઠ બએઠ બંદા તું કાંય સુતો, સોવણ ભલા નવ હોય;
જાગતણા સાહેબ સબ કોઇ પાવે બંદા, સુતા ન પામે કોઇ. ૧

એજી વસમો વેરી બંદા હય તુજ કેડે, દેખ ચલાવે કેસા;
અલખસું મમ રાંખો આપણું, ઘડીયે ઘડીયે સંભારો. ૨

એજી સાહેબ જેસો બંદા હય તેરો સાંહીયાં, કરીઓ અહોરંગ કુછ પામો;
તેરો સાહેબ કબહી ન સોવે બંદા, તુજે સોવણ કયું ભાવે. ૩

એજી બહોત નીંદ્રા ભલી ન હોય, એ કોઇ કામ ન સીજે;
એસા કામ કરો તમે બંદા, જીસથી સાહેબ રીઝે. ૪

એજી આપણી આપણી અહોરંગ માટે, વારા તે આપણા લેશો;
સાહેબ કેરી સેવા કરતા, નચીંત થઇ મત રહેશો. ૫

એજી જો સુખ લોડીયો બંદા તો તમે જાગો, સુતા સોહી વીગુતા;
ગઇ વેળા તુજ ફેર નહી આવે, બંદા કેસી તું નીંદ ભર સુતા. ૬

એજી આપણું આપ વીચારી તમે ચાલો. ન સમજ્યા સો ભુલા;
સાહેબ કેરી જો સેવા કરતા, તીસથી નહી કોઇ રૂડા. ૭

એજી આપણી આપ ઓહંગ રચના, એતી તો સુધ ગમાઇ;
ત્રન પહોર ઉપર એક ન રહેણા બંદા સીર ઉપર હરણી આઇ. ૮

એજી એ વીમાસણ હય તુજ ભારી, ન જાના કીયા હોઈશે;
ઘોર અંધારી માંહેજ રહેણા બંદે, એકલડા ત્યાં રહેશો. ૯

એજી ઘોર અંધારી માહા વસમું છે દાઢો, એકલડા ત્યાં રહેશો;
દોય જણા ત્યાં પુછવાને આવે બંદા, શીયા ઉત્તર તેને દેશો. ૧૦

એજી માઈ ન બાપ કુટુંબ ન કોઈ એકલડા ત્યાં રહેશો;
સગા તણા ત્યાં મિત્ર ન કોઈ, સીર ઉપર ત્યાં સહેશો. ૧૧

એજી સહેસ્ત્ર પચાસ વરસનો એક દીન થાશે, આખર કીયામત પુછાણું;
સોહોસો કરણીએ ત્યાં સુરજ તપશે, એક દીન એસો આવે.૧૨

એજી ત્રાંબા વરણી ત્યાં ધરતી તપશે, સો દીન નેહણે આવે;
તીસ વેલા માંહે કરતવ જોઈએ બંદા, પુછાણેકું બોલાવે. ૧૩

એજી તે વેળા તુંને દોયલી થાયશે, નહી કોઈ આવે તેરે પાસે;
સહસ્ત્ર પચાસ માંહે મહીયર મળશે, મીલી મીલી પુછાવે. ૧૪

એજી ખાન મલેક રૂહ બી કાલબ, સબ કોઈ એકઠા મલશે;
તે વેળા તમે સાચી કરી જાણો, નફસા નફસી કરશે. ૧૫

એજી નફસા નફસી સબ કોઈ કરશે, તમે સાચો શાહા આરાધો;
જીસ ઉપર તેરો પ્યાર ઘણેરો, સો મયા કરેંગો મોરો સાંઈઆ.૧૬

એજી ભલે ભલાંઈ આખર બુરે બુરાઈ. કીયા સો આપણા લેશો;
એ ગીનાન મહારસં ભણે પીર સદરદીન, તમે સાચા સાહેબ આરાધો. ૧૭

## ગીનાન - ૫૧

સામી મારાજી ઉણીયા બી ઉણીયા અમે કીરીયાના હીણાં,
તો અમને છે આશ તમારીયાં. ૧

સામી મારાજી જુગા રે જુગ તેરો થાન થાનેતર,
હમ દિલ સામી રાજા તુંહી વસે. ૨

સામી મારાજી ત્રણ જુગમાં સામી તમે વર દાતા,
આજ ચોથા કલજુગમાં સામી રાજા ભલે અવતરીયાજી. ૩

સામી મારાજી હરીયા સો હરીયા ને સુકાબી હરીયા,
જો હોવે નજર તમારીયાંજી. ૪

સામી મારાજી મીઠા સો મીઠાને કડવા ભી મીઠા,
તો આ ગુરકે વચને ફલ મીઠડાજી. ૫

સામી મારાજી ભરીયા સરોવર ભરપુર ભરીયા,
વણરે વચને કેમ પીજીએ. ૬

સામી મારાજી તમે ભરીયા સો અમે સીર ઉપર ધરીઆ,
તમે ફરમાયા અમે સોહી કીયાજી. ૭

ભાઇ મારાજી માણેક લઇનેં તમે માણક વણજો,
એવા વણજ ભલેરા સાચા શાહજીસું કીજીયે. ૮

ભાઇ મારાજી પહેલા કરતા જુગમાં મેડો પાંચ કરોડીયા,
તેંજો મુખી રાજા પહેલાજ સહી હુઆજી. ૯

ભાઇ મારાજી હેક મને હેક ચીંતે સાહેબજીને શ્રેવીયા નરશંગને જપીયા,
તેણે ગુપત પંથ આરાધીયાજી. ૧૦

ભાઇ મારાજી બીજા ત્રેતા જુગમાં મેડો સાત કરોડીયા,
તેંજો મુખી રાજા હરીશ્ચંદ્ર સહી હુઆજી. ૧૧

ભાઈ મારાજી હાલ સીંહાસણ માલ ધન,
તો આ નામ સાહેબજીકે દીજીએજી. ૧૨
ભાઈ મારાજી રાજ પાટ ગઢ મેડીયા બી દીધીયા,
તો આ દીયા નામ સાહેબ તણેજી. ૧૩
ભાઈ મારાજી કહે રાજા હરીશ્ચંદ્ર સાંભળો સતી રાણી લોચના,
આપણે કેસી તે કરણી કમાવીયેજી. ૧૪
ભાઈ મારાજી કહે તારા રાણી રાજા સુણજો શબદ,
આપણે આપ વેચાઈ યે તો હઝરત આગળ કબુલ હોઈયેજી.૧૫
ભાઈ મારાજી હરીશ્ચંદ્ર તારા સતી લોચના, રાજકુંવર રોહીદાસ;
એ ત્રણે વેચાણા કારણે જીવનેજી. ૧૬
ભાઈ મારાજી ત્રીજા દુઆપુર જુગમાં મેડો નવ કરોડીયા,
તેંજો મુખી રાજા જુજેષ્ઠણ સહી હુઆજી. ૧૭
ભાઈ મારાજી સત સંતોખે રૂડા રીખીસર ધીયાયા,
તેણે હેમાલે હાડ ગળાએયાજી. ૧૮
ભાઈ મારાજી ચોથા કલજુગમાં મેડો બાર કરોડીયા,
તેંજો મુખી પીર સદરદીનને સાહેબે ભલે થાપીયાજી. ૧૯
ભાઈ મારાજી હાલ વાયકે આપણા સાહેબને શ્રેવીયા, પીરશાહને જપીયા,
તેણે દશોંદ સાહેબજીને આલીયાજી. ૨૦
ભાઈ મારાજી આજ ફળતાર વેળામાં, મેડો અનંત કરોડીયા,
તેં જો મુખી ગુર હસન કબીરદીન સાહેબે ભલે થાપીયાજી. ૨૧
ભાઈ મારાજી નવે અવતારે શાહ નવ દાણવ છેદીયા,
આજ દશમેં કાલીંગો છેદણ ભલે અવતરીયાજી. ૨૨
ભાઈ મારાજી એસો ગીનાન પીર ભણાવે સદરદીન બાર ગુરકીવાચા,
તો આ દશમે શાહ અલખ લખાયાજી. ૨૩

## ગીનાન - ૫૨

હો જીરે મારા હંસા કરણી કમાવો રબજીસું રાચો;
તો તીરથ ત્રવેણી આપ ચલણાં. ૧

હો જીરે મારા હંસા બુધની બંદુક સુરતીનો છે દારૂ;
તો ગીનાન ગોલી બીચ ભરનાજી. ૨

હો જીરે મારા હંસા પ્રેમનો પલીતો દિલસું દાગીજે;
તો શબ્દ ભડાકેસું લડનાજી. ૩

હો જીરે મારા હંસા ઢાલ ધણીની ધીરપસું બાંધીજે;
તે સતકી તલવારેસું લડનાજી. ૪

હો જીરે મારા હંસા નવ બાર નગરીમાં બાવન બજાર;
તે માંહે કોઇ જણ સુતા ને કોઇ જણ જાગેજી. ૫

હો જીરે મારા હંસા ઇસરે નગરી માંહે એક કુંવારી છે કન્યા;
તે તો કુંવારી સબ રસ માણેજી. ૬

હો જીરે મારા હંસા ઇસરે નગરીમાં એક વીખીચાનો વેલો;
તે તો વેલે કીધો વીસ્તારજી. ૭

હો જીરે મારા હંસા ઇસરે વેલે ઇંદરાફલ લાગા;
તે તો જેમરે વધે તેમ કડવાજી. ૮

હો જીરે મારા હંસા તેડાવો ગુણવંતા માળીને;
તે તો જડ મુળથી કાઢી નાખેજી. ૯

હો જીરે મારા હંસા પાળે ઉભા પાંચે પાખંડીયા;
તે તો ધણીનો હુકમ નવ માનેજી. ૧૦

હો જીરે મારા હંસા એસો ગીનાન પીર ભણાવે સદરદીન;
મારા મોમનભાઇ તમે રહેજો હુશીયારજી. ૧૧

## ગીનાન - ૫૩

એજી કરશનજી ભણેરે, અરજુન સાંભળો,
આસા ભલા ગુણ નવનવા થાયરે;
જ્યાં લગી સતગુરજી મલીયા નહી,
ત્યાં લગી તારો જીવ ફેરા ખાયરે;
આત્મા તત્વને પેખે નહી,
ત્યાં લગી તારી દેહી ફનાજ થાયરે. કરશનજી. ૧

એજી પાંચરે તત્વે અરજણ, તમે બુજો ભાન ને ભોવરે;
જીવ પીંડ શીવ તે જુજવા નાહી, પીંડમાં બોલે સોહી દેવરે..કરશનજી. ૨

એજી ગીનાન આવ્યું રે કેમ જાણીયે, અને તેનો સરભુશણ પરમાણરે;
તીન સર પદમને પેખીયે, તેને જાણો અસલ એંધાણરે...કરશનજી.૩

એજી વનરે ગયે ન છુટીયે, ભલે તજીયે વસ્ત્ર ને અન્નરે;
ગૃહસ્થી મારગનું બંધન નહી, જો હોય નીસીજલ મનરે..કરશનજી.૪

એજી તેલરે કડાઇ માહે કડ કડે, માંહે દેખો પુનમ કેરો ચાંદરે
એમાં દેખતાં દીસે પણ દાઝે નહીં,
એમ હરી અલગો ગોવીંદરે... કરશનજી. ૫

એજી જલથી કમલ જેમ અલગો નહીં, તેમ અલી રૂપે ઓછોરે.
વણરે પ્રેમે જલમાં રહે, નીર સીંચે કેમ લોપાયરે... કરશનજી. ૬

એજી એકરે દીવો તારી દેહીમાં, અને બીજો દીવો સત પરમ આત્મા;
તે દીવે દીવો જ્યાં સુધી મળે નહીં,
ત્યાં લગી તારો જીવ ફેરા ખાયરે... કરશનજી. ૭

એજી પીર સદરદીન બોલીયા, સાહેબ છે કાંઇ વીશ્વપાલક નામરે;
એક મને સીરેવો સોહી શામનેરે,
તો પામો અમરાપુરી ઠામરે... કરશનજી. ૮

## ગીનાન - ૫૪

એજી કલપ ધંધુકાર રચીયો મોરે સામીજી,
તંઇયે ન હોતા ચંદો સુરજ ન હોતાજી;
ચંદોને સુરજ શાહા મોરે નુરે નીપાયાજી,
તેજ ધરીને શાહા મોરે કામ ચલાવીયાજી...
ધન હો કરણી મારા ગુરજીની, ધન હો કીરતાર પુરૂષ,
ધન ધન સામી રાજા તેરો રાજ અવીચલ વખાણીયે;
જો તું કાયમ સામી અંતર જામી તેરો અંત શાહ તુંહી જાણે. ૧

એજી સાત સાહેર શાહા મોરે મહી વલોયાજી,
મેરૂ પરબતનો શાહા મોરે કીધો રવાયોજી;
વાસંગી નાગ શાહા મોરે નેત્રેસું તાણીયાજી,
અમૃત લક્ષ્મી શાહે કાઢી કીલતાર પુરૂષ-ધન હો. ૨

એજી કાનજી રૂપે શાહા મોરે જમના ઝપલાવીયાજી,
જમના ઝપલાવીને શાહા મોરે નાગજ નાથીયાજી;
નાગ નાથી ને શાહા મોરે કંસજ માર્યાજી.
કંશ મારીને શાહા મોરે જંગજ જીત્યાજી-ધન હો. ૩

એજી ફેરવી ચકર શાહા મોરે રંઢજ રોલ્યાજી,
ખોણ અઢાર કુળ ક્ષેત્રમાં શાહા મોરે ઢાળીયાજી;
દઈત દુર્યોધન શાહા મોરે કોરવ સંહાર્યાજી,
નવે કરોડે રાજા જુજેષ્ઠણ તાર્યાજી-ધન હો. ૪

એજી ચારે ચારે જુગના મોમન મુનીવર એકઠા મળશેજી,
કલજુગના મુમન મુનીવર કેણી પેરે ઓળખાંશેજી

ટોપ રંગારા અપણા મુમન સર ઝબકશેજી,
અછડા ને મછડા જોધા અલી નામે હરખાશેજી,
આગલા ને પાછલા જોધા મારા અલી નામે હરખાશે,
પીર સદરદીન ગુર અમીરસ બોલીયાજી.
ધન હો કરણી મારા ગુરજીની, ધન હો કીરતાર પુરૂષ,
ધન ધન સામી રાજા તેરો રાજ અવીચલ વખાણીયે;
જો તું કાયમ સામી અંતરજામી તેરો અંત મૌલા તુંહી જાણેજી. ધન હો. ૫

## ગીનાન - ૫૫

એ વીરાભાઇ કસણી દીધી યારા સાત સાહેરકું,
જાકું લહેર સતાવત હોઇજી. ૧
એ વીરાભાઇ કસણી દીધી યારા વનરાય વીરખકું,
જાકું પવન સતાવત હોઇજી. ૨
એ વીસભાઇ કસણી દીધી યારા ઉડન પંખીકું,
જાકું રાતો દીન નીંદ્રા ન હોયજી. ૩
એ વીરાભાઇ કસણી દીધી યારા ગુર ભીરમાકું,
જાકે ચારે વેદ હરાયાજી. ૪
એ વીરાભાઇ કસણી દીધી રાજા પહેલાજકું,
જાકું અગન માંહે આપ સીચાયાજી. ૫
એ વીરાભાઇ કસણી દીધી રાજા હરીચંદ્રકું,
જાકું નીચ ઘર નીર ભરાયાજી. ૬
એ વીરાભાઇ કસણી દીધી વીરા વીરલોચનકું,
જાકું કાંટે માસ તોલાયાજી. ૭
એ વીશભાઇ કસણી દીધી વીરા રાજા જુજેષ્ઠણકું,
જાકું વનમાંહે વાસ વસાયાજી. ૮

એ વીરાભાઇ કસણી દીધી વીરા પાંચે પાંડવકું,
જાકું હેમાલે હાડ ગળાયાજી. ૯

એ વીરાભાઇ કસણી દીધી યારા દાદા આદમકું,
જાકું લોહીકે આંસુ રૂલાયાજી. ૧૦

એ વીરાભાઇ કસણી દીધી વીરા અયુબ પયગમ્બરકું,
જાકું કીડે માંસ ખીલાયાજી. ૧૧

એ વીરાભાઇ આ કલજુગ માંહે તો કસણી નાંહી,
ભાઇ હસનાદ તો બહોત અપારજી. ૧૨

એ વીરાભાઇ એસો ગીનાન પીર ભણે એ સદરદીન,
ભાઇ ફલ સચા યારા મોમન લેશોજી. ૧૩

## ગીનાન - ૫૬

એજી કહોરે પંડિતો જીવ કીસ ઘર જાતાં,
શબદ અતીત અનહદ રહેતા. ૧

એજી જે મન માણસો પેરે જાણે,
ગુંગારે સાકર કીયારે વખાંણે. ૨

એજી મન ને પવન વચે સુખમણા નાડી,
એસા ગીનાન કંથો મન વારી. ૩

એજી ગંગાને જમના ગોર ઉલટી વહી જાવે,
બીન જલ સંગમ આ મન. ૪

એજી રામ કરો લોચન દ્રઢ વહેવારા,
તો જાણો મુમન તમે એહી વીચારા. ૫

એજી સોહી ગુર કરીયે જે ઓર ન કરણા,
સોહી જાપ જંપીયે જે બોણ ન જપણા. ૬

એજી સોહી કરતવ કરીયેજી જો ઓર ન કરણા,
શુધા હોકર મરીયેજી જે બોણ ન મરણા. ૭

એજી અલી બોલો અલી બોલો મુનીવર જન,
અલી ચરણ ચીત લાવો એક મન. ૮

એજી એક શબદથી ભવસાગર તરીયે,
તેહ જપંતા આળશ નવ કરીયે. ૯

એજી ભણે પીર સદરદીન સુણો ગત સોઇયા,
સતગુર વીના મુગત ન હોય. ૧૦

## ગીનાન - ૫૭

જીરે ભાઈરે કાયાની બેડી આપણા ગુરનરસું રાખોજી,
જતન કરીને જીવ તારો.....
સંસાર દરીઓ શાયર છે દરીઓ દોએ તડ દરીઓ,
દીત કરણીના હીણા તે કેમ કરી પાર ઉતરશેજી. ૧

હો જીરે ભાઇ રે છતે હુતે સાહેબનું નામ ન લીધુંજી,
તેણે કલમાંહે ફોકટ ફેરા ખાધા... સંસાર. ૨

હો જીરે ભાઇ રે પોતે ન પુરા તે બીજાને કેમ વારેજી,
વણ સુકરીતે પાર કેમ ઉતરશો... સંસાર. ૩

હો જીરે ભાઇ રે પાપને પરહરો વીરાભાઇ ધરમની લેહેર રાખો,
તો હરીના લાડ એણી પેરે લેશો... સંસાર. ૪

હો જીરે ભાઇ રે હીંગના વોરતીયાં માણેકનું મુલ શું જાણેજી.
તે મોંના મીઠા દિલના ખોટા... સંસાર. ૫

હો જીરે ભાઇ રે નીર ઘટીયો ને જાજ છીતવાને લાગોજી,
મછ ગરોગર બાંધીયા... સંસાર. ૬

હો જીરે ભાઇ રે કલજુગ છલીયો ને દુનિયાં ડુલવાને લાગીજી
વણજ કેણી પેરે કરશો... સંસાર. ૭

હો જીરે ભાઇ રે વ્યાજ વધીયો ને ઘરેણા ઘટવાને લાગાજી,
વસતુ વખારે જઇ પડીયું... સંસાર ૮

હો જીરે ભાઇ રે ભણે પીર સદરદીન કહે ખોટા પરલે થઇ જાશેજી,
તે ભમશે રણો રણ રોતાં... સંસાર ૯

## ગીનાન - ૫૮

એજી કાંયરે મોમન ભાઇ તમે સોવોરે નચીંતા,
જીકર કરતા વિલંબ ન કીજે. ...૧

એજી મોમન હોકર નચીંત સોવે,
સો કેમ દીદાર અલીના જોવે. ...૨

એજી ખાવે પીવે આપ મુરાદા,
સો જીવ દોઝખે જાવણહારા. ...૩

એજી મોહ માયા કારણ ફંદરે કીયા,
ગાફલ થા તાકુ દોઝખ દીયા. ...૪

એજી ભણે પીર સદરદીન તમો સુણો મારા મોમન ભાઇ,
આંવે નકલંકી તમે લીઓરે વધાઇ. ...૫

## ગીનાન - ૫૯

કે રાજા પાંડવે તે મેલી જારે પરથવી,
કે રાજા દુરજોધન કરે ત્યાં રાજ....
સતે જીતીયા પાંચ પાંડવા. ૧

કે રાજા પાંચે મળીને પરીયાણ કરે,
કે એને મારવાની કીધી છે પેર. સતે... ૨

કે એના સગામાં તે નોતરૂં દેવરાવીયા,
કે એને હયડે તે હરખ ન માય. સતે... ૩

કે રાજા નોતરૂં દઇને પાછા વળીયા,
પછી રાંધવાની કીધી છે પેર. સતે... ૪

કે લીલી તે દાળ ને સારાં ઘી,
કે ઉપર લાડુડે બાંધી પાળ. સતે... ૫

કે ઉઠો દેવરીયા ભોજન કરો,
કે પછી અમને મ દેજો દોષ. સતે... ૬

કે ભાભી ભાણવંતી ઘરડા થયા,
હજી હસવાની ન ગઇ ટેવ. સતે... ૭

કે ભાભી ભાણવંતી પીરસે પીરસણા,
કે રાજા દુરયોધન ઢોળે ત્યાં વાય. સતે... ૮

કે લવીંગ સોપારી મુખવાસ એલચી,
કે ઉપર પાનના બીડાં દેસ. સતે... ૯

કે સાગ સીસમના ઢોલીયા,
કે ઉપર અવલ ઓસીસા ઓછાડ. સતે... ૧૦

કે રાજા દુરજોધન લાખના મીંદર ચણાવીયા,
કે માંહે પુરીયા છે પાંડવના વંશ. સતે... ૧૧

કે રાજા દુરજોધને દુમડો તેડાવીયો,
કે દુમડા લઇને આગજ મેલ. સતે... ૧૨

કે રાજા મારા ઘરે છે અરધા અંગની,
તેને હું પુછીને વાત કરીશ. સતે... ૧૩

કે રાજા આ ભવે છીયે અમે દુમડા,
કે પછી ઓલે ભવ કેવા કેવાઇસ. સતે... ૧૪

કે રાજા નહી રહીયે અમે તારા દેશમાં,
અમે જઇ આઘેરાં વરતેસ. સતે... ૧૫

કે પીર સદરદીન બોલીયા વીનતી,
સામી રાજા જેમ રાખો તેમ રહીશ. સતે... ૧૬

## ગીનાન - ૬૦

એજી ગત માંહે આવીને વીરાભાઇ કર જોડી રહીયે,
ગુરના વચન આપણા સીર પર ધરીયે. ...૧

એજી ગત માંહે આવીને વીરાભાઇ સનમુખ રહીયે,
નીંદા થાય ત્યાંથી ઉઠીને જઇએ. ...૨

એજી ગત માંહે આવીને વીરા ભાઇ અમીરસ પીજે,
દશોંદ શુક્રીત આપણા ગુર મુખે દીજે. ...૩

એજી એસો ગીનાન પીર ભણાવે સદરદીન,
આપણી નાત છોડીને પરનાત વહેવાર ન કીજે...૪

## ગિનાન - ૬૧

એજી ગુરસું બંધન બાંધીએ, સચો આપ સંભાલ,
સામી ખેલત ખેલ ગએઆ, અપનો કોન હવાલ....ગુરસું ૧.

એજી સીધા મારગસું ચલીએ, ચડશો ખાંડાકી ધાર,
અલીજીસું બંધન બાંધીએ, તમે ઉતરસો પાર....ગુરસું ૨.

એજી આખર વેળા હોશે કાજી, સ્વામીજી લેખા લેનહાર,
લુણ પાણીના ખત નીકાલસે, જીવડો પુકાર કરે ત્યાંય....ગુરસું ૩.

એજી માઇ બાપ ત્યાં કોઇ નહી, નહી તારો બેન ના ભાઇ,
કીધા કરતવ સ્વામી શોધસે, ત્યારે છુટો કિરીયા સાર....ગુરસું ૪.

એજી એમ બોલ્યા સતગુર સદરદીન, મુનિવર હો હુશિયાર,
કીધા કરતવ સ્વામી શોધસે, જીવડો છુડાવનહારરે....ગુરસું ૫.

## ગિનાન - ૬૨

ગુન તેરા સામી રાજા, બક્ષીએ દોષ હમારા - ૧)

સંસાર માંહે જેણે ભાઇ, પરોણલો દિન ચાર - ૨)

પિંડ કાયા કાચી ભાઇ, પંભણ સધે આધાર - ૩)

જીસ માણક વણજ્યાં ભાઇ, લોહોની થિયા વણજારા - ૪)

જે ગુરૂ હાલ નીવેડીન ભાઇ, સતગુરૂ નૂર પ્યારા - ૫)

નૂરે નૂરજ મિલ્યા ભાઇ, નૂરે તા નૂર સમાયા - ૬)

ફલ તારીંદે મિલ્યા શાહા, લંઘાઇએ હુન પાર - ૭)

સેતું ખડીઅ બક્ષીએ ભાઇ, આવો હો મિલ હો પ્યારાજી - ૮)

અમરાપૂરી મેલા ભાઇ, મિલી સચા યાર તરંદા - ૯)

સે વર રયણ વિયાણી ભાઇ, જીતે અલી વર આયા - ૧૦)

સે વર રાત સભાગી ભાઇ, જીતેની મહમદ જાયા - ૧૧)

સુર ગટ વજંદા ભાઇ, હુરેજો સાહેબ આયા - ૧૨)

પટ સધણ તલાજુ ભાઇ, હિંડોલેમેં લૂડાયા - ૧૩)

સે સબ ઉમ્મત દુનિયા ભાઇ, કલમુતા પાઠ ભણાયા - ૧૪)

સે સબ અલી મોલાને, જે આપણે રે નામે લાયા - ૧૫)

એડા અંબરત જેવા, પીર સદરદીન ગિનાન સુણાયા - ૧૬)

## ગીનાન - ૬૩

એજી ગીનાન બોલોરે નીત નુરે ભરીયા,
એવો હયડે તમારે હરખ ન માએજી. ૧

એજી સામીજી આવીઆનું અવાજ હુઆ,
એવા આંગલ થકી કીધા તમને જાણજી. ૨

એજી આગાને ટોપે હીરા જગમગે,
જાણીયે તે ઉભો ગોકુલ માંહેલો કાનજી. ૩

એજી નુરને તેજે અલી આગેરો,
સામીને તેજે તે સામું ન જોવાયજી. ૪

એજી સારી સંભારી અલીને આગળ ધરો.
એવો નીત રંગ બમણેરો થાયજી. ૫

એજી તમારી બેડીએ અલ્લાહ રાજીઓ,
સીંચે તમારી ગરીબ જમાતજી. ૬

એજી તંબોલી વીના વણસે પાનડા,
તેમ ગુર બ્રહ્મા વીના વણસે જમાતજી. ૭

એજી સુકરીત કરજો વીરા આ જુગે,
ગુર ભીરમાજીના જપજો મોટા જાપજી. ૮

એજી જમીન આસમાન સાહેબે જુગતે જડીયા
એવો હઈડે તમારે હરખ ન માયજી. ૯

એજી પીર સદરદીન બોલીયા વેનતી.
સામી રાજા ગતીઉં તારણહારજી. ૧૦

## ગીનાન - ૬૪

એજી ઘટપાટ વેળા આવી ઢુંકડી, તમે થાપોને ઘટપાટ;
પાંચ કરોડસું રાજા પહેલાજ પી વળ્યા, અને ગાફલે પીધા નીર. ૧

એજી ઘટપાટ વેળા આવી ઢુંકડી, તમે થાપજોરે ઘટપાટ;
સાતે કરોડસું રાજા હરીચંદ્ર પી વળ્યા, અને ગાફલે પીધા નીર. ૨

એજી ઘટપાટ વેળા આવી ઢુંકડી, તમે થાપજો ઘટપાટ;
નવે કરોડસું રાજા જુજેષ્ઠ્રણ પી વળ્યા; અને ગાફલે પીધા નીર. ૩

એજી ઘટપાટ વેળા આવી ઢુંકડી, તમે થાપોને ઘટપાટ;
બારે કરોડસું પીર સદરદીન પી વળ્યા અને ગાફલે પીધા નીર. ૪

એજી પીર સદરદીન બોલીયા, તમે સાંભળો મોમન સાર,
અજા બકરા પડ રહ્યા, તેનું મ કરજો થાળ. ૫

ખીર ખાંડ ગ્રત અમૃત ભોજન, એ લાવીયે સાર;
પાંચ વસ્તું ભેળીયું કરી, ભાઇ તેનો કીજીયે થાળ. ૬

## ગીનાન - ૬૫

એજી ઘર સર વધાઇયું શાહ મોરે લીયો અવતાર;
લખ ચોરાસી શાહ તું જીવેંજો દાતાર....
ભોળે મને શ્રેવો સીરજણહાર,
જીવડા તું જાગ, અલારા તું જાગ, મેરે અલ્લાહ સો દીન આવે;
સચે સાહેબજીકી કરણી, મીઠે અલીજીકી કરણી, હમદિલ ભાવે,
જીવડા તું જાગ, અલારા તું જાગ; મેરે અલા સો દીન આવેજી. ૧

એજી સીર સો હમારા યા અલી તેરે પાંઉ ધરીયા,
તેરે પીરસાદે યા અલી જીવડા નીપના... ભોળે. ૨

એજી વીશ્વ કુંવારી શાહ તું પરણેગો બાલી,
જીત ખડા હુવા શાહ તું અનંતેજો વાલી... ભોળે. ૩

એજી ભણે પીર સદરદીન યા અલી હમ ગુનેહગાર;
ગુનાહ બક્ષો હમારા યા અલી બક્ષણહાર;
ભોળે મને શ્રેવો સીરજણહાર... જીવડા. ૪

## ગીનાન - ૬૬

જીરેભાઈરે ચેત ચેત બાના મન ચંચલ કરી ચેતો,
અને જબ લગ ઘટ માંહે સાસજી;
ભાવ હુવા પણ ભકતી ન હુઇ,
જીવડો ઉઠી ચાલીયો ઉદાસજી...
પીરના બોધ ગીનાન વીચારી જેણે ભેદ ન પાયા,
એણે ગાફલે જનમ હરાયાજી;
તેણે પાપીએ ફોકટ ફેરા ખાયાજી... પીરના. ૧

હો જીરેભાઇ રે હી જુગ હાટ પાટ બજાર કરી જાણો,
અને સબજુગ વણજણે આયાજી;
વણજી સગો તો વણજો મોરા ભાઇ,
નઈકા ખાશો ફોકટ ફેરાજી... પીરના. ૨

હો જીરેભાઈરે નયણ ભી થાકી ને બઇણ ભી થાકી,
અને થાકી તે સુંદર કાયાજી;
જનમ ભોમ સઘળી થાકી,
પણ એક ન થાકી કુડી માયાજી... પીરના. ૩

હો જીરેભાઈરે આપણા સામીજીને સાચું કરી શ્રેવો,
અને દિલ માંહે વીસવાસ આણોજી;
ભણે પીર સદરદીન કબહી ન હારો,
જો જોઇ જોઇ પાસા ઢાળોજી... પીરના. ૪

## ગીનાન - ૬૭

એજી જમીન આસમાન સાહેબે જુગતે જડીયા,
 તમને દીધા છે ગીરભાવાસ હો,
સોહી શ્રેવો સાહેબ આપણો, જેથી પામો મોક્ષ દીદાર હો...
 દુધ મ દેખો વીરા કારમું, એણે દુધે તે પડશો ઝંઝાળ હો;
દાગ દેખો વીરા અલી તણો, સચે શાહ તણો. (વરાણી) ૧

એજી કુટુંબ પરીવાર જીવડે ઘણા કર્યા,
 જીવડો આવીને પડયો જંજાળ હો;
કાચી કાયા પીંડ ઢળી પડે,
 તેનો લેખો તે સાહેબજીને હાથ હો... દુધ. ૨

એજી અન પાણીના પરબ જ્યારે સુકશે,
 ત્યારે સ્ત્રી રોતા મેલે બાળ હો;
બાપ બેટો દોય ઝગડશે,
 એવો થાયશે ખોટો કળીકાર હો... દુધ. ૩

એજી સાહેબના દળ જ્યારે ચાલશે,
 ત્યારે સત ધરમનું થાયશે નીસતાર હો;
ઉણીયાચારી ત્યાં ઊભા રહેશે,
 ફળ લેશે સચા યાર હો... દૂધ. ૪

એજી અલી નબીજીને ઓળખીને શ્રેવજો,
 જેણે કીધી છે સતપંથની સાર હો;
પીર સદરદીન ગુર બોલીયા,
 મારા મોમનભાઇ તમે રહેજો હુશીયાર હો... દુધ. ૫

## ગીનાન - ૬૮

હોજીરે પ્રાણી જ્યારે તું ગીરભાસ્થાન વસંતો;
તઇયે તું હતો ગીનાનવંતો;
ઉંધે ઉંધે મસ્તક ઉપર ચરણા,
એવી એવી કસટી ભોગવતો રે...
ધન મારૂં મારૂં તું મ કરીશ પ્રાણીયા તું મરીશ,
માયા મન બાંધો લોભે જીવ લાગો;
અંતકાળે સરવે ઉભા મેલી,
નીરવાણ જાઇશ તું નાગોરે... ધન મારૂં મારૂં તું. .....૧

હોજીરે પ્રાણી કોલ દઇને કલજુગ માંહે આવીયો,
જીવડો જાણે હું છુટો;
લોભ સવારથ કરવાને લાગો,
ને શાહજીસું ચાલીયો ખોટોરે... ધન. .....૨

હોજીરે પ્રાણી કલરે વાડીમાં ફલ કાચા ને પાકા,
સારીને સઘળા વીણે;
નાના મોટાની શાહ મોરો વીગત જાણે,
પણ મનગમતાં ફલ વીણેરે... ધન. .....૩

હોજીરે પ્રાણી હાથ ઘસે ને ધુસાસા મેલે,
જીભલડીયે તાળાં દીધાં;
ઘણેરો ઘણેરો પ્રાણી રોવાને લાગો,
પણ શાહજીનું નામ ન લીધુંરે... ધન. .....૪

હોજીરે પ્રાણી ધાહો પાડેને ધુસાસા મેલે,
જીવની વારે તે કોઇ નહી આવે;
સગારે કુટુંબ સરવે મલી કરી બેઠાં,
પણ જીવ એકલડો જાવેરે... ધન. .....૫

હોજીરે પ્રાણી આવીયો તું નાગો ને જાઇશ નાગો,
પ્રાણી તું કેટલાક નાટક નાચીયો;
ભણે પીર સદરદીન કહે સુણો ગતીયું મોમનો,
નામ સાહેબજીકો સાચો... ધન. .....૬

## ગીનાન - ૬૯

એજી જાગોરે સતપંથી વીરાભાઇ ઉઠી શ્રી અલીને આરાધો;
પ્રભાતે મુખ ધોઇને નીત કરીયો દાનજી;
એવો પંજભુ વારીને વશ કરો તો સહી અમરાપુરી પામો. ૧

એજી કલમાંહે ખોટા ખોટા ડગલડા, જેમ ભરેરે પારધી;
તે પારધી મૃગ દોરી વન જાયજી,
એ મૃગનું હઇડું છે પરવસુ;
તે અજાણસું જાય મીલ્યો,
તે મૃગ આવી પારાધીની ફાંસ માંહે બંધાણું,
તેનું માંસ તે ચોવાટે વેચાણુંજી. ૨

એજી સાતમે પઇઆરે વીરાભાઇ વસેરે વશિયરલો,
તે વશિયરલો આવી વાચા માંહે બંધાણોજી;
તેની સુરત છે પરવસુ, તેનું મોરલીએ મન મોહ્યું,
તે વશિયરલો આવી કરંડીયા માંહે ફસાણો,
તે વશિયરલો હાટો હાટ જાઇ ભીખાણોજી. ૩

એજી ઉંડા ઉંડા જલ માંહે, કાંઇ વસેરે માછલડી;
તે માછલડી આવી જાળ માંહે ફસાણી;
તેનું ઉદર છે પરવસુ, તે તો ખુધીયાસું જાઇ મોહી;
તે તો ચોવાટે ચોવાટે જઇ વેચાણીજી. ૪

એજી ઝીણી ઝીણી પાંખનો, કાંઇ ઉડેરે પતંગીયો,
તેરે પતંગીયો આવી દીપકમાં ઝંપલાણો,
તેના નયન છે પરવસુ; તેનું દીપકસું મન મોહ્યું,
તે રે પતંગીયે દીવાની જ્યોતમાં જલાણોજી. ૫

એજી ચંપા કેરે ફુલ માંહે કાંઇ વશે ભમરડો,
તે રે ભમરડો ચંપાની વાસ સુહાય;
ઉગીયો સુરજ ભમરડો માંહેજ ગીરહેયો,
તે રે ભમરડો ચંપાના ફુલ માંહે ફસાણોજી. ૬

એજી ભણે પીર સદરદીન તમે સાંભળો મુનીવરો,
એવો સાચો કરી સાહેબને શ્રેવશો તો સહી અમરાપુરી પામશોજી. ૭

જુગ દુઆપુરમેં જગન આદર્યો, તીયાં રખીએકું તેડી બોલાયા સામી.૧
રખીએં શબદ ન માનીયો, તે તો જઇ રહ્યા વનમાંહે સામી. ૨
વનમાંહે વારીયા ઝુંપડા, માથે ચારેકોરે ચમર ઢળાયા સામી. ૩
રખીયાને ત્રસનારે ઉપની, તે તો ચીંતા કરે મનમાંહે સામી. ૪
વીસનવે ઉપાઇ એક વાવડી, માથે ઉભો મવડાનો ઝાડ સામી. ૫
પાકા મવડા માંહે ટબટબે, તેનું પાણી પીધો નવ જાય સામી. ૬
રખીયાને ત્રસના ઉપની, તેણે પાણી-પીધો તીન માંહે સામી. ૭
પાણી પીધે ખુધીયા ઉપની, તે તો ચીંતા કરે મનમાંહે સામી. ૮
વીસનવે ઉપાઇ એક વાછડી, તે તો ચરતી ફરે વનમાંહે સામી. ૯
રખીયાને ખુધીયા ઉપની, તેણે મારી ખાધી શાહાની ગાય સામી.૧૦
કોટે જનોઇ હાથે લાકડી, શામી વાછડી ઢુંઢવા જાય સામી. ૧૧
તમે રખીસર દેવતા, તમે ઇયાં ક્યાંય દીઠી ગાય ? એજી. ૧૨
અમે રખીસર દેવતા, શામી શુંરે જાણું તારી ગાય. ૧૩
કોટે જનોઇ હાથે લાકડી, શામી મઢુંડી ઢુંઢવાને જાય સામી. ૧૪
પેંલા નીસરીયા હાડ પાંસરા, પછી નીસરીયા પગ ચાર સામી. ૧૫
ચરણ મુંડી સરવે નીસરી, તેની ખલડી કરે જમકાર સામી. ૧૬
તમે કહેતા અમે દેવતા, તમે કાંયરે ખાધી મોરી ગાય એજી. ૧૭
અમે ભુલા અમે બાંવરા, શામી અમને લાગી ખુધીયા સામી. ૧૮
આગે પંથ ન જાણતા, શામી ભુલડાને પાર લંગાય સામી. ૧૯
તબરે નારાયણ કોપીયા, તે રખીયાને બાંધી ચલાય સામી. ૨૦
પીર સદરદીન બોલીયા, શામી રખીયાના બંધ છોડાય સામી. ૨૧

## ગીનાન - ૭૧

જીરેભાઈરે જુઠીરે દુનિયા તમે કાંઇ ભુલો,
અને છોડો તે મનધા અંધેરાજી;
ઇસ દુનિયાસું જેણે ચીત ન લાયા,
તીસે નહી દુજા ફેરાજી...
આશ તો એક અલખની કીજે,
અને અવર તે આશા નીરાશજી;
સાચેરે મને સામીજીને શ્રેવો,
તો હોવે અમરાપુરી વાસજી... આશ તો. ૧

જીરેભાઈરે ગીરભાવાસકી વાચા સંભારો,
અને કોલ કાયમજીના પાળોજી,
સાચું સીધક મન રાખો આપણું,
ને પંજભુને તમે વારોજી... આશ તો. ૨

જીરેભાઇ રે ચેતણહારા તમે ચેતો મોરા ભાઇ.
અને કરો તે આછી કમાઇજી;
અંતકાળે તો એકલા ચાલણા,
સાથે કોઇ બાપ ન માઇજી... આશ તો. ૩

જીરેભાઇ રે હાથ ઘસે ને નીસાસા મેલે,
અને જીભતે હોયશે બંધજી;
અંતકાળ વેળા એવી ઓંજીરે જાણો;
ને કુછ ન સુજે સંધજી... આશ તો. ૪

જીરેભાઇ રે આંખલડીએ પાણી એમરે ચાલે,
જેમ નદીયે વહે નીરજી;
તીસ વેળા માંહે પ્રાણી સેંસા માંહે પડશે,
અને ન રહે મન માહે ધીરજી... આશ તો. ૫

જીરેભાઇ રે કાચીરે કાયા તુજે કામ ન આવે,
ને મીટી તે મીટી માંહે મળી જાવેજી;
ઉત્તમ કરણીએ જો તમે ચાલો,
તો ફરી ફેરો નહી આવે... આશ તો. ૬

જીરેંભાઇ રે આલ ઇમામ આરાધો મોરા ભાઇ;
તો હોવે બહોત કમાઇજી;
ઇસરે આલકું તમે સાચી કરી જાણો,
તો હોવે અનંત ભલાઇજી... આશ તો. ૭

જીરેભાઇ રે વચન હમારા તમે સાચા કરી જાણો,
અને મન માંહે શક ન આણોજી;
પીર સદરદીન કહે તમે સુણો મારા મુનીવરો,
સાચો તે સાહેબ પીછાણોજી... આશ તો. ૮

## ગીનાન - ૭૨

જેમ જેમ જુગતસું પ્રીત કરેવા-ભાઇ પ્રીત કરેવા,
તેમ તેમ રયણ વીયાણી. .....૧

હરોંહર (અલીવર) દાતાર સમર્યા નાહી-ભાઇ સમર્યા નાહિ,
તો જનમ એળે તેનું જાયજી. .....૨

કરણીના હીણા અલી ઘર ભુલા-શાહા ઘર ભુલા,
તો ગુરનરકા મેળા તેંખે નાહી. .....૩

એજી એણે સપનાંતર જે જીવ ભુલા ભાઇ જે જીવ રાચ્યા,
ભાઇ મતી તીનુંને હરાઇજી. .....૪

એજી કરો કરણી કુછ સમર લેના-કુછ સમર લેના,
તો પલત્ર હોયશે ભલાઇજી. .....૫

એજી નામ પરસાદે શાહા હાથીડું દેશે-મૌલા હાથીડું દેશે,
તો ઠામ દેશે શ્રી ઇસ્લામશાહજી......૬

એજી અમે ઉણીયાચારી અમે ગુનેગારી-શાહ અમે ગુનેગારી,
પીર સદરદીન વેનંતી સુણાયાજી.....૭

## ગીનાન - ૭૩

એજી ટાઢું ટાઢું મીઠડું બોલીએ, ગુરગત ગંગાને ભાવે,
સરવે સાચેરૂં થઇને ચાલીએ, તો સાહેબ દિલ ભાવે... વરાણી.

જેને રીદે સચો શાહા વસે, તાકું અન ન ભાવે,
જેને રીદે આપણો ગુર વસે તાકું નીંદરા ન આવે,
નીંદરા તજો વીરા ભાઇ, ગીનાન વીચારો મોરા ભાઇ. ૧

એજી દાદા મ દેજોરે લોકને, તેથી રહીશ કુંવારી;
દીઓ તો દેજો સચા સાધને, જે ઉતારે પહેલે પાર-જેને રીદે. ૨

એજી સાંકડી શેરીમાંહે મુને ગુર મલીઆ, મારે લોકસું વેવાર;
કાંટાની મીસે ગુરને નમું, હાથે કરૂંરે પરણામ-જેને રીદે. ૩

એજી વન વન અગર ન નીપજે, જલ જલ કમલ ન હોય;
પીર સદરદીન બોલીઆ, ગુરકા ભાખીયા સો જુઠડા ન હોય. જેને રીદે.૪

## ગીનાન - ૭૪

એજી તમકું સધારે સો દીન બહોતજ હુઆ રે પીયા,
મેં દેખું તુમારી વાટરે;
સાહેબ મેરે, દયાવંત મેરે, મહેરબાન મેરે;
યા શાહ તુ જ બીના સો દીન જાવેગેં કઇસા પીયાજી. ૧

એજી વાચા દઇને શાહા મોરો ગામ સધાર્યા પીયા,
સો દીધી વાચા પ્રીતે પાળોરે-મહેરબાન. ૨

એજી એસા મેં જાનતી તો ચલણે ન દેતી પીયા,
મૈ ભી ચલતી તુમારી સાથરે-મહેરબાન. ૩

એજી જીસકારે માઇ બાપ ગામ સધાર્યા પીયા,
ઉસકા ફરજંદ કયું કર રહેવેરે-મહેરબાન. ૪

એજી ઉસકારે ફરજંદ ઇયું પુકારે રે પીયા,
જ્યું થાન વીછુટા વાછરૂરે-મહેરબાન. ૫

એજી જલ વીછુટી જેમ માછલી રે પીયા,
સો જીવેગી કેટલીક વારરે- મહેરબાન. ૬

એજી પાનીકી ભીરમંડલ ફુલોકી છાયારે પીયા,
સો વરણા વરણ પીંડ નીપાયારે-મહેરબાન. ૭

એજી હઇડેકે ભીતર અગન જલતી રે પીયા,
સો તુંહી બુજાવણહારરે-મહેરબાન. ૮

એજી દુઃખ ને સુખ દોય હઝરતે લીખીયારે પીયા,
સો દોષ કીસીકું ન દીજેરે-મહેરબાન. ૯

એજી ચરણ ભેટાડો યા શાહ નજર મીલાવો પીયા,
હઇડા માંહે મહેરજ આણોરે- મહેરબાન.૧૦

એજી એસો ગીનાન પીર ભણાવે સદરદીન,
સામી રાજો જંપુદીપ માંહે આવેગો નીરવાણરે-મહેરબાન.૧૧

## ગીનાન - ૭૫ (સવારનું ચોઘડિયું)

તારીએ તું તારણહાર ખુદાવંદ,
અવર ન તારે દુજા કોઇ; અલી તુંહી તુંહી તુંહી,
ખણમે કીના રવીરસ ભાણા;
ધંધુકાર ન હોય. અલી તુંહી તુંહી તુંહી. ૧

એજી માઇ કીસીકી ને બાપ કીસીકા,
જીવડે સંગ ન કોઇ; અલી તુંહી તુંહી તુંહી. ૨

એજી ધીઅ કીસીકી ને પુત્ર કીસીકા,
માયા મોક્ષ ન હોય. અલી તુંહી તુંહી તુંહી. ૩

એજી સચેજો સમરથ આગો સામી,
હથે દીનું ફલ સોહી. અલી તુંહી તુંહી તુંહી. ૪

એજી દુલ દુલ ઘોડે સચો સામી રાજો ચડસે,
પાગડે રતન જડાએ. અલી તુંહી તુંહી તુંહી. ૫

એજી ભણે પીર સદરદીન સાહેબ તેરે શરણે,
મઉલા વીના મોક્ષ ન હોય. અલી તુંહી તુંહી તુંહી. ૬

## ગીનાન - ૭૬

એજી તીલભાર તુલણા ખનેકી ધાર ચલણા,

યા શાહ તીલ તીલકા લેખા દીણાં મેરે જીવકું...

તો મેં કીયા કરૂં જીવ આપણા.

આપ સવારથ ભાઇ રાતકા સપના;

પીંડ સવારથ ભાઇ રઇયણકા સપના... તો મે. ૧

એજી આગલ હાટ ન પાટ ન વોરા,

તીયાં સતકા સમર સાથે લીઅણા... તો મેં. ૨

એજી તીયાં સો સો કરણી સુરજ તપશે,

તીયાં કીયાં છીપના કીયાં ઢુંઢણા મેરે જીવકુ... તો મેં. ૩

એજી એસો ગીનાન પીર ભણાવે સદરદીન,

યા શાહ ફજલ કરો તો જીવ છુટણા મેરે જીવકું... તો મેં. ૪

## ગીનાન - ૭૭ (સવારનું ચોઘડીયું)

એજી તુંહી ગુર તુંહી નર તુંહી અભી આશા,
શ્રેવા તમારી હમ કીજે હો મૌલાજી. ...૧

એજી તુજ વીના હમકું નિંદ ન આવે,
ન ભાવે અન ન પાણી હો મૌલાજી. ...૨

એજી એક અંધારીને-એક દીદારી,
એકને મારગ ન સુજે હો મૌલાજી. ...૩

એજી એક ફીકર મુનીવર તમારી છે અમને,
માણસ રૂપે સાહેબ જાણો હો ભાઇજી. ...૪

એજી અષ્ટ કરોડ બ્રહ્મા તેં આગે ઉપાયા,
તેણે તારો અંત ન જાણ્યો હો મૌલાજી. ...૫

એજી આદ ઉણાદ તારી ઉતપુત રચના,
સો કેણે તારો મરમ ન જાણ્યો હો મૌલાજી. ...૬

એજી કલપ ધંધુકારે રચણી રચાઇ,
તીસ દીન તું એક ઇલાહી હો મૌલાજી. ...૭

એજી પુરખ પાછમેથી સામી રાજો આવશે,
વાજસે તંબલ નગારા હો મૌલાજી. ...૮

એજી પીર સદરદીનકું જીકર ઇલાહી,
શાહાની શરણાગત ભલે પાઇ હો સામીજી. ...૯

## ગીનાન - ૭૮

એજી દિલના દગા બંદે કરનાં હો દુર,
એ ગુનાહ બક્ષે સુબહાના જીરે......૧

એજી પીંડને કારણ કાંય જીવડ઼ાને હારો,
સામી રાજો લેખાં લેશે જીરે......૨

એજી ગુનો તમારો દુશ્મન થાશે,
અવર રંગ લઇને ઉઠશે જીરે......૩

એજી જંત્ર ઝાલી જીવડો સાણસીયે તોડાવશે,
તારે જીવડો કરશે પુકાર જીરે......૪

એજી નહીં ત્યાં માતા ને નહીં ત્યાં પિતા,
નહીં ત્યાં બેન ન ભાઇ જીરે......૫

એજી આત્મા જોઉં તો કાંઇ ન દીશે,
સામી રાજો લેખાં લેશે જીરે......૬

એજી ગીનાન મહારસ ભણે પીર સદરદીન,
નકલંકી આગલ હોયશે જીરે......૭

## ગીનાન - ૭૯ (સવારનું ચોઘડીયું)

દીવડા બતી માંહે જીઉં તેલ સમાણા ૧
વાંકો રૂપ તમે કાએ લીઓ કાંણા. ૨
અશટ પખારી અલી તીસ માંહે સમાણા. ૩
એ મન અપરમ પરસું વીધાણા. ૪
દહીં દુધ માંહે જીઉં ગીરથ સમાણા. ૫
એ મન અપરમ પર જીઉં લપટાણા. ૬
ફુલ સુગંધ માંહે સુગંધજ સોહી. ૭
ગીનાન સહીત બુજે વીરલા કોઈ. ૮
સમજ જીવ આદે શાહા કીઆ. ૯
કબુક નામ લે તો હએ તુજમે પીઆ. ૧૦
અકલ ખેલ પીઆકા કહીએ ધારા. ૧૧
રાહો રંક એક મારગ લાયા. ૧૨
અકલ ખેલ ખેલો મેરે ભાઈ, તો લોણો. ૧૩
પહેલી આસ જીવકી છોડો. ૧૪
જીસકું વેદના પીયાસું લાઈ. ૧૫
સો પીયા બીના કીઉં જીવે ભાઈ. ૧૬
એતો મંએ દો કેમ કરી રાખું. ૧૭
એજી સોહી મેં આપ સમાણી. ૧૮
ભણે પીર સદરદીન મેં શાહકી બાની. ૧૯

## ગીનાન - ૮૦

(કાચી કાયા મીટકીનો રાગ)

એજી દુનિયા ચલત્ર દેખકે, બંદે મત તું જાયરે ભુલાય;
સપનાંતરનું પેખણું, બંદા તેસા આરે સંસાર...
મોમન ભાઇ કર લીયો ખુદાસે પ્યાર, આશા શ્રેવો તે સીરજણહાર;
મોમન ભાઇ કર લીયો ખુદાસે પ્યાર. ૧

એજી કાચી કાયા જુઠી માયા, બંદા નહી ચાલે તેરે સાથ,
અંતકાળે જઇશ એકલો, બંદા જઇશ ઠાલે હાથ...
મોમન ભાઇ. ૨

એજી પુતર ધીયર ભાઇ બંધવા, બંદા નહી ચાલે તેરે સંગાત,
સમરી લીયો સચે સાંહીકું, તો હોયશે અમરાપુરી વાસ...
મોમન ભાઇ. ૩

એજી મદ અહુંકાર ન કીજીયે, બંદા વીચારો આપણે મન;
વજર ભીંતે અમને રોકીયા, બંદા છ માસ છ દીન...
મોમન ભાઇ. ૪

એજી મહેરબાન હુઆ શાહ આપણા, બંદા ભીંત હુઇરે ખલાસ;
ઉનકું સમરો સચે સીદકસું, બંદા જાં લગી ઘટ માંહે સાસ...
મોમન ભાઇ. ૫

એજી પીર સદરદીન બોલીયા, બંદા કીજે સાહેબજીકી આશ;
ઉનકું સમરો સાચે સીધકસું, બંદા જંપો સાસ ઉસાસ...
મોમન ભાઇ. ૬

## ગીનાન - ૮૧

એજી દુનીયા સીરજીને શાહા મોરે અન્ન ઉપાયાજી,
પવન પાણી પયદા કીધાજી. .....૧

એજી કહોરે જીવ તમે કીસ કારણ આયાજી,
ન કીધી સાહેબજીની શ્રેવાજી. .....૨

એજી દુનીયાનો લોભ જીવડો કરવાને લાગોજી,
દુનીયાને લોભે ભરમે ભુલોજી. .....૩

એજી ભુલો તે માથાનો ભેજો કાને નીસરશેજી,
તીલ તીલના લેખા સાહેબ લેશેજી. .....૪

એજી સોહોસોહો કરણીએ તીયાં સુરજ તપસેજી.
માઈ ન કહેવે પુત્ર મેરાજી. .....૫

એજી જુમલોજી પુછે આપણા જીવુંના પીરને,
અમરાપુરીના ઘર છે કેવાજી. .....૬

એજી સોનાની ઈંટડી ને રૂપાના થંભજી.
સાવ કસ્તુરી કેરા ગારાજી. .....૭

એજી એવા એવા મોહોલ આપણે સાહેબે ઉપાયાજી,
કરણી કમાવો તો એ ઘર પામોજી. .....૮

એજી ભણે પીર સદરદીન સુણો ગતીઉં મોમનો,
કરણી કમાવો તો એવા ફલ પામોજી. .....૯

## ગીનાન - ૮૨

એજી ધન ધન આજનો દાડલોરે, અમે અલીવર પાયાજી,

ચાર જુગના કસમલ પાપજ ટાળીયાજી...

હેતનો મેળાવડો આપણાં સતગુરસું કીજેજી,

મનનો મેલાવડો આપણા બાર ગુરસું કીજેજી;

ધુતારો સંસાર પરલે છોડી મુકીજે,

ઠગારો સંસાર શાહને નામે તરીજીયે;

એણે સંસારે ભલા સુકરમ કામ કીજે. ૧

એજી આલમોત ગઢ પાટણ દેલમ દેશજી,

ત્યાં અવતરીયા શાહ માનખા વેશજી... હેતનો. ૨

એજી ઉંચા ઉંચા પરબત વસમી છે ઘાટજી,

ત્યાં ચડી જોઉં નુર સતગુરની. વાટજી.. હેતનો.૩

એજી ઉંચા ઉંચા તરોવર પાન વીના હીણાંજી,

તેમ ભૂલા ભમે માનખા જીવડા ગુર ગીનાનના હીણાંજી... હેતનો ૪

એજી ચોવટડે ચોવટડે આપણો સામી રાજો આવેજી,

આવી કરી જુમલાજીમાં મળી કરી બેઠાજી... હેતનો. ૫

એજી શામલી બજારે આપણો સામી રાજો દીઠાજી,

સોનાને સીંગાસણે આપણો સામી રાજો બેઠાજી.. હેતનો.૬

એજી આલે કાંશે નીલે વાંશે ચોરી ચીત્રાવોજી,
ચોરી ચીત્રાવી શાહના લગન લખાવોજી,
લગન લખાવી શાહના થાળ ભરાવોજી,
થાળ ભરાવી શાહને મોતીડે વધાવોજી;
પરણે આપણો પરથમી રાજો વિશ્વ કુંવારીજી... હેતનો.૭

એજી ભણે પીર સદરદીન અમે વણજારાજી,
જોઇ જોઇ વહોરો વીરા વણજ હમારાજી;
પશુ જીવડા કીયા જાણે વણજ હમારાજી... હેતનો.૮

## ગીનાન - ૮૩

હો જીરે ભાઈરે ધીરો ધીરો મોમનો તમે થરજ રેજો,
જો થર રહેશો તો આગળ અમરાપુરી પામશો. ૧

હો જીરે ભાઈરે માન સરોવરમાં મોતી રતન છે અપાર,
તે માંહે હંસલા મોતી ચુણે. ૨

હો જીરે ભાઈરે આહાર પરનારીસું મન રાખો ઉપવાસ,
તો તમે શાહાજીનો વાસો જઇ વસો. ૩

હો જીરે ભાઈરે સોનાનો કંચોલો તેનું અજબ છે રૂપ,
તે તો હોજે કઉસર શાહાજીના અમી ભરીયા. ૪

હો જીરે ભાઈરે ભણે પીર સદરદીન ભાઇ એતો સર્વે સાચું,
પુરવના લીખીયા હોય તો વીરાભાઇ અમી પીયો. ૫

## ગીનાન - ૮૪

એજી ધંધુકારની સાંખ ભણીજે,
અમે ને તમે કીયાં હોતા .....એજી. ..૧

એજી ચારે ચારે જુગના જીવડા તમારા,
સો કીયે કીયે થાન વસંતા .....એજી. ..૨

એજી જે પીંડ ભાગા ધરમ સીર લાગા,
જીવડો છુટે મારગ પામે .....એજી. ..૩

એજી કાશીયે જઇ તમે ગંગા માંહે નાઓ,
તો પાણીકી જાત્રા કયસી .....એજી. ..૪

એજી પાણીમાં નાતાં જો મોક્ષ હોવે,
તો માછલડી મોક્ષ પામે .....એજી. ..૫

એજી ગંગાકી મછલી સો ગંગા માંહે રહેવે,
આખર હોવે ગંધેરી .....એજી. ..૬

એજી બ્રાહ્મણ જોગી સેવડા સન્યાસી,
એ ચારે કલમાં ઉથાપ્યા .....એજી. ..૭

એજી એ ચારને વાયકે જે જીવ ચાલે,
સો નીશ્ર્ચે દોઝકે જાવે .....એજી. ..૮

એજી આલ ઈમામકી ખબર ન જાણે,
સો મુરખ હાથ ઘસંતા .....એજી. ..૯

એજી આલ ઈમામ આરાધો મોરાભાઇ,
તો મન વાચા ફલ પામો ....એજી. ૧૦

એજી પાપ પુરવના તમારા ઢળી ઢળી પડશે,
સાતમે સરગે વધાઇ ....એજી. ૧૧

એજી ભણે પીર સદરદીન સતગુર સાહેબ,
આવે તો પ્રણામ કીજે ....એજી. ૧૨

## ગીનાન - ૮૫

નુર વેળા નુર પીયો કરીયો મન આનંદજી,
પોપ વેળા રાખો શાહાપીરશું સંબંધજી...
જાગો જાગો ભાઇડા રયણ વીયાણીયાજી,
તમે ચેતો મોમન ભાઇડા રયણ વીયાણીયાજી.૧

એજી ઉત્તમ હોઇ નાહી ધોઇ, આપણા અલખને આરાધો;
ખોટારે નાણાં તમે દુર ચુકાવો... જાગો. ૨

એજી ઉત્તમ અભીયાગત અલખને, આરાધો મોરા ભાઇજી;
ઓર સરવે બુત કેરા વાસા ભાઇજી... જાગો.૩

એજી ખટ ઘડી પાછલી રહેણી રહે, તારે તમે જાગો મોમન ભાઇજી.
જાગી જાગી આપણા અલખને આરાધો...જાગો.૪

એજી ભણે પીર સદરદીન, હી જુગ પાછલી રહેણી;
સતકેરી વાટ કેણે વીરલે જાણી... જાગો. ૫

## ગીનાન - ૮૬

એજી નીંદ્રાને વારો પ્રાણી તમે જાગો કાંય સુતા,
જાગી જંપો તો અલી નીત અનંતે જઇ પહોંચો;૧

એજી અર્ધો જનમારો પ્રાણી તારો નીંદ્રા માંહે જાય છે,
વણરે શ્રેવાએ જીવ તારો ખણ ખણ ખુટે. ૨

એજી વીખના વીરોધ્યા પ્રાણી તું દીનથી ચુકો,
ઘડીયે ઘટે દીન જાતા વાર ન લાગે. ૩

એજી ભણે પીર સદરદીન પ્રાણી તમે ચેતીને ચાલો;
તો વાસો વઇકુંઠ દીદાર સાહેબજીનો માલો. ૪

## ગીનાન - ૮૭

હો જીરે ભાઈરે પડે ને બુજે તેને શું શું કહીએ,
સેવા વીના ફલ કેમ કરી પામીએ. ..૧

હો જીરે ભાઈરે મુગત મારગનો પંથ દોયલો હોજી,
આપણે કેમ કરી અમરાપુરી પામીએ;
વીરાભાઇ કેમ પામીએ. ..૨

હો જીરે ભાઈરે શાહપીરની સેવા કાંઇ કરતા હોજી;
એમ કરી અમરાપુરી પામીએ. ..૩

હો જીરે ભાઈરે આંખલડી માંહે દીજે મૌલાઅલીને બેસણા હોજી,
શાહાજીસું પ્યાર ઘણેરો કીજીએ. ..૪

હો જીરે ભાઈરે માણક મોતીની કાંઇ કંઠલડી હોજી,
તે વીચ હીરા રતન જડાવીએ. ..૫

હો જીરે ભાઈરે થોડાને કારણે બહોત ન છોડીએ હોજી,
રૂડા રીખીસર શાહજીસું નેહ ન તોડીએ. ..૬

હો જીરે ભાઈરે દુઃખ સુખ કાયા પીંઢીને આવણા હોજી,
વીરાભાઇ જાવણા હોજી;
પણ રદેહ થકી સત ધરમ ન છોડીયે. ..૭

હો જીરે ભાઈરે ભણે પીર સદરદીન તમે સુણો મોમન વીરા,
દીધા કોલ ગીરભાવાસના તે સહી પાળીએ. ..૮

## ગીનાન - ૮૮

એજી પરતક વિલોડી એ ફાંસ માંડી,
ત્યાં પંખીડા બેસવાને જાયરે;
એક પોતાને સેંસો પડયો,
બીજાને ભારે ટીંગાયરે...
મુગતા તો ફલ તારે લઇએ,
જ્યારે ગુર કીજે નીરવાણરે;
દેહીના પાંજર તો ટળે,
જો શાહપીરની માનો આણરે;
ભરમ તો ભાંગે ફેરા તો ટળે,
જો જઇ પુછો સતગુરનું ગીનાન. ૧

એજી એક વાંઝ સુતીને સપનું લાધું,
સપનામાં પ્રસવીયો બાળરે;
તેને જાતક જોતક અતી ઘણા,
નાટક જોગણીયું ગુણ ગાયરે;
તેને કંકુ કેરા છાપા દેવરાવે,
માલણ લાવે હારરે;
એટલે સપનુંતર વહી ગયો,
કેનું રમાડીયો બાળરે - મુગતા. ૨

એજી એક રાંક સુતો ને સપનું લાધું,
જાણે સપનામાં પામીયો રાજરે;
હસ્તી ઘોડા અતી ઘણા,
પાલખી પોતાને કાજરે;
તેને ચારે કોરે ચમર ઢળાવે,
પ્રાણી પોતે કરે તે થાયરે;
એટલે સપનુંતર વહી ગયો,
સેંસો પડીયો મન માંહેરે - મુગતા. ૩

એજી એક ધોરીને કાંધે ધોંસરૂં,
જાણે જાવું તે કોઇક ગામરે;
તેના પાટા છુટા દ્રષ્ટિના,
જાં જુએ તાં ઠામોઇ ઠામરે - મુગતા. ૪

એજી એક વન કેરો મૃગલો,
તરસ્યો ન પામે નીરરે;
તેને આંખે આવે ઝાંજવા,
સામા તે વરશે નીરરે - મુગતા. ૫

એજી મનછા સરોવર માક મોટી;
જાણે તે આવે પુરરે;
અણવાણે પગે દાઝણાં,
માથે તે આવ્યો સુરરે - મુગતા. ૬

એજી ભગવા તે પહેરે શું થાય,
જેના મન માંહે મોટી હોંસરે,
જાણે તે મીંદર મહાલશું,
પેસવા લાગો ઉંટરે - મુગતા. ૭

એજી પાંચના પચવીસ લક્ષણ, શેસ્ત્ર રૂપ પચાસરે;
સતગુર સદરદીન એમ ભણે, મારા સામી શું રાખો હેતરે...
મુગતા તો ફલ ત્યારે લઇએ, જ્યારે ગુર કીજે નીરવાંણરે;
દેહીના પાંજર તો ટળે જો સતગુરની માનો આણરે,
ભરમ તો ભાંગે ફેરા તો ટળે,
જો જઇ પુછો સતગુરજીનું ગીનાન. ૮

## ગીનાન - ૮૯

એજી પહેલા કરતા જુગમાંહે સોનાનારે ઘટ શાહના સોનાનારે પાટ,
સોનાને સીંઘાસણે બેઠા શ્રી નરશંગજી રાય;
ગુર ભીરમાજીની આરતી ને ચમર ઢળાય,
કેસર ને કંકુના શાહને છાંટણા છંટાય. ૧

એજી બીજે તેત્રા જુગમાંહે રૂપાનારે ઘટ શાહના રૂપાનારે પાટ,
રૂપાને સીંઘાસણે બેઠા શ્રી રામચંદ્રજી રાય;
ગુર વીજેષ્ઠણની આરતી ને ચમર ઢળાય,
કેસર ને કંકુના શાહને છાંટણા છંટાય. ૨

એજી ત્રીજે દુઆપુર જુગમાંહે ત્રાંબાનારે ઘટ શાંહના ત્રાંબાનારે પાટ,
ત્રાંબાને સીંઘાસણે બેઠા શ્રી કરશનજી રાય;
ગુર વીદુરવ્યાસની આરતી ને ચમર ઢળાય,
કેસરને કંકુના શાહને છાંટણા છંટાય. ૩

આજ કલંજુગમાંહે માટીનારે ઘટ શાહના માટીનારે પાટ,
માટીને સીંઘાસણે બેઠા શ્રી નકલંકી રાય;
ગુર નબી મહમદની આરતીને ચમર ઢળાય,
કેસરને કંકુના શાહને છાંટણા છંટાય.
પીર સદરદીનની આરતી, ને ચમર ઢળાય.
કેસરને કંકુના શાહને છાંટણા છંટાય. ૪

# ગીનાન - ૯૦ (સવારનું ચોઘડીયું)

પહેલું પહેલું નામજી એ ખુદાજીકો લીજે. ૧
લોભ સવારથે ભાઈતાં વેર ન કીજે. ૨
એણે એણે લોભીઅડે વીરા ગાફલ ભુલા. ૩
ધરમ ન લાધોજી એ વીરા કાંએ ભુલો. ૪
પુરા સુરા મોમના હેજે માણક તોલ. ૫
માણેકસે જીની માણક વણજન. ૬
સે વણજારાજી ગુરનરકે સીભાણા. ૭.
આવે આગો મહેંદી શાહા એ વજેંગો ઢોલ. ૮
ઢોલ ને ધધામાજી શાહાજા જુલન નીશાન. ૯
રોવે રોવે હીંદુઅડા દુજા મુસલમાન. ૧૦
રોવે બામણ જોસીઅડા વાંચી પુસ્તક પુસ્તક. ૧૧
રોવે મુલા કાજીઅડા હેજે પડન કુરાન. ૧૨
રોવે જીંદા જોગીઅડા બેઠા મંઢીએ મસાણ. ૧૩
રોવે કુડા સુની સગ સચે શાહા ન સીભાણા. ૧૪
એણે એણે છોતીઅડે પીરકે મુખ ન જાણેઓ. ૧૫
રોવે રોવે સંસારી એ સઘલા રોવે. ૧૬
એક ન રોવેજી જેને સતગુર ભેટીઆ. ૧૭
નર અલી ગોઠડીઆ એવા સતકા લીઅણાં. ૧૮
સતગુર બોલેઆજી પીર સાહેબદીન. ૧૯
બાર ગુર બોલેઆજી પીર સાહેબદીન. ૨૦

## ગીનાન - ૯૧

એજી પાછમથી શાહાના દળ આવશે,
અને જંપુદીપ મીંજારીયાજી. .....૧

એજી વીરચા તે શહેરમાં અવતરીયા,
મારા રીખીસરના દાતારીયાજી. .....૨

એજી ઊંચી ચડુંરે ઊંચી ચડું,
જોઉં મારા સતગુરની વાટડીયાજી. .....૩

એજી કોણ આવીયાને કોણ આવશે,
અને કોણ તે આવણ હારીયાજી. .....૪

એજી પીર સદરદીન આવીયા;
અને પીર કબીરદીન આવશે;
પીર ઈમામદીન આવણહારીયાજી. .....૫

એજી કોણ ઘોડે અને કોણ હાથીયે,
અને કોણ તે તુરીંગ તોખારીયાજી. .....૬

એજી પીર સદરદીન ઘોડે, પીર કબીરદીન હાથીએ;
પીર ઈમામદીન તુરીંગ તોખારીયાજી. .....૭

એજી મારો સામી રાજો બેઠા પાલખીયે,
ઉપર ચઉદીસ ચમર ઢળાયાજી. .....૮

એજી ડુંગર ઉપર દેરડી,
તીયાં વસે છે કનક સોનારીયાજી. .....૯

એજી સોની ઘડે શાહાની મુંદરી,
અને માતાજીનો નવલખો હારીયાજી. ..૧૦

એજી પીર સદરદીન બોલીયા,
મારા મોમનભાઈ રહેજો હુશીયારીયાજી. ..૧૧

## ગીનાન - ૯૨ (ઘટપાટનું બેઠું ગીનાન)

જીરેવાલા પાટ મંડાવીને ચોક પુરાવો,
    હરખેસું કલસ થપાવોરે વાલા;
ચારે સોહાગણ નઈડે તેડાવો,
    વધાવો તે કાયમ સામીરે વાલા-વરાણી.
આજ મીંદર રળીઆમણાં દીસે,
    રૂડા સાધ આવીયા રૂડા સંત આવીઆ;
    આપણે ઘેર સાહેબજી પધારીયા મીંદરે. ૧

જીરેવાલા દીસતણારે રૂડેરા દીસે,
    અને બોલતણાં મુખ મીઠારે વાલા;
પવિત્ર થયા ઘર આંગણ મારા,
    જ્યારે સતગુર નયણેસું દીઠારે-વાલા આજ. ૨

જીરેવાલા કોઈ કહે છે ચોખ્ખા કોઈ કહે છે મેલા,
    કોઈ કહે છે ઓલા કેવારે વાલા;
જોત જગાડીને જુમલોજી બેઠા,
    હું જાઉં બલીહારી તેનીરે વાલા-આજ મીંદર. ૩

જીરેવાલા સરવણે સુણીયા તે મેં નયણેસું દીઠા,
    હું તો ભવો ભવ દાસી તમારી રે વાલા;
દોએલડા સરવે દૂર કરો.
  આશા વેનતી કરીને પાય લાગુંરે વાલા-આજ મીંદર. ૪

જીરેવાલા શાહપીર સાથે ગોઠડી કીજે,
    તત્વ અક્ષર સુધ લીજેરે વાલા;
જેણે થકી ભવસાગર તરીએ,
    સેવા સાહેબજીની કીજેરે વાલા-આજ મીંદર. ૫

જીરેવાલા એ ગીનાન મહારસ ભણે પીર સદરદીન,
    મોમન મારા અમીરસ પીવાને આવોરે વાલા;
હાજર જોમાને પાય પડીજે,
    વધાવો તે કાયમ શામીરે વાલા-આજ મીંદર. ૬

## ગીનાન - ૯૩ (સવારનું ચોઘડીયું)

પીંઢત તેજે એ કીસી ઘર ન જાતા. ૧
સરવે અંતર એ અનહદ માતા. ૨
જો જીન ભાવેજી તમે સોહી પરમાણો. ૩
ગંગાકા જલ તમે કાંય વખાણો. ૪
ગંગા જમનાજી એ ઉલટ વંહી જાવે. ૫
વણજણ સંગ માંહે વણજી મન નાવો. ૬
મન કરો વસજી દ્રઢ રાખો વીસવાસ. ૭
એસો ગીનાનજી એ કંથી મન વારો. ૮
મન પવન વીચ સુખમણા નાડી. ૯
સોહી કરતવ કરીએજી જીયું ઓર ન કરણાં. ૧૦
સોહી ગુર કરીએજી જો ઓર ન કરણાં. ૧૧
સોહી જાપ જંપીએજી જીયું ઓર ન જપણાં. ૧૨
મરણા એસા મરીએજી જીયું ઓર ન મરણાં. ૧૩
સુધા હોકર મરીએજી ફીરી બહોડ ન મરણાં. ૧૪
એ અલી બોલોજી એ અલીકે જન. ૧૫
અલીકે ચરણેજી ચીંત લાવો મન. ૧૬
જેણે થકીજી ભવસાગર તરીએ. ૧૭
તાકું જપંતાજી આલસ નવ કરીએ. ૧૮
ભણે પીર સદરદીન હમ બંદા તેરા. ૧૯
શરણાગત રાખોજી એ સાહેબ હમેરા. ૨૦

## ગીનાન - ૯૪

એ વીરાભાઈ પીર પુછી તમે પંથ કમાવો,
તો કાજ તમારા સરશેજી. ૧
એ વીરાભાઈ માત પિતા અમરાપુરી પહોંચે,
ભાઈ તરશે એકોતેર પુરીયાજી. ૨
એ વીરાભાઈ જીકર તણા વીરા જે જીવ લોભી,
તે શાહની બેડીયે ચડશે સોહેલાજી. ૩
એ વીરાભાઈ આપ મતીલા જે મનના હઠીલા,
ભાઈ તે તોરણેથી પાછા વળશેજી. ૪
એ વીરાભાઈ મોહોના મીઠા જે દીલનારે ખોટા,
ભાઈ તે વાણે ચડીને વીગુતાજી. ૫
એ વીરાભાઈ મોમન મોમન યારા સબ કોઈ કહાવે,
ભાઈ મોમન તે કોઈ કોઈ હોયશેજી. ૬
એ વીરાભાઈ મોમન તે જે સહેજેરે સીયાણા,
ભાઈ જ્યું ચંદન પથર ગાશેજી. ૭
એ વીરાભાઈ મોમન તે જે આપણો આપજ વારે,
ભાઈ કે સાથે વાદ ન કરેજી. ૮
એ વીરાભાઈ એક મોમન કમાઈ જ કરશે,
એક તે મુળગા માંહે ખોયશેજી. ૯
એ વીરાભાઈ ચંદ્ર થાવર જે શાહા પીરને ન માને,
ભાઈ તે જીવ કેવા ફલ લેશેજી. ૧૦
એ વીરાભાઈ ખારા મીઠાની તમે ખબર જ જાણો,
ભાઈ તો વખત વેળા કેમ ચુકોજી. ૧૧
એ વીરાભાઈ ભણે સુણે પીરના કલ્યા ન માને,
તે જીવ મહાદન માંહે રોયશેજી. ૧૨
એ વીરાભાઈ મહાદનકા રોયા કુછ કામ ન આવે,
ભાઈ તે પીર કહે પુકારીજી. ૧૩
એ વીરાભાઈ પડદે બેઠા શાહ સહુને પીછાણે,
ભાઈરે ન જાણે તેથી અલગાજી. ૧૪
એ વીરાભાઈ અલખ ખુદાવંદ તમે હાજર દેખો,
ભાઈ તો પીરકી દામન પકડોજી. ૧૫
એ વીરાભાઈ એસો ગીનાન પીર ભણાવે સદરદીન,
ભાઈ ફલ સચા યારા મોમન લેશેજી. ૧૬

## ગીનાન - ૯૫

એજી બીંદ્રારે વનમાં સુખ ચરેરે ગાવંત્રી,
ચરંતે ચરંતે સીંહલે વશ પડયા. ૧

એજી રહો રહો સીંહલા તુમ મત નાખો હાથ,
હું તો વાછડે કેરી ચુસણીજી. ૨

ખમો ખમો સીંહલા તમે ધામ કરી બેશો,
વચન આલીને ગવરી ચાલીયા. ૩

પહેલે હીંચોલે ગવરી સીમ શેઢે આવી,
બીજે હીંચોલે ગવરી વાડીયે. ૪

ત્રીજે હીંચોલે ગવરી જાપલે આવી,
ચોથે હીંચોલે ગવરી કોઢમાં. ૫

ઉઠો ઉઠો વછડા તુમ દુધ મેરા પીયો,
મેં વાચાકી બાંધી આઇ. ૬

વાચાકી બાંધી માતા દુધ નાહી પીયું,
મેં ચલું તુમારે સાથ. ૭

અાગે આગે વછડા ને પીછે ગાવંત્રી,

ભાઇ સીંહલે ઘેર સધારીયા. ૮

એકકુ બુલાયા તો દો ચલકર આયા,

ભાઇ સીંહલે ઘેર વધામણા. ૯

ઉઠો ઉઠો સીંહલાજી માંસ મેરા ભરખો,

પીછે ભરખો મોરી માઇ. ૧૦

એટલીરે સુધ બુધ કોણે તમને દીધી,

કેણે તે તમને બોધીયા. ૧૧

એટલીરે સુધ બુધ ચંદે સુરજે દીધી,

પીર સદરદીને બોધીયા. ૧૨

એજી જાઓ જાઓ ગાવંત્રી તુમ મેરી બહેના,

વછડા મેરારે ભાણેજડા. ૧૩

જાઓ જાઓ ગાવંત્રી ડુંગરને કોરે મોરે,

ખડરે ખાઓ પાણી મોકળા. ૧૪

ભણે પીર સદરદીન તુમ સુણો મોમન ભાઇ,

આપણો સતપંથ સુધો કરી જાણો. ૧૫

## ગીનાન - ૯૬

એજી લાવો લાવો ઘાસ બંધાવો ત્રાટી,
ભાઇ રે ઉડ ગયા હંસા ને પડ રહી માટી...

દેહીરે ગંધી કાયા ગીરભ ન કરણાં,
થોડા સો જીવણાં આખર વોહી મરણા.

એજી માટી ચુણી ચુણી મહોલ બનાયા,
સોહીરે મહોલ કુછ કામ ન આયા. દેહીરે... ૧

એજી લંકા જેસા કોટ સમુદ્ર જેસી ખાઇ,
ઉસરે રાવણકી ખબર ન પાઇ. દેહીરે... ૨

એજી એક લાખ પુત્ર સવા લાખ નાતી,
ઉસરે રાવણ ઘર દીવડો ના બાતી. દેહીરે... ૩

એજી ભણે પીર સદરદીન સુનો મેરે લોહી,
અલી નબી વીના દુજા ન કોઇ. દેહીરે... ૪

## ગીનાન - ૯૭

સખી મહા પદ કેરી વાત, કોઈક જાણેરે;
જેને સતગુર મલીયા સાર, સોહી પીછાણેરે. ૧

સખી નાભ કમળ ઘટમાંહે કે સોહંગ ઉઠેરે,
ત્યાં જાપ જપે છે હંસ, તાર ન ત્રુટેરે. ૨

સખી ઈંગલા પીંગલા સાર, સુખમના નાડીરે;
ત્યાં ચંદ્ર સુરજ મળી બે, કે મનછા મારીરે. ૩

સખી ત્રવેણી ઘટમાંહે, કે અખંડ જ્યોતીરે;
ત્યાં ઝગમગ ઝગમગ થાય, કે વરસે છે મોતીરે. ૪

સખી વંક નાડ મુકામ, સાચો કહીએરે;
ત્યાં નીરત સુરત મળી બે, કે પરચો લઈયેરે. ૫

સખી એટલા સરવે નીશાન, મેલ્યા નીચારે;
ભાઈ તેથી ઉંચોરે દેશ, કે ચડવા ઉંચારે. ૬

સખી પાંચ કોષ પર ગામ, કે નીશાન ધારીરે;
ત્યાં ધરી સુરતનું ધ્યાન, શ્વાસો મારીરે. ૭

સખી સઘળાં રોમે રોમ, લાગા જપવારે;
તારે સઘળાં ઘટના ચોર, લાગા છુપવારે. ૮

સખી પીંડ તણી ખબર, સઘળી વીસરીરે;
જ્યારે સુરતી ચડી ભરમંડ, ફુટી નીસરીરે. ૯

સખી અરસ કુરસના કોટ, જોયા નીરખીરે;
એવા સપ્ત દ્વીપ નવ ખંડ જોયા પરખીરે. ૧૦

સખી વેદ કીતાબ માંહે, કે એ ગમ નાહીરે;
ત્યાં નહી દિવસ નહી રાત, કે ધુપ ન છાંઈરે. ૧૧

સખી કેવા સરીખો નથી, કે મારો સામીરે;
એતો જોયા સરીખો છે, અલખ અનામીરે. ૧૨

સખી અલખ અનામી સાહેબ, લાગા મીઠારે;
ભણે પીર સદરદીન શામ, મેં નજરે દીઠારે. ૧૩

# ગીનાન - ૯૮

સખી મારી આતમાના ઓધાર; કે અલગા મ જાજોરે;
એવો સરૂપ મીંદરીયો સાર, ત્યાં તમે બીરાજોરે. ૧

સખી સેજ અનોપમ સાર, પલંગ પર વારીરે;
હું તો પ્રેમે પીયાજીને પાસ, દુખડાં વીસારીરે. ૨

સખી હીંચે હીંડોળા ખાટ, સાસ ઉસાસેરે;
મારા અંગડામાં ઉઠી લહેર, પીયાજીને પાસેરે. ૩

સખી વાલમ વીરહની વાત, કેની આગળ કહીયેરે;
કોઇ સંત મળે સુધીર, સમજીને રહીયેરે. ૪

સખી ખાલક ખલકણહાર, તેણે લઇ તાર્યા રે;
પીર સદરદીનની પકડી બાંહ્ય, ભવસાગર ઉતાર્યા રે. ૫

## ગીનાન - ૯૯ (ઘટપાટનું બેહું ગીનાન)

જીરેવાલા સતગુર સાથે ગોઠડી કીજે,
અને નીતો નીત અમીરસ પીજે;
રે વાલા જોત જગાડીને મૌલા રાજો બેઠા,
તો પ્રેમેસું પુજા કીજે-વરાણી.
જીરેવાલા આજ અલી માંરે આંગણે આવ્યા,
સાથે અનંત કરોડ દેવ લાવીયા; ચૌદ લોકે વધાવીયા ૧

જીરેવાલા જનમો જનમની દોહાગણ હોતી,
તે સોહાગણ કીધી છે શાહે;
રે વાલા લખ ચોરાસીના બંધ છોડાવ્યા,
એવા મલીઆ છે અંતર જામી-રે વાલા આજ અલી. ૨

જીરેવાલા આદ નીરંજન અગમ અગોચર,
નવશા નામ ધરાવ્યા;
રે વાલા હું બલીહારી તે સતગુરની,
જે અમ ઘર મૌલા ભલે આવ્યા-રે વાલા આજ અલી. ૩

જીરેવાલા દેવ જુગતંમાં મેં અલી નબી દીઠા,
તે સંતગુર સાહેબ સોઈ;
રે વાલા જનમો જનમની શરણાગત રાખી;
તે અવીચલ પદ મુગતાઈ-રે વાલા આજ અલી. ૪

જીરેવાલા પદ મુગતીનાં સરવે સાધ લીણાં,
તો સત ચીત આનંદ;
રે વાલા કહે ગુર સોહોદેવ અમને શ્રી મૌલાઅલી મલીઆ,
જેમ સરીતા સાયર માંહે સમાણી-રે વાલા આજ અલી. ૫

## ગીનાન - ૧૦૦

એજી સતગુર શ્રેવો તમે મધરાતે જાગો,
અને કરજો તે ગતના મેળા. ૧

એજી ગત માહે ગુરનર પરતક બેઠા,
તે પાત્ર નકલંકીના કેડા. ૨

એજી તીસ કારણ તમે બે ઘડી જાગો,
ને માથે ફરે છે જમના હેરા. ૩

એજી મરશોરે લોકો તમે માયાના બાંધ્યા,
તમે કાંઇ ખાઓ છો ફોકટ ફેરા. ૪

એજી આજ કલ વારે કઠણ છે વેળા,
તમે સાંભળો મુનીવર મેરા. ૫

એજી એ ગીનાન મહારસ પીર ભણાવે સદરદીન,
તમે ચેતી લીયોને સવેરા. ૬

## ગીનાન - ૧૦૧ (ઘટપાટનું ઉભું ગીનાન)

એજી સતના સરોવર સરાસર ભરેઆ,
એવા અમીજલ ભરેઆ સો આશાજીરે- વરાણી.

એણે સરોવરીએ હો સતને સરોવરીએ.
હેતા રસ પાળ વીરાભાઇ બાંધોજી. ૧

એજી હંસાજીના રાજા જ્યારે જીલવાને બેઠા,
ત્યારે બગલા તડો તડ નાઠારે, -એણે. ૨

એજી ધરમની લેહેર કાંઇ ઝરમર વરસે,
એવા અમીજલ વરસે સો આછા જીરે,-એણે. ૩

એજી સાર પીઓ ને વીખેરસ ઢોળો,
એવા અમીજલ અદકા પીઆસા જીરે-એણે. ૪

એજી ચાર પાળીને તમે પાંચજ વારો.
એવી આછી આછી કરણી કમાવો. જીરે-એણે. ૫

એજી કામ કરોધ જેના ઘટમાહે જાહેર જાગીયા,
તેણે જીત્યા જીત્યા દાવ સરવે હાર્યા. જીરે-એણે. ૬

એજી ભણે પીર સદરદીન સાંભળો ગતીઉ મોમનો,
તો તમે બાર કરોડમાં ઝીલશો-એણે સરોવરીએ, જીરે સતને. ૭

## ગીનાન - ૧૦૨

એજી સબ ઘટ સામી મારો ભરપુર બેઠા તમે ગાફલ દૂર મ દેખો
એક જીઓજી જીરેભાઇ રે. ૧

એજી સાચેકું સામી મારો હરદમ હાજર,
જેમ નેનું માંહે પુતલી દેખો-એક. ૨

એજી જેમ શશીઅર આકાશે ચંદા,
તેમ કોટ કોટ કુંભ જલ માંહે દેખો-એક. ૩

એજી સેહેતર દીપમેં શાહા પીરે દીખલાયા,
તમે હાજર લેજો જોઇ-એક. ૪

એજી દુર નહી દેખાડીયા જેણે દુર કરી જાણીઆ,
તેના કાજ ન સીધા કોઇ-એક. ૫

એજી કરણી કમાવો તમે ખાસેરે બંદે,
તો અવલ ઇલાહી તેરે પાસે-એક ૬

એજી ત્રી લોકમેં સામી મારો ભરપુર બેઠા,
જેમ ફુલુમાંહે વાસ પીછાણો-એક. ૭

એજી જેમ ફુલુમાંહે વાસ તીયું મોરો સાંહીઆ,
તમે ગાફલ દુર મ દેખો-એક. ૮

એજી સબ ઘટ સામી મારો સાબત કરી જાણો,
જેમ દુધમાંહે ગીરત પીછાણો-એક. ૯

એજી સબ ઘટ સામીં મારો હાથેસું નેડાને,
સબ ઘટ ભરપુર બેઠા-એક. ૧૦

એજી અવલ ઇલાહી તેરો પાર ન જાણું,
ને પીરને પરસાદે મોમન પાયા-એક. ૧૧

એજી ચંદો ને સુરજ પવન ને પાણી,
મેરે ગુર સમ તોલ ન કોઇ-એક. ૧૨

એજી સતગુર પારસ મુનીવર ત્રાંબા,
ભેટે તો સોવન હોય-એક. ૧૩

એજી આ કલજુગ માંહે પીર બોહોત કીલાવે,
ને તીસ થકી સેંસા ન મટે-એક. ૧૪

એજી આલ ઈમામથી પીર કરી જાણો,
જેથી ભવસાગર તમે છૂટો-એક. ૧૫

એજી અલખ વડો શાહા પીરે દીખલાયા,
સો પુરખ પાછમેં અલી આયા-એક. ૧૬

એજી પાછમેં આયા શાહા પરતક પાયા,
તમે મોમન સાચ પીછાણો-એક. ૧૭

એજી ધરતી ન હોતી આસમાન ન હોતા,
તીસ દીન એક ઇલાહી-એક. ૧૮

એજી તીસ દીન પીર સાહેબજીકે પાસે,
તમે સુણો મારા મોમન ભાઇ-એક. ૧૯

એજી પહેલે ધંધુકારમાંહે નબી મુહમ્મદ મુસ્તફા,
સોહી ગુર જંપુદીપ માંહે આયા-એક. ૨૦

એજી ગુરનર કેરો પાર ન જાણું,
જે પીરને પરસાદે મોમન દીઠા-એક. ૨૧

એજી ગીનાન મહારસ પીર ભણાવે સદરદીન,
અમે આગમ કહી સુણાયા-એક. ૨૨

## ગીનાન - ૧૦૩

જીરે ભાઈરે સાત સરગના કાંઇ ખુલીયા છે દ્વાર,
જીસ દીન નબી મુહમ્મદ જનમ્યા. (૧)

જીરે ભાઈરે તેત્રીસ કરોડ દેવતાએ મીલી કીધો ઉછરંગ,
નવે ખંડમે શાહાજીના નીશાન ગુણીયા. (૨)

જીરે ભાઈરે ચાલો ચાલો સખી આપણે જોવાને જઇએ,
આપણા અલીજીને ઘેરે માંડવો કેવો રચીઓ. (૩)

જીરે ભાઈરે સોનાના વળા ને માંહે રૂપાના છે થંભ,
આપણા શાહજીને ઘેર માંડવો એવો રચીયો (૪)

જીરે ભાઈરે તેડોજી તેડો તીયાં સતીઉ જણ ચાર,
સીતા કુંતા માતા દ્રોપતી. (૫)

જીરે ભાઈરે તેડો .તીયાં તેડો ચોથી હરીચંદ્ર ઘરનાર,
તેડો તારા રાણી લોચની. (૬)

જીરે ભાઈરે સતીઉ ગાવન કાંઇ મંગળ ચાર,
બ્રહ્માં તે વેદ મુખે ઓચરે. (૭)

જીરે ભાઈરે સોલસો હુરાઉ મીલી કીધો શણગાર,
તે માંહે મોટી માતા બીબી ફાતમા. (૮)

જીરે ભાઈરે માતા ફાતમા ચાલતા કાંઇ વરશે નુર,
મુગટ કીજે ગરવા અલી તણું. (૯)

જીરે ભાઈરે તેડો તીયાં મુખી બાર ગુર રાય પીર સદરદીન રાય;
બારે કરોડસું પધારશે. (૧૦)

જીરે ભાઈરે જાન ચાલતા કાંઇ ઊડે છે ખેહ,
ચંદ્ર સુરજ એણી રજે છાંઇ રહ્યા. (૧૧)

જીરે ભાઇ રે ભણે પીર સદરદીન ભાઇ એતો સરવે સાચું;
અનંત કરોડ શાહજીના જાનૈયા મીલીયા. (૧૨)

## ગીનાન - ૧૦૪

એજી સામીને સાચું કરીને શ્રેવીયે,
તો દુઃખ દાલીદ્ર જાય સરવે દુર;
પાપ જાયને પવીત્ર થાય,
જો નીરમલ કરી પીયો નુર. ૧

એજી નજરના નીરમલ રદેહનાં આછા,
અને ત્રીજો ખરો વીસવાસ;
આવી કરણીએ ચાલશો,
તો પામશો અમરાપુરી વાસ. ૨

એજી કામ ક્રોધ મોહો ત્રસના,
અને મધ અમલ જે કોઇ વારશે;
ખમીયાના ખડંગ જેને રદે સમાણા,
તેથી કલજુગ હારશે. ૩

એજી જે જીવ નમસકારી ને ગીનાન રૂપી,
અંદર જોત દિલમાં ધરે;
સામીના ગુણ જેને રદેહ સમાણા,
તેને કલજુગ શું કરે. ૪

એજી મારૂં મારૂં કરીને ધન સાચવીયો,
અને ચાલતી વેળાએ કાંઇ ન આવીયો જીવને સાથ;
દોરા દસી સરવે છોડીને લેસે,
જીવડો ચાલ્યો ઠાલે હાથ. ૫

એજી તે જીવનો જનમારો સરવે એળે ગયો,
અને જુગ વીરોધીયા ચાર;
પીરને વચને જેણે આપ ન શોધીયા,
તે પડીયા ઘોર અંધાર. ૬

એજી શામી મારો એવો છે,
જેવો ચાકરીનોરે જાણ;
શામીના ગુણ લઇ જે રહે,
તેને આપે અમરાપુરી ઠામ. ૭

એજી શામી મારો એવો છે,
જે કેનું ન રાખે ભાર;
એક વાર શામીને આલીએ,
તો સામી આલે સો સો વાર. ૮

એજી શામી મારો એવો છે,
જેવો ધન કરપીને ઘેર;
પેલું લઇને પછી આલે,
જેમ સુદામાની પેર. ૯

એજી શામી દ્રોપદીની લજા રાખી,
જ્યારે દુઃખ પડીયા રે શરીરં;
પેલો પાટો સંભારીયો,
અને પછી પુરીયા ચીર. ૧૦

એજી શામી બહાર જાતાં ને ઘેર પાઇએ,
સામી જાહેર વસે ઘટમાંહે;
જે માંગે તે આલ સામીને,
પાછું મ રાખીશ કાંય. ૧૧

એજી ગુર બ્રહ્માજી કહે તમે સુણો મુનીવરો,
શામીને શ્રેવો મન દ્રઢ કરી;
જો અહીંયા દેશો તો આગલ લેશો,
તમે અધીરા કાંય થાઓ વીર. ૧૨

એજી તમેજ શામી ને તમેજ બ્રહ્મા,
અવર ન દુજાહી રે કોઇ;
પીર ભંણે સદરદીન કહે પીર હસન કબીરદીન,
એવો ગીનાન વીચારીને જોય. ૧૩

## ગીનાન - ૧૦૫

સામી રાજા જંપુદીપે ઉમાયો, વેલા તે કરજો મૌલા આવણા. ૧

સામી રાજા દીઅણીએ અમે રહી ન સગીએ, તુજ વીના બંદો કેશવા. ૨

સામી રાજા જીવડો તમારે હાથ છે, અવર જીવ ન લોડીએ. ૩

સામી રાજા લખ ચોરાસી ફેરા ટાળજો, મોમનના જીવ સધારીએ. ૪

સામી રાજા હાથીડું દઇને ઉગારજો,
કલજુગ મહા વીસમું દાડો દોયલો. ૫

સામી રાજા મચ્છ કોરભ વારા નરશીંહ,
વાએમણ ફરસીરામ શ્રી રામ તું. ૬

સામી રાજા કાનજી બુધ દશમે નકલંકી હુવા,
ચડીયા તું શ્રી ઇસલામશાહા. ૭

સામી રાજા ગજા તે તંબલ વજડાવણાજી,
પીર સદરદીન સચે શાહાખે ઉમાયોજી. ૮

## ગીનાન - ૧૦૬

એજી સામી રાજો આવે જંગી ઢોલ વજાવે,
ચઉદીસે ચાંદ્રુડે હુઆ...
રે હો પ્રાણીયા કાયમજીને આરાધો,
અલખ પુરખને મ વીસારો...
શાહા પુરખને રે સંભારો,
રે હો પ્રાણીયા કાયમજીને આરાધો. ૧

એજી નમણી ને ખમણી વીરા હસી હસી મીલણા,
કામ ક્રોધ દોએ તજો-રે હો પ્રાણીયા. ૨

એજી કાંય ધન સંચો વીરા સોના ને રૂપા,
માલ ધન હુઅડા એ બીરાના-રે હો પ્રાણીયા. ૩

એજી કાચી તેરી કાયા પ્રાણી ગાંઠ ગંઠાણી,
અન્નસે બાંધી તેરી કાયા-રે હો પ્રાણીયા. ૪

એજી કાયા નગરી માંહે એક ચોર છુપે છે,
છુપતાં કેણે ન દીઠા-રે હો પ્રાણીયા. ૫

એજી પહેલા લીધા કોટ વીરા નવ દરવાજા,
પછી લીધો કાયા કેરો હંસ-રે હો પ્રાણીયા. ૬

એજી લુંટી તેરી નગરી વીરા હુઈરે ચોબારી,
ખેત્ર ખણસલા હુઆ-રે હો પ્રાણીયા. ૭

એજી માટીરે મીટડી માંહે રીડી ભીડી જાયશે,
કલર ખાયશે તેરી દેહા-રે હો પ્રાણીયા. ૮

એજી હાડકારે ઉપર વીરાભાઇ પવન જરેશે,
ઝાઝા વરસેગા મેઘ-રે હો પ્રાણીયા. ૯

એજી એ ગીનાન મહારસ પીર ભણાવે સદરદીન,
એ ગીનાન અમીરસ લાધા-રે હો પ્રાણીયા.૧૦

## ગીનાન - ૧૦૭

એજી સામી રાજો મોરે મનથી ન વીસરેજી,
તો સુન સુન મોમન રહીયા; હોજીરે ભઇયા. ૧

એજી તેરી મેરી સાંઇયાં એક મન એક ચીત,
સામી રાજો ભરપુર રહીયા હો... ૨

એજી શાહ તણા અભીયાગત આવે વીરા,
તીનકું મેં લાગુંગી પઇયાં. હો... ૩

એજી આપે ઉઠી શાહને બેસણ દીજે વીરા,
સોઇ તમારા ધરમ લીખઇયાં. હો... ૪

એજી લઇ લોટો શાહના પાઉ ધોઇજે વીરા,
સીર પર તેલ કંગઇયાં. હો... ૫

એજી ખીર ને ખાંડ ગ્રથ અમૃત ભોજન વીરા,
સંત તણે મુખે દઇયાં. હો... ૬

એજી ઢોલીયે તળાઇયે શાહને પોઢણ દીજે વીરા,
ઝીણાં ઝીણાં વાહો ઢોલઇયાં. હો... ૭

એજી ચારે સતીયું શાહના મંગલ ગાવે વીરા,
મોતીડે ચોક પુરઇયાં. હો... ૮

એજી એસો ગીનાન પીર ભણાવે સદરદીન વીરા,
મેરે મોમન ભાઇકું બહેશ્ત લીખઇયાં. હો... ૯

## ગીનાન - ૧૦૮

એ વીરાભાઈ સાહેબ કેરો ભેદ ન બુજેરે કોઈ,
જો મન ભાવે સો ફલ હોયજી. ૧

એ વીરાભાઈ સચા યારા શાહકું નીરમલ સીરેવો,
વાંકી અમર જોત લીખાણીજી. ૨

એ વીરાભાઈ સો સચા યારા શાહકું રીદેમેં ભાવે,
તાકું આવાગમણ ના આવેજી. ૩

એ વીરાભાઈ નુર ખલીફા ઈસ જુગમાંહે આયા,
ઉનકી અમર જોત લીખાઈજી. ૪

એ વીરાભાઈ પીર સોઈ રૂડા ગીનાન સુણાવે,
ભાઈ ભુલડાકું મારગ લાવેજી. ૫

એ વીરાભાઈ પીર સોઈ રૂડા અજબ ભીગોવે,
તો તમે શરીયત રંગ મ રાચોજી. ૬

એ વીરાભાઈ દીનસું દાવો મુનાફક લાવે,
સો તો દોઝક હાથ સમારેજી: ૭

એ વીરાભાઈ દીન હકીકત તમે સાબિત રાખો,
તો તમે દુનિયાના હીરસ વારોજી. ૮

એ વીરાભાઈ જો આપસકી ખબર ન બુજે,
સો તો અવર કીયું સમજાવેજી. ૯

એ વીરાભાઈ જીવ છોડાવણ જો સોહેલો હોવે,
તો જણ જણ જીવ છોડાવેજી. ૧૦

એ વીરાભાઈ એસો ગીનાન પીર ભણાવે સદરદીન,
યારો સાચ વીના શુધ ન પાવેજી.૧૧

## ગીનાન - ૧૦૯

સાંહી શ્રેવો મ ઢીલ કર, બાના જાં જીએ દીંઅ કોઈ;
જીંઅ વીરખા તીંય માનખા, તેંજી છાયા ફીરનતી હોય;
હલણહારો સબે જુગ, અવીચલ ન રહેધો કોઇ...
સાંહીઆજી ભી એ મીલાયે,
ભી મીલાયે તીની સજણેખે સાંહીઆજી ભી એ મીલાયે,
મુંજા સાહેબ જોતું રીદેમેં પીયારીયા એમુ અલા,
જોતું બહોત ગુન ગાઇએ એમુ અલા;
સાંહીઆજી ભી એ મીલાયે. ૧

એજી સાંહી શ્રેવો મ ઢીલ કર, બાના જાં જીંયે દીંઅ ચાર,
હી પરાયો દેહડો, તેમેં સમર વખત સાર;
એક ચલંતે દોય ચલ્યા, હીઅ થીર ન રહેધો સંસાર સાંહીઆજી. ૨

એજી સેવાને કારણ આયો, બાના સજો હી સંસાર;
જીની શ્રેવ્યો શાહાકે હેક મન, સેતા પામીધા મોક્ષ દીદાર;
પુરી કરણીજા સચા યાર, ભવનીસ લંગીધા પાર-સાંહીઆજી. ૩

એજી સાંહીસે સજણ મેડીયે, અલા જે મુંજે મનમેં વસન;
સે મુખે બોલીન અંભરત, સીર કેવડેજીથી વાસન;
કેંજો અવગુણ એક ન સંભરે, ગુણ કરન દોષ ખમન-સાંહીયાજી. ૪

એજી સાંહી વીછોડા મ દીએ, અલા ભી મેડાવો હોય;
જે વસન સોહો કોસડે, મુંજે હઇડે અંદર સોએ;
એલા જીનીખે મોક્ષ પ્યારો, મૌલા તીની મેડાવો હો-સાંહીયાજી.૫

એજી રંગ કસુંબો બાના કો ગુરે, ઘુર ઉંચી ચોડ મજીઠ;
જ્યું કમલતે ભમરો, તીંઅ શાહા રીંદમેં વેઠો;
સો તું સાહેબ કીંઅ શો વીસારીયેં, જો ઘટ અંદર અખીયે દીઠો -સાંહીયાજી. ૬

એજી અલંમ ભેરીઉં છત્ર સીર, બાના ન નીભાયો કે;
હીતે જીવંતા જે કંધા, યારા માંધા લોંહંસે;
અલા ધરમ તોરો હથમેં, સાહેબ કસીધો સભખે-સાંહીયાજી. ૭

એજી કોઠા મંડપ મેડીયું, ઘર ઘોડા ને ભંડાર;
હી.કેહે ન નેહડા પાણશે, બાના જીવ ચલંતે વાર;
વારા નીકી વાટડી, સેતા લંગીધા સચા યાર-સાંહીયાજી. ૮

એજી દોય જણે મીડી જાયો, બાનું ચઇ ઉઠાયો યાર,
તીતે માઇ ન બાપ કો, યારા તીતે કે આધાર;
તીતે દાદ સુંણીધો મુંધણી, સાહેબ ખરા ખોટનીયાર-સાંહીયાજી. ૯

એજી હી પીંડી સોવન તણી, નેહ રાખીધે કલર માંહે;
તીતે ન મહેરી ન મીત્ર કો, બાના તીતે વ સાથી કોઇ,
હીઅ જા પીંડ નીપાયો સુખશે, સેતા જુરી જુરી મીટડી હેય સાંહીયાજી. ૧૦

એજી પીર સદરદીન બોલીયા વેનતી, સચા સાહેબ તો આધાર;
હીઅ જુગ ઇંઅ કરી જાણજો, જીંઅ નાઠી માંહે સંસાર,
ઉણા પુરા આશવંતા, મૌલા સબે લંગાઇએ તું પાર,
સાંહીયાજી ભી એ મીલાઇએ. ૧૧

## ગીનાન - ૧૧૦

એજી સેજડીયે સુતોરે રાજા નીંદ્રા ધરી,
તારારાણી ઓરાસે રાયના પાયજી. ૧
એજી સ્ત્રી ચરીત્ર રાજાએ જાણીયો,
નયણે તે નીંદ્રા ન આવેજી. ૨
એજી ત્યાંથી તારાસતી સંચરીયા,
આવીયા છે ઓરડા મીંજારજી. ૩
એજી સોળે શણગાર સતીયે સજીયા,
પહેર્યાં પહેર્યાં ધરમ તણાં ચીરજી. ૪
એજી ત્યાંથી તારા સતી સંચરીયા
આવીયા છે ઘોડાર મીંજારજી. ૫
એજી ઘોડો તે છોડીયો તેજી હંસલો,
ઉપર માંડયા ચીત્રુડા પલાણજી. ૬
એજી ત્યાંથી તારા સતી સંચરીયા,
આવ્યા છે કમલ દુઆરજી. ૭
એજી અરદાસ માંગીને સતી ઉભા રહ્યા,
સામી રાજા લજ્જા રાખણહારજી. ૮
એજી કમલ દુઆરે રાજા ઉભા રહ્યા,
આપે આપે ઉઘડીયા કમાડજી. ૯
એજી ત્યાંથી તારા સતી સંચરીયા,
આવ્યા છે પરોડું મીંજારજી. ૧૦
એજી અરદાસ માંગીને સતી ઉભા રહ્યા,
સામી રાજા લજ્જા રાખણહારજી. ૧૧
એજી ભોંગલ ભાંગારે ખરા લોહ તણા,
ત્યારે નીકળ્યા છે દુવારથી બહારજી. ૧૨

એજી બહારે આવીને રેવત હાંકીયો,
આવી પોતા જમના નદીને તીરજી. ૧૩

એજી જમના નદીયે આવી રાણી ઉભા રહ્યા,
ત્યારે ઘણા નીર ઉછળે અપારજી. ૧૪

એજી અરદાસ માંગીને સતી ઉભા રહ્યા,
સામી રાજા લજા રાખણહારજી. ૧૫

એજી નીર ચીરાણાં સતી ઉતરીયા,
જમના નદીયે દીધી છે વાટજી. ૧૬

એજી તારે નદી વચ્ચે ચાલી ઓલે પાર ગયા,
ત્યારે રાણી થયા છે રળીયાતજી ૧૭

એજી ત્યાંથી ને તારા સતી સંચરીયા,
આવીયા છે ધરમ દુઆરજી ૧૮

એજી ત્યારે પ્રદક્ષણા કરી સતી ઉભા રહ્યા,
ત્યારે જુમલાજીએ દીધી છે આશીષજી ૧૯

એજી ત્યારે ઘોડો તે બાંધીયો તેજી હંસલો,
ઉતારીયા છે ચીત્રુડા પલાણજ ૨૦

એજી ત્યારે આગલ પાછમથી મુનીવર સંચરીયા,
આવી પોતા ધરમ દુઆરજી. ૨૧

એજી ધરમ ધજા સરવે વધાવીયા,
આવી સંચરીયા મીંદર માંહેજી ૨૨

એજી સનમુખ થઈને સતી ઓચરીયા,
બોલીયા છે ધરમ વહેવારજી ૨૩

એજી ધરમ વાણ કહી સતીએ ઘટપાટ થાપીયા,
સહુ કોઈ સતીને વધાવાને જાયજી. ૨૪

એજી વહેલા થાઓરે વીરા બંધવા,
ખણ એક મ લાવો વારજી. ૨૫

એજી સેજડીયે સુતોરે રાજા જાગશે,
તો ભાંગશે મારા પીયર તણી વાટજી. ૨૬

એજી અધરમી સાથે મારો વહેવાર છે,
દુનિયા છે કાંઇ દુરીજન લોકજી ૨૭

એજી આ પંથ ગુપત પ્રગટ ન કરવો,
આપણો છે સતસું વહેવારજી ૨૮

એજી ઘોડો વીરોધીયો તેજી હંસલો,
તેનાં કીધા આંબલીયા પરમાણજી. ૨૯

એજી તેરે આણીને ગતમાં હાજર કરીયો,
જુમલેજીએ દીધી છે આશીષજી. ૩૦

એજી આશીષ માંગીને દેવ પુજા કરી,
વધાવીયા છે શ્રી રઘુરાયજી ૩૧

એજી ત્યારે સરવે સતીને સંતોખીયા,
તારા રાણી થયા છે રળીયાતજી ૩૨

એજી પહેલો બંગલો આલીયો રોહીદાસનો,
પછી વરતાવીયા સઘળી જમાતજી. ૩૩

એજી ત્યારે થાળ તારાદે રાણીએ આલીયો,
પછી થઇ છે ઉઠાસણની વેળાજી ૩૪

એજી ત્યારે હાડચામ મેલી કીધાં એકઠાં,
તેને જુમલેજીએ દીધી છે આશિષજી. ૩૫

એજી આશિષે ઘોડો ત્યાં ઉઠીયો,
ત્યારે રાજા પગની ચાખડી લઇ જાયજી. ૩૬

એજી ત્યારે અરદાસ માંગીને સતી સંચરિયા,
આવીયા છે દુઆરની બહારજી. ૩૭

એજી ત્યારે એક ચાખડી પગે પહેરવા,
બીજી ચાખડી હાથ ન આવેજી. ૩૮

એજી ત્યારે સતી વીમાશીને બોલીયા,
પિતાજી એક ચાખડી નાયજી. ૩૯

એજી ત્યારે પ્રદક્ષણા કરી સરવે પાય પડીયા,
સામી રાજા લજ્જા રાખણહારજી. ૪૦

એજી ત્યારે ઘઉંનો લોટ બાંધીને કીધી ચાખડી,
તેને જુમલેજીએ દીધી છે દુઆજી. ૪૧

એજી જાણે આસમાનેથી ઉતરી બીજી ચાખડી,
તે તારારાણી પહેરી પોતાને પાયજી. ૪૨

એજી ચાખડી પહેરીને રાણી સંચરીયા,
ત્યારે જુમલોજી વોળાવાને જાયજી. ૪૩

એજી વળો વળો વીરા બંધવા,
તમને હોજો વઇકુંઠ વાસજી. ૪૪

એજી ત્યાંથી તે તારારાણી સંચરીયા,
આવીયા છે જમના નદીને તીરજી. ૪૫

એજી જમુના નદીના નીર ઉછળે અતી ઘણા,
ત્યારે રાણીએ સમરીયા રઘુવીરજી. ૪૬

એજી અરદાસ માંગીને સતી ઉભા રહ્યા,
ત્યારે જમના નદીએ દીધી છે વાટજી. ૪૭

એજી જમના નદી વચ્ચેથી ઘોડો હાકીયો,
આવી પોતા આણીરે પારજી. ૪૮

એજી ત્યાંથી તારા સતી સંચરીયા,
આવીયા છે પીરોડલાની પાસજી. ૪૯

એજી ત્યારે ભોંગલ ભાંગા ખરા લોહ તણાં,
ત્યાં રાણી ઊભા કરે અરદાસજી. ૫૦

એજી અરદાસ માંગીને સતી ઊભા રહ્યા,
સામી રાજા લજ્જા રાખણહારજી. ૫૧

એજી ત્યારે ભોંગલ ભાંગા ખરા લોહ તણાં,
ત્યારે ઉઘડીયા છે પરોણલા પ્રકાશજી. ૫૨

એજી પરોણલા પ્રકાશથી રાણી સધાવીયા,
આવીયા છે કમલ દુઆરજી. ૫૩

એજી કમલ દુઆર સાહેબે ઉઘાડીયા,
ત્યારે રાણી ગયા દુઆર મીંજારજી. ૫૪

એજી દુઆરથી રાણી સંચરીયા,
આવીયા છે ઘોડાર મીંજારજી. ૫૫

એજી ઘોડો બાંધીયો તેજી હંસલો,
ઉતારીયા છે ચીત્રુડા પલાણજી. ૫૬

એજી ત્યાંથીને તારાસતી સંચરીયા,
આવ્યા છે ઓરડા મીંજારજી. ૫૭

એજી ઓરડે જઇને વસ્ત્ર પહેરીયા,
ઉતારીયા છે ધરમ તણાં ચીરજી. ૫૮

એજી ત્યાંથી તારા સતી સંચરીયા,
આવ્યા છે સેજડીયાની પાસજી. ૫૯

એજી સેજડીયે સુતોરે રાજા નિંદ્રા ધરી,
તારા રાણી ઓરાસે રાયના પાયજી. ૬૦

એજી પાય ચાંપતા રાજા જાગીયા,
સાંભળો રાણી અચરત કહું એક વાતજી. ૬૧

એજી એક અચરત આજ અમને ઉપનું,
તેનો પટુંતરો કેમ કહેવાયજી. ૬૨

એજી તારે રાણી રાજાને ખમા કરી,
તમને ચિંતા આજ શેની થાયજી. ૬૩

એજી ઉગમતા આથમતા તમને નમે,
તમારી આણ ફરે ઉતર દક્ષિણ માહેજી. ૬૪

એજી આળસ મરડી રાજા બોલીયા,
રાણી અમને સપનાતર લાધોજી. ૬૫
એજી સપના માંહે અમે એમ જાણીયું,
તારારાણી પીયરીયે પધારીયાજી. ૬૬
એજી તારે રાણી રાજાસું બોલીયા,
સપનું તો આળ પંપાળજી. ૬૭
એજી સપના માંહે શું શું રે દેખીયે,
જેનું નહીં થડ નહીં મુળજી. ૬૮
એજી રીસ કરીને રાજા બોલીયા,
રાણી સપનું જુઠુ કેમ કહેવાયજી. ૬૯
એજી જુઠ તણો આહે પટંતરો,
ત્યારે ચાખલડી લઇ દીધી છે હાથજી. ૭૦
એજી તમે તો મહીપતી મોટા ભુપ છો
એવડી શું કરો છો વાતજી. ૭૧
એજી વાતલડીયે વીણાસજ ઉપજે,
વીંધાઇ જાય છે અમારા શરીરજી. ૭૨
એજી ત્યારે રીસ કરીને રાજા ઉઠીયા,
ખેંચી ખડગ લીધી છે હાથજી. ૭૩
એજી ખડગ કાઢીને રાજા ઉઠીયા,
રાણી શેનો લાવીયા છો થાળજી ૭૪
એજી રાણી રૂદેયા માહે ધ્રુજ્યા,
સામી હવે શી થાયશે પેરજી. ૭૫
એજી ત્યારે રાણી વીનવે રઘુવર રાયને,
સામી રાજા લજા રાખણહારજી. ૭૬
એજી સામીજી પ્રતીજ્ઞા તમે પાળજો,
આવી ઉભો છે હવે કાળજી. ૭૭

એજી ત્યારે થાળ લાવીને રાણીયે આગળ ધરીયો,
ત્યારે રાજાને દ્રષ્ટે આવ્યા વનફળજી. ૭૮

એજી જાણે ફુલવાડીથી માલી મેવા લાવીયો,
ત્યારે રાજાને અચરત થાયજી. ૭૯

એજી ત્યારે ખડગ મેલીને રાજા બેસી રહ્યા,
રાણી મુને આ પંથ દેખાડજી. ૮૦

એજી એ પંથ મારગ રાજા દોહેલો,
આ પંથ તમથી સહીયો નવ જાયજી. ૮૧

એજી ત્યારે રાજા રળીયાત થઇને બોલીયા,
જેમ કહેશો તેમ કરશું સેવાજી. ૮૨

એજી અમે તો સ્ત્રી ચરીત્ર જાણતા,
ન જાણીયો એવો આ સતપંથ સારજી. ૮૩

એજી અમે તો તમ સાથે પધારીયા,
ત્યાં અમે દીઠો સરવે મહિમાજી. ૮૪

એજી તે ગુર અમને દેખાડજો,
જેણે ગુરે દીધા તમને ધરમજી. ૮૫

એજી તે ધરમ મારગે અમે ચાલશુ,
અને આલશું તે અસંખ દાનજી. ૮૬

એજી દાન દેતા અમે નવ ડોલીયે,
તો આલશું તે અતી ઘણાં માનજી. ૮૭

એજી સરવે સતી અમે સોપશું,
અમે મુખથી લેશું નારાયણ નામજી. ૮૮

એજી નામ સાહેબજીનું લીજીએ,
અને પીજીએ તે પાવલ સારજી. ૮૯

એજી ગુરને ગીનાને અમે ચાલશું,
એમ ઉતરશું પેલે પારજી. ૯૦

એજી ત્યારે રાણી રાજાસું એમ બોલીયા,
રાજા સતપંથ છે ખાંડા કેરી ધારજી. ૯૧

એજી ખરી ખોટી તો બુધ ભાંગશે,
ચાલવું કાંઇ સુકલ વહેવારજી. ૯૨

એજી પહેલા તે માંગેરે કાયા કાળજો,
પછી માંગે પીંડી કેરો માંસજી. ૯૩

એજી તમનેરે વહાલો તેજી હંસલો,
ગઉધરે બાંધી છે આશજી. ૯૪

એજી તમારી ફુલવાડી ફુલે ઘણી,
તમને વહાલો કુંવર રોહીદાસજી. ૯૫

એજી અજોધા કેરો વહાલો રાજપાટ,
તમને વહાલા સોળે શણગારજી. ૯૬

એજી એ વસ્તું સરવે ગુરૂજી માંગશે,
તે ગુરૂજી ઉપર કેમ આવે ઈમાનજી. ૯૭

એજી ત્યારે રાજા એમ બોલીયા,
જેમ ગુરૂજી રાખે તેમ રહેશુંજી. ૯૮

એજી ત્યારે રાણી રળીયાત થઇ બોલીયા,
અમે જઈએ અમારા પીતાને ઘેરજી. ૯૯

એજી ત્યાંથી વાચા અમે લાવીયે,
પછી તમે આવો અમારે સાથજી. ૧૦૦

એજી ત્યાંથી તારા સતી સંચરીયા,
આવ્યા છે પીતાજીની પાસ. ૧૦૧

એજી બાપજી બોલ તમે સાંભળો,
વાત લાગી છે રાજાને હાથજી. ૧૦૨

એજી આપણા આચાર રાજા કળી ગયા,
આવ્યા હતા ધરમ દુઆરજી. ૧૦૩

એજી ત્યાં અમસું ઉતપાત કીધી ઘણી,
હવે ઓચરે છે ધરમ દુઆરજી. ૧૦૪

એજી ત્યારે રીખીસરે વીચારી વાણી કરી,
રાજા વરતે પરતમા સારજી. ૧૦૫

એજી વરત વિચારીએ તમે પાળજો,
તો વરતે થાશો ગુરૂ કેરા દાસજી. ૧૦૬

એજી ત્યારે રાજ દુઆરે રાણી આવીયા,
ગુરે દીધા વરત વિચારજી. ૧૦૭

એજી ત્યારે રાજા ઉઠીને ઉભા થયા,
વરત રાખીયા ખંડા ધારજી. ૧૦૮

એજી ત્યારે વરત વીચાર રાજા રાખીયા,
પાળીયા સરવે ધરમ વીચારજી. ૧૦૯

એજી ત્યારે કંસારે જઇ ઘણ કુટીયા,
એવી કસણી સહી ખટ માસજી. ૧૧૦

એજી કાચો ઘડો લાવો કુંભારથી,
કાચે ત્રાગડે ભરી લાવો નીરજી. ૧૧૧

એજી નીર ભરીને ગતમાંહે હાજર થયા,
ત્યારે રીખીસરે દીધા ઘણા માનજી. ૧૧૨

એજી ત્યારે રીખીસર રાણીસું એમ વદે,
રાજાને છે અવધ ગીનાનજી. ૧૧૩

એજી રાજા દેવ સભા સહીત ઘેર લાવીયા,
વજાડીયા કાંઇ ઢોલ નિશાનજી. ૧૧૪

એજી સાહેબ નામ તો સૌ કોઇ ઓચરે,
સૌ નરનારી સાંભળે ગીનાનજી. ૧૧૫

એજી ઓછવ મંગલ સૌ કોઇ ઓચરે,
બોલીયા છે જેજે કારજી. ૧૧૬

એજી પીર સદરદીન ગુર બોલીયા,
સામી રાજા તું ગતીયું તારણહારજી. ૧૧૭

## ગીનાન - ૧૧૧

(આરતી)

એજી સેંહતર દીપમે શાહા જાહેર બેઠા,
સાંજ સીભુ નિત જંપો મોરા ભાઇ;
આરતી કીજે નકલંક તણીજી,
સતગુર સોહોદેવ રાહ બતાઇ;
બાર ગુર પીર સદરદીન દીશ બતાઇ-આરતી કીજે. ૧

એજી અજંપીઆ જાપ મુનિવરે જાણેઆ,
લખ ચોરાસી જીવના ફેરા ટાળીયા.-આરતી કીજે. ૨

એજી અમર ભેદ મુનિવરે જાણેઆ,
એકોતેર પુરીઆ જીવના ઓધારેઆ-આરતી કીજે. ૩

એજી અથર વેદ માંહે જે કોઇ માહેર,
દશ માંહ દીન દયાલ મૌલા બેઠા જાહેર-આરતી કીજે. ૪

એજી અનેક વાજા વાજીંત્ર વાજે,
અકળ સ્વરૂપ દેખી દુનિયા લાજે-આરતી કીજે. ૫

એજી મત કોઇ લાજ કરો અલી જન,
અલીજીની ભગતી કરો આછે મન તન-આરતી કીજે. ૬

એજી ખટ દરશન તો સુન પુજાએ,
સતપંથ ધરમકો મરમ ન પાએ-આરતી કીજે. ૭

એજી સતપંથ ધરમ આરાધો મોરા ભાઇ,
તો અનંત કરોડ જીવને હુઇ છે વધાઇ-આરતી કીજે. ૮

એજી ચેતણહાર તમે ચેતો મોરા ભાઇ,
કહે પીર સોહોદેવ કર લીઓ કંમાઇ-આરતી કીજે. ૯

એજી ભણે પીર સદરદીન સુણો મોમનભાઇ,
ગાફલ દુનીઆ શાહકો મરમ ન પાઇ-આરતી કીજે. ૧૦

## ગીનાન - ૧૧૨

શ્રી ઈસલામશાહ એજી અમને મલીયા, અને દીધા તે દીનનાં રાજ;
અલખ રૂપે ઓળખીયા તેણે સારીયાં અમારાં કાજ. ૧

એજી આધીન થઈને અમે શ્રેવીયા, અને ઓળખ્યા સાહેબ એહ;
દસબંધી સીરબંધી જાણજો જો લાગે શાહસું સ્નેહ. ૨

એજી પ્રીત જાણીને ગીનાન જોડીયા, અને દિલમાં રાખી સુધીર;
સતગુર ગીનાન તો મીલે, જો નીરમલ થઈ રહીએ નીર. ૩

એજી નીરમલ મન તો રહે જો પુરવ હોવે સ્નેહ;
દયા પ્રગટ ઉપજે સતગુરથી અમર દેહ. ૪

એજી પીર સદરદીન બોલીયા સાહેબ જાણજો હજુર;
એ અમર પદવી તો મીલે જો અંતર ભેટીયે નુર. ૫

## ગીનાન - ૧૧૩

એજી શાહકું આવંતા જો કહે, તાકું લાખ વધાઇ;
પાંચ સખી કેરો વાલમો, કેને મીલીઓરે ભાઇ... વરાણી.
શાહકું ઢુંઢતે દેખતે, કેતા જુગ ગયા વીરા કેતા ભવ ગયા. ૧

એજી શાહકે ગલેમેં હાર હય, હીરા માણેક જડીયા;
જીસરે ભાવે તાકું દેત હય, સાહેબ હય દિલ દરીઆ-શાહકું. ૨

એજી શાહ મારો ચતુર સુજાણ હય, આપે શ્રેષ્ટ દીવાન,
જીસકે ભરોસે થીર રહ્યા; રહ્યા જમીન આસમાન-શાહકું. ૩

એજી જાં થકી હી જુગ જીત હય, મય હું બંદીરે તાકી;
વચને વચને પાંઉ ભરૂં, ચંદા સુરજ સાખી-શાહકું. ૪

એજી પીર સદરદીન બોલીઆ, કોઇ મન આપણું સમજાવે,
કપડા ધોવે સો કયા હુઆ, દીલ ધોવે સો પાવે-શાહકું. ૫

## ગીનાન - ૧૧૪

એજી શામ સદાજી સચો શામ એ સદાજી,
એ સદાજી એમું અલા;
નવ ખંડ ત્રીભોવરમેં શામ એ સદાજી. ૧

એજી ઘટબી અંદર વીરા મારા વસેરે એ મૌલાના;
એ મૌલાના એમું અલા;
બહાર સો કેડો એ નીઆરીએ એમું ભાઈડા. ૨

એજી તીની વીસવાસે વીરા મારા જે નર પુરા,
એમું સાચા એમું અલા;
તીની રતનાગર કાયા એ કસાઈ. ૩

એજી નમણી ને ખમણી વીરા મારા તીનકું,
એ જુગાએ જુગાએસી એમુંઅલા,
જીસ ઘટ અંદર મોમન પાક એ નીઆજી. ૪

એજી વણરે કમાઈએ વીરા મારા મોક્ષ એ ન લેશો;
એ ન લેશો એમુઅલા;
આગલ ધરમ એ તુલેસી રે તરાજું. ૫

એજી વારા નીકી વીરા મારા વાટ એજ ચલણાં,
એમું ચલણાં એમું અલા;
ખનેઆ તીખી તેજી ધાર એમું સાચી. ૬

એજી તીયાં ચડી ગુર સોહોદેવ વીરા મારા આપ એ લંગેસી,
એ લંગાએસી એમું અલા,
લંગીધા સચા યારા એ દશોંદી. ૭

એજી ભણે પીર સદરદીન આંહી સુણીઓ ગતીઉં મોમના.
એમું ભાઈડા એમું અલા,
અહોનીસ કીરત કરીયો અપણે એમું શાહાકી. ૮

## ગીનાન - ૧૧૫

એજી શેઠ કહે તમે સાંભળો વાણોતર,
વણજ રૂડો કરી લાવોજી. ૧

એજી ડાહ્યા થાજો તમને શી દઉં શીખામણ,
લાભ ઘણેરો કરી લાવોજી. ૨

એજી પીર પુછી તમે પંથ કમાવો,
નબી મહમદની શીખામણ હઈડે રાખોજી. ૩

એજી ઘોર અઘોરમાં તું બહુ દીન હોતા,
તુંને ઘડીયે ઘડીયે વીઘને ઉગારીયાજી. ૪

એજી અણ ચીંતવ્યા તુંને ભોજન પુરીયા,
માતા પિતા વીના પાળીયાજી. ૫

એજી નવરે માસ તુને પેટ માંહે રાખીયા,
નબી મહમદે બંધ છુડાયાજી. ૬

એજી કોલ કરી જીવડો બાર નીસર્યો,
માયા દેખીને જીવડો ભુલોજી. ૭

એજી મોટેરો હાટ તારો બહુરે વાણોતર,
તું આપે આપે શેઠ થઈને બેઠોજી. ૮

એજી ખોટા તારાં ત્રાજવા ને દાંડી માંહે પાસન,
કાટલા ખોટા તારા ભારીજી. ૯

એજી ઓછું દીધું અદકેરું લીધું,
જીવડાની ચિંતા ન કીધીજી. ૧૦

એજી ખીર ખાંડ ગ્રથ અમૃત ભોજન,
ઉપર પીયો છો શીતલ પાણીજી. ૧૧

એજી ઢોલીયા તળાઇ ઉપર ઓસીકા પથરાવ્યા,
ઉપર ઝીણાં ઝીણાં વાય ઢોળાયાજી. ૧૨

એજી શેઠના તેડા તુંને તેડવાને આવ્યા,
ચાલો વાણોતર વેગેજી. ૧૩

એજી તાળા કુંચીઉં તારી રહ્યું રે વખારે,
તું કેમ ચાલ્યો ઠાલે હાથેજી. ૧૪

એજી સગા કુટુંબ જીવના મલી કરી બેઠા,
કોઇ ન ચાલે જીવને સાથેજી. ૧૫

એજી સગા કુટુંબ જીવને વોળાવીને વળીયા,
પાપ ને પુન દોય સાથેજી. ૧૬

એજી શેઠ કહે તમે સાંભળો ફીરસ્તા,
જીવડાના ખાતા કાઢોજી. ૧૭

એજી શેઠને વાણોતર બેઇ નામું કરવા બેઠા,
ત્યાં જીવડો ઘણો ધ્રુજેજી. ૧૮

એજી પાને પાને જીવના પાપ લખાણા,
માંહે ધરમનું અક્ષર ન સુજેજી. ૧૯

એજી ભણે પીર સદરદીન સામી અમે તમારૂં સરવે કુછ ખાધું,
મયા કરો તો જીવડો છુટેજી. ૨૦

## ગીનાન - ૧૧૬

મોરે આશાજી હરોવર સરોવર
આશા ભરપુર લીઅણા શાહા ભરપુર લીઅણા
અમીરસ મીઠડા સો મેવા. ૧

મોરે આશાજી મીઠડે સો મેવા,
મારા મુનીવર રાતા, મારા મુમનભાઇ રાતા;
વીમરસ લધડા સો ચેવા. ૨

મોરે આશાજી તંગ સો હલકે,
અબ કડીઆ સો ઠણકે અબ કડીઆ સો ઠણકે;
મારા મુનીવર સંગત હુઆ. ૩

મોરે આશાજી ધર ધસ્ત હને,
શાહા તું પાંઉ ધર બેડીઆ, શાહા તું પાંઉ ધર બેડીઆ
સામી આસણેથી ચડ ખડા હુઆ. ૪

મોરે આશાજી દુલ દુલ નાચે,
શાહા ખડેરે ઉમાયો, શાહા ખડેરે ઉમાયો,
રંમ જંમ પેરે સજુવા. ૫

મોરે આશાજી સીંતેર સોહોસો,
એ હુસેની ચડશે એ હુસેની ચડશે,
મારા નુરશાહા પરગટ ભલે હુઆ. ૬

મોરે આશાજી નવે અવતારે,
શાહા નવ દાણવ છેદીઆ, નવ દાણવ છેદીઆ,
દાણવાને દેશે શાહા લુહા. ૭

મોરે આશાજી અજ કલ વારે,
શાહા કાલીંગાને મારે, શાહા કાલીંગો સંહારે,
સબ ધરતી જીત ખડા હુઆ. ૮

મોરે આશાજી વીશવ કુંવારી
સચો સામી રાજો પરણે, સચો સામી રાજો પરણે,
જંપુદીપે કાજ રચેવા. ૯

મોરે આશાજી એ ગીનાન માહારસ,
પીર ભણાવે સદરદીન, પીર ભણાવે સદરદીન;
શાહ આસણેથી ચડ ખડા હુઆ મોરે આશાજી હરોવર સરોવર. ૧૦

## ગીનાન - ૧૧૭

એજી હસી કીજે વીરા હરતણી, મુરત લીજીએ સાથ;
સખી કીજે વીરા પટુંતરો, નહીકા ફ્રેકટ ફેરા ખાય.... વરાણી.
કુડમી કરસણ કીજીએ વીરાભાઇ કીજીએ, જેથી થાયશે ઉગાર;
નામ સાહેબજીનો લીજીએ, જેણે સરજીયો સંસાર;
દશોંદ સાહેબજીને આલીએ, તો સુખી રહીએ સંસાર;
સહેસ્ત્ર ઘણેરો આગલ નીપજે, પામો મોક્ષ મુગત દીદાર-કુડમી. ૧

એજી અંતરજામીની ભોમ વાવીએ, ચાલો સતગુરજીને ચાસ;
પુન પવિત્ર કીજે બે બલદીઆ, ધરમ કીજીએ રાસ;
સતનું પરોણું હાથે ઝાલીએ, ગીનાનની કીજીએ આર-કુડમી. ૨

એજી કાળના ખુટા કાઢી નાખજો, તો તમારૂં ખેત્ર ચોખું થાય;
પાપી પંખીને ઉડાડજો, રખે કરે રે વીણાસ - કુડમી. ૩

એજી મન માંહે માળો ઘાલીએ, તન માંહે ટોયો બેસાડ;
પટી કરીને કરબડીએ, તો પાપની જડ જાય-કુડમી. ૪

એજી પીર સદરદીન બોલીયા, મારા મોમનભાઇ તમે રહેજો હુશીયાર,
ત્રણ ત્રણ જુગ આગે વહી ગયા, આજ કલ ચોથાની વાર. કુડમી. ૫

## ગીનાન - ૧૧૮

હોજીરેવીરા હાજર શાહ પીર જાણજો, અને જ્યાં જોઇએ ત્યાં પાસ;
તેમ ઘટ ઘટ સામી રાજો વસી રહ્યો, જેમ રવી ઉગમીયો આકાશ. ૧

હોજીરેવીરા જેમ આકાશે સુરજ છે, અને ચઉદ લોકમાં પ્રકાશ;
તેમ ઘટ ઘટ સામી રાજો વસી રહ્યો, હું જ્યાં જોઉં ત્યાં પાસ. ૨

હોજીરેવીરા સતગુર સાચે મને શ્રેવીયે, અને સાચો રાખોને ઇમાન;
ગુરનું ફરમાન સાચું કરી જાણજો, તમે વાંચી જુઓને ગીનાન. ૩

હોજીરેવીરા ગુરે ગીનાન સુણાવીયા, તમે વીચારી ચાલો મારા વીર;
કામ ક્રોધને પરહરો, અને રાખો રીદીયા માંહે ધીર. ૪

હોજીરેવીરા દિલ માંહે દેખોરે મુનીવરો, સરવે ઘટ માંહે એકજ શાહ;
કીડી કુંજર માંહે એક છે, સામી રાજો ભીતર બાર. ૫

હોજીરેવીરા સચરાચર માંહે સામી રાજો જાણજો, થાવર જંગમ સીરજણહાર;
મુનીવર ગીનાન વીચારીને ચાલજો, તમે રાખોને એહી વીચાર. ૬

હોજીરેવીરા ગુર કહે શાહપીર એક છે, અને શાહપીર એકહી જાણ,
પીર સદરદીન બોલીયા, વાંચી જુવોને વેદ પુરાણ. ૭

## ગીનાન - ૧૧૯

જીરેવીરા હું બલીહારી ગુર આપણે-પીર આપણે,
જેણે દેખાડીયા આવા સત ધરમ-સત ધરમ. ૧

જીરેવીરા નહીરે વીછોડો આગલ મુમનો-ભાઇ મુમનો,
તારા જુગની પોતી છે સંઘ-વીરા સંઘ. ૨

જીરેવીરા તું રે વણજારો મુમન મેદની-મોમન મેદની,
તારા દિલમાં કરજો વીચાર-એ વીચાર. ૩

જીરેવીરા બાલપણમાં સામી રાજો શ્રેવીએ, જેણે શ્રેવીઆ,
તેનો જીવ સાહેબજીસું મેડા મીલે-એ મેડા મીલે. ૪

જીરેવીરા જેણે જીવે આ જુગ સંઘેઆ-જેણે સંઘેઆ,
તેણે લોણીયો આરે સંસાર-એ સંસાર. ૫

જીરેવીરા લુણીયો ખેત્ર ન ટોઇએ-એ ન ટોઇએ,
તે પર લોક હસે સબ કોઇ-એ સબ કોઇ. ૬

જીરેવીરા લોભ તું મેલી ન સગીયો-એ ન સગીયો,
તુંને મીઠો લાગો આરે સંસાર- એ સંસાર. ૭

જીરેવીરા જેમ રૂએ બાલા પુંબડા-એ પુંબડા,
તેમ રોવેંગા આરે સંસાર-એ સંસાર. ૮

જીરેવીરા સાયર વોહણા રૂવે માછલા-રૂવે માછલા,
તેનો આવ્યો છે કાળ-વીરા કાળ. ૯

જીરેવીરા પાન વીના સીઆ રૂખડા-સીઆ રૂખડા,
તેની છાંએ ન બેસે કોય-એ ન કોય. ૧૦

જીરેવીરા ગીનાન વીના સીયા મુમના-સીઆ મુમના,
તેને મુવા પછી મોક્ષ ન હોય-એ ન હોય. ૧૧

જીરેવીરા કાંય ન રૂઓ આપણા જીવને-આપણા જીવને,
તમે મુવા પછે કાંહે કરશો-એ કરશો. ૧૨

જીરેવીરા ફીરે હલકારા સચા કાયમી-સચા કાયમી,
તમે ચેતો ચેતણહાર-ચેતણહાર. ૧૩

જીરેવીરા જંપુદીપમેં એક બુટીયાં-એક બુટીયાં,
તેને હય કોણ રાખણહાર-રાખણહાર. ૧૪

જીરેવીરા રાખણહારો ધણી આવશે-ધણી આવશે.
તમે પરખો તે પરખણહાર-પરખણહાર. ૧૫

જીરેવીરા પીર સદરદીન બોલીઆ વેનતી રે ભાઇ વેનતી,
તમે જપજો સાહેબજીનું નામ-સાહેબજીનું નામ. ૧૬

## ગીનાન - ૧૨૦

એજી હેત ગુરનરસું કીજીયે, અને સાચો મન પતી લાય;
સાચો સતગુર શ્રેવીયે, તો જીવ અમરાપુરી જાય. ૧

એજી અમરાપુરી તો પામીયે, જો સતગુર સાથી હોય;
સતગુર વીના મુગતી ન પામીયે, જો ઇલમ બહોત પડ્યા હોય. ૨

એજી અઝાઝીલ ફીરસ્તો બુજરગ કહીયે, અને ઇલમ પડ્યા અપાર;
તેણે ભેદ ન લીયો સતગુર તણો, તો ગયો ઘોર અંધાર. ૩

એજી સામી હરદમ હજુર છે, અને નુર અંતર આય;
જો શાન આવે સતગુર તણી, તો પરતક પાય. ૪

એજી પરતક દુધ માંહે ઘ્રત છે, પણ મંથીઓ પ્રગટ થાય;
સતગુર કહે મારા મુનીવરો, ગુર વીના દોઝકે જાય. ૫

એજી સતગુરશું નેહ કીજીયે, તો સુખશું ઉતરી જાય;
ગુર બીના જે વાટે ચાલ્યા, તે બુડા સંસાર માંહે. ૬

એજી સતગુર સાથી કીજીયે, તો ટળે સર્વે જંજાળ;
પીર સદરદીન એમ બોલ્યા, તમે રાખો રીદા માંહે વીચાર. ૭

## ગીનાન - ૧૨૧

એજી હો હો કરતા હોઇ ગયા, હોતા ન લાગે વાર;
ફની દુનિયા જાણીયે, કલજુગ હય દિન ચાર. ૧

એજી ગુરકા કલ્યા તમે કીજીયે, કરતા ન લાવો વાર;
દર્શોદ દીજે ગુર પાવે, મુનીવર હો સાચા યાર. ૨

એજી મારગ લાગીયા જાગજો, સુતા ન લેશો દિદાર;
સતીયા સત ભાવશું, વીરાભાઇ તે પાવે દિદાર. ૩

એજી પહોરા આયા શાહાકા, ચડે હુસેની હો સવાર;
એમ બોલ્યા સતગુર સોહોદેવ, મુનીવર હો હુશિયાર. ૪

## ગીનાન - ૧૨૨ (સવારનું ચોઘડિયું)

હંસપુરી નગરી માંહે માંડવો રચાયો,
એણે એણે માંડવે મુમન તેડાવો ભાઇ. ૧

સોનાના બાજોઠીઆને રૂપાની રેલ,
શાહજીના માંડવા માંએ એવી એવી સેલ ભાઇ. ૨

શાહજીના માંડવામાં એવી એવી રીત,
દમસર મરવાની ઉઠી છે પ્રીત ભાઇ. ૩

અલંગ પલંગ છત્ર ઢોલીઓ ઢળાએ,
શાહા મારો ચડસે માહાજમ રાત ભાઇ. ૪

શાહા મારો ચડસે માહાજમ રાત,
પાંચે કરોડસું રાજા પંચલાજ સાથ ભાઇ. ૫

શાહા મારો ચડસે માહાજમ રાત,
સાતે કરોડસું રાજા હરીચંદ્ર સાથ ભાઇ. ૬

શાહા મારો ચડસે માહાજમ રાત,
નવ કરોડસું રાજા જુજેષ્ઠણ સાથ ભાઇ. ૭

શાહા મારો ચડસે માહાજમ રાત,
બારે કરોડસું પીર સદરદીન સાથ ભાઇ. ૮

શાહા મારો ચડસે માહાજમ રાત,
અણંત કરોડસું પીર કબીરદીન સાથ ભાઇ. ૯

શાહા મારો ચડસે માહાજમ રાત,
ખણંગ ત્રીધારો અલી લેસે હાથ ભાઇ. ૧૦

ખણંગ ત્રીધારો અલી લેસે હાથ,
મારી દાણવનું કાઢસે સાસ ભાઇ. ૧૧

આવો મારા મુમન ભાઇ અમીરસ પીઓ,
અમર ગઢ અમરાપુરી લીઓ ભાઇ. ૧૨

એવા એવા વાએક સાંભળે જેહ,
અમરાપુરીનો વાસી તેહ ભાઇ. ૧૩

ભણે પીર સદરદીન તમારો આધાર,
સાચા મોમનને દેજો બહેશ્ત દિદાર. ૧૪

# મહાન ઈસમાઈલી સંત
# પીર હસન કબીરદીન
# અને
# બીજા સત્તાધારી પીરો રચિત
# ગીનાનોનો સંગ્રહ

## ગીનાન - ૧૨૩

યા ખુદાવંદ અનંત કલપમેં આગે તુંહીજ હોતા,
તારો અંત તુહીંજ જાણેજી. ૧

યા ખુદાવંદ તારે જમીન નહોતી આસમાન નહોતા,
જે હોતા સો તુંહીજ જાણેજી. ૨

યા ખુદાવંદ તું આપે ઈલાહી તું આપે નીરીંજન,
તું આપોહી આપ પરીયાણજી. ૩

યા ખુદાવંદ અષ્ટ કરોડ બ્રહ્મા આગે તેં ઉપાયા,
તેણે તારો અંત ન જાણીયોજી. ૪

યા ખુદાવંદ આઠ લાખ કરણ પીરે તારી સીરેવા જો કીધી,
તારે તો પીરને મુખ દીખલાયાજી. ૫

યા ખુદાવંદ અનંત દેવ તારા મુખ માંહે પીરે દીઠા,
તારે અનંત રૂપી તુને પીરે કરી જાણીયાજી. ૬

યા ખુદાવંદ તારી કરણીનો પાર અલા તુહીજ જાણે,
એવો પીર મુખે નામ ભણાયાજી. ૭

યા ખુદાવંદ છત્રીસ જુગ ચોરાસી ચોકડીયે તે અહુંકારજ માંડીયો,
તારે તમને પીરે પીછાણીયાજી. ૮

યા ખુદાવંદ ચોરાસી આસને તારા દરશન સામું પીરં તપજ સાધીયો,
તારે તો પીરને પાસ તેડાવ્યાજી. ૯

યા ખુદાવંદ ચાર કલપ તુજ આગળ વેનતી કરીને પીરે અરદાસજ કીધી,
તારે તમે પીરના વચનજ માનીયાજી. ૧૦

યા ખુદાવંદ અનંત વેનતી કરીને પીરં અરદાસજ કીધી,
સામી મારા શેષ્ટી રચાવોજી. ૧૧

યા ખુદાવંદ પીરને વચને સાહેબે ચીંતજ દીધા,
તારે ફીણ થકી એક ઈંડ ઉપાયાજી ૧૨

યા ખુદાવંદ ઈંડ સેવીને ચઉદ ભ્રમંડ રચાયા,
જોડ જમીન એણી પેરે બાંધીયાજી. ૧૩
યા ખુદાવંદ જમીં સીરજીને ચાર ખાણીયું ઉપાયુ,
પવન પાણી પયદા કીધાજી. ૧૪
યા ખુદાવંદ આઠ લાખ પરબત ચાર લાખ મેઘ,
નવ લાખ તારાનું તેજ એવો સીતેજ ખાણ માંહેથી આવીયાજી. ૧૫
યા ખુદાવંદ ચંદ્ર સુરજ સાહેબે નુરે નીપાયા,
તેજ ધરીને કામજ ચલાયાજી. ૧૬
યા ખુદાવંદ બીજી જરેજ ખાણ માંહે જીવા જોડ ઉપાયા,
તેનું ભેદ કેણે નહી જાણીયાજી. ૧૭
યા ખુદાવંદ દશ માસ ઉંધે મુસ્તક જીવને ગીરભાથાનક દીધા,
તારે કોલ સાહેબજીને આલીયાજી. ૧૮
યા ખુદાવંદ કોલ આલીને જીવડો બહાર નીસરીયો,
તારે વસમું વા માયાનું લાગોજી. ૧૯
યા ખુદાવંદ માયા માંહે જીવડો લોભ સવારથે લોભાણું,
અને કોલ સાહેબજીના વીસારીયાજી. ૨૦
યા ખુદાવંદ કોલ વીસારીને જીવડો દોઝકે સધારીયા,
તેને આડો તે કોઇ નહી આવીયોજી. ૨૧
યા ખુદાવંદ ગીરભાવાસની જેણે જીવે વાચા સંભારી,
તે જીવ બહેશ્તે સધારીયાજી. ૨૨
યા ખુદાવંદ અનંત કારજ તેના એકઠાજ સીધા,
તે સાહેબના નુર માંહે નુર સમાણા. ૨૩
યા ખુદાવંદ તેતો નીતો નીત હરજીસું હાથે હાથ ખેલશે,
જે જીવ સતપંથ શીખે ચાલીયાજી. ૨૪
યા ખુદાવંદ પીરશાહનું દરશન તે જીવ પામીયા.
તે જીવ ચઉદ ભ્રમંડ માંહે શાહસું માણેયાજી. ૨૫

યા ખુદાવંદ તેને ગઢ અમરાપુરી માંહે ઉંચા સોવનના અવાસ,
માંહે સોહોસો કરણી સુરજ તોરણે બાંધેયાજી. ૨૬

યા ખુદાવંદ બીજી પદવીનુ કોઈ પાર ન લંભે,
જં અનંત ક્રોડ ફુંગરે કે સાસા. ૨૭

યા ખુદાવંદ સીત્તેર હજાર તે માંહે ઓરડા અવાસ,
માંહે તેત્રીસ ક્રોડ ચંદ્ર રણે બાંધીયાજી. ૨૮

યા ખુદાવંદ પાંચસો મલાયક તેરે આંગણે રાખશે,
તેતો અશ્વ ઝાલીને ઉભાજી. ૨૯

યા ખુદાવંદ માણક મોતી રતન હીરા,
ઓરડે અવાસ માંહે જડતરજ કીયાજી. ૩૦

યા ખુદાવંદ હુરૂ પચાસ તેને વાયકે ચાલશે,
તે જીવ અનંત રંગ રૂપ કરશેજી. ૩૧

યા ખુદાવંદ એક ઘડી માંહે તો અનંત રંગ રૂપ કરશે,
તેને સરવે પ્રેમ રસ દીધાજી. ૩૨

યા ખુદાવંદ પાંચસો કુંવર તેને આંગણે રમશે,
તે સોને દડીયે ખેલ કરશેજી. ૩૩

યા ખુદાવંદ પીરને વચને જેણે જીવે પંથ કમાવીયા,
તેને હરીયે હેત કરીને દીધાજી. ૩૪

યા ખુદાવંદ તેતો મન વાચા ફલ મોમન માણશે,
તેના કારજ સરવે સીધા સીધાજી. ૩૫

યા ખુદાવંદ સત મારગ છોડી જે ઉ મારગે ચાલે,
તે જીવ વહાણે ચડીને વીગુતાજી. ૩૬

યા ખુદાવંદ તે જીવ ઇંડેજ ખાણ માંહે અવતાર ધરશે,
જનમ ફેરા જીવડે હાથેસું માગીને લીધાજી. ૩૭

યા ખુદાવંદ નવ કુળ નાગના ગોડ રચશે,
હરીયે તે માંહે અવતારજ દીધાજી. ૩૮

યા ખુદાવંદ વસમું અવતાર તે જેના હાથ ન પગ,
તેને હરીયે આવરદા અદકીજ દીધીજી. ૩૯
યા ખુદાવંદ ઇંડેજ ખાણ માંહે એવા છે દુઃખ,
તે જીવડે હાથેસું માગીને લીધાજી. ૪૦
યા ખુદાવંદ દશોંદ દેતા જેણે જીવ ખંડત કીધી,
તે જીવ હર પદવીથી ભુલાજી. ૪૧
યા ખુદાવંદ હરીને નામેથી બહેશ્તજ પાઇયે,
તે જીવડે હેત કરી હરી નામ ન લીધાજી. ૪૨
યા ખુદાવંદ તેતો સુરેગ ખાણ માંહે અવતાર ધરશે,
જનમો જનમના ફેરા માંગીને લીધાજી. ૪૩
યા ખુદાવંદ અઢાર ભાર વનસ્પતી માંહે તેતો અવતારજ ધરશે.
તેને ઉંધે મુસ્તક સાહેબે કીધાજી. ૪૪
યા ખુદાવંદ બારે માસ તેને વસમી છે વેળા,
તેની દેહી ઉપર ઠંડ ને ધુપ જલશેજી. ૪૫
યા ખુદાવંદ એકવીસ લાખ માંહે અવતારજ ધરશે,
જનમો જનમના ફેરા માગીને લીધાજી. ૪૬
જીરેભાઇ સુરેખ ખાણના ભાઇ એવા છે દુઃખ,
તે જીવડે હાથે માગીને લીધાજી. ૪૭
યા ખુદાવંદ સીલ સંતોકે જે જીવ હરીને આરાધે,
તે જીવ અનંત ફેરાથી છુટાંજી. ૪૮
યા ખુદાવંદ તે જીવ પીર શાહને પાસે જઇ બેસશે,
તેને સીર ઉપર છત્ર ધરશેજી. ૪૯
યા ખુદાવંદ એસો ગીનાન પીર ભણે હસન કબીરદીન,
તે મોમનના કારજ સરવે સીધાજી. ૫૦
યા ખુદાવંદ ગીનાન વીચારો મારા મુનીવર ભાઇ,
અમે અમીને કંચોલે સાહેબ લાધાજી. ૫૧

## ગીનાન - ૧૨૪

એજી અલ્લાહ એક ખસમ સબુકા, દુનિયા ઉસકી સારી
અવીચલ નામ ખુદાવંદ ભણીયે, ઓર સબ મીટીયા કેરીબાજી..વરાણી
ઈલ્લાહી ભેદ તંતવ નામ લીજે, આપણે જીવડેકી ચીંતા રે મોમનભાઈ કીજે,
આપણે જીવડેકું દોઝખ ન દીજે; ઈલ્લાહી ભેદ તંતવ નામ લીજે. ૧

એજી નબી મહમદ બુજો ભાઈ, તો તમે પામો ઈમામ;
મુશરક મન તો કાફર કહીયે, મોમન દીલ ફરમાન ઈલ્લાહી. ૨

એજી લોહ કલમ નીત ઉઠ દેખ્યા, તો એકકું રદજ કીયા;
ફોમે મુકર દાવે પડીયા, સો લેખા રદજ કીયા-ઈલ્લાહી. ૩

એજી જુમલે ફીરશ્તે સુજીદા કીયા, આદમ સુજીદા લીયા;
અજાજીલ ફરમાન ન માન્યા, સો લેખા રદજ કીયા-ઈલ્લાહી. ૪

એજી અઢાર લાખ બરસકી ઉમરો, ઉસકું ખાલક દીયા;
અનંત એલમ ને અનંત દોલત, સો લેખા રદજ કીયા-ઈલ્લાહી. ૫

એજી અજાજીલ ફીરશ્તા બુજરગ કહીયે, અને બુધીવંત કહીયે તેસા;
છત્રીસ કરોડ કીતાબા પડીયા, પણ ભીતર ભેદ ન પાયા-ઈલ્લાહી. ૬

એજી હીંદુકે ઘર બેટા આયા, હુવા મુસલમાન;
પહેલા નામ ઈબ્રાહીમ ભણાયા, દીન હુવા રેહેમાન-ઈલ્લાહી. ૭

એજી આધા ગંદુમ બહોત અમરત, આદમ ખાયા એતા;
કનીક દાના આદમ ખાયા, તીસે નાંખ્યા બહેશ્તથી હેઠ-ઈલ્લાહી. ૮

એજી ઉસ ભેદથી અંદેસા કીયા, નબી મહમદ ચેત્યા,
એક મણ ને શેર અઢાઇ, ત્રેસઠ ખાયા એતા-ઈલ્લાહી. ૯

એજી સગ પોશકી મીસક બનાઇ, ઉસમાંહે ભરીયે ઝમઝમ કુવેકા પાની;
કુત્તા કબહી પાક ન હોવે, જો ધોવે સો પાની-ઈલ્લાહી. ૧૦

એજી પાક પાની ફરમાને હુવા, સરોવર નદીયા જાણી;
બેફરમાની પાક ન હોવે, જો ધોવે સો પાની-ઈલ્લાહી. ૧૧

એજી ભણે સુણે ને બુજે એસા, ભેદ ન જાણે તેસા;
વણ કલમે જો નીમાઝ ગુજારે, સીર બીના ધડ કેસા-ઈલ્લાહી. ૧૨

એજી કલમા કુંચી મીંદર તેરા, પેઠ ન સગે અનેરા,
કલમે બીના મોક્ષ ન હોવે, સો કલમા કુંચી તેરા-ઈલ્લાહી. ૧૩

એજી શાહ અલી ઝુલફીકારે દુનિયા સમજાયા, એલમ જે ન પતીઅણા;
સવા લાખ જબ રાજા માર્યા, મહમદ કલમા કીયા-ઈલ્લાહી. ૧૪

એજી ગાફલ થા તાકું મુનીવર કીયા, હાઝર શાહ દીખલાયા;
શાહ દેખી જે દાવે પડીયા, સો નિશ્ચે દોઝખે સધારીયા-ઈલ્લાહી. ૧૫

એજી બ્રહ્મા વિષ્ણું મહેશર ભણીયે, કલ માંહે વિષ્ણું ઈમામ;
જે જીવ ફરમાને ચાલીયા, સો પહોતા બહેશ્ત મકાન-ઈલ્લાહી. ૧૬

એજી આલ અલી ઈસ્લામ શાહ રાજા, અલ્લાહ એહી ઈમામ;
પીર ભણે સદરદીન કહેત કબીરદીન, મેરે મોમનકું બહેશ્ત
મકાન-ઈલ્લાહી. ૧૭

## ગીનાન - ૧૨૫

એજી આદમ આદ નીરીંજન, નિર્ગુણ આપે અરૂપ;
અસલ અમારા સામી તમે, જુદા પડીયા થઇ રૂપ....
મહેર કરો મોરા સાંહીયા, અબળા શરણ તમારી. ૧

એજી અનંત જુગ અમને વહી ગયા, રૂપ ધરતા આવીયા;
વેનતી કરતા અમને ભવ થયા, સામી તમે જોડ જોડાવો. મહેર...૨

એજી સુનકાલ માંહે સામી અનંત ચલત્ર કીધા, નીરીંજન રૂપે રમીયા;
જુના જોગી વીલંબ શું કરો, રહેશો કેટલું ક સામી. મહેર...૩

એજી સોળ થડ માંહે સામી રમત કરી, તેના શું કરું વખાણ;
તે દિનની વીનતી અમ તણી, સામી તમે ધરજો કાન. મહેર...૪

એજી ધુંધુકાર માંહે નીરીંજન રૂપે, સામી તમે ધ્યાનજ ધરીયા;
જેણે જુમલે તમને જાણીયા, તે મુનીવરને તમે વરીયા. મહેર...૫

એજી કલપ માંહે કરોડીયું તારીયું, અલખ આપે લખાયા;
જખ, મેઘ, કીનર, તેત્રીસ, સુધા કરી તમને ધીયાયા. મહેર...૬

એજી જુગા જુગની હું આશવંતી છું, નીકાહ કીધી નાંય;
હવે અમે થયા ભર જોબનમાં, લજા રાખો ત્રીભોવર રાય. મહેર...૭

એજી હેલ ભરી સામી અમે આવીયા, સામી અમારી હેલ ઉતારો;
રખે પાછી હેલ ફેરવો, બક્ષો દોશ હમારા. મહેર...૮

એજી છેડો નાંખીને સામી ઢાંકજો, અવગુણ અમ તણા આય;
અમે તો અબળા આધીન છું, લજા તમારી હો રાય મહેર...૯

એજી સામી હું આશવંતી અનંત જુગ તણી સુણો હો ત્રીભોવર રાય;
ભર જોબન મારો આવીયો, હવે અમે રહેસું લજાઇ.મહેર..૧૦

એજી ચાર જુગમાં અનંત રૂપે હું ફરી, નીકા તોય ન થાય;
નીકા પડો મારા નાથજી, મહેર કરો જદુરાય મહેર..૧૧

એજી સામી અમે એકલી કેટલીક રહું, દીન દુહાગ માંહે જાય;
દુહાગ ટળીને સામી સુહાગ કરો, લજા રાખો ચઉદ ભમંડના રાય. ...મહેર ૧૨

એજી માત તાત બેની બંધવા, નથી રાખતી કોય;
શરણ તમારે આવી હું રહી, લજા તમારી હો રાય. ...મહેર ૧૩

એજી સામી લાજ અમારી જો જાયશે, તો ખોટ બેસશે તમને.
જારે મીજલસ મેલાવો કરશો, તારે અરૂખડી મ કરશો અમને. ...મહેર ૧૪

એજી તારે અમે ત્યાં પોકારશું, જારે તખતે બેસશો હો રાજ,
આદ ઉણયાદથી કર ઝાલીયા, તે કેમ મેલો આજ. ...મહેર. ૧૫

એજી સામી અવગુણ અમતણા મ જુઓ, અમે છીએ ગુનેહંગાર,
છેડો નાંખીને સામી ઢાંકજો, હું છઉં બાળ કુંવાર. ...મહેર. ૧૬

એજી સામી મા બાપ અમને જનમીયા, સોંપીયા તમારે શરણ;
હવે હાથ ઝાલ્યાની લજા આણજો, તારો તમે તારણહાર. ...મહેર. ૧૭

એજી સામીજી નારીયું તમારી અતી ઘણી, મુજ સરીખી લાખો લાખ;
તમે છો અલખ નીરીંજન, અમે છીએ ધુળી ખાક. ...મહેર. ૧૮

એજી સામી હાથ ઝાલ્યાની લાજ આણજો, અલખ લખાવો તમે પ્રેમનો પાર,
પ્રીત કરીને અમને પરણજો, અમે છીએ ગુનેહગાર. ...મહેર. ૧૯

એજી ભર જોબન મારું આવીયું, સામી એકલા નહીં રહેવાય,
બહાર જવાનો એબ છે, નીકાહ કરી પરણો હો રાય. ...મહેર. ૨૦

એજી જાન લઈને સામી આવજો, વાર મ કરશો લગાર,
મહેર કરીને સામી આવજો, હું છઉ તમારી નાર. ...મહેર. ૨૧

એજી સામી તમારે નામે તો હું ચડી, ચડીતે ચોકબજાર;
જ્યાં કલપ જુગનાં જીવ મળશે, કરોડા કરોડ અપાર. ...મહેર. ૨૨

એજી અનંત જીવ જુગના મળશે, તેમાં તમે આવજો આપ,
ઢુંઢતા ઢુંઢતા સામી આવજો, અબળા નારીની પાસ. ...મહેર. ૨૩

એજી ચાલી ચાલી હું થાકી રહી, સામી હવે નહીંરે ચલાય,
અવગુણ અમારા સામી તમે મ જુઓ, સામી હવે નહીં રે રહેવાય. ...મહેર. ૨૪

સામી જલ વીના મછલી જેમ તડફડે, તેમ નર વીનાની નાર,
પરણવાનો સામાન સામી લાવજો, વાર મ કરજો લગાર. ...મહેર.૨૫

એજી સામી પુરણ પરી બ્રહ્મ તમે અલખ રૂપી, જુગતી શું વખાણું તમારી;
તેજ સરૂપી સુંદરી, કરોડા કરોડજ નારી. ...મહેર. ૨૬

એજી સામી એવી નારીયું તમારી અરશનીયું, બહુ છે રૂપ અપાર,
અમે તો અરૂખડી અરૂપડી, તેની લાજ રાખજો ભરથાર. ...મહેર. ૨૭

એજી સામી તમારે ચરણે ચીત ચોંટી રહ્યું, બીજા કેનેરે વળગું ?
બીરદ અમારો છે સામી તમે વરો, ક્ષણ મ કરજોરે અળગું. ...મહેર. ૨૮

એજી સામી લાજ અમારી તમે રાખજો, બીજે હાથે કેમરે જવાય;
તમારા નામનો નાળીયેર આવીયો, બીજો કેમ જોવાય. ...મહેર. ૨૯

એજી આધીન થઇને હું વીંનતી કરૂં, સામી તમે સાંભળજો કરણ;
કાંઇક આધીન પણે બક્ષજો, સામી તમે આશરણના શરણ. ...મહેર. ૩૦

એજી સામી અબળા તે આતુર અતી ઘણી, નઇણે ઝરે છે નીર;
તમ નરને નારીયું ઘણીયું, મારી જાણોને પીડ. ...મહેર. ૩૧

એજી સામી કહી કહી હું કેટલું કહું, સામી તમે છો રંગી રાય;
મહેર કરીને સામી મુને મળજો, તો મારી રહેશે લજાય. ...મહેર. ૩૨

એજી અવગુણ અમારા તમે મનમાં મ ધરો, હું છઉ અબળા આધીન નાર;
જોબન વંતી હું થઇ, હું છઉ બાળ કુંવર. ...મહેર. ૩૩

એજી અંબર આભુશણ જે જોઇએ, તે સામી સરવે હું લાવું;
એતો અમારો સામી અમને મળે, તો શણગાર શોભતી હું આવું ...મહેર. ૩૪

એજી સામી હું આદ ઉણીયાદથી વીનવું, જપું સાસ ઉસાસ.
રોમે રોમે સામી તમે રમી રહ્યા, તો પાપ અમારા સરવે થાય નાશ. ...મહેર. ૩૫

એજી સામી તમારા નામને પરતાપે કરી, જાઉં સરગજ માંહે;
ત્યાં કેટલાક ચોર આડા બેઠા, તે તમારા નામથી અળગા થાય. ...મહેર. ૩૬

એજી સામી અતી દુઃખ છે સરગની વાટમાં, તે તમારા નામથી
દુઃખ દુરજ થાય;
સતગુર સાહેબ તો એક છે, તે નામ ભેદથી ઓળખાય. ...મહેર. ૩૭

એજી સામી તમારા નામને પરતાપે કરી, મહા સમુદ્ર દેવે માર્ગ;
આવો કંથ કીરપા કરો, લાગું તમારે પાય. ...મહેર. ૩૮
એજી સામી ગદગદ કંઠે તમને વીનવું, હું વિરેહવંતી મનમાંહે;
વેલા થઈને સામી આવજો, મારો ભરજોબન રહ્યો નવ જાય. ...મહેર. ૩૯
એજી સામી કલજુગની નજરૂં ઉંધીયું, તે કરડી નજરે જોય;
કદાચ સામી અમ માંહે ભુલ પડે, તો દોય તડ ફરવું હોય. ...મહેર. ૪૦
એજી મહેર કરો મોરા જોગીયા, લેજો અમને ઉગાર;
કુડ કપટે કલજુગ ભરીયો, તેમાં વેલા કરજો અમારી સાર. ...મહેર. ૪૧
એજી સામી મા બાપ સરવે રાજી છે, તમારા પરણવા માંહે;
વ્હેલા આવીને સામી પરણજો, રખે વારજ થાય. ...મહેર. ૪૨
એજી સામી ભરજોબન મારૂં પાકીયું, બહાર નીકળતાં લાજજ થાય;
અજ્ઞાનની આંચ કલમાંહે ઘણી, સામી રખે વણસી જાય. ...મહેર. ૪૩
એજી ચોરી બાંધીને સામી પરણજો, સરવે સંસાર માંહે;
જાહેર થઈને સામી શાદી કરો, તો અમને સોહાગજ થાય. ...મહેર. ૪૪
એજી સોહાગ સામી મારા આપજો, જે અનંતથી ઉઠાય;
ઉણા પુરા જે આશવંતા, સામી સરવે પાર લંગાય. ...મહેર. ૪૫
એજી નીંદાને જે કોઇ ઓચરે, તે ગુરનરથી રહેશે દુર;
તેને શેતાન ચોફેરથી ફરી વળે, તેને ગીનાન નહીં સુજેરે સુર. ...મહેર. ૪૬
એજી એલમ વીના જે વાત છે, તે હઇડો કુટીને જાય;
એવા જીવ અમથી અળગા રાખજો, તો અમને સોહાગજ હોય. ...મહેર. ૪૭
એજી સાંભળો રીખીસર કરણી કરો, તો દેવને મન ભાવો;
સુક્રીતે શબ્દે ઓળખો, તો આપે અરપીને આવો. ...મહેર. ૪૮
એજી સત શબ્દે, સત શાસ્ત્રે ચાલજો, તો સતગુરુ સંગત થાય;
સતગુર ને રદેહ રાખો મુનીવરો, તો પ્રેમજ પાઓ. ...મહેર. ૪૯
એજી પીર હસન કબીરદીન નારી થઈને વિનવે, શ્રીવર સામીને વળગું;
આજ કલજુગ માંહે જો ગુર નરને ઓળખો, તો કદી નહીં થાશે અળગું.
...મહેર. ૫૦

## ગીનાન - ૧૨૬

એજી આશ તમારી મૌલા કાયમ શાહજી,
સાહેબ ચીંતા કીજે યા શાહ;
સબ ગતીયે શાહકે ખડેરે ઉમાયો,
શાહ રાજ મોમન ઘર દેજો. ૧

એજી આજ કલ દશમે શાહ તમે વર દાતા,
મૌલા મારા જુના તે વચન સંભારો યા શાહ;
વીશવને વર દીયો કાયમ મૌલા શાહ મોમનના જીવ સુધારો. ૨

એજી તું મોરે મન વશે શાહ ત્રીભોવર સામી,
સામી મારા ગીનાન અખર સુધ પાઇયે યા શાહ;
માણક મોતી લાલ ઝવેર, ચુન ચુન કનક લગાઇયે. ૩

એજી કરૂં સીરેવા તમારી શ્રી હો કાયમ સામી,
તો મને સરવે બુધ આવે યા શાહ;
સોહી વચન મારા મુખ માંહેથી કાઢો, જો સાહેબ તુજ ભાવે. ૪

એજી ભલી બતાવો યા શાહ બુરી તજાવો,
હર દોય હાથ તમારે યા શાહ;
તેરે તરફકો કરમ હંમેશાં, પાપ દોશ હમેરા. ૫

એજી અતી આધીન થઇને એમજ માગું,
સામી મારા વેનતી સુણીને ચીંત દેજો યા શાહ;
તુજ ભાવે સોહી કામ કરાવો, મુજ સીર દોષ મ દેજો. ૬

એજી કૃપા કરીને દુઃખ દારીદ્ર ટાળો,
સામી મારા માહાવ મુકુંદ મુરારી યા શાહ;
તુજ ત્રુઠે નવ નંદજ પામું, જો હોવે નજર તમારી. ૭

એજી આશ કરીને યા અલી હું તેરે દર ઊભી,
કર જોડીને એમ માગું યા શાહ;
દેજો દીદાર તુસી મહાવર દાતાર, હમ તેરે ચરણે લાગું. ૮

એજી પીર હસન કબીરદીન સેવક એમ વીનવે,
સામી મારા હમ તેરે શરણ મુરારી યા શાહ;
હી જુગ કુડ કપટ છલ ભરીયો, સતસેંથી પાર ઉતારો. ૯

એજી આશ પુની હમ શાહ દર આયા,
રયણ બીની મોરે શાહ જગાયા;
શાહ જગાયા શાહકા નામજ લીણા...
બી શાહીયા હેત પાયે રંગ લાગો,
બી શાહીયા પીર પાયે રંગ લાગો;
બી સાહેબ તો સેથી મન બાંધો, મોરો દીલ બાંધોજી. ૧

એજી લંગડીરે પ્રીત, હમ નેહ ન છોડું,
ધર સીર કરવત અંગ ન મોડું;
જો જીવ જાવે શાહકા નામ ન છોડું... ......... બી સાહીયાં. ૨

એજી મરણાં બી મરણાં, યારા સબ કોઇ જાણે,
ચીંત ન ચેતે ને આપ વખાણે;
વણારે ચેતે જીનત હુરાં કીયા થકી પાવે... .... બી સાહીયાં. ૩

એજી શાહજી હમારો અલી વર દાતા,
આન મીલો શાહ તું આપ વસીલો;
શાહજી દેખે શાહકું કોઇ કોઇ દેખે... ........... બી સાહીયાં. ૪

એજી સાહેબ હમારો કીસીચે નવ જેહી,
વર દીનું શાહ દેહ પદેહી;
આશ પુની હમને લાધા છે તેહી... ............ બી સાહીયાં. ૫

એજી પીર સદરદીન યારા પડેરે કુરાના,
બાહર જાવે તાકું અંદર લાના;
શાહને સુજાણો, આપણા પીરને પીછાણો... બી સાહીયાં. ૬

એજી આલ પીર શમસ ફરજંદ સદરદીન,
એ ફાલ બોલ્યા ગુર પીર હસન કબીરદીન... બી સાહીયાં. ૭

## ગીનાન - ૧૨૮

ઓહંગ નમો ગુર શબ્દ હય, આદ અંતકો વેશ;
દંડવત ચીતસે કરૂં, મુખસે કહું આદેસ હો પીરા. ૧

આદેસ આદેસ તો આગુ હોતા, જબ હોતા ફરશીરામ;
દુઆપુરસે વહેવાર ગયા, અબ કહો પુરા સલામ હો જોગી. ૨

આયા ન છોડું, મેં લેને ન જાઉં;
કહે મેરા અબધુત, મેરા નાઓ હો પીરા. ૩

આયા બી છોડો, સત લેને બી જાઓ;
કહે મેરા સતગુર, મેં વીચાર કરી ખાઓરે જોગી. ૪

છોતી કહે મેં જુગતકી રાણી, છોતીકી છોત ઉતારે પાણી;
પાણીકી છોત ઉતારે પવન, પણ જીવકી છોત ઉતારે કોણ હો પીરા. ૫

કાયા કુંપલી મન કસતુરી અને ગીનાન જીવકી જ્યોતી;
જીસ ઘટમેં અલી નબી વશે, તીસે ક્યું કર લાગે છોતી હો જોગી. ૬

કોણસો પીંડત કોણસો પીંડ, તમ કીસ સીરકે ઈંડ,
ક્યાં મીલી નીવાલા ખાઓ, કીસ કરણીયે અમરાપુરી જાવોરે હો પીરા. ૭

મંનવા હમારા પીંડત કહીયે, કાયા હમારી પીંડ;
હમ શ્રી ઈસ્લામશાહ કે ઈંડ, ગતમાં મીલી વીચારી ખાય;
ઈસ કરણીયે અમરાપુરી જાયરે હો જોગી. ૮

કોણ તમારી જનોઈ કહીયે, કોણ તમારી ધોતી;
કોણ તમારા શબ્દ કહીયે, કોણ તમારી પોથી હો પીરા. ૯

અગમ હમારી જનોઇ કહીયેં, નીગમ હમારી ધોતી;
અખંડ હમારા શબ્દ કહીયે, કાયા હમારી પોથી રે હો જોગી. ૧૦

કોણસો નગર કોણસો થાન, કોણ લોક વસે પરધાન;
કોણ રાજા કોણ મેતા, કહો કહો ઈસ નગરીકી વાચા હો પીરા. ૧૧

કાયા નગરી નવસર થાન, માંહે પાંચ લોક વસે પરધાન;
હંસ રાજા પવન મેતા, લીયો લીયો ઈસ નગરીકી વાચા હો જોગી. ૧૨

કોણ જાગે કોણ સોવે, કોણ દોદીશ ધાવે;
પંચાણ કેરા કોણ ગુરૂ, સો કોણ મારગ લાવે હો પીરા. ૧૩

હંસ જાગે પીંડ સોવે, માયા દોદીશ ધાવે;
પંચાણકા ગીનાંન ગુરૂ, સો ગીનાન મારગ લાવે હો જોગી. ૧૪

ચાર જુગકા કોણ તીરથ, અને કોણ તીરથ મોમના;
ચલતી નદી તો કોણ તીરથ, કોણ તીરથ ખટ દરશનારે હો પીરા. ૧૫

ચાર જુગકા મમ તીરથ, ગીનાન તીરથ મોમના;
ચલતી નદી અંદર તીરથ, સતપંથ તીરથ ખટ દરશના હો જોગી. ૧૬

કેતા બરસ મેઘ જલ બરસે, કઉ ગગન અંતર તારે;
છત્રીસ બરસની મેઘ જલ બરસે, દોય ગગન અંતર તારે. ૧૭

મન પર બોધીલે સાધુ અલકુલ તારના, આગુ આગુ હોતે પરે પરે હોતે;
જ્યારે સાધ નહીં, શબ્દ નહીં, અહુંકાર નહીં, ધંધુકાર
કહે પીર હસન કબીરદીન રે જોગી. ૧૮

## ગીનાન - ૧૨૯

એજી અંતકાળ વેળા વાપરીરે, તમે ચેતો મોમન ભાઈજી. ૧

એજી સતગુર શ્રેવો તમે સતપંથ ધીયાવો, ને કરી લીયો કમાઈજી. ૨

એજી શાહના દીદાર જેને ભેટીયા, તેને ગઢ અમરાપુરી વાસજી. ૩

એજી અમરાપુરીનો મારગ છે દોહેલો, તમે કેમ ઉતરશો પેલે પારજી. ૪

એજી મોરે થઈને લેશું આપણા પીરને, અમે એમ ઉતરશું પેલે પારજી. ૫

એજી બંદો તમારો સામી બહુ ગુન્હેગાર છે, તમે છો બક્ષણહારજી. ૬

એજી પીર હસન કબીરદીન આવીયા, સામી ઉઘાડોને કમાડજી. ૭

## ગીનાન - ૧૩૦

એજી ઉંચારે કોટ બહુ વેચના, નીચે વહે દરીયાવ,
હુંરે દરીયાવંદી માછલી, સાંહીયા તારણ આવ...
હુંરે દરશન બીના બાવરી, બાલમ ઘરે આવ સાજન ઘરે આવ;
બંદો ભુલીયો તારી બંદગી, સાંહીયા સુરત બતાવ.. હુંરે. ૧

એજી અગર ચંદનની કોટડી, સુફળ રચીયા કમાડરે;
તાળાં દીધાં છે પ્રેમનાં, સાંહીયા ખોલણ આવ... હુંરે. ૨

એજી પીંજર પડયો પરીવારનો, કોઈ બુજત જન;
મેરે તનકી વેદના, સાંહીયા તપત બુજાવ...હુંરે ૩

એજી ઈતના કોપ ન કીજીયે, સાંહીયા દીજે દીદાર;
પીર હસનશાહની વીનતી, સાંહીયા તારણ આવ...હુંરે. ૪

## ગીનાન - ૧૩૧

એક કલપત જલપત માયા એ મોહી,
સો રખે જીવ દોઝકે જાય હો સામીજી-(વરાણી)
સો અલા ગુણ તેરે પીયા ગુણ તેરે,
સાહેબ ગુણ તેરે આશા અવગુણ બહોત હમેરાજી;
સબ ગુને બંદેકે ફઝલ કરો મોરા સાહેબ.. ૧

એજી નીસી જલ હોવેતો કુછ કાર ન આવે,
પીરૂને ફરમાયા બંદા સોહી કમાવે-સો અલા ગુણ તેરે. ૨

એજી હકસું હકીકત બંદા જીનેરે કમાઇ,
તીન દીલ ભીતર બંદે હુઇ રોશનાઇ-સો અલા ગુણ તેરે. ૩

એજી પીર સદરદીનકું જીકર ઇલાહી.
ગુફ્તે પીર હસન કબીરદીનકુ પનાહ ખુદાઇ-સો અલા ગુણ તેરે. ૪

## ગીનાન - ૧૩૨

એજી કુટુંબ પરીવાર સજના, મેં સબકું છોડીયારે,
દિલ બાંધ્યા મેરે સાંહીસું, મન તમસું જોડીયા રે...

શ્રી નબી કહે સાંહીયા, ટુક દુર મત જાઇયોરે;
જબ આવેગી વેદના, તબ તુમ દેખન આઇયો. ૧

સુલી ઉપર સાથરો, મોહે નીંદ ન આવેરે;
પાનડે પાનડે પીયુજી, મારો જીવ ખીલાવેરે-શ્રી. ૨

હમતમ મીલી ગલેમેં, એક બાવરી ભઇયારે;
પીર હસનશાહકી વેનતી, તમ સુનીયો સાંહીયારે;
શ્રી નબીકે સાંહીયા-ટુક દુર. ૩

એજી ખડીયા પડીયા લેટીયા બેઠીયા મેંદ ભાઇવે,
હરદમ સામી રાજને સંભારીયે .....૧

એજી જરમે ભલમેં મેદે ભાઇવે,
ઘટ પદ સામી રાજને સંભારીયે. ....૨

એજી દેશથી પરદેશ આવ્યા મેંદ ભાઇ વે,
પરદેશી દેશ સધારશો. ....૩

એજી કીયા લઇ આવ્યા ઇસ દુનિયાધે વીચ મેદે ભાઇ વે,
તુસા જઇ તો કીયા લઇ જાયસી. .....૪

એજી ઘુમના ફીરના ઇસ દુનિયાધે વીચ મેદે ભાઇ વે;
ફીર એસા લતુ ન પાયસો. .....૫

એજી અજબ અજાયબ રાહ લઇ આયેયા ઇસ દુનિયાધે વીચ
મેદે ભાઇવે, તુસા રાધેધા ફલ પાયસી. .....૬

એજી અકાઅંબા દ્રાખા રૂહીયા મેદે ભાઇવે,
તુસા સવાદ ફલેધા પાયસી. .....૭

એજી તોબા સારી બંદેનું લોણીયે મેદે ભાઇ વે,
કાયા કાચી કામ ન આયસી .....૮

એજી હથ વીચ કામ મુખ વીચ સામી રાજને સંભારીયે મેંદે ભાઇવે,
માંગ ફજલ બાના ફલ પાયસી. .....૯

એજી ગોફતે પીર હસન કબીરદીન મેંદે ભાઇવે,
યા શાહ ભુલણાકું મારગ લંગાયસી. ...૧૦

## ગીનાન - ૧૩૪

એજી દુર દેશથી આયો વણઝારો,
શાહ મીલ સોદા કીજીયેજી. ......૧
એજી સુતે બેઠે ભાઇ રાહ ચલંતેજી,
નામ સાહેબજીકો લીજીયેજી. ......૨
એજી જો ઘર હોવે ભાઇ વસ્ત પીયારી,
સો નામ સાહેબજી કે દીજીયેજી. ......૩
એજી એક કણ નામ સાહેબજીકે દીજેજી,
તો પલત્ર સવા લાખ લીજીયેજી. ......૪
એજી અંધલેકું ચંદર યારા નજર ન આવેજી,
કહેણાં સોહી ન પતીજીયેજી. ......૫
એજી દીઠડા દોશ ભાઇ કીસકું ન દીજે,
તો અણદીઠા કીયું કર દીજીયેજી. ......૬
એજી પરનીંદા ભાઇ જગત ખુવારીજી,
સીર પાઉં નરગે પડીજીયેજી. ......૭
એજી માણક લઇને વણજારો આયોજી,
માણક તીસ ચુણી લીજીયેજી. ......૮
એજી માણેક છોડી જે કંચ વણજન,
તીન સાણ વણજ ન કીજીયેજી. ......૯
એજી જીસ હટીમેં ભાઇ વખર થોડા,
તીન સાણ વણજ ન કીજીયેજી. ...૧૦
એજી આછી આછી કરણી કમાવો મેરે ભાઇ,
તો અગન ન બાળે, પવન ન ડોલે, પાણી ન બોળે,
રાજા બી દંડ ન દીજીયેજી. ...૧૧
એજી ખોલી ભંડારં મારો સામી રાજો બેઠા,
ઉંચ નીચકા શબ્દ સુણીજીયેજી. ...૧૨
એજી લઇ તરાજુ મારો સાહેબ રાજો બેઠાં,
લાવો તો મુલ કરી લીજીયેજી. ...૧૩
એજી એ ગીનાન મહારસ પીર ગોફતે હસનશાહ,
સામી રાજો સીદક પતીજીયેજી. ...૧૪

## ગીનાન - ૧૩૫ (રચનાર પીર તાજદીન)

જીરેભાઇ દેહી ગુરકે વાચા હેજે થીર ન રહેણાં,
તીન સાણ કહેણા ન કીજે હો જીરેભાઇ. ૧

ગીનાને ન રીઝન ગુરજે વાયકે ન પુરા,
કીયા કરણા ઉસકા જીયા હો જીરેભાઇ. ૨

વરણ છત્રીસ સુર બયેતાલીસ ભાખીયા,
બેરા કાને ન સુણન હો જીરેભાઇ. ૩

અંધલેકી નજર યારા ચંદર ન આવે,
કહેણા તોએ ન પતીજે હો જીરેભાઇ. ૪

નીશ અંધારી ગુર ચાંદરૂડે હુઅડા,
જોત આહે ગુર દીવો હો જીરેભાઇ. ૫

હીણી વીખડી શું વણજ ન કીજે,
કીયા લીજે ને કીયા દીજે હો જીરેભાઇ. ૬

માણક છોડી વીંની કંચ વણજણ,
તીન સાણ વણજ ન કીજે હો જીરેભાઇ. ૭

માણક પરખી હેજે માણક વણજણ,
કંચ છોડી માણક લીજે હો જીરેભાઇ. ૮

ઘરસર વધાયું મઉલા તખતેજ બયઠા,
વારે કેરો પુરખ શ્રેવો હો જીરેભાઇ. ૯

પુરખ પાછમે મઉલા તખતે બયઠા,
વારે કેરો મરદ શ્રેવો હો જીરેભાઇ. ૧૦

બોલીયા પીર તાઝદીન શાહખે ઉમાયો,
ફલ સચા યારા મોમન લેશે હો જીરેભાઇ. ૧૧

## ગીનાન - ૧૩૬

એજી ધરમ લાધો લાખેણે ફુલડે,
તે તો રહેશે રહેશે કેટલી વાર ...રે હો મોમન ભાઇ;
એજી વેળા પોતીને ફુલડા વણસશે,
તેને પહોંચાડો જઇ દેવને દુવાર ...રે હો મોમન ભાઇ;
રીખીસર મહાવૃત તમે આદર્યો,
તમે કાંઇ ન જાણીયો સતપંથનો ભેદ ...રે હો મોમન ભાઇ; ૧

એજી તુંબા જારીરે જેની જાજરી,
તે તો કેમ કરી ઉતરશે પાર ...રે હો મોમન ભાઇ;
એજી સાચે તુંબે મુનીવર તરી ગયા, તે તો જઇ પોતા દેવને દુવારે.
...રે હો મોમન ભાઇ, રીખીસર. ૨

એજી કાયમ રાજો મેલાવશે કાયાના જુપડા,
તેના ઉચાળા ભરાવશે તતકાળ ...રે હો મોમન ભાઇ; રીખીસર. ૩

એજી નદી કીનારે જે રૂખડા,
તે તો રહેશે રહેશે કેટલી વાર. ...રે હો મોમન ભાઇ;
એજી પવન હીંચડે ઢળી પડે,
તેની જાશે મુળ ને ડાળ ...રે હો મોમન ભાઇ; રીખીસર. ૪

એજી સતને કારણે રાજા નળ ને રાણી દમયંતી,
તે તો રાજ મેલી ચાલ્યા વન ...રે હો મોમન ભાઇ;
એજી વઝીરે રાજાને બોલાવીયો, એ રાજા તમે કેમ છોડો છો રાજ
...રે હો મોમન ભાઇ; રીખીસર. ૫

એજી વળતા તે રાજા એમ બોલીયા,
મારે રાજસું નહી કાજ ...રે હો મોમન ભાઇ;
એજી રાજ તજીને રાજા ચાલ્યા, જેમ સીતાને વીછોડી શ્રી રામ,
...રે હો મોમન ભાઇ; રીખીસર. ૬

એજી સતને કારણે રાજા હરીચંદ્ર,
તેણે નીચ ઘર ભરીયા નીર ...રે હો મોમન ભાઈ;
એજી સતને કારણે તારા સતી લોચના, તે તો વેચાણા જઈ
બ્રાહ્મણને ઘેર ...રે હો મોમન ભાઈ; રીખીસર. ૭

એજી સાત વરસનો કુંવર રોહીદાસ,
તે તો ફુલડા વીણવાને જાય ...રે મોમન ભાઈ;
એજી વીશ્વામીત્ર સરપ થઈને આવ્યો, તે તો ડંસીયો કુંવર
રોહીદાસ ...રે હો મોમન ભાઈ, રીખીસર. ૮

એજી સતને કારણે પાંચે પાંડવા,
તે તો રાજ તજી ચાલ્યા વનવાસ ...રે મોમન ભાઈ;
એજી સતને કારણે રાજા જુજેષ્ઠણ, તેને હેમાળે ન ગળીયા હાડ
...રે હો મોમન ભાઈ; રીખીસર. ૯

એજી વણ વચને કૌરવે કુળ ખોયું,
તેને સત ધરમ ન આવીયો હાથ-રે હો મોમન ભાઈ;
એજી સતને કારણે રાજા કરણ,
તેણે દેહીના દીધા છે દાન ...રે હો મોમન ભાઈ; રીખીસર. ૧૦

એજી વચને પીર સદરદીન બોલીયા,
બાર કરોડ લીધા અમરાપુરી વાસ ...રે હો મોમન ભાઈ;
એજી વચને ગુર પીર હસન કબીરદીન બોલીયા, મારા મોમન
ભાઈ તમે રહેજો હુશીયારજી ...રે હો મોમન ભાઈ; ૧૧
રીખીસર મહાવ્રત તમે આદર્યો
તમે કાંય ન જાણીયો સતપંથનો ભેદ ...રે હો મોમનભાઈ.

## ગીનાન - ૧૩૭

એજી નુરે તે ખાક નીપાયા,
વણ થંભે રચ્યો આસમાનજી. ૧

એજી કુદરત આપણી જાહેર કીધી,
પ્રગટીયા દીનકા ઇમામજી. ૨

એજી પંજતન પાક કેરે પંથે ચાલો,
સતપંથ શું રાખો ઇમાનજી. ૩

એજી સતે હાલો મોમન સતે ચાલો,
સતપંથશું રાખો ચીત ધ્યાનજી. ૪

એજી ગાફલ દુનીયા દેખ મ ભુલો,
જો રાહા સીધે મારગે ચાલોજી. ૫

એજી અનંત જીવત મુરખ બાપડે,
તેણે અંધે જનમ ગમાયાજી. ૬

એજી પીર હસનશાહ ગીનાન સુણાયા,
યારા જેણે ઢુંઢીયા તીને શાહ પાયાજી. ૭

## ગીનાન - ૧૩૮

નીંદ કરતા નીંદ ગઈરે, નીંદરાએ ગઈ સારી રાતજી. ૧

નીંદ કરતા દીન વહી ગયો રે, તો પ્રાણી પડયો જમને હાથજી. ૨

પાછમ બેઠા બાદશાહ, તો ગઢ મેદની ચોમારજી. ૩

રીખીસર તારન સામીજી આવ્યા, તો દઈતોનો ખંકાલજી. ૪

શુકરીત હોય તો સંચલોરે વીરા, તો કાંહે કરો છો વારજી. ૫

કાલ કરો તો પ્રાણી આજ કરોરે, તો કાલ આવશે કાળજી. ૬

જેવા મંછા તેવા માનવી, તો પ્રાણી ઓચીંતા પડશે જાલજી. ૭

શામી સરોવર અમે વાયેલા, તો શામી તમ ત્રુઠે ભરી આશજી. ૮

વોહોરત વોહોરે વોરલોરે, તો ખરચો તે વીર દલાલજી. ૯

બાહુતે આગલ અવલ શાહરે, તો જંપુદીપનો સુલતાનજી. ૧૦

એજી બોલીયા પીર હસન કબીરદીન, તો સામી ગુનાહ ફજલ
કરાવોજી.૧૧

## ગીનાન - ૧૩૯

એજી પહેલોરે નામ ખુદાજીકો લીજે,
બાવા નામ ગીડે જીવ છુટે. ૧

એજી નામ ગીડે શાહ તેરા મોલ અડાયા,
ઉસ માંહે સોનેકા ચુના જડાયા. ૨

એજી મોલ અડાયા શાહ તેરા જરૂખા જડાયા,
ઉસ માંહે મોમન મુનીવર ઝુલે. ૩

એજી શાહ પીર દોય મીલી કરી બેઠા,
મોમન કોલ તમારા સંભારોજી. ૪

એજી નવ પાંતીયુ તમે નીરંતસું રાખો,
ભાઈ દર્શોદ સાહેબજીને આલો. ૫

એજી શાહ પરસાદે પીર બોલીયા હસનશાહ,
સામી રાજા અસવારી વેલડી કરજોજી. ૬

## ગીનાન - ૧૪૦ (રચનાર પીર સાહેબદીન)

પહેલો પહેલો નામજી એ ખુદાજીકો લીજે. ૧

લોભ સ્વાર્થે ભાઇતા વેર ન કીજે. ૨

રોવે રોવે હીંદુડા દુજા મુસલમાન. ૩

રોવે બામણ જોશીડા વાંચીન પુસ્તક પુરાણ. ૪

રોવે મુલા કાજીડા હેજે પડન કુરાન. ૫

રોવે જીંદા જોગીડા બેઠા મંઢીએ મસાણ. ૬

રોવે કુડા સુની સગ સચે શાહ ન સીભાણા. ૭

એણે એણે છોતીઅડે પીરકે મુખ ન જાણીયા. ૮

રોવે રોવે સંસારી એ સઘળા રોવે. ૯

એક ન રોવેજી જેને સતગુર ભેટીયા. ૧૦

નર હર ગોઠડીયા એવા સતકા લીઅણાં. ૧૧

સતગુર બોલીયાજી પીર સાહેબદીન. ૧૨

બાર ગુર બોલીયાજી પીર સાહેબદીન. ૧૩

## ગીનાન - ૧૪૧ (રચનાર પીર સતગુર નુર)

એજી ભાઇઓ ભરમે ન ભુલીયે, વીરા ન ભુલીયે;
સમજો સતગુરની વાણ કાયા કેરો ઝુપડો, કાયા મડોરે મસાણ ભાઇઓ. ૧

એજી કાયા ગંદી ને ગોબરી, કાંયા મેલી સદાય;
કાયા વણશે ને સડે, કાયા ભુંડી ગંધાય-ભાઇઓ. ૨

એજી મળ મુત્ર માંહે ભરીયો, દહાડે ઉઠે દુરગંધ;
ઉપર આલીયો ચામડો, માંહે છે નસ જાળીના બંધ-ભાઇઓ. ૩

એજી શુકર કહીયે તાતનું, શોણીત માતાની હોય,
ઉપજ એની વીચારતાં, આવે ઉકળાટો જોઇ-ભાઇઓ. ૪

એજી તેને તું ધોઇશ કેમ કરી, કાંઇ શુધ નવ થાય;
નવ દુવાર નીત ચુવે, માંહે નરગ ભરાય-ભાઇઓ. ૫

એજી કાયા લુલી બહેરી પાંગળી, કોઢી કુશટી ને અંધ;
નુર સતગુર બોલીયા, દેહીનો એવો સંબંધ-ભાઇઓ. ૬

એજી પડી રહે તો કીડા પડે, બાળી રાખજ થાય;
નરગ કરીને જો નાખીયે, તો સહુ જનાવર ખાય-ભાઇઓ. ૭

એજી મુખમાં છે કટકા હાડના, ઉપર રોમની મુછ;
મનમાં માન ધરે ઘણું, અમે છીએ કુળના ઉંચ-ભાઇઓ. ૮

એજી કુળનું માન કરતા, રખે ધરતા અભેવ;
કાયા કલેવર કારમી, દેહીથી અળગો છે દેવ-ભાઈઓ. ૯

એજી દેહીને જે 'હું હું' કરી માનતા, તે તો દેખીતા અંધ;
રીદેહની આંખું નથી ઉઘડીયું, તેને લાગો છે ધુંધ-ભાઈઓ. ૧૦

એજી બે બે લોચન સરવેને, વીદ્યા લોચન ત્રણ;
સપત લોચન ધરમના, જુઓ વીચારી જન-ભાઈઓ. ૧૧

એજી લાખ લોચન છે જ્ઞાનના; જેનું વાર ન પાર;
આત્મા તત્ત્વને જે ઓળખે તે છે સારમાં સાર-ભાઈઓ. ૧૨

એજી તત્વ જ્ઞાની ત્રણ લોકમાં, સમજે કોઈક સંત;
તેની દ્રષ્ટિ સઘળે ફરે, તેની આંખુ અનંત-ભાઈઓ. ૧૩

એજી ગંદી દેહીથી અળગા રહો, કાઢી નાંખોને કાહાર;
જેમ સરપની કાંચલી, દેહીથી અળગી થાય-ભાઈઓ. ૧૪

એજી ક્યાંની દેહી ક્યાંનો આત્મા, જેનું વાર ન પાર;
ગંદી દેહી અંશુધ છે; આત્મા છે સુધ સાર-ભાઈઓ. ૧૫

એજી આત્મા નીરગુણ બ્રહ્મ છે, દેહી છે તરલાને ઘાસ;
નુર સતગુર બોલીયા, મુનીવર કરજો આત્મા અભીયાસ-ભાઈઓ.૧૬

## ગીનાન - ૧૪૨

એજી રમતા રમતા પ્રભુ પાટણ આવ્યા,
પરાકરમ કીધા પીરેરે, પરી બ્રહ્મવરને પુજોજી. ૧

એજી ધરમ આલીને પ્રભુ પોતે પધાર્યા,
ધારાનગરીમાં ધીયાન ધરીયારે... પરી. ૨

એજી રાણી પાલણદેનું વરત છે મોટું.
હરણ હાથે રાંધી ચાખેરે... પરી. ૩

એજી પાછમ દેશથી પ્રભુ પધાર્યા,
આવ્યા છે વન મીંજારરે... પરી. ૪

એજી વનમાં જઇને પ્રભુએ રમત જ માંડી,
વાઘ હરણ વેગે આવ્યારે... પરી. ૫

એજી શીકારી શોધે હરણ હાથ ન આવે,
કારણ સરીખું દીસેરે... પરી. ૬

એજી મોનેરે મનમાં વાત વીચારી,
એ પુરા તે કેમ પડશું રે... પરી. ૭

એજી નુર સતગુરે પારાધી બોલાવીયો,
કામે તે શું કાજે આવીયારે... પરી. ૮

એજી રાણી પાલણદેનું વરત છે મોટું,
શેર શીકાર મને જોઇએરે... પરી. ૯

એજી નુર સતગુરે સહુને સમજાવીયા,
શેર શીકાર એને આલોરે... પરી. ૧૦

એજી સાહેબની સાંજા તો સહુને આવી છે,
માંસ લીયોને મોરારીરે... પરી. ૧૧

એજી જાંગ કાપીને માંસ આલીયો ઉમેદે,
સાહેબજીના રસમાં ભીનારે... પરી. ૧૨

એજી માંસ લઇને મોનો સધાવીયો,
આવીયો તે કાનગઢની પરોલેરે... પરી. ૧૩

એજી પરોલે આવીને પુકાર કીધા,
માંસ લીયો મોરી બાઇ રે... પરી. ૧૪

એજી રાણી પાલણદે દાસીને બોલાવીયા,
માંસ લઇ આવો દાસીરે... પરી. ૧૫

એજી રાણીએ રાંધીને હાથેસું ચાખીયા,
ચાખતાં નવ નંદ પાયારે.. પરી. ૧૬

એજી પુત્રી પીતાજીને કહે પુકારી,
એ પુરખ આવીયો પરણાવોરે... પરી. ૧૭

એજી નવશા આવીયા છે હું નારી છું તેની,
પીતાજી અમને પરણાવોરે... પરી. ૧૮

એજી સુરચંદ રાયજીએ વરતીયા પુછીયા;
એ ભુપત કોણ દેશનો બાળરે... પરી. ૧૯

એજી નાત જાત દાદા શીદને પુછો છો,
એ મીલછ રૂપે મોરારીરે... પરી. ૨૦

એજી સુરચંદ રાયજીએ વરતીયા પુછીયા,
ખત્રી કુળ મુને જોઇએરે... પરી. ૨૧

એજી રામ કરશન આગે કેવું કીધું છે,
તેવી પેરે મને જોઇએરે... પરી. ૨૨

એજી સુરચંદનું શાહે મનડું મનાવીયું,
કુદરતી જાન પેદા કીધીરે... પરી. ૨૩

એજી કુદરતી ડેરા ને કુદરતી શેરા,
કુદરતી ઝુલે નીશાનરે... પરી. ૨૪

એજી પાંચેસુ પહેલાજ સાતે હરીચંદ્ર;
નવેસું પાંડવ પહેલવાનરે... પરી. ૨૫

એજી અનંત કરોડી શાહના સેનજ મળીયા,
બારે ખુદાવંદ પાયારે... પરી. ૨૬

એજી અનેક અનેક જોધાજ મળીયા,
વરતીયા વરતીયા જે જેકારરે... પરી. ૨૭

એજી કંકોતરી કાંગળ કુદરતી લખીયા,
જાની તે આવો જાનેરે.. પરી. ૨૮

એજી થાળ ભરીને આલો ઉમેદે,
વેગે તે વાર મ લાવોરે... પરી. ૨૯

એજી ગામોત્રી ગાજે ગણેશ વધાવે,
પાંચસો પાટણ આવી મળીયારે... પરી. ૩૦

એજી મામેરૂં મામો મોરબી લઇ આવીયો,
નવસારી નગરી માંહે આવીયારે... પરી. ૩૧
એજી ઘડી ભરી લાવો ગુણવંતી નારી,
ચોરી ચીત્રાવો તે પાસેરે... પરી. ૩૨
એજી ગુજરાત ખંડના ગુર્જર મળીયા,
ચોરી બંધાવો તે પાસેરે... પરી. ૩૩
એજી એવારે વીવામાં વરધ છે ભારી,
શ્રીફળ બાંધીયા તોરણેરે... પરી. ૩૪
એજી ઢોલ ધધામાં અતી ઘણાં વાજે,
માંહે તે સુરતનીયું શરણાઇયુરે... પરી. ૩૫
એજી અનસુયા કુંતાજી માતા દ્રોપદી આવ્યા,
ચોથી હરીચંદ્ર ઘર નારરે... પરી. ૩૬
એજી નુર સતગુર નવશા થયા છે,
ગણદેવી ઉલટીને આવીરે... પરી. ૩૭
એજી ગણદેવીએ આવીને દીવાજ બાળીયા,
નવસારી નામ ભણાવીયારે.. પરી. ૩૮
એજી ત્રીભોવર સામી તોરણે આવીયા,
સરસ્વતી સામઇયું લઇ આવીયારે... પરી. ૩૯
એજી અંતર જામી અનવર થઇ ઉભા,
સાસુજી પોંખવાને આવીયારે... પરી. ૪૦
એજી માયરે આવી વર વીશ્વ વનમાળી,
અંતરપટ આડા કીધારે... પરી. ૪૧
એજી ચાંદો સુરજ શાહજીને શોભતા,
તેજ તણો નહી પારરે... પરી. ૪૨
એજી પરણી કરી પ્રભુ પાટેજ બેઠા,
વર્તયા મંગલ ચારરે... પરી. ૪૩
એજી ઢોલ ધધામાં ત્યાં અતી ઘણા વાજે,
સતીયું ત્યાં મંગલ ગાયરે... પરી. ૪૪
એજી વર કન્યાને પુરાં પરણાવીયાં,
કુદરતી જમીયારે કંસારરે... પરી. ૪૫

એજી મંડલ વાજે ત્રણ બ્રહ્માંડ ગાજે,
બ્રહ્માજી ભણે વેદ ચારરે... પરી. ૪૬

એજી પેલી પોરી પરણ્યાની વેળા,
પાન સોપારી પેલાં દેશેરે... પરી. ૪૭

એજી સુરચંદનું તારે હરખ્યું બહુ મન,
હરખ્યો તે હઈડા માંહેરે... પરી. ૪૮

એજી નીમધ ખેતરમાં નીપની નારી,
તે કુટુંબ તારણહારીરે... પરી. ૪૯

એજી સુરચંદની કન્યા શાહની શકતી નારી,
ધન ધન તેનો અવતારરે... પરી. ૫૦

એજી નવસારી નગરીમાં નૂર સતગુર,
ભગતુંના તારણહારરે... પરી. ૫૧

એજી અવધ પુરેને અંતર જામી આવીયા,
શક્તીનાં સાર્યા કાજરે... પરી. ૫૨

એજી મોટારે મોટા મુનીજન મળીયા,
કલપો કલપના દેવરે... પરી. ૫૩

એજી સીંતેર સો સો હુસેની મળીયા,
આલ અલીનો પરીવારરે... પરી. ૫૪

એજી એણે આલે જે કોઇ ઇમાન નહીં લાવે,
તે પડશે હબીયા દોઝખ માંહેરે... પરી. ૫૫

એજી એણે આલે જે સીદક ઇમાન લાવે,
તે શુધ બુધીનો દાતારરે.. પરી. ૫૬

એજી તન મન લાવીને ગુરજીને આપો,
ગીનાંને ચાલો ગંભીરરે... પરી. ૫૭

એજી પહેલા આદમ અરશે ઉપાયા,
માતા હવા તે પાલણદે રાણીરે... પરી. ૫૮

એજી શાહની શકતી સરવે સંજોગી,
ગુણ કવલનો અવતારરે.. પરી. ૫૯

એજી સતે સાચા ગુરજીની વાચા,
આધીન થઇ ગતમાં આવોરે... પરી. ૬૦

એજી એ ધોળ બોલીયા પીર હસન કબીરદીન,
સૃષ્ટીના સીરજણહારરે... પરી. ૬૧

## ગીનાન - ૧૪૩ (ભાગ-૧)

એજી મગજ રે મોમન મારગ લાધો,
એવો લાધો તો ઘણેરો આરાધો. ૧

એજી નહી કુછ હોશો તો સરવે કુછ થાશો,
એવા સરવે કુછ શાહજીને ભાવેજી. ૨

એજી દેતા રે હોય મોમન દેતાસું મીલીયે,
એવો મનમાંહે આણીને દીજે. ૩

એજી આછા માંહેથી આછેરો દીજે,
એવો ખાલી તે રંગ મ રાચોજી. ૪

એજી શીતલ સરવે રસ સરવે રાતીયું જાગે,
તેના મુખ માંહે અમૃત વરસે. ૫

એજી નવ નાડ પંજભુ ભીતર,
એવો ભીતર આવે તો સુજે. ૬

એજી પ્રેમ હંસા પ્રેમ પીયાજીસું મીલીયે,
તેને આસન ગ્રહણ કરીજે. ૭

એજી શશીયળ ચંદ્ર સુરજ રચના,
એવા હંસ રતન ગુણ બેલી કીજે. ૮

એજી શશીયળ ચંદ્ર વીર વીજોગણ,
તેનો મનડો ગગનતર ઝુલે. ૯

એજી પદમણી પ્રેમ મારગ ચોખા,
તેને ગુર કેરો ભાવ સુહાવે. ૧૦

એજી હંસતણીકું તો હુજત નાહી,
જેમ કોયલ બોલે મન રળીયા. ૧૧

એજી ચેતણીકું તો ચીંતજ નાહી,
જેમ ધ્રુજે દોય તડીયા. ૧૨

એજી શંખણીયા એક શબ્દ દોહેલા,
જેનું હરી ઉપર હેતજ નાહી. ૧૩

(અહિંથી રાગ ફરે) (ભાગ-૨)

એજી પદમણી તો પ્રેમે રાચે, ને ગીનાને રાચે હંસતણી;
આ ચેતણી તો રંગે રાચે, અને કલેશે રાચે શંખણીજી. ૧૪

એજી પદમણી એક પહોર નીંદ્રા, અને દો પહોર નીંદ્રા હંસતણી;
આ ચેતણી ત્રણ પહોર નીંદ્રા, ને અઘોર નીંદ્રા શંખણી. ૧૫

એજી પદમણી તો પોહોપ ગંધા, ને ચંદન ગંધા હંસતણી;
આ ચેતણી તો ધુપ ગંધા, ને મછ ગંધા શંખણી. ૧૬

એજી પદમણી પોહોપ વીરખા, ને સુફલ વીરખા હંસતણી;
આ ચેતણી તો ખાટું વીરખા, ને વીખં વીરખા શંખણી. ૧૭

એજી પદમણી તો કોમળ કેશા, ને લંબ કેશા હંસતણી;
આ ચેતણી તો ભોરીંગ કેશા, ને ઉભ કેશા શંખણી. ૧૮

એજી પદમણી તો કોયલ શબદા, ને મોર શબદા હંસતણી;
આ ચેતણી તો શીયાળ શબદા, ને કાગ શબદા શંખણી. ૧૯

એજી પદમણી એક પાઉ ભીરખા, ને દો પાઉ ભીરખા હંસતણી;
ચેતણી ત્રણ પાઉ ભીરખા, ને આયા આરોગે શંખણી. ૨૦

એજી પદમણી તો પલત્ર માંગે, ને હલત્ર માંગે હંસતણી;
આ ચેતણી તો માલ માંગે, ને પેટ ભરે શંખણી; ૨૧

એજી પદમણીને તો પોતાની ચીંતા, ને ઘરની ચીંતા હંસતણી;
આ ચેતણીને પાડોશીની ચીંતા, ને ગામ ચીંતા શંખણી. ૨૨

એજી પદમણી તો અંતર ભજની, ને માલા ભજની હંસતણી,
આ ચેતણી તો દેખતા ભજની, ને ભંગ પાડે શંખણી. ૨૩

(અહિંથી રાગ ફરે છે.)

એજી તેરી મેરી સરવે જુગ રાચીયા,
ભાઈ ગુર બીના હોય ન સોયલા. ૨૪

એજી મથમથો અમી મહારસ,
એવો ભીતર આણીનો સોજો. ૨૫

એજી ભીતર સોજો તો સરવે વસત પયદા,
પીર હસન શાહ ગીનાન સુણાયા. ૨૬

# ગીનાન - ૧૪૪

અબધુ મન જીતે મન ઈચ્છા ફલ ઉપજે, અને તન જીતે ઉછરંગ;
હરદો જીતે આનંદ ઉપજે, ઈસ બીદ જોગ પચંદ ...અબધુ. ૧

અબધુ કામ કરોધ જબ જીતે જોગી, સત પવીત્ર તબ હોઈ;
ચીત્ત જીતે ચંદા હોવે નીરમલા, નીરમલ સાધુ સોહી ...અબધુ. ૨

અબધુ રસના પુછંત કંથના અમરત, અને ગીનાન પુરષકું બીનમ;
આકાશ રાજા દેહેન સીંગાસણ, તો આદ પુરષકું બીનમ ...અબધુ. ૩

અબધુ કાયા કામની મનછા દેવી, અને ચઈતન પુરૂષ અસથાનમ;
કરોધ અહુંકાર કટક કા રાજા, તીસકા સુરત નીરત પરધાનમ...અબધુ.૪

અબધુ નામ પાતાલ સીર ઉપર નીરમલા, કરમ પુરૂષ સીંહાસણ એહ;
જો જોગ જુગત દોએ બસત સાંહીયા, તો કરણા કરણી કરતપ સારંમ
...અબધુ. ૫

અબધુ આશા મારો ચીંતા જારો, અને હું ખુદી કરો રસોઈ;
આસણ જીતો નીંદ્રા જીતો, કીરતાર કરે સો હોય ...અબધુ. ૬

અબધુ જો ગુર મલે તો અરથ બતાવે, અને મટે ચીતકા શેંશા;
જલ બીના કમલ ન ફુલે, તાકું મુરખ જાણે હંસા ...અબધુ. ૭

અબધુ ગુર મલે તો પરછે સાધુ, ગુર બીના બાટ ન પાવે;
ગીનાન મંડલમાં જલ બલ દીવો દીશે, સો ગુર બીના હાથ ન આવે...
અબધુ. ૮

અબધુ રહેણ અંધેરી સાથી વેરી, અને અવઘટ ઘાટ ગુધારા;
બીન અગુએ કીયું મારગ પાવે, તાકી ચીંતા કરો સવેરા...અબધુ.૯

અબધુ સતગુર પારસ સાધુ ત્રાંબા, ભેટે તો સોવન હોઈ;
જ્યું જલ મીંને આપ પ્રકાશે, ત્યું માંજે દરશન સોઈ ...અબધુ. ૧૦

અબધુ નીરમલ મઢી સતગુરકા દુવારા, અને દયા પુરૂષકા વાસ;
હરદે કુંભ પવન ઘટ શોધો, તો અલખ પુરૂષકી આશા ...અબધુ. ૧૧

અબધુ સંકટ ઘાટ અંદર લસ ઘાટી, જ્યાં સુઇ મારગ ન પાવે;
ત્યાં વાહાના રથ સીંગાસણ રાજા, તાંસુ નીત ઉઠ આવે જાવે...અબધુ.૧૨

અબધુ બીરખ બીના ફુલે ફુલવાડી, અને બીન મુખ નાદ બજાવે;
બીન રસના ગુણ ગાવે હરકા, સો બીન પગ આવે જાવે ...અબધુ.૧૩

અબધુ હરદે બેઠ ચેતન બંદગી, રાવલ હય મતવાલા;
ઇંગલા પીંગલા સુખમણા દાસી, સતગુરકી એસી બાલી ...અબધુ.૧૪

અબધુ હીર પરછે ત્યું તનકું શોધો, અને કલ્યા ગુરૂકા કીજે;
બીબા બીજા મારગ જોવે, ત્યું હંસા ગવન કરીજે ...અબધુ. ૧૫

અબધુ હંસ પુરૂષ જબ સનમુખ આવે, તબ કાયા નીરમલ હોઇ;
કરો ધ્યાન ભેઅંગ ભભુતા, તો મધુસુદન પાવે કોઇ ...અબધુ. ૧૬

અબધુ નાદ બંધ દોય ભછંમ ગુરકે, અને ચીંત સત દોય; સાથી;
નવશા પરછો ખેલ ગુરૂસું, ગીનાન ધ્યાન દોય હાથી ...અબધુ. ૧૭

અબધુ જાગે સો જો રસમેં પાકે, અને સોયા તીને રસ ખોયા;
સોએ પંથ ન કટે ગુસાંઇયાં, મુરખ ચહાવે સોયા ...અબધુ. ૧૮

અબધુ ઘટમાંહે રીધ સીધ હય, અને ઘટમાંહે અનહદ ચાલા;
ઘટમાંહે બાગ લગાયા બાબુ, ઘટમાંહે સીંચણહારા ...અબધુ. ૧૯

અબધુ ઘટમાંહે નવખંડ પીરોથમી, અને ઘટમાંહે હય કેવલાસા;
ઘટમાંહે સાત સમુદ્રકા વાસા, ગુર બીના જાય પીયાસા ...અબધુ. ૨૦

અબધુ ગુર વચને ઘટ શોધન કરીજે, તો ગુરનર દરશન પાયા;
કહે પીર હસન કબીરદીન સુણો ગતીયું લોકા, તેણે આવાગમણ
છોડાયા... અબધુ. ૨૧

# ગીનાન - ૧૪૫

એજી મુમન મન એમ જાણજોજી, તમે કાયાનું મ કરશો અભીમાનરે. ૧

ભીતર બહોત અંધકાર છે, તમે છોડી દેજો અભીમાનરે. ૨

ઢોંગા તો એણે એણે હારે વશે, તે તો લુંટે સાહેબજીનું ધ્યાનરે. ૩

ગુરના વોળાવા તમે દીલમાં ધરો, તો બચશો ચારેઇ ખાણ રે. ૪

એલમ જોઇ જોઇ ચાલજોજી, તમે રાખો ધણી સાથે ધ્યાનરે. ૫

શામી રાજો પરતક દેવ છે જી, જેમ પાછમે ઉગ્યો ભાણરે. ૬

સાચા સાહેબજીને શ્રેવજોજી, તો પામશો અમરાપુરી ઠામરે. ૭

અમરાપુરીનો મારગ વેગળો છે, તમે ચેતી ચાલો ગુરનું ગીનાનરે. ૮

દશોંદ સાહેબજીને આલજોજી, પછી જમજો તે ચોખો ધાનરે. ૯

શામી રાજો લેખા માંગશેજી, તમે નીશટે જાણો નીરધારરે. ૧૦

પીર હસન શાહ એમ બોલીયાજી, મોમન ભુલશો તો થાશે હાણરે.૧૧

## ગીનાન - ૧૪૬

એજી સતગુર પધારીયા તમે જાગજો, રૂડા મુનીવર ભાઈજી,
અડસઠ તીરથ ઘરને આંગણે ગંગા જમનાસું ભરીયાજી...
નાહ્યા તે નીરમલ થયા, કુડા નર હરીથી વેગળા રહ્યા. ૧

એજી ગતરે સરોવર માંહે ઝીલતાં મોતી અમુલખ લાધાજી,
જતન કરીતે મોતી રાખજો, તો મુલ અદકેરા આવે..
સત સમજીને રહીયે, અવર દુજાને ના કહીએ. ૨

એજી ઉંચા ઉંચા નર ઉજળા, દીશે કીરીયાના હીણાજી,
પારકે મીંદરીયે પાખંડ કરે, જાશે ગોડમ ગોડ..
એકથી દુજાને ના ગમે, ભગતીથી વેગળા ભમે. ૩

એજી મનને મારો તો ગુર કહે મને મળો,
રાખું મારા તનડા માંહે ટાંકીજી;
હીરલો આવીયો તારા હાથમાં, જોજો વીરા ગીનાન વીચારી..
વણજ કરે તે વહેવારીયો, લઈ ને ન આપે તે દેવાળીયો. ૪

એજી નુર સતગુર બોલીયા વીનતી. સાંભળો ગત જમાતજી;
દશોંદ દેજો આપણા ગુર મુખ, તો ઉતરશો પેલે પાર..
સાચી સુકરીત લઈને ચાલજો, નહી તો પડશો લખચોરાસી
માંહેજી; ૫

## ગીનાન - ૧૪૭

એજી સરવે જીવુંના જ્યારે લેખા લેશે,
ત્યારે કોઈ કેને નહીં પાસે... એબી તંઇયે તમે. ૧

એજી મુસા નબી શાહકું બહોત પ્યારા,
નીતો નીત દરશન કરણા... એબી તઇએ તમે. ૨

એજી એક અરજ મુસાને કીયા,
કછુક ખાના હમારા ખાઓ-એબી. ૩

એજી મીજમાની નીત ખાના મુસા પકાના,
છ માસ સુધી ખાણાં પકાયા-એબી. ૪

એજી ઇસ ફરમાને જો નહી પીછાણો,
તો ખાણાં રદજ કરશું-એબી. ૫

એજી પોશ માસની તારીખ સતરમી,
નરજીએ ભેખ બનાયા-એબી. ૬

એજી આશા ને કાશા વેશ ફકીરી,
લે કર મુસાને ઘેર આયા-એબી. ૭

એજી મુસા મનમાંહે અહંકાર લાયા,
લાલીકું દીયા ફરમાન-એબી. ૮

એજી લાલી કપટી ખાણાંજ લાવી,
દે કર ફકીર ચલાયા-એબી. ૯

એજી છ માસ હુઆ માસ ફાગણ આયા,
ત્યારે મુસા બુલાણેકું ચલીયા-એબી. ૧૦

એજી શહેર દમુશક દેશજ કહીયે,
તીસ માંહે મુસા રહેણા-એબી. ૧૧

એજી નુર કાયમકું જબ લેકર ચાલીયા,
આપણે ઘેર સધારીયા-એબી. ૧૨

એજી તીસ ઘરબાર બીછાણાં બીછાયાં,
સેઝ પલંગ પોઢાયા-એબી. ૧૩

એજી ઉસ વખતમેં કાસા નીકાલીયા,
આશા ને કાસા નીકાલીયા-એબી. ૧૪

એજી ખાના લેકર મુસાને પીરસીયા,
આશા ને કાસા દેખાડીયા-એબી. ૧૫

એજી મુસા અમે તેરા ખાણાં ન ખાઉં,
તમે હમકું નહીં પીછાણીયા-એબી. ૧૬

એજી વાસી ખાણાં લેકર હમકું ભેજીયા,
લાલીકે હાથે દીલવાયા-એબી. ૧૭

એજી મકરૂ ખાણાં લેકર હમકું દીયા,
હમ તેરા ખાણાં ન ખાઇયે-એબી. ૧૮

એજી તબ મુસા રોનેકું લાગા,
ખાણાં હુઆ ખરાબ-એબી. ૧૯

એજી તબ સાહેબજીકા ફરમાન હુવા,
તબ મછલી ચલ કર આઇ-એબી. ૨૦

એજી એક નીવાલા મછલીકા હુવા,
તબ મછલીએ પુકાર્યા-એબી. ૨૧

એજી મુસાકે ખરચમેં હમ ભુખી રહી,
આગે ત્રણ નીવાલા હમ લઇયે-એબી. ૨૨

એજી તબ સાહેબજીકા ફરમાન હુવા,
તબ દો નીવાલા ફીરશ્તે દીયા-એબી. ૨૩

એજી દો નીવાલા જબ મછલીને ખાયા,
તબ મછલી ચલ કર ગઈ-એબી. ૨૪

એજી તબ સાહેબજીકા ફરમાન હુવા,
નબી મુસા હમ પાસે નહી આના-એબી. ૨૫

એજી તબ મુસાને તપજ સાધ્યા,
નવસો વરસ તપ સાધીયા-એબી. ૨૬

એજી તીનકું દીદાર હજુ ન હુવા,
તાકું છઠે આસમાન બીઠાયા-એબી. ૨૭

એજી ભગત કારણ રમત રમ્યા,
ધર્યા મનખા વેશ-એબી. ૨૮

એજી તે માનખા જાણી તમે ભુલી મ જાવો,
એ છે સાહેબ સાચા-એબી. ૨૯

એજી મચ્છ કોરભ વારાહ રૂપ,
તે નરસિંહ રૂપે તમે જાણો-એબી. ૩૦

એજી સોહી વાયમન સોહી ફરશીરામ,
તે રામ રૂપે તમે જાણો-એબી. ૩૧

એજી સોહી કાન રૂપે સોહી બુધ રૂપે,
તે નકલકી રૂપે શ્રી નારાયણ આયા-એબી. ૩૨

એજી તે રૂપે બહુ ચલત્ર કીયા,
તે શ્રી ઈસ્લામશાહ આયા-એબી. ૩૩

એજી ગીનાન માંહે નુરજ જાણો,
તો ગીનાન કહે તેમ ચાલો-એબી. ૩૪

એજી કહે પીર હસન કબીરદીન સતે ચાલો,
તો સત સુકરીતે પારજ પહોંચો-એબી. ૩૫

## ગીનાન - ૧૪૮

એજી સાહેબે ફરમાન લખી મોકલ્યા, સુણો મારા નર હરી યા અલી;
સેવક સંભાર્યા વાલે આજ, મન માંહે મયા ધરી. યા અલી. ૧

એજી મનમાં મનોરથ પુરજો, સુણો મારા નર હરી, યા અલી;
દેશે વાલો અતી સુખ રાજ, શ્રીએ સારંગ ધણી. યા અલી. ૨

એજી અમે ઉમાયો તેરે દરગે, સુણો મારા નર હરી યા અલી;
મયા કરો મહારાજ, વઈકુંઠ નાથ ધણી. યા અલી. ૩

એજી ચરણ તે આપણા ભેટાડજો, સુણો મારા નર હરી યા અલી;
નજર કરો મોરા શામ, અખીયું અમી ભરી. યા અલી. ૪

એજી દુખ દોહેલા સરવે ટાળજો, સુણો મારા નર હરી, યા અલી;
પુરી કરો મહારાજ, અપરમપાર ધણી. યા અલી. ૫

એજી બહુ અપરાધ કરી જીવડો આવીયો તેરે દરગે, સુણો
મારા નર હરી, યા અલી;
મયા કરો મહારાજ, વઈકુંઠ નાથ ધણી યા અલી. ૬

એજી પીર હસન કબીરદીન બોલીયા વેનતી, સુણો મારા નર
હરી, યા અલી;
ચડ તું ત્રીભોવર શામ, પરણે વિશ્વ કુંવારી યા અલી. ૭

# મહાન
# ધર્મ પ્રચારક
# સૈયદ ઈમામશાહ
# રચિત
# ગીનાનોનો સંગ્રહ

# ગીનાન - ૧૪૯

એજી અપરમ જારે આવશે ને વસેલા ઉજાડશે,
ઉજડ ખેડાને સાહેબ ફરીને વસાવશે,
હરી હરી દેવ હવે કેને શરણે રહીએ,
કહો સાહેબજી હવે કેને શરણે રહીએ,
પાપ પ્રગટ ધરમ ગુપત
ચંદા સુરજ રવે ગરેહેઆ એ સંસાર છડેઆ. (૧)

ધરતી સરવે ધમ ધમશે, તારે પઇયાર નાગ કંપ કંપશે,
કલજૂગ પ્રવેશે પાત્ર નીકલંકી પધારશે... હરી. (૨)

એજી ખપર ખના ચાલશે, તારે ચરણા ચરણે વાગશે,
દાણવને મારી રાજ રીખીયાને કરાવશે... હરી. (૩)

એજી સાહેબ તુરંગી પલાણશે, તારે ધરતી સરવે ખડભડશે,
ચંદર ને સુરજ સાહેબ ખેહે માંહે ઢંકાવશે.... હરી. (૪)

એજી અપરમ જારે આવશે, ગઢ ચીણબ નગરી ભાંગશે,
આબુ ગઢ પાવે સાહેબ તોરણ બંધાવશે... હરી. (૫)

એજી અપરમ જારે આવશે, સ્ત્રી રોતાં બાળ મેલશે
એવી વીખડી વેળામાંહે અઘોર પાપ વરતાયશે... હરી (૬)

એજી અપરમ જારે આવશે, ગૌ દાંતે તરણા નહીં ચરે,
તારે ઝાડે છીંકા બાંધશે, ઝાડે છીંકા બાંધશે
તારે ડુંગરે દીવા બાળશે, ડુંગરે દીવા બાળશે,
તારે એલમપુર પાટણ માંહે તુંભા રોડ વરતાયશે,
સાબરમતી સરસ્વતી તે લોહીના પુર આવશે... હરી. (૭)

એજી ભણે સૈયદ ઇમામશાહ, તમે સુણો મારા મુનીવરો;
પાછમથી દળ સાહેબનાં તે માર માર કરતાં આવશે. હરી. (૮)

## ગીનાન - ૧૫૦

એજી અમે સાહેબ સાથે સહેલ કીધા,
મારો નર હરી બેઠા બાગમાં,
આશા અનંત રળીયા મન હરખીયા,
સાહેબસે મન બાંધિયા. (૧)

એજી અનંત કીરપા સાહેબે કીધી,
કાજ હમારા સારીયા,
એવી આશ તમારી છે વર અમને,
અમે છું બંદો દોસારીયા. (૨)

એજી સાહેબે કીધી કીરપા ને અંગુર આલીયા,
બંદો ઉલટ અંગ ન માયજી,
એવી પ્રીત બાંધી નર કાયમ સાથે,
હવે રહયો કેમ જાયજી. (૩)

એજી આશુ પુરી ને સાહેબે હાથીડું દીધું,
અને વાચા તે અવીચલ આલીયા,
એવા કોલ તમારા સાચા હો સ્વામી,
મન વાચા ફળ આલીયા. (૪)

એજી દુરીજન દાવે પડયા હો શામી,
શામી તું મોરી લજા રાખણહારજી,
જેમ દ્રોપદીના ચીર પુરીયા,
તેમ કરજો હમારી સારજી. (૫)

એજી તુજ વીના કોઇ અવર ન દીસે,
શામી અમને છે તમારો આધારજી,
તુજ વીના અમે એકલા શામી,
શામી તમે થાજો રખવાળજી. (૬)

એજી સાહેબે આશુ પુરીયું ઉણીઆચારનીયું,
એવો તે સાહેબ જાણજો,
નવખંડ પૃથ્વી જેણે નયણેસું નીરખી,
સો સાહેબ કહેક પરમાણજી. (૭)

એજી સેવક ભીખમ બોલ્યા હો શામી,
અમે કદીમ સેવક તમારા દાસજી,
પીર અબ્દુલ નબી આજ એમ ભણે,
સાહેબે પુરી હમારી આશજી. (૮)

એજી પુરણ પુરીને લજા રાખી,
ને કુળ હમારા ઉગારીયા,
પોપ પરમલ અગર ચંદન,
નુર ભરી અમર આલીયાજી. (૯)

## ગીનાન - ૧૫૧

એજી આંખલડી જોઇ જોઇ થાકી,
કયારે આવે મોરો શામ,
પરતક જાણી પાયે પડું,
વાલા નમી નમી કરૂં પરણામ.
મીઠા શાહ મેં સમરૂં તેરો નામ,
યા શાહ સમરૂ મેં તેરો નામ,
ખુદાવંદ મેં સમરૂં તેરો નામ. (૧)

એજી બાળપણની પ્રીતડી,
શામી તમસું લાગીજી,
નેહડો લાગો શાહ નુરધરસે,
સો કયા જાણે ગેમાર, -મીઠા શાહ મેં. (૨)

એજી સૈયદ ફાજલશાહ આંખે વીનતી,
મુસે મહેર કરો મેહેરબાન,
કરમ કરોગે તો શરમ રહેગી,
હમ બંદો દોસારી તું તાર, -મીઠા શાહ મેં. (૩)

## ગીનાન - ૧૫૨

આદ ઉણાદજો સતગુર સીરજ્યા,
ત્રણ મુરત તારે સીરજીજી,
ત્રણ મુરત એક જોતસું ખેલે,
તેને આદ ઉણાદે લેજો જોઇ.
જુગેસર જોગના મરમ કોઇ ન જાણેજી. (૧)

સતપંથ મધે સતગુરૂ આયા,
સત ને સંતોષ બેઉ લાવીયાજી,
ધરમ પ્રકાશી ને પાપ પ્રજાળીયા,
તો શ્રેષ્ટના ગુર કહેવાયા. જુગેસર... (૨)

કાંકણ બંધાવીને પાવલ પીધા,
તે ચારે ખાણથી છુટાજી,
દુનિયા લોક દુનિયાસું લાગા,
તે સતપંથ માંહેથી રૂઠા. જુગેસર... (૩)

રીખીસર તે જે રતનને પીછાણે,
ને કાચની વોરતને તજેજી,
સતપંથ મધે ધીયાન ધરીને;
અલખ પુરૂષને ભજે. જુગેસર... (૪)

વીસનવને ઓળખીને પાત્રને પુજે,
તો દુનિયાની તજે આશાજી,
આદ પુરૂષનું ધીયાનજ રાખે,
તેને હોવે અમરાપુરી વાસા. જુગેસર... (૫)

આદ પુરૂષના સતપંથમાં આવીયા,
એ જોગી સો રીખીસરે પાયા,
ભણે સૈયદ ઇમામશાહ અમ ઘર આદ છે જોગી,
ભેટે અમર થાય કાયા. જુગેસર... (૬)

## ગીનાન - ૧૫૩

આદ ઉણાદે અહુંકાર ઉપના,
તારે શબદમાં સરવે સમાયાજી,
આદેથી ઉપના તે અંતે સમાયા,
તેજ મધે બાંધી કાયા,
જુગેસર જોગના મારગ ન જાણે કોઇજી. (૧)

જોગી તે જે જુગત જાણે,
શબ્દ તણા લાવે ગીનાનજી.
ગીનાન સાંધેને મંડલ પરકાશે,
તો સુરતા મધે રાખે ધ્યાન. જુગેસર જોગના. (૨)

સીધને જાણી શબદને ઓળખે,
ને જોગની કીરીયા સાધેજી,
અગની પરકાશે ને વાણી પરજાલે;
ને ગગન પાતાળ સુરતા બાંધે-જુગેસર જોગના. (૩)

તાલ તામસ બેઉ જોડે પરકાશે.
સીધ તણી કીરીયા જાણેજી,
ઇન્દ્ર ઇમામ શાહે ઉપદેશ દીધા,
તે જોગીએ જુગત પરમાણી.
જુગેસર જોગના મારગ ન જાણે કોઇજી. (૪)

## ગીનાન - ૧૫૪

આદ થકી એક સુન નીપાયા,
તારે સુનમાંથી શબદ નીપાયા.
જુગેસર જોગકા મરમ કોઈ ન જાણે,
જોગકા મરમ જુગેસર જાણે જોગકા. (૧)

મુંદ્રા પહેરીને મન વશ નાંહી,
નરગે જાશો નીરવાણ... જુગેસરજોગકા. (૨)

નાથ અનાથ અમે સૈયદ ઈમામશાહ,
અમે અલખ પુરૂષ ઘરના ચેલા... જુગેસર જોગકા. (૩)

ભભુત ચોળે ને પાય પડાવે,
પણ સીધના શબદ ન જાંણે... જુગેસર જોગકા. (૪)

સીંગી વગાડે ને કાન ફડાવે,
પણ બ્રહમના અખર ન જાણે... જુગેસર જોગકા. (૫)

જટા વધારે ને જોગ ન સાધે.
પણ મુગતના મરમ ન જાણે... જુગેસર જોગકા. (૬)

જંપુદીપ માંહે શામી તખત રચાયા,
તે શેષ્ટના સીરજણહાર... જુગેસર જોગકા. (૭)

તે ગુર જોગી તમને ઓધારે,
જેણે તરત ત્રીભુવન કીધા... જુગેસર જોંગકા. (૮)

અણસઠ તીરથ તે પરબત ને નીર,
તીયાં નહી નીવેડા થાય... જુગેસર જોગકા. (૯)

એમ ભણે ઇંદ્ર ઈમામશાહ તમે સુણો મારા જોગી,
ગુર મળે તો સેંસા ટળે...જુગેસર જોગકા. (૧૦)

## ગીનાન - ૧૫૫

વીરા મારા ભાઈજી, આ સંસાર સપનુંતર કરી જાણજો,
રહેજો આપણા ગુરનરને પાસ,
જીયાં થકી દીદાર પામશો,
રહેશો લીલુડે અવાસ.
સાંભળો રીખીસરો ગુર કહે,
નર નારાયણ ઈંયુ કહીયા. (૧)

વીરા મારા ભાઈજી, આ ગુરજીના કહીયા જો ન કીજીએ,
તો આવા સત ધરમ ન આવે હાથ,
ફરી ફરીને પસ્તાયશો,
પડશો લખ ચોરાશી માંહે. -સાંભળો. (૨)

વીરા મારા ભાઈજી, આ દુનિયાની ગફલાઈયે મત ભુલજો,
એણી ગફલાઈયે હોયશો હલાક,
એક તીલ સુખ કેરે કારણે,
આગળ હોયશો હલાક. -સાંભળો. (૩)

વીરા મારા ભાઈજી, અંતકાળે તારૂં કોઈ નહીં,
નહીં તીયાં માઈ ન બાપ,
નહીં તીયાં છોરૂ ન વાછરૂં,
નહીં કોઈ કુટુંબ પરીવાર. -સાંભળો. (૪)

વીરા મારા ભાઈજી, ભણે ઇંદ્ર ઇમામદીન એમ બોલીયા,
મોમનભાઈ તમે રહેજો હુશીયાર,
ગુરનર તમારો બેલી થાયશે,
દેશે બહેસ્ત દીદાર. -સાંભળો. (૫)

## ગીનાન - ૧૫૬

એ તારી આશ કરીને હુરાં ચલકર આવીરે મરદો,
તેની આશા માંહે ભંગ કેમ પાડો.
ઉઠો નીંદ્રાડવા હુરાં આવી છે આલવા,
તેને દિદાર દીજે તેનું દિદાર લીજે,
સુભુ હુઈરે ચતુર મરદો સુઇ ન રહીએ. (૧)

એજી અષ્ટ પહોર તમને કલજુગના સોંપીયારે મરદો,
એક ઘડી તું અમને ન પોતો....ઉઠો. (૨)

એજી તારારે કામ હું તો જઇને મંડાવુરે મરદો,
જેવા હોય તેવા સાચા લખાવું....ઉઠો. (૩)

એજી સાતમે સરગથી હું ચલકર આવુરે મરદો,
તોએ નીંદ્રાળું તું નીંદ્રા માંહે સુતો....ઉઠો. (૪)

એજી અમીના કંચોળા હું તો ભર કર લાવુંરે મરદો,
આગલ આવું તારે કોઇ ન પાઉ....ઉઠો. (૫)

એજી ફોકટ ફેરારે અમને સીદને ફેરાવોરે મરદો,
કાયર હોઇને કેમ ગમાવો....ઉઠો. (૬)

એજી સહુએ મલીને અમને સતસું સોંપીયોરે મરદો,
તે સત કેરા કોલ તમે કાંઈરે ફેરાવો....ઉઠો. (૭)

એજી રખે કાંઇ થાય અમારા ચેરારે મરદો,
એજી છ ઘડી છે નુરની વેળા....ઉઠો. (૮)

એજી આજ કલજુગ મધે ચેતીને સુઇએરે મરદો,
આશા દીજે તેની આશા પુરી કીજે....ઉઠો. (૯)

એજી અમને તમને મેળા બહેસ્ત કેરારે મરદો,
તમે કાંઇ ફેરવો ફોકટ ફેરા....ઉઠો. (૧૦)

એજી દેવ દ્વારે મધરાતના મેળારે મરદો,
તમે કાંઇ કરો છો દુનિયાના મેળા....ઉઠો. (૧૧)

એજી તે વેળાએ અમને નીરાશ વાળોછોરે મરદો,
ફરી હું આવું સુભુનો ફેરો....ઉઠો. (૧૨)

એજી હસતીને રમતી હું તો સરગથી આવુરે મરદો,
આગળ આવું ત્યારે કાંઇ ન પાવું....ઉઠો. (૧૩)

એજી કોણ એવારે તમને ગોઠીડા મલીયારે મરદો,
જે અમ હુરા અને સરગથી ટળીયો....ઉઠો. (૧૪)

એજી સરખા સરખી માંહે અમને હોયશે હસરતરે મરદો,
એવા અબુજનો પાલવ ઝાલીયો....ઉઠો. (૧૫)

એજી સરગથી અમીના કંચોલા ભર કર લાવુંરે મરદો,
પાછા વાળો તારે ઘાસ માંહે ઢોળું....ઉઠો. (૧૬)

એજી સરવે સવાદ હીરસને મેલોરે મરદો,
તો આવી અમ હુરાંને બોલાવો....ઉઠો. (૧૭)

એજી સાચા મારગ એણી પેરે પાઇયેરે મરદો,
જો ચાર વખત તમે આપ કમાવો....ઉઠો. (૧૮)

એજી સુભુ બપોરે સાંજની વેળારે મરદો,
ખરી મધરાતે મુનીવરના મેળા....ઉઠો. (૧૯)

એજી ભણે ઈંદ્ર ઈમામદીન બોલ્યા છે અમરત વાણીરે મરદો,
હુરાની વાત તમે સાચી કરી માનો....ઉઠો. (૨૦)

## ગીનાન - ૧૫૭
### (જોગ વાણી)

ઇંડ  મધે જ્યારે ધીયાન ધરીને,
તો ધીયાન મધે સરવે ઇછીયુજી,
દસ કળા દેવે દેહીમાં સીરજી,
તો કલા માંહે સરવે પરછું.
જુગેસર જોગના મારગ દોહેલાજી. (૧)

પીંડ ભરમંડના શામીએ કીધા નીવેડા,
તારે પ્રથમ પરપ્રીત શામીજીએ બાંધીજી,
નુર તજલેથી હેત જો ધરીયા,
તારે પવન પાણી રહ્યા સાધી... જુગેસર. (૨)

નર હરી શામીએ શબદ ઉપાયા,
તો સુન છેદી ને ચકર લીધાજી,
આપો આપ અલગા રહીને,
તારે મનમાંહે ચલત્ર કીધા... જુગેસર. (૩)

રતન પ્રકાશી શામીએ તેજ દેખાડીયા,
તારે નાભી થકી નુર જડીયાજી,
ભણે ઇન્દ્ર ઇમામશાહ ભેદ દેખાડીયા,
તેમાં અદબદ નુર ભરીયા... જુગેસર. (૪)

## ગીનાન - ૧૫૮

ઉગમીયા સોહી દિન આથમીઆ, હાંરે ફુલ્યા સોહી કરમાય,
ચુણીયા મીંદર ઢળી પડે, હાંરે જન્મયા સોહી મર જાય,
હાંરે મન ભમરા તું લોભીયો, હાંરે માયા મમતે લોભાણો,
ચાર દિવસ કેરો પેખણો, હાંરે આખર ખાક હો જાના,
હાંરે મન ભમરા તું લોભિયો. (૧)

સુકણ લાગોરે કેવડો, હાંરે તુટી રેંટકી માળ,
બેલ ચલંતા રહી ગયા, હાંરે ચલ ગયા સીંચણહાર... હાંરે મન. (૨)

લખપતિ છત્રપતિ ચલ ગયા, હાંરે ચલ ગયા લાખોઇ લાખ,
રાજ કરતાં ગોખે બેસતાં, હાંરે જલબલ હો ગયો ખાક... હાંરે મન. (૩)

માયાનો બાંધેલ પ્રાણીઓ, ભમીયો પર ઘેર જાય,
હાંરે મન તું ક્યાં ભમીયો, માયા મીથીયા કરી જાણ..હાંરે મન.(૪)

કેનારે છોરૂ ને કેના વાછરૂં, કેના માઇ ને બાપ,
અંતકાળે જાવું એકલું, હાંરે સાથે પુન ને પાપ... હાંરે મન. (૫)

સૈયદ મહમદશાહ બોલીયા, હાંરે બંદે ચલો મેરે સાથ,
લાભ આપણો ઉગારવા. લેખો સતગુરને હાથ.
હાંરે મન ભમરા તું લોભીયો, હાંરે માયા મમતે લોભાણો. (૬)

## ગીનાન - ૧૫૯

ઉઠ જાગ મન મેરા, તું કાયકું સોતા હય,
માનખા જનમ રતન હય, સો કાયકું ખોતા હય,
ઉઠ જાગ મન મેરા.

એજી કાયા માયા રૂડી દેખી, ઉસ પર તું મોહતા હય,
દુનિયાકે ધંધેમેં, મગરૂર કયું હોતા હય... ઉઠ જાગ. (૧)

એજી પાંત્રીસ ને પચવીસ, સોલ ને આઠ,
વાર ચોરાસી ફરીઓ, તુને શાન ન આવીરે... ઉઠ જાગ. (૨)

એજી એટલા જો ફેરા ફરીયો, માનખા જનમ ધરીયો,
ઓર જો તું જનમ કરીયો, ઉસકી રબકું કલ પડે... ઉઠ જાગ. (૩)

એજી તુજે કયા કહું મન મેરા, તુજે લાજ ન આતી હય,
હીરા રતન મોતી, સો કયું ગફલતમેં ખોતા હય... ઉઠ જાગ. (૪)

એજી હરદમ જીકર કરના, હકસે સાબત હોના,
તન મન સુરત સંમશા, જબ એક હોતા હય... ઉઠ જાગ. (૫)

એજી નાભીસે જબ ઉઠે, વંક નાડ રસ્તા લહે,
ત્રીવેણીકે તીર પર, દસ માંહે ઠોહોર રહે... ઉઠ જાગ. (૬)

એજી એકવીસ હજાર છસો, દમ દીનમેં ઘટતા હય,
આઠ પોહોરમેં વણજારા, તું કયા કમાતા હય... ઉઠ જાગ. (૭)

એજી કહેત ઇમામ બેગમ, સુનો મન મેરા,
સતગુર કે પીરસાહે, અભીમાન મુકી દે... ઉઠ જાગ. (૮)

## ગીનાન - ૧૬૦

ઉઠ બયઠરે કીયા સુતા, તેરા સોના ભલેરા નાહીં,
તેરા શાહ પીર કદી ન સોવે, તુજે સોના ક્યું ભાવે ?
તેરા મૌલા કદીના સોવે, તુજે સોના ક્યું ભાવે ? (૧)

ખટ ઘડી તો પાછલી જાગો. ચેતો મુનીવર ભાઈ;
સરગ ભવનથી હુરા આવી, નુરના પ્યાલા લાઈ,
તેરા શાહ પીર કદી ન સોવે. (૨)

શુરા હોય તો રેહણી જાગો, ચેતો મેરે ભાઈ,
નુરના પ્યાલા મુખે લગાયા, પુરવ તેની કમાઈ... તેરા (૩)

ઝીકરે જાગો બંદગી માંગો, ઝીકર કરો ઈલાહી,
ખરી દસોંદી ગતના મેળા હાજર બેઠા સાંહી... તેરા. (૪)

વીરા હેતે પ્રીતે અમીરસ પીજો, વેલા ગતમાં જાઈ,
ગુરનર બેઉ જાહેર આવીયા, પરતક બેઠા ભાઈ... તેરા (૫)

વીરા સૈયદ ઈમામશાહ બોલ્યા, સાંભળો મુનીવર ભાઈ
જાગણહારા જાગજો, નૂર જહુરા થઈ...તેરા શાહ પીર કદી ન સોવે. (૬)

## ગીનાન - ૧૬૧

એજી ઉત્તમજ થાઓ તો તમે અલખને આરાધોજી,
તો રે ફળ પામો વીરા ભાઈ પામો દેવ મોરાર.
તમે જાગો મારા જીવડા તમે ચેતો મારા પ્રાણી,
સતી જીવને કારણે ધન ધન રયણ વીઆણી. (૧)

એજી ખોટા નાણા જુઠા નાંણા તમે દુર ચુકાવો,
ખરા નાણા રૂડા નાણા લઈ માણેક વણજો. તમે જાગો. (૨)

એજી રંગે ચંગે વીરાભાઈ હુઈરે ભલાઈ,
સુખેરે સંપતે વીરાભાઈ રયણ વીઆણી. તમે જાગો. (૩)

એજી ભણે પીર ઈંદ્ર ઈમામદીન સાહેબે બહેસ્ત દીખલાયા,
બહેસ્ત માંહે ભમર પલંગ ઉપર સાહેબે સેજ બીછાયા,
તમે જાગો મારા જીવડા તમે ચેતો મારા પ્રાણી
સતી જીવને કારણે ધન ધન રયણ વીયાણી. (૪)

## ગીનાન - ૧૬૨

એજી કાચી કાયા મીટડી,
બંદે ભીંજે તો જાયરે પ્રાણ.
કાંયરે કાચી કાયા મીટડી,
બંદે સાહેબ નામ સદાય.
મીઠા શાહ મેં સમરૂં તેરો નામ,
યા શાહ સમરૂં મેં તેરો નામ,
ખુદાવંદ સમરૂં મેં તેરો નામ. (૧)

એજી કયા રે ઓલીયા કયા અંબીયા,
બંદે કયા સો પયગમ્બર પીર,
કુવેકે ઘટમાલ હય.
બંદે ચલ ગયો સરવે નીર.... મીઠા શાહ. (૨)

એજી મેર પરબત ગઢ ચાલણા,
બંદે ચાલેગો હીઅરે સંસાર,
હાથેસું કરણા સો કર લીઓ,
જઇ ઉતરો પહેલે પાર.... મીઠા શાહ. (૩)

એજી ચલંતે હમ થાકીયા,
બંદે સમરો સાહેબજીકો નામ.
પીર ફાજંલશાહકી વેનતી,
મુંસે મહેર કરો મેહેરબાન.... મીઠા શાહ. (૪)

## ગીનાન - ૧૬૩

એજી ચીલા છોડી દીનકા ઘાંચા મત ખાવો,
સુનોરે વટારૂ બાવરે, મત ભુલી જાઓ.
એજી સાથી એસા કીજીએ જે કોઈ રાહ બતાવે,
ઉનકે સંગે ચાલીએ, મનમાંહે શક ન આવે... સુનોરે. (૧)

એજી સાથી તુજકું તો મીલે, જબ છોડે હું હું,
સબ બાતા સાંહીકું સોંપીએ, હરદમ કહેવે તુંહી તુંહી.. સુનોરે. (૨)

એજી સાચા દીન રસુલકા, તમે સહી કરી જાણો,
જે કોઇ ચહાવે દીનકું, તાકું દીનમેં આણો... સુનોરે. (૩)

એજી સૈયદ મહમદશાહ આંખવે, કલમાંહે સાથી કીજે,
પ્રેમ પ્યાલા નુરકા બાવા ભર ભર પીજે... સુનોરે. (૪)

## ગીનાન - ૧૬૪ (પ્રભાતિયં)

જાગ જાગરે તું જાગ મોરા ભાઈરે,
નુર ઝહુરાકી ઘડી આઈરે (વરાણી)
તું જાગ જાગરે મોરા ભાઈરે, (૧)

ચાર પોર રહેણી ખોઇ પરભા નુરકી આઈરે,
તુજ કારણ હુરા સુહાગણ આઈરે.... તું જાગ, (૨)

ખટ ઘડી રાત રહી, ચેતો મોરા ભાઈરે,
નુરના પ્યાલા હુરા છાંટતી આઈરે.... તું જાગ, (૩)

શુરા હોય તો રેહણી જાગે, ગાફલ સુતા મોરા ભાઈરે
આળસ નીંદરા તુને હુરાસું ગમાઈરે.... તુ જાગ. (૪)

એમ કહે છે ઇન્દ્રઇમામશાહ પાત્ર, તમે સુણો મોરા ભાઈરે,
ગઢ અમરાપુરીમાં હુઇ છે વધાઇ રે.... તું જાગ. (૫)

# ગીનાન - ૧૬૫
## (પ્રભાતિયું)

જાગત ક્યું નહીરે, ભલા તું જાગત ક્યું નહીરે ?

ભોર ભયે પસ્તાઇ રહ્યો, તું જાગત ક્યું નહીરે ?

એજી કાલકો ભવરો ફાંસો ડાલે, ભવર ગુફાકી જાલીરે,

ઉસમે તું સપડાઇ ગયો. નીકલ જાયેગી વારીરે... ભલા તું. (૧)

આલ નબીકી ઔલાદ અલીકી. પંજતન પાક વખાણોરે.

હસન હુસેન દો નુર પીછાનો, ઉનસે ઉમત સારીરે... ભલા તું. (૨)

રેહણીકો સપનો બીસારો પ્યારે, કાયકુ નીંદમેં ખોવોરે,

ગુરૂ ચરનકે બલ બલ જાઇએ, એમ કહે છે ઇમામ શાહ બાલોરે...

ભલા તું. (૩)

## ગીનાન - ૧૬૬

એજી જીવની ચીંતા હવે કરો,
અને કરણી કરો તમે સાર,
સતપંથ સાચી વાટ છે,
તમે સાચા ચાલો નીરધાર. (૧)

એજી તમે દિલ બાંધો સાચા સાંહીયાસું,
જેણે સીરજીયા સરવે સંસાર,
મન્ મારી દુરીજન દુર કરો,
તો સરે તમારા કાજ. (૨)

એજી દુરીજન ભુંડો તે સહુ ઉપર શુરો,
તેને દિલથી રાખો દુર,
પંજભુ મારી ઝીકરે જાગશો,
તો સહી વરશે સાહેબજીનું નુર. (૩)

એજી નુર વરસે તો દિલ પાક રહે,
જો હોવે થીર પુરો ઈમાન,
જો ઈમાનસું ચાલો ને આપ ગાળો,
ભાઈ સાહેબસું રાખો ધ્યાન. (૪)

એજી ધીયાન લગાવો તમે સાહેબસું,
હવે રાખો આપણું આપ,
તમે પ્રેમ પીડા રદેહ ધરો,
ભાઈ જપો અજંપીયા જાપ. (૫)

એજી જાપ જપો ને ધીર રાખો,
અને અભીમાન ન આણો મન,
જો કુડ કપટ તમે પરહરો,
તો પામશો શાહનું દરશન. (૬)

એજી તમે ચાહો દરશન શાહનું,
તો સીર ધરો ઉતાર.
પીયું પીયું હરદમ કીજીએ,
રતી દુનિયાસું ન રાખીએ પ્યાર. (૭)

એજી દુનિયા સંસાર એક તીલ છે,
અને જેવો સપનુતર જાણ,
ઈયુ કરી દિલસું દેખીએ,
ભાઈ એક દિન મરવું છે નીરવાણ. (૮)

એજી તે મરણે પેલાં તમે મરીને ચાલો,
અને ધરતી ગુણ રાખો આપ,
સતગુર વચને તમે થીર રહો,
તો દિલકા જાવે સરવે પાપ. (૯)

એજી ભણે સૈયદ ઈમામશાહ સુણો મુનીવરો,
તમે રાખો પીયુસું હેત,
પીયુસું પટુંતરો રતી નવ રાખીએ,
જેમ ભાદરવે હરીયા ખેત.(૧૦)

## ગીનાન - ૧૬૭ (રચનાર : બીબી ઈમામ બેગમ)

આ એ રહેમ રહેમાન અબ તો રહેમ કરોંગે,
આ એ રહેમ રહેમાન.
એજી તન મન ધન ગુરકું અરપણ કીજે,
તો ગીનાને ગીનાને ગીનાન.... અબતો. (૧)

દાન સખાવત હરદમ કીજે,
તો દાને દાને દાન.... અબતો. (૨)

એજી સબ ઘટ એકજ રહેમાન દીસે,
તો શાને શાને શાન.... અબતો. (૩)

એજી કહેત ઈમામ બેગમ મેરા પીર હસનશાહ,
ઈમાને ઈમાને ઈમાન.... અબતો. (૪)

## ગીનાન - ૧૬૮ (રચનાર : બીબી ઇમામ બેગમ)

એજી તુમ ચેત મન મેરા, જુગમાંહે કોન તેરા.
મત ખાઓ જુઠા ફેરા, ગુર કહે ત પુકાર....તુમ ચેત મન મેરા.
એજી જુગમાંહે જો તું આયા, તુજે મીઠી લાગી માયા,
કંચન સરીખી કાયા, સો ક્યું હોવેગી ઉગાર.... તુમ ચેત. (૧)

એજી કાયા માયા સરવે જુઠી, જેસી વાયુકી મુઠી,
જ્યું પાણીકા પરપોટા, ફુટતા ન લાગે વાર.... તુમ ચેત. (૨)

એજી નહીં તેરા બાપ માઇ, નહી તેરા બેન ભાઇ,
નહીં તેરા સગા સાંહી, જુઠા હય સંસાર.... તુમ ચેત. (૩)

એજી નહીં તેરા પુત્ર ધીઆ, નહીં તેરી ત્રીઆ,
નહીં તેરા સગા શીઆ, મન માંહે તું વીચાર.... તુમ ચેત. (૪)

એજી જબ રબ તુજે બુલાવે, કોઇ સાથ નહીં આવે,
તુજે ગોરમે સુલાવે, સર ઉપર તેરે ભાર.... તુમ ચેત. (૫)

એજી હરદમ જીકર કરના, સુરત નીરત ઉન પર ધરના,
પીરશાહકા જાપ જપના, આઠ જામ લેલો નહાર.... તુમ ચેત. (૬)

એજી ગતમાંહે મીલો નીતો નીત, પહેલી યે માનો શરીયત,
તરીકત ઓર હકીકત, મારફત મેં મનકું માર.... તુમ ચેત. (૭)

એજી ગતમાંહે જબ આવો, તબ હયઝિન્દાહ બુલાવો,
ફલ અમરાપુરી પાવો, શાહ પીરકા દિદાર.... તુમ ચેત. (૮)

એજી દાન દસોંદ દીજે, નીતો નીત અમીરસ પીજે,
આધીન હોઇ રહીએ, શાહા પીરકે દરબાર.... તુમ ચેત. (૯)

એજી કહેત ઇમામ બેગમ, કલમા પડો હરદમ,
મત કરના દુજા ગમ, તો પાવેગા દિદાર.... તુમ ચેત. (૧૦)

## ગીનાન - ૧૬૯ (રચનાર : બીબી ઈમામ બેગમ)

એજી દરશન દીઓ મોરા નાથ,
દાસી છું તેરી. દરશન.
એજી દાસી તેરી શામી તેરે દર ઉભી,
અરજ કરે છે જોડી હાથ દાસી છું તેરી. (૧)

એજી હાથ જોડીને શામી અરજ કરૂં છું,
હરદમ રહેજો મોરે સાથ.... દાસી. (૨)

એજી હરદમ શામી મારા રીદામાંહે રેહેજો,
અલગા મ થાજો એક સાસ... દાસી. (૩)

એજી શામી અલગા નથી તુને અલગા કરી નવ જાણું,
આ ઘટો ઘટ બોલો છો મોરા નાથ.... દાસી. (૪)

એજી શામી તેરે અંતકો અંત તુંહીજ જાણે,
શામી મારા મોટા છો સમરથ.... દાસી. (૫)

એજી જુગા જુગ શામી મારા ભગત ઉગારીયા,
ઉતમ સદા છે સતપંથ.... દાસી. (૬)

એજી ધ્રુવ પહેલાજ રૂખમુગત રાજા,
ભગત કમલા ધન સાથ.... દાસી. (૭)

એજી હરીશ્ચંદ્ર તારા રાણી કુંવર રોહીદાસજી,
વચને વેચાણા હાથોઈ હાથ.... દાસી. (૮)

એજી પાંચ પાંડવ માતા કુંતાજી કહીએજી,
સતી દ્રોપદી છે સાથ.... દાસી. (૯)

એજી પીર સદરદીન બુજરગ કહીએ,
બાર કરોડના કંથ.... દાસી. (૧૦)

એજી અનંત કરોડ પીર કબીરદીન સાથેજી,
તેનું વર દીધું નકલંકી નાથ... દાસી. (૧૧)

એજી નર નકલંકી જારે નવશા થાશે,
થાયશે તે વિશ્વ કુંવારીનો કંથ.. દાસી. (૧૨)

એજી તે દીન શામી મુને પાસ તેડાવજો,
પકડી લેજો મારો હાથ.... દાસી. (૧૩)

એજી કહેત ઈમામ બેગમ સુનો મોરા શામીજી,
એટલું માગું છું મોરા નાથ.... દાસી. (૧૪)

## ગીનાન - ૧૭૦

એજી દરશન શાહકા તો પાઈએ,
જો અંતર લાગે નેહ,
ઘટમાં પરગટ દેખીયે,
જબ આપ ગમાઈયે દેહ. (૧)

એજી દેહી જાલો આપ ગાલો,
અને ધીરજ રાખો મન,
ઝીકરે ફીકરે આરાધીએ,
તો ચોખું થાય તન. (૨)

એજી એમ દિલ ચોખું કીજીએ,
તો કાસલ જાવે દુર,
અષ્ટ પોહોર તુહી તુંહી કીજીયે,
ભાઈ તબજા વરસે નુર. (૩)

એજી નુર વરસે ત્યારે પ્રેમ ઉપજે,
અને કુડ કપટ હોય સરવે દુર,
આ સત સંતોકે નીત રહે,
તીસ ઘટમાં શાહ ભરપુર. (૪)

એજી જીસકે ઘટમેં શાહ વસે,
તે અસત ન બોલે લગાર,
જીભીયા ઈન્દરી વશ કરીને,
પાંચ કાળને માર. (૫)

એજી કામ ક્રોધને વારજો,
અભીમાન ન ધરજો મન,
આ ખમતા મનમાં રાખીયે,
તો દિલડું થાય પાવન. (૬)

એજી દિલ પવિત્ર કીજીએ,
અને જીભીયાએ બોલીયે સાચ,
હક હકીકતે ચાલજો,
એવી ગીનાને સતગુર વાચ. (૭)

એજી અમર દેહી તો રહે,
જો રાખો પીયુસું રંગ,
ધરમ કસોટીની અગની સીર સહો,
રતી દુનિયાસું ન રાખો ઢંગ. (૮)

એજી ધીયાન ધરમસું રાખીયે,
મન નીરમલ કરી જંપીએ જાપ.
દુ:ખ સુખ મનમાં નવ આણીએ,
સુધ રાખીએ આપણું આપ. (૯)

એજી ભણે સૈયદ ઇમામશાહ સુણો રીખીસરો,
તમે સાચે ઇમાને ધીઆવો,
ઘટમાં ચાંદ્રુડા ગુર નામે કરો,
તો દરશન શાહકા પાવો. (૧૦)

## ગીનાન - ૧૭૧ (રચનાર પીર હાશમશાહ)

દીનકી બાત કહી ન જાવે, લાખ કરો તો હાથ ન આવે. ૧
નેહ અગનસું દેહા બીરાની, પ્રેમ કથા કીને ન જાની. ૨
ખોલ કહું તો કોઇ ન પાવે, તારે ગીનતા રહેન બહાવે. ૩
ભુલડે મનસું હાંસી જો આવે, નેનો મુંદ નીસદીન સોવે. ૪
નેહે કનકસું કેસા કીજે, ધન મદ માતા જોબન સીજે. ૫
નેનો નીર મુખ ભરે ઓસાસા, રોગ બડાવે સીજે જો માસા. ૬
એક ચીત એક મન કરો અંદેશા, ઢુંઢો મારગ સતગુર દીશા. ૭
આયા મારગ સતગુર કેરા, જનમ ગમાવે જીવ ખાવે ફેરા. ૮
બાલપનેમે કછુ ના બુજે, જોબન માંહે રાહ ન સુજે. ૯
બીચ બુઢાપા ભયા નીરાશા, હારી બાજી ઉલટા પાસા. ૧૦
અરથ અરથકા કરો વીચારા, જે કોઇ ઢુંઢો સાથ હમારા. ૧૧
પીર હાશમશાહ બોલીયા ગીનાન, ભાઇ મુનીવરા ધર લેવ કાન. ૧૨

## ગીનાન - ૧૭૨

ધન ધન સાહેબ તોરો પંથ કાયમ તોરો પંથ,
તો રીખીસર જીવને ઉગારાજી. (૧)

પામીયા પામીયા ગુરના દીદાર રૂડા મારા શામીના દિદાર,
તો નીત નીત મીલો શામી હરીયાજી. (૨)

ફળીયા ફળીયા તરવર વાએકના હો તરવર વાએકના,
હંસ ટબુકયા નુર ભરીયાજી. (૩)

દસમો અવતાર ગુરે તખત રચાવીયા શામી મારા તખત રચાવીયા,
ગુર મારા બેસશે સીર છત્ર ધરીયાજી. (૪)

ઇન્દ્ર ઇમામશાહ અમીરસ બોલીયા રે અમીરસ બોલીયા,
મારા મુનીવરને બહેસ્ત નવાજોજી. (૫)

## ગીનાન - ૧૭૩ (ઘટપાટનું બેઠું ગીનાન)

જીરે વાલા ધનરે ઘડી જો દીન સંત પધાર્યા,
અલી મેં તો દીનકી બલીહારી,
રે વાલા ઘર આંગણ મારા પવિત્ર કીધા,
મોરો જીવ જન્મ સધારી.
રે વાલા ધનરે ઘડી જો દીન સંત પધાર્યા.. (૧)

જીરે વાલા જાંણ અજાણ ભયે કીરતારથ
સાધ સભા સુખકારી,
રે વાલા પારસ સ્પર્શે લોહા રંગ પલટે,
તો જગમગ જોત ઉજારી. રે વાલા... ધનરે. (૨)

જીરે વાલા અધમ ઉધારણ સંત સધારણ,
પર આત્મા ઉપકારી,
રે વાલા વીદિત વેદ ગાય ગુણ ગીતા,
તો અકળ પુરૂષ અવતારી. રે વાલા.... ધનરે. (૩)

જીરે વાલા સંત ચરણ રજ સુરીનર ઇછે,
ધરમ રાહા સરદારી,
રે વાલા નાવ રૂપે જુગ તારણ કરણા,
ભવ ભય ભંજનહારી. રે વાલા.... ધનરે. (૪)

જીરે વાલા ઓર ઉપાય નહીં હએ તરનકો,
યેહ હય તરનકી બારી,
રે વાલા ચોટ ન લાગે ઉસ સંતનકું,
સો જમડા રહયા જખ મારી રે વાલા.... ધનરે. (૫)

જીરે વાલા હરીગુણ સંત સદા સીર મોરે,
તો જુગા જુગ શરણ સધારી,
રે વાલા જાગ્યા ભાગ્ય ગુર સોહોદેવ ભેટીયા,
તો સૈયદ મહમદશાહ કરારી. રેવાલા.... ધનરે. (૬)

## ગીનાન - ૧૭૪

એ વીરા મારા ધન પુત્ર માયા સર્વે કારમી કહીએ,
આવે હુકમ સર્વે મેલીને જઇએ. (૧)

એ વીરા મારા કોઇ ન કહે આ જીવ મારો મારો,
કાઢો કાઢો લઇ ચકલે ઉતારો.. (૨)

એ વીરા મારા લોક કુટુંબ સર્વે મીલીયો સંસાર,
કાવડ ઉપાડી લઇ ગયા મસાણ મીજાર. (૩)

એ વીરા મારા એકને બાળેને એકને દાટે,
ભાંગો સંબંધ કોઇ ન આવે જીવડાની સાથે. (૪)

એ વીરા મારા સુકરીત પુન જો કીજે હાથ,
તો અંતકાળે આવે જીવડાની સાથ. (૫)

એ વીરા મારા સતગુર પુજો તો બહુ ફળ લઇએ,
ઇમાન સલામત શાહજીસું મીલીયે. (૬)

એ વીરા મારા શાહજીને મલીયાનું એ છે એંધાણ,
ગીરભા વાસની વાચા પાળો તો છુટો ચારેઇ ખાણ. (૭)

એ વીરા મારા ગીરભાવાસની વાચા જો તમે પાળો,
તો લોભ સવારથ હીરસજ વારો, (૮)

એ વીરા મારા કાળ ક્રોધ અહુંકાર ન કીજે,
મન માંહે લરજીને જુગતસું લીજે. (૯)

એ વીરા મારા કરમના કાગળ જઇ ગત માહે ખોલો,
સાહેબ આગળ સાચું જ બોલો. (૧૦)

એ વીરા મારા ગુર ગતમાં જઇ કરાવો દુઆ,
તો પાતક હરે નીરમલ થાયશે જીવના વધાવા. (૧૧)

એ વીરા મારા દાન પુન સુપાત્રે દીજે,
તો વઇકુંઠ ફળ પોતાનું લીજે. (૧૨)

એ વીરા મારા આલો ભંડાર અખૂટજ થાય,
એકોતેર પુરીઆ બેઠા નીઆમત ખાય. (૧૩)

એ વીરા મારા સતપંથ મલીયા તો સાચા ચાલો,
સત વીના ચાલે તે સર્વે જુઠા કરી જાણો. (૧૪)

એ વીરા મારા જો દમ બોલો સોહીરે લીખાવે,
સાચ જુઠના નીવેડા થાય. (૧૫)

એ વીરા મારા સાચ બોલો સતે ચાલો,
સત લઇ અમરાપુરી માલો. (૧૬)

એ વીરા મારા વેળા પરમાણે વીચારીને ચાલો,
તો જીવડાંની દર્શોંદ શાહજીને આલો. (૧૭)

એ વીરા મારા પેટ પુરણ ભરી ન કીજે આહાર,
અલપ આહાર કરી નીંદરાને વાર. (૧૮)

એ વીરા મારા જીવ છોડાવવા તો દેહી માંહે જાગો,
પાંચ પદારથ પહેલા માંગો. (૧૯)

એ વીરા મારા સત સબુરી ખમીયા માંગો,
ઇમાન સલામત જીકરે જાગો. (૨૦)

એ વીરા મારા અરજ કરો તમે મહેરજ માંગો,
ઝીકર ફીકર કરી રેણી માંહે જાગો. (૨૧)

એ વીરા મારા વેળા પરમાણે ડર છે મોટો,
ભણે સૈયદ ઇમામશાહ મત ચાલો ખોટો. (૨૨)

## ગીનાન - ૧૭૫

જીરેભાઇ રે ધરમી તે જે ધરમ વીચારે,
અવર તેને કાંઇ નહીં સુઝે; (૧)

જીરેભાઇ ધરમી થઇને પર નીંદાસું રાચે,
તે ધરમી નહીં પણ ચોર.. (૨)

જીરેભાઇ રે સતનું મારગ તેને કાંઇ નવ સુઝે,
તે અમથી અલગા જાણો. (૩)

જીરેભાઇ રે મોમન તે જે આપણા મનને સમજાવે,
અવર સમજાવે સો કેસા. (૪)

જીરેભાઇ રે કહે સૈયદ ઇમામશાહ તમે હેતેસું આવો,
ભાઇ તો આગલ અમરાપુરી પામો. (૫)

જીરેભાઇ રે અમરાપુરી માંહે ઉંચા છે અવાસ,
તેમાં મુમન મુનીવર ઝુલે. (૬)

જીરેભાઇ રે તીયાં અમારા મોટા મોટા સહુ આવે,
એવા થાશે તે રંગરે અપાર. (૭)

જીરેભાઇ રે એવા રંગ રૂપ તીયાં મોમન માણે.
તે રહેશે શાહને હજુર. (૮)

જીરેભાઇ રે ગુરનર સાથે ગોઠડી કીજે,
કીરીયા સુકરીત કરજો સાર. (૯)

જીરેભાઇ રે પંજભુ વારી જેણે વશજ કીધા,
તે શાહના દિદાર વેલા પામીઆ.(૧૦)

જીરેભાઇ રે અમરાપુરીમાં તેના ઉંચા છે આવાસ,
તીયાં કરશે લીણાં લાડ અપાર.(૧૧)

જીરેભાઇ રે ભણે સૈયદ ઇમામશાહ જો મનને સમજાવો,
તો વહેલા અમરાપુરીમાં આવો.(૧૨)

## ગીનાન - ૧૭૬ (જોગવાણી)

ધામસ રૂપ નીરંજન ભણીએ,
તો ત્રણ મુરત એક માનજી,
ગગન માંહે ઇન્દ્રાસન ભણીએ,
અને એ આસણે ધરીયા ધીયાન. જુગેસર. (૧)

જોગી નવ નાથને ચોરાસી સીધ સમાવીયા,
પણ સંતપંથે તરવું તતકાળજી,
પીર પયગમ્બર તમે પરતક પુજો,
જેથી ટળે જીવને જંજાળ. જુગેસર. (૨)

કરતવ ખોટાનેં થાઓ છો મોટા,
પણ મોટાઇએ મરમ ન પાઇજી,
માંગી ખાવું ને વઇકુંઠે જાવું,
એ દો દો બાતા ન થાજે જુગેસર. (૩)

કાચી છે કાયા ને ખોટી છે માયા,
તેને જતાં ન લાગે વારજી,
શબદ છે સાચા ને પીંડ છે કાચા,
કોણ કરતવે ઉતરો પાર. જુગેસર. (૪)

સતપંથ ધીયાએ પાપ નીવારણ થાએ,
પણ જંપો સાસ ઉસાસે જાગીજી,
ઇમામની ભગતીને જીવોની મુગતી,
જનમ મરણના ભય ગયા ભાંગી. જુગેસર. (૫)

ત્રણ મુરત આદ જુગમાં આવીયા,
તેને એક કરીને જાણોજી,
એમ ભણે ઇમામશાહ તમે ભારત ભુલા,
પણ જપ તપ જોગ તમે આણો. જુગેસર. (૬)

## ગીનાન - ૧૭૭ (રચનાર : સૈયદ ફતેહઅલીશાહ)

નર નકલંક કેરી વાત કોઇક જાણેજી,
જેને સતગુર મલીયા સાર સોહી પીછાણેજી. (૧)

સતગુર સત કરી જાણ મહમદ રૂપેજી,
આદ નીરીંજન શામ સદાય અલી રૂપેજી. (૨)

શાહ બેઠા પાછમ દેશ અજમી રૂપેજી,
શાહ બોલે છે ફારસી વેણ સેંતર દીપેજી. (૩)

તેનું શહરબાબકમાં ઠામ પરતક રૂપેજી,
તેનું શાહ અવળ હસન અલી નામ સુંદર રૂપેજી. (૪)

જપીએ તેનું જાપ અલખ છે આપેજી,
શાહા પુરે છે મનની હામ દરશન આપેજી. (૫)

દરશન સારા કામ ફેરા છુટેજી,
જેણે ગુર ઉપર રાખ્યા ઇમાન સોહી છુટાજી. (૬)

ભગતું તણો ભગવાન શામી હમારોજી,
તમે કીરપા કરો મોરા શામ ગતીયું તારોજી. (૭)

નાભ કમલ ઘટમાંહે સોહી દમ ઉઠેજી,
તેસું કીજે તાણસતાણ તાર ન તુટેજી. (૮)

આપણા ઇંગલા પીંગલા સાર સુખમણા નાડીજી,
તેસું ધરીએ સુરત ધીયાન મનછા મારીજી. (૯)

તેસું વંક નાડ મુકામ ખરા કરી રાખોજી,
તે ચંદા સુરજસું જોઇ નીત નીત રાખોજી. (૧૦)

તેસું સુરત રાખો તો ભરમંડણ ફુટી નીસરેજી,
તેનું રોમે રોમે છે નામ કોઇ ન વીસરેજી. (૧૧)

શમસી સૈયદ ફતેહઅલી દાસ ઉભા વીનવેજી,
આગા તારા ચરણની સેવ કંચન વરશેજી. (૧૨)

## ગીનાન - ૧૭૮ (રચનાર : સૈયદ લધા શાહ)

જીરેભાઇ નીરમલ ચાલો તેંહીજો ફલ આંહી પામો,
ગુરજો વચન વીરા આંહી મનમેં ધરોરે. (૧)

જીરેભાઇ સીલ સેહેજ સોહોજ સાચા આંહી ચાલો,
એસી કરણી આંહી વીર કરોરે. (૨)

જીંરેભાઇ પીરજે પરશાદે શાહજા મેવા આંહી ભરખો,
તીસ અમરાપુરી આંહી ઘુરો જા લહેરો. (૩)

જીરેભાઇ પાત્ર નકલંકી શાહ પરતક બેઠો,
અહોનીશ શ્રેવા શાહજી મનમેં ધરોરે. (૪)

જીરેભાઇ ખમીયાના ખણંગ તપ રીદેહ માંહે સમાણા,
તીસકું ઇસ કલજુગ કેહા કરેરે. (૫)

જીરેભાઇ કલજુગ આવે રીખીએંજે મન ભાવે,
મારે દાણવ ડારે અલી ચીણબ ચીણુ રે. (૬)

જીરેભાઇ તીંઅકર મુંજા હંસે રાજાજી તો મન ભાવે,
સબ જુગ આયા તુજ વીહીણુંરે. (૭)

જીરેભાઇ પંજેહી પરદણ કાયા વીચે આંહી સાધો,
કુડ છડીઓ વીરા આંહી સચ તરોરે. (૮)

જીરેભાઇ નમો તે નીરીંજન જબ હુઅડા નીરમલ,
ચંચલ ચીત વીરા આંહી વશ કરોરે. (૯)

જીરેભાઇ જીવ હો દોસારી ભને પડે તરશે,
મોખ ખુદાવંદ વહીણા વહીણારે. (૧૦)

જીરેભાઇ નરજે પરસાદે પીર ભણાવે લધાઇયુ,
શાહ મુસ્તનસીરબીલાહ આગા શરણરે. (૧૧)

## ગીનાન - ૧૭૯

એજી પરતક પાત્રને પરખીને, પ્રેમે પુજોને પાય,
ચઉદ ભ્રમણનો એ ધણી, પ્રગટ છે જુગમાંહે.
પરતક પાત્રને પરખીને.... (૧)

એજી પરતક રૂપે અલી આવીયા, આપે ધરી અવતાર;
રચના રચાવી વાસો વસ્યા, આપે જુગ કીરતાર.... પરતક.(૨)

એજી કુડ કપટને ટાળવા, પાખંડ જે જુગમાંહે,
નીરમલ કરવાને પૃથ્વી, આવીયા ત્રીભોવર રાય.... પરતક. (૩)

એજી જોગી જંગમ જુગમાં જોતા ફરે, વન વન ફરેરે ઉદાશ,
દરશન સ્વપ્ને પામે નહી, નીત કરે જોગ અપવાસ...પરતક. (૪)

એજી પરતક રૂપે હરી આવીયા, રમતા રમતા રામ,
માણસ રૂપે જુગમાં આવીયા, પુરણ કરવાને કાજ.... પરતક. (૫)

એજી ભગત કારણ હરી આવીયા, આપે ધરી અવતાર,
દઇત દાણવને સંહારવા, કરવા ભગતુંની સાર.... પરતક. (૬)

એજી માલી વીનારે વાડી નહી, પ્રાણ વીના નહીં દેહ,
જીવન પાંખે આ જુગ નહી, મન વીચારોને તેહ.... પરતક. (૭)

એજી માલી હશે તીયાં વાડી હશે, પુરણ લીલા લહેર,
સુધું કરીને સીંચશે, મનમાંહે ધરીને મહેર.... પરતક. (૮)

એજી માલી હશે તીયાં સીંચશે, વન ફળ નીત નવા થાય.
સતગુર હશે ત્યાં નીપજે, ધરમી નીત નવા થાય.... પરતક. (૯)

એજી જેણે ગોપી કેરા મહી લુંટીયા, માંખણ ખાધારે ચકોર,
આગે કૃષ્ણ અવતારમાં, મારગ રંગ વીનોદ.... પરતક.(૧૦)

એજી આજ કલ વારે અવતરીયા, હરી દસમેં અવતાર,
સેંતર દીપથી આવશે, જાહેર જંપુદીપ મીંજાર.... પરતક.(૧૧)

એજી તેને જાણીને તમે ઓળખો, શ્રેવો યેહી દયાળ,
હરતાં ફરતાં ને બોલતાં, રૂપ મદન ગોપાળ.... પરતક.(૧૨)

એજી ભણે પીર ઇન્દ્ર ઇમામદીનં, મારા મુનીવર ભાઇ,
ગીનાન વીમરસને જોઇ લીયો, પ્રાછત સરવેરે જાય.
પરતક પાત્રને પરખીને.(૧૩)

## ગીનાન - ૧૮૦

એ વીરા ભાઈ પ્રથમ પેલો મન વારો આપનો,
પછે બીજાને બોધોજી. (૧)

એ વીરા ભાઈ આપ ન વારે ને ઓરકું સંભળાવે,
ભાઈ સો મોમન કેમ કહીએજી. (૨)

એ વીરા ભાઈ મોમન તે જે મનને સમજાવે,
ભાઈ સાહેબ નામ ધીઆવેજી. (૩)

એ વીરા ભાઈ નીંદા ગીબત જે પારકી કરે,
ભાઈ દોઝખ માંહે તે જીવ પડેજી. (૪)

એ વીરા ભાઈ નીંદા કરશે તે નરગે જાશે,
તમે જુઓ જુઓ ઈલમ માંહેજી. (૫)

એ વીરા ભાઈ ઈલમકા કહીયા કોઈ ન કરે,
ભાઈ મન ભાવે સોહી કરેજી. (૬)

એ વીરા ભાઈ વારે વારે મોમન તમને વારૂં,
તમે ચેતી ચાલો મોમન ભાઈજી. (૭)

એ વીરા ભાઈ ભણત ઈમામદીન કહે પીર કબીરદીન,
ભાઈ કરો આપ કમાઈજી. (૮)

## ગીનાન - ૧૮૧ (રચનાર : પીર સતગુર નૂર)

એજી પહેલે પાળો તે સતગુરની વાચા,
બીજે ચાલો તે હક ને સાચા,
ત્રીજે તત્ત્વ પામશો... વીરાભાઇ (૧)
એજી ચોથે પોતીતે કલજુગની સંધ,
પાંચમે પંચભુ રાખોને વશ
છઠ્ઠે સુકરીત વાવરો... વીરાભાઇ (૨).
એજી સાતમે સતકેરી પાવળ સાર,
આઠમે હુઆ છે અધિકાર,
નવમે નવ નીધ પામશો.. વીરાભાઇ (૩)
એજી દશમે દશોંદ આલો તો દુશ્મન દુર,
અગિયારમે શાહ ભરપુર,
બારમે બંધ છુટશે... વીરાભાઇ (૪)
એજી તેરમે અલીવર શાહ,
ચૌદે ચિત્ત રાખોને ઠામ,
પંદરમે પોપ ફળ પામશો... વીરાભાઇ (૫)
એજી સોળમે સોળ કળા ભરપુર,
સત્તરમે વરસે અલીજીનું નૂર
અઢારમે દુનિયાથી અંતર રહો... વીરાભાઇ (૬)
એજી ઓગણીસ માંહે ગત ગંગાનું પરિવાર
વીસે પુરા હુઆ છે પંથ
એકવીસ માંહે અમર રહો... વીરાભાઇ (૭)
એજી પીર બોલીયા સતગુર નૂર મોમન મારા વીર
પેલે પાર ઉતરી પડો જઇ અનંત કરોડી માંહે મળો (૮)

## ગીનાન - ૧૮૨

એજી પીયું પીયું કીજીએ,
તો રદેહ ઉપજે ગીનાન,
રદેહ નીરમલ તો થાય,
જો રાખો સાહેબજીસું ધીયાન. (૧)

એજી ધીયાન એક તીલ રાખીએ,
તો દિલ માંહે ઉપજે હેતસું નેહ,
એમ સાસ ઉસાસે આરાધીએ,
ભાઇ તે કદી ન દીજીએ છેહ. (૨)

એજી છેહ ન દીજે સાચા સાંહીયાકું,
અને દેહીજો ટુકડા થાય,
દમો દમ હરીને જંપીએ,
ભાઇ એક દમ એળે ન જાય. (૩)

એજી જો દમ જાવે આપણા શાહ વીના,
ભાઇ સો દમ જાણો મુડદાલ
એવા સાહેબને કેમ છોડીએ,
તીલ ન કીજીએ વાર. (૪)

એજી ગફલત દિલથી વારીએ,
કુટ કપટ સરવે કરો દુર,
એ દુરમત નીંદા તમે પરહરો,
તો રહેશો શાહને હજુર. (૫)

એજી હાજર શાહજીને જાણીએ,
અને હરફ ન કાઢીએ બહાર,
એવી રહેણી રહીએ સાચસું,
અને જપીએ તે સીરજણહાર. (૬)

એજી સીરજણહાર સહુનો દાતાર છે,
તે સહુની પુરે આશ,
તે ઘટ ઘટ વ્યાપક સાંહીયા હય,
ભાઇ જેમ ફુલો માંહે વાસ. (૭)

એજી દુધ માંહે જેમ ગીરત હય,
અને તેસા તુજ માંહે પ્રાણ,
તેસા તુજ માંહે સાંહીયા હય,
તે ઘટ ઘટ વ્યાપક જાણ. (૮)

એજી જબ લગ ઘટ માંહે પ્રાણ હય,
તબ લગ ચેતો મારા વીર.
નીત નીત ઝીકરે જાગીએ,
એમ બોલીયા સતગુર પીર. (૯)

એજી ભણે સૈયદ ઇમામશાહ સુણો મુનીવરો,
તમે સાચી રાખો મનમાંહે ધીર,
શાહસું નેહ રદેહ માંહે રાખીએ,
તો નીરમલ થાય શરીર. (૧૦)

## ગીનાન - ૧૮૩

એજી ભમર ગુફારે ઉપર દેખંતા,
ભાઇ કહો કેસા ગુન હોય,
જગમગ જોત જલહલે,
અને વસત નુરાની સોય. (૧)

એજી ધીરો ધીરોરે ભાઇ મોમનો,
અને ધીરે તે સબ કુછ હોય,
માલીરે સીંચે સો ઘણા ભાઇ,
રૂતુ બીના કલ ન હોય. (૨)

એજી શરીયત હક કરી જાણીએ,
તો તુરત તરીકત પાઇએ,
હકીકત દિલ માંહે નકશીએ,
તો મારફતે મીલી જાય. (૩)

એજી સૈયદ મહમદશાહ આંખે વેનતી,
તમે સાંભળો રબ સતાર,
હી બંદો ગુનેહગાર હય,
સાંહીયા બક્ષીએ બક્ષણહાર. (૪)

## ગીનાન - ૧૮૪

એજી મરના હયરે જરૂર,
જુગ માંહે ચેતીને ચાલો.... મરના.
એજી કાયારે ગઢ તારો ખુબ બન્યો હય,
પાંચ તંતવ એનું મુલ.... જુગ માંહે. (૧)

એજી કાયા નગરીમાંહે હય મન રાજા,
ચઈતન નુર માંહે નુર.... જુગ માંહે. (૨)

એજી નુર સ્વરૂપી ચઈતન કરી જાણો,
કાયા માયા સરવે કુડ... જૂગ માંહે. (૩)

એજી કાયા નગરીમાંહે, પાંચ ચોર વસે છે,
તમે ચેતી ચાલો મન મુડ.... જુગ માંહે. (૪)

એજી કાયા નગરી ને એક ભય છે ભારી,
એક દીન કાળ કરે ચકચુર.... જુગ માંહે. (૫)

એજી કરો હુશીયારી સતગુર ચેતાવે,
તમે નામ લીઓ નીરમળ નુર.... જુગ માંહે. (૬)

એજી દાન સખાવત હરદમ કીજે,
ખમીયા ધરમ એનું મુળ.... જુગ માંહે. (૭)

એજી કહેત ઈમામ બેગમ સુનો મેરે ભાઈ,
તમે રહેશો સતગુર કે હજુર.... જુગ માંહે. (૮)

## ગીનાન - ૧૮૫
### (રચનાર : સૈયદ ગુલમાલીશાહ)

એજી માલ ખજીના બહોતજ ભરીયા,
ઉસમે નહીં કુછ તેરા,
રંગ મહોલ સબ ભુલ જાયસી,
જંગલ હોયસી ડેરા.
કીયા નીંદ સોવે મન મેરા,
શાહ સમરણકી વેળા, મૌલા સમરણકી વેળા.
કીયા નીંદ સોવે મન મેરા. (૧)

એજી સીર પર કાળ ફીરે સંત સાધુ,
અબ તું ચેત સવેળા.
ઇસ વેળા માંહે જો તું ભુલ જાએસી,
તોં બહોત ખાએસી ફેરા.... કીયા નીંદ. (૨)

એજી આરે સંસાર સકળ હય જુઠા,
મત જાણો હય મેરા,
છોડ ભરમ તમે બ્રહ્મ વીચારો,
તો ખોજ અંતર ઘટ તેરા.... કીયા નીંદ. (૩)

એજી જોત પરકાશ લીજે ઘટ અંદર,
ગુર બીના ઘોર અંધેરા,
કહે સૈયદ ગુલમાલીશાહ સમરણ કર લે,
સમજ સમજ મન મેરા.... કીયા નીંદ. (૪)

## ગીનાન - ૧૮૬

એજી મીઠું બોલીને નમી ચાલીએ, અને સાચું બોલે સુખ થાય,
એવા હંસા થઇને જો ચાલીયે, તો ચારો મોતીનો ચરાય. (૧)

એજી કમળ ફુલમાંહે ભમરો મોહી રહ્યો, તેવો ખોટો છે આ સંસાર,
આવતાં આવ્યો જીવ તું હરખમાં, અને જાતો દોહેલી વાટ. (૨)

એજી સોનું કસોટીએ કસાવીએ, તેમ કસાવીએ આપણું આપ,
એવા તાપ દઇને તપાવીએ, તો મુલ અદકેરા થાય. (૩)

એજી જીવનો જન્મારો એળે ગયો, અને ડુબીયો તે દરીયા માંહી,
ચાર ચાર જુગનો તું ચોરટો, તારી બાય ન જાલેરે કોઇ. (૪)

એજી સહસ્ત્રે પચાસ ભોગવી જીવ તું, આવ્યો તે મનખા દેહ માંહે,
ઇમામ શાહ કહે શાહને ન ઓળખીયા, તેના ઉનાળે ઉઠયા મેહ. (૫)

## ગીનાન - ૧૮૭

## મુબારકી ધણી સલામતજે તખ્તજી

(રચનાર : એક સૈયદ)

યા અલી ખુબ મીજાલીસ જીનત કરકે,
ફીરસ બીછાઇ ગાલી,
આન બયઠે હય તખ્ત ઉપર,
સુલતાન મહમદશાહ વાલી.
આજ રાજ મુબારક હોવે,
નુર અઇન અલીકું રાજ મુબારક હોવે,
શાહ આલે નબીકું રાજ મુબારક હોવે,
હોવે હોવે આજ રાજ મુબારક હોવે. (૧)

યા અલી દીદાર લેનેકું આયે શાહ તેરી,
હિંદી જમાએત સારી,
શાહ બજાકર નજરાં દેવે,
જાન અપની કુંવારી. ...આજ. (૨)

યા અલી તેરા નસીબા રોજે અવ્વલસે,
દેતા હયરે કમાલી,
શાહા અલીશાહકે મુખમેંસે નીકલા,
સુલતાન મહમદશાહ વાલી. ...આજ. (૩)

યા અલી શાહા કહું તો તુજકું બજાવે,
બખ્ત બુલંદ પેશાની,
છોટી ઉમ્મરમેં આલે મરતબા,
તાલુકી નીશાની. ...આજ. (૪)

યા અલી તખ્ત ને છત્ર તુજકું મુબારક,
ઝેહરાજી કે પીયારે,
અવલ હસનશાહ કરણી સો તેરી,
જીનત આપ સવારે. ...આજ. (૫)

યા અલી તખ્ત ને છત્ર સુનકે તેરે,
ફલકસે બરસે નુરા,
મોતી તબાકા હાથુંમે લેકર,
શાહકું વધાવે હુરા. ...આજ. (૬)

યા અલી મહેમાનખાનેમેં મોમનકું જબ,
લાએ ઈદ મુસલે,
શમસી જો સલવાત પંડકર,
મારફતકી ખુશીયાલી. ...આજ. (૭)

યા અલી તેરી મુબારકબાદી કે ખાતર,
સૈયદ કરતે મુનાજાત,
શાહા નજફ તેરે પુશતપનાહ,
તેરે દુશ્મન હોવે ફના. ...આજ. (૮)

## ગીનાન - ૧૮૮

(રચનાર : સૈયદ અબ્દુલ નબી)

એજી વેતની કરૂં છું સાહેબ મોરા,
ને હસીને સામું જુઓજી,
હસી બોલાવો મારા હંસાજીના રાજ,
શરમ હમારી યા અલી તોયેજી. (૧)

એજી કર જોડીને એમ માંગુ હો સાહેંબ,
આશ હમારી યા અલી પુરોજી,
હમે ગુનેહગારી બંદો દોસારી,
મારો જીવડો છે તમારે હજુરજી. (૨)

એજી વાચા પાળો મોરા કાયમ શામી,
અમે આવીયા તમારે શરણેજી,
અતિ આધીન થઇ પાયજ લાગું,
તો પાપ હમારા યા અલી પરહરો. (૩)

એજી પાપ પરહરી સાહેબ ભેટયા,
ને હેતેસું હઇડો મારો હરખીયો.
મોરો મન બાંધો આપણા અલખ સાથે,
અમી મહારસ ભીરખીઆજી. (૪)

એજી ભાઈરે મોમન તમે ભાવે આરાધો,
ને હેતેસું હરીને આજજી,
જેણે એક મનથી આપણા સાહેબ શ્રેવીયા,
તે પામીયા અવીચલ રાજજી. (૫)

એજી કાયમ શામી શાહ કહેકમાંહે બેઠા,
ને અલી રૂપે અવતારજી,
પાત્ર સીતોતેર ઈમામ ચાલીસ,
પરતક શાહ નીઝારજી. (૬)

એજી શાહ નીઝાર જેને ભેટીયા,
તેની કાયા અવીચલ થાયજી,
પાપ જાવે સરવે ભવ તણા,
પછે દેહી તેની નીરમલ થાયજી. (૭)

એજી પોપ પરમલ દેહી છે નીરમલ
સહેજેથી સતપંથ ધીયાવોજી.
હીરાને વીરા તમે પરખીને લેજો,
નહીંકા ફોકટ ખાયશો ફેરાજી. (૮)

એજી આશ પુરી સાહેબે ઉણીઆચારીની,
શાહા નીઝારશાહની વારજી,
ઉમેદ ધરતા આશજ પહોંચી,
ને ભેટીયા તત્વ દિદારજી. (૯)

એજી આપ પીરસાદે સાહેબે અરદાસ સાંભળી,
અમને કીધા તે જુગ જુગના દાસજી,
ભણે પીર અબ્દુલ નબી હાથીડું દેજો,
આશા કલજુગ વીખડો સોંસારજી. (૧૦)

## ગીનાન - ૧૮૯

સાઇયાંજી મોરે ડર લાગો એક દીનકો,
દીનકોરે ઘડી પલકો.... સાઇયાંજી.
કાચી મીટ્ટીકો ઘાટ ઘડુલો,
ફુટતા ન વાગીઓ રણકો.... સઇયાંજી. (૧)

આરે કાયા ફુલનકી વાડી,
મરગ ચરે અરે બનકો.... સઇયાંજી. (૨)

એક દીન સાહેબ સબકું બુલાવે,
તો લેખા લેશે તીલ તીલકો.... સઇયાંજી. (૩)

કહેત ઇમામ બેગમ સુનો મેરે ભાઇ,
તો ધોખો ભાંગીયો પેલા ભવકો.... સઇયાંજી. (૪)

## ગીનાન - ૧૯૦

એજી સતગુર મલીઆ મુને આજ,
આનંદ હું પામી.... સતગુર.
એજી સતગુર મલીઆ તારે ધોખાજ ટળીયાજી,
સરવે સારીઆ દાસીના કાજ.... આનંદ. (૧)
એજી દરશન દેખ્યા મન સંતોખીઆંજી,
મહાપદ પામી છું રાજ.... આનંદ. (૨)
એજી મહાપદ કેરી ભાઇ વાત છે ન્યારીજી,
કોઇ ન જાણે એ કાજ.... આનંદ. (૩)
એજી જો જાણે સો નર નવખંડ માણે,
ઘટો ઘટ દેખે મહારાજ.... આનંદ. (૪)
એજી ઘટો ઘટ દેખે તારે એક કરી લેખેજી.
નર નકલંકીનું રાજ.... આનંદ. (૫)
એજી કહેત ઇમામ બેગમ સુણો મોરા ભાઇજી,
અલી નબી છે સીરતાજ.... આનંદ. (૬)

## ગીનાન - ૧૯૧

એજી સતે ચાલો મારા મુનીવરો,
અને કાંઇ છોડો તે આપણું આપ;
સતગુરનું ફરમાવીયું કીજીએ.
તો જાય જનમના પાપ. (૧)

એજી છેડે બાંધીને તમે છોડી કાં નાંખો,
બાકી દિન રહ્યો ઘડી ચાર;
સાંજ સમે નીત નીત ગતમાં આવી મીલો,
નહીં તો પડશો ગોડ અંધારી રાત. (૨)

એજી રાત અંધારી માંહે તારી આંખે નહીં સુજે,
તીયાં સતગુરૂ દીપક ન આવે તારે હાથ;
સતગુરનું ફરમાવ્યું જે નહીં કરે,
તે જાશે તે દોઝખની વાટ. (૩)

એજી ગીનાન શોધો ને વેદ વીચારો,
પીંડત વાંચી જોજો વેદ પુરાણ;
તે ડાયા પીંડત એમ ભુલીયા,
જેમ રાહુએ ગીરીહીયા રવી ભાણ. (૪)

એજી તેને છાંયડો તે લાગો પાપનો,
તેને રદેહ કમળ વસે કાળ;
તેણે કમાઇ ખોઇ જુગ ચારની,
તે તો પડશે દોઝખની જાળ. (૫)

એજી દોઝખની આંચ છે દોએલી,
તે તમથી ખમી નવ જાય;
તીયાં વીછું મારે આંકડા,
તેની અગનીએ રહ્યો નવ જાય. (૬)

એજી પુરણ ભાગ્ય વીના નવ પામીએ,
અને સતપંથ પદારથ સાર;
તેના એકોતેર સો સરગે સધાવશે,
તે તો નીત નીત કરશે શાહના દિદાર. (૭)

એજી વેલા પોતી ને રૂત પાકી,
અને અસવારી થઇ તઇયાર;
ચેતી સગો તમે ચેતજો,
હવે નથી અગીઆરમો અવતાર. (૮)

એજી હવે કોલ સાહેબજીના પુરા થયા,
સામી જુએ છે ભગતુના ભાવ;
અનંત કરોડ તીયાં આગલ હોયશે,
તેને સતગુર ઉતારે પાર. (૯)

એજી જે સંસાર સાગર ઉતરી ઘરે આવશે,
તેને સાહેબ દેશે ઘણાં ઘણાં માન;
કમાઇ કીધી એણે મુનીવરે,
જેણે આલીઆ મુસતકના દાન.(૧૦)

એજી ભણે સૈયદ ઇમામશાહ સુણો રે મુનીવરો,
તમે સવાલાખ વરસ સુધી દીદાર ફલ પાઓ;
પણ મંહાદન માંહે સઘલો તોલશે,
પછે અબલા અબધ અમરાપુરી જાઓ.(૧૧)

### ગીનાન - ૧૯૨ (રચનાર : સૈયદ કુતુબદીનશાહ)

જીરે રાજા સંત તણે મુખ માર ન હોવે,
મારે હોવે તો સંત કયસા,
ગુર બીના ગીનાન કયસા કહીએ,
તો સેહેજ ખાટકી જયસારે.
ધોરી ઓડ મ કંધ ભાર વઇને છુટો,
આગળ મારગ વસમું દીસે જીરે રાજા દીસે,
બારે મેઘ વરસે જો જલ ભરીયા,
સો અણ ગાળીઓ નીર ન પીજેરે.. ધોરી. (૧)
જીરે રાજા એક રતન તમને અમુલખ લાધો,
તેને જતન કરીને રાખીજે,
વસત જોઇને વેપારજ કીજે,
તો જણ જણ હાથ ન દીજેરે.... ધોરી. (૨)
જીરે રાજા કાચે કુંભે નીર ન રહેવે,
સુપાત્ર દેખી દાન દીજે,
ખીર ખાંડ ગીરત અમૃત ભોજન,
સંત તણે મુખે દીજેરે.... ધોરી. (૩)
જીરે રાજા કાયા છે કુંપો ને મન છે કસ્તુરી,
તેને સતપંથનું ઢાંકણ દીજે,
કબહી કબહી એસા વાંએજ વાયશે,
તો નામ સાહેબજીકો લીજેરે.... ધોરી. (૪)
જીરે રાજા દુનીયા હએ દો દીનકા પેખણા,
સો દુનિયા દેખી મત ભુલો,
દુનિયાની સંગતે જે જીવ ભુલા,
તે ફરી ફરી દુનિયામાં જુલારે.... ધોરી. (૫)
જીરે રાજા પાઈરે અમરાપુરી કાંયરે ગમાવો,
કમલ ચીત ઠોર રાખો,
ગીનાન કે ભીતર જો રસ પાયા,
સો હેતે કરીને ચાખોરે.... ધોરી. (૬)
જીરે રાજા કહે પીર કુતુબદીન સાંભળો કમલ રાજા,
ગુરજીકા કહયા કીજે,
સોને રૂપેકા મીંદર ચુણાયા,
ઉપર છાજલીઆ કેમ દીજેરે.... ધોરી. (૭)

## ગીનાન - ૧૯૩

એજી સતના ઘટ વીરા શ્રેવીએ,
અને ઘટપાટની વાર,
સૂત સબુરી રાખીએ,
ભાઇ ઘટપાટને પાસ. (૧)

એજી એણે ઘટે પામીએ,
અને પામીએ અવીચલ રાજ,
અવીચલ રાજ તો પામીએ,
જો હોવે ઘટ વિશ્વાસ. (૨)

એજી નીરમલ થઇને નુર પીજીએ,
અને નીરંતર સુરત રાખ,
નીમનું ફલ તો પામીએ,
જો હોવે ઘટ વિશ્વાસ. (૩)

એજી ઘટપાટ માંહે ધીયાનજ રાખીએ,
અને સાચે મન વિશ્વાસ,
એણે ઘટે સ્ત્રી પુરૂષ સરવે આવશે,
તમે નીરમલ રાખો નેહ. (૪)

એજી સ્ત્રી પુરૂષ સરવે બંધવા,
અને બેન ભાઇનું નેહ,
નજર નીરમલ જે નહીં રાખશે,
તેની જાશે નરગમાં દેહ. (૫)

એજી દોજંખે જાશોરે જીવડા,
જેને ઘટપાટસું નહીં વિશ્વાસ,
તારે ઘટપાટનું ધરમ સરવે જાયશે,
અને દેહી જાશે અગનજ માંહે. (૬)

એજી પીરશાહ કહેતા ફલ પામીએ,
અને ફરમાન કહેતા દાન,
હયજીંદા કહેતા હરખ આવશે,
કાએમ કહેતા સાહેબ જાણ. (૭)

એજી સૈયદ ઈમામશાહ બોલીયા,
અને તમે એવારે ફલ કાંઇ ગમાવો,
પર સ્ત્રીથી જો ચેતશો,
તો ઘટ સુઘટ હોય જાણ. (૮)

## ગીનાન - ૧૯૪

એ વીરા ભાઇ સતપંથ શ્રેવો મેરે ભાઇ,
તમે નીત નીત કરો આછી કમાઇજી. (૧)

એ વીરા ભાઇ ખટ ઘડી જ્યારે પાછલી રહેવે,
તારે તમે ઝીકર કરો ઇલાહીજી. (૨)

એ વીરા ભાઇ ઝીકર કરો નીંદા પરહરો,
ભાઇ સાહેબ હોવે મહેરબાનજી. (૩)

એ વીરા ભાઇ કલમા કહો તમે મોમન ભાઇ,
ભાઇ ચાલો ગુર ગીનાનેજી. (૪)

એ વીરા ભાઇ ગુરે કહી કહી સમજાયા,
ભાઇ મુરખે મરમ ન પાયાજી. (૫)

એ વીરા ભાઇ મુરખ મન માંહે વીચાર ન કરે,
ભાઇ નીંદા જુઠ ઓચરેજી. (૬)

એ વીરા ભાઇ ભણત ઇમામદીન કહે પીર કબીરદીન,
નીંદા મ કરો લગારજી. (૭)

## ગીનાન - ૧૯૫

સતી સુહાગણ તીસે કહું,
જે જલે પીયું કે સાથ.
ખરી સુહાગણ પીછાનીએ,
જેમ પડી પટોળે ભાત. (૧)

તે ફાટે પણ ફીટે નહીં,
એવો સાહેબસું રાખીએ હેત,
એવા તન મન થઇને આરાધીએ,
જેમ હાડ પડા એવા વહેત. (૨)

ચાર જુગનો તું ભુલીયો,
અને ઝીકર ન કીધી સાર,
મારૂં મારૂં કરતા મરી ગયો,
પછે કેનું કુટુંબ પરીવાર. (૩)

સામલ જીવની કીજીએ,
તો સુખ ઘણેરૂં થાય,
રાજા હરીશ્ચંદ્ર જેવા ફળ પામશો,
વીરા તેથી અદકેરા લેખાય. (૪)

સવા લાખનો રાજા પુરાવશે,
એણે રીખીસરને ફળ આલે,
મહાદન સંધે શામી તોલશે,
અબદા અબદી અમરાપુરી જાય. (૫)

ભાઇ અમર ઘર છે દોહ્યેલો,
અને તે ઘેર નહીં પહોંચાય.
સાંભળો તમે ચેતજો,
નહીં તો દોઝખ માંહે માર જો ખાય. (૬)

ભાઇ ખરા નાણા ખરચીએ,
અને ખોટા કોઇ હાથ ન સોહાય,
ધન ધન જે તે રીખીસરને,
જે આવીયા અમરાપુરી માંહે. (૭)

ભણે ઈમામશાહ તમે સુણો રીખીસરો,
અને વેળા વીચારીને ચાલો,
જે દસોંદ પરઠીને આવીયા,
તે સતગુરજીના હાથે આલો. (૮)

## ગીનાન - ૧૯૬ (રચનાર સૈયદ ફાજલશાહ)

એજી સરગ ભવનથી માટી મંગાઇ ભાઇ, મીટડી મંગાઇ,
સાંહીયા મીલી કરી ઘાટ ઘડાયા,
જીરે મુખકે મંડલ દોએ દીવડા જગાયા,
ઘટ અંદર શબદ સુણાયાજી.
હમ પરદેશી દુરથી આયા ભાઇ દુરજ ચલણા,
અલા કીયારે જાણું મૌલા કીયારે જાણું કીયા હોયશે,
જીરે કેણી પેર સાહેબ મારો લેખાં લેશે,
ખાલક ગુનાહ બક્ષે. (૧)

એજી માટી ખોદી ખોદી મોહોલ બનાયા,
ભાઇ મીંદર ચુણાયા. ભાઇ મીંદર ચુણાયા,
બંદો મુરખ કહે ઘર મેરા,
જીરે આવેગો જમડો ને લે જાવે જીવડો.
બંદે ઉંઠ આગળ ઘર તેરા.... જીરે હમ. (૨)

એજી દર અંદર સોણા ને ઉપર માટી, ભાઇ ઉપર મીટડી,
માંહે રળી ભળી જાએંગા માસ,
જીરે માસ મીટી માંહે રળી ભીળી જાયશે,
બંદે ઉપર ઉગેગા ઘાસ.... જીરે હમ. (૩)

એજી રાજા રાવણ કેરી લંકા નગરી સોને કેરી નગરી,
રાજા ભોજ સરીખી નગરી ધારા,
જીરે ધનરે જોબન કેરો ગીરભ ન કીજે
અહંકાર ન કીજે,
તાકું જાતા ન લાગે વાર.... જીરે હમ. (૪)

એજી કોઇ જણ સુતા ને કોઇ જણ જાગે,
બંદા કોઇ કોઇ કરેરે કમાઇ.
જીરે સબ જુગ સુતા મેરો ખાલક જાગે ખુદાવંદ જાગે,
પીર બોલીયા ફાજલશાહ સવાઇ.... જીરે હમ. (૫)

## ગીનાન - ૧૯૭

એજી સાચો ધીઆવો ને ગીનાન વીચારો, ભાઇ ગુર બીના ગીનાન ન હોય,
મુરખ લોકે મરમ ન જાણીયો, ભાઇ તે માટે કરણી ખોય. (૧)

એજી મેં બોલાવું મેં ચલાવું, અને મેં ખીલાવું સબ ખેણ,
મેં ખીલાવું ને મેં પીલાવું, ભાઇ ઉમત સારી જહાન. (૨)

એજી મેં આચારી ને મેં વીચારી, મેં અકલ દઉં આપ,
એતો માટી કેરે પુતલે, તેને મેં જંપાવું જાપ. (૩)

એજી મેં કરતા ને મેં હરતા, અને અવરથી કુછ ન હોય,
એક તીલ રહેમત મેં છોડું, તો પત્થર બોલે સોહી. (૪)

એજી કાચે હાંડે નીર ન રહેવે, માંહે જલ ભરતાં ગળી જાય,
તેમ બેઇમાની બહેસ્ત ન પાવે, વણ અગને સોહાગ ન થાય. (૫)

એજી તે ગાફલને સુધ નવ સુજી, તેણે નીંદ્રાએ ખોયો આપ.
તેને કાળ હવાએ દાબીયો, તેને ડસીઓ તે કાળીઓ નાગ. (૬)

એજી જેને નાગ ડસીયો તેને ઝહેર ચડયું, તે બે આંખે આંધળો થાય,
તીયાં બહુ ગારૂડી આવી મળે, પણ સતગુર વીના ઝહેર ન જાય. (૭)

એજી આજ સાચો ગારૂડી સતગુર છે, અને તે સાચો ગુર કહેવાય,
જેણે ચૌદ બ્રહ્માંડ સીરજીઆ, તે ગુર સતપંથ વીના નહી પાય. (૮)

એજી થોડા માંહે બહોતજ પાઇએ, તમે કરો સબુરી મોમન ભાઇ,
તમે જીકરે જાગો જીવડા, અને સતની કરો કમાઇ. (૯)

એજી ભણે સૈયદ ઇમામશાહ સુણો, મુનીવરો, તમે ગીનાન વીચારો આપ,
ઘટમાંહે ખજાના બહોત હય, તમે કુંચી કરો અપને હાથ. (૧૦)

## ગીનાન - ૧૯૮

સાહેબજી તું મોરે મન ભાવે,
અવર મોરે ચીંત ન આવે,
દુજા મોરે મન ન ભાવે,
સાહેબજી તું મોરે મન ભાવે.
એજી જે જે માંગુ તે તુંહી દેવે,
એવા એવા લાડ લડાવે.... સાહેબજી. (૧)

એજી ચારે ચારે જુગમાં ફરી ફરી જોયું,
તેરે તોલે કોઇ ન આવે.... સાહેબજી. (૨)

એજી ચાલો સાહેલી વર જોવા જઇએ,
સો પીયા મેને પાયા.... સાહેબજી. (૩)

જીસરે વીના ઘડી દોહેલી જાવે,
સો પીયા મોરે મંદીર આવે.... સાહેબજી. (૪)

એજી જીસકારે સાહેબ અયસા હોવે,
સો દુઃખીયા ક્યું કર કહાવે.... સાહેબજી. (૫)

એજી દોષ દયાલજીકું ક્યું કર દીજે,
કરમે લીખીયા સોહી પાવે.... સાહેબજી. (૬)

એજી રામ રહેમાન એક ગુસાહીઆ,
મુરખ મરમ ન પાવે.... સાહેબજી. (૭)

એજી બોલીયા સૈયદ મહમદશાહ શરણ તુમારે,
તુજે છોડી દુજે દુવારે કહાં જાવે.... સાહેબજી. (૮)

## ગીનાન - ૧૯૯

એજી શાહના ખત આયા વીરા જંપુદીપ માંહે,
કાંઇ લાવ્યા લાવ્યા ચંદન વીર. (૧)

એજી શાહના ખત વાંચીયા સૈયદ ઇન્દ્ર ઇમામદીન,
આજ મારે હયડે હરખ ન માય. (૨)

એજી પાંખડીયા જો હોવે તો શાહને જાઇ મીલું,
શું કરૂં મારો પીંઢડો ન હાથ. (૩)

એજી કંધોધર હોવે તો કંધ ઉડવે,
એવા જોઇ જોઇ કરૂં છું વીચાર. (૪)

એજી ફુલડાં વીણાવો વીરા સતીયું તણા,
જેને નથી વાયા કલજુગના વાય. (૫)

એજી રાહીને દરગાહી મીલી દરગે સોંઢીયા,
તે તો ચાલીયા આપણે શાહને ફરમાન. (૬)

એજી રતનાકર ગાજે અતી ડરામણા,
તીયાં કાયરીયા કાંઇ છાંડેરે પ્રાણ. (૭)

એજી વાઘ ને સીંહડા રાહીયુંના વોળામણા.
તે છે આપણા શાહને પીછાણ. (૮)

એજી ઉંચા ઉંચા ડુંગર દીસેરે ડરામણા,
તીયાં વાય ટાઢા હેમાજલના વાય. (૯)

એજી રાહીને દરગાહી મીલી દરગે પોહોતા,
જાઇ પોતા કહેક નગરી માંહે. (૧૦)

એજી કહેક નગરી દીશે અતી રળીયામણી,
તીયાં બેઠા આપણા ત્રીભોવર શામ. (૧૧)

એજી થાળ ભરાવો વીરા સગ મોતીયે,
વધાવો આપણા ત્રીભોવર શામ. (૧૨)

એજી પીર ઇન્દ્ર ઇમામદીન આશા મુખે બોલીયા વીનંતી,
શામી ગતના ગુનાહ બક્ષ કરોજી. (૧૩)

## ગીનાન - ૨૦૦

એજી હરદમ કરો અભીઆસ,
કરીને દેખોજી.
એજી દમો દમ મારા શામીને શ્રેવોજી,
શામી મારો છે તમારે પાસ.... કરીને દેખોજી. (૧)

એજી પાસ છે શામી નહીં હય ખામીજી,
તમે પુરો રાખજો વિશ્વાસ.... કરીને દેખોજી. (૨)

એજી તમારો શામી તમમાંહે એમજ બેઠોજી,
જીયું હય ફુલુ માંહે વાસ.... કરીને દેખોજી. (૩)

એજી રોમે રોમે મારો શામી રાજો બેઠોજી,
ચઇતન પુરૂષ અવીનાસ.... કરીને દેખોજી. (૪)

એજી જેણે જીવે આપણો આપ નહીં ચેતીયાજી,
તે જુગ માંહે થઇ ગયા નીરાશ.... કરીને દેખોજી. (૫)

એજી બ્રહ્મ ગીનાન માંહે હરદમ રહેજોજી,
કરજો આપણો અભીયાસ.... કરીને દેખોજી. (૬)

એજી અજંપીયા જાપ ભાઇ જીસ ઘટ ભીતરજી,
સોહી ઘટ હોયશે ઉજાશ.... કરીને દેખોજી. (૭)

એજી ઘટ ઉજાશો પાપથી નાસોજી,
શામીને જપો સાસ ઉસાસ.... કરીને દેખોજી. (૮)

એજી કહેત ઇમામ બેગમ જે નર કરશેજી,
તે પામશે વઇકુંઠ વાસ. કરીને દેખોજી. (૯)

## ગીનાન - ૨૦૧

એજી હરદમ જપો પીરશાહનું જાપ,
જપતા રહીએ.
એજી મુલ કમલ ભાઇ થીર કરી રાખોજી,
નાભી કમલકું જંગાય.... જપતા રહીએ. (૧)

એજી સતગુર શબદકા માંહે વાજા વજાઇએજી,
સુરતીકું સુહાગ ચડાઇએ.... જપતા રહીએ. (૨)

એજી મુખ બીન ગાઇએ ને સરવણ બીન સુણીએજી,
બીન કર તાલ વજાઇએ.... જપતા રહીએ. (૩)

એજી તાલ પખવાજ મરદંગ વાજે,
બીન રસના ગુણ ગાઇએ.... જપતા રહીએ. (૪)

એજી ઇંગલા પીંગલા સુખમના નાડીજી,
ત્રીવેણીકે તીર પર ઠેરાઇએ.... જપતા રહીએ. (૫)

એજી ભમર ગુફા ઉપર તખત બીરાજેજી,
ઉઆં જાઇ નીશાન વજાઇએ.... જપતા રહીએ. (૬)

એજી કહેત ઇમામ બેગમ સુનો મોરા ભાઇજી,
ઇયું કરી દરશન પાઇએ.... જપતા રહીએ. (૭)

## ગીનાન - ૨૦૨

એજી હરદમ ધરીએ ધીઆન અજંપીઆ તણો,
હરદમ ધરીએ ધીઆન.
એજી ધીયાન ધરીને મન વશ રાખોજી.
સતગુર તણી લઈએ શાન.... અજંપીઆ તણું. (૧)

એજી શાન લઈ ઘટ માંહે રાખોજી,
નેચલ થઈ ધરીએ ધીયાન..... અજંપીયા. (૨)

એજી ગુપત ઘટ માંહે સમરણ કરજોજી,
કોઈ ન સુણે કાનો કાન.... અજંપીયા. (૩)

એજી ઈંગલા પીંગલા સુખમણા નાડીજી,
ત્રવેણીકે તીર પર મકાન.... અજંપીયા. (૪)

એજી ભમર ગુફા ઉપર પરગટ બેઠાજી,
તીયાં જોઈ ખોડે નીશાન.... અજંપીયા. (૫)

એજી નીશાન ખોડો તો દિદાર લોણોજી,
મટ જાવે ચોરાસીના ચહેન.... અજંપીયા. (૬)

એજી જનમ મરણકા સરવે ભય ભાંગેજી,
બયઠા પીએ અમરત પાન.... અજંપીયા. (૭)

એજી અમરત પીવે સો જુગા જુગ જીવેજી,
વૈઇકુંઠ પાવે વેમાન.... અજંપીયા. (૮)

એજી શામી હું છું દાસી મુને દરશનની આશાજી,
શામી મારી વેનતી ધરજો કાન.... અજંપીયા. (૯)

એજી કર જોડી ઈમામ બેગમ વીનવેજી,
ગુર પરસાદે બોલું ગીનાન.... અજંપીયા (૧૦)

## ગીનાન - ૨૦૩

એજી હું રે પીયાસી પીયા તેરે દરશનકી,
આશ પુરાવો પીયા મોરે મનકી,
હું રે પીયાસી આશ તોરી,
તું ચીંતા મોરી ક્યું ના કરો,
ખીજમત ખાસ ખવાસ તોરી,
રૂઠા સાજન કીયું ફીરોજી. (૧)

એજી સુનો મેરે કંથ, કહયા મેરા કીજે,
મુજ નારીસું અબોલા ઇયું ન રહીજે
કરો કરો કંથ કહયા હમેરા,
હમ દુ:ખીરે દોએલીયા,
સુરીજન મનની આશ પુરો,
તો હમ સુખીરે સોહેલીઆજી. (૨)

એજી જલ બીન મછલી, સો પીયા બીન ક્યું રહેવે,
પીયાજી કે કારણે સો જીવડા દેવે,
જલ બીના મછલી હુઇ અકેલી,
દેખે ક્યું તડફડ મરે,
તડ ફડ કુદે કુછ ન ચાલે,
મહેર માછી ન કરેજી. (૩)

એજી જુઠીરે પ્રીત ભમરકી કહીએ,
પીયાજીકા દરશન ઇયું નવ લઇએ,
જુઠી રે પ્રીત ભમરકી કહીએ,
જો કલીયાં કલીયાં રસ લેત હય,
તેમ કીરીયાના હીણા ગાફલ અંધા,
સો પીયા પર જીવ ન દેત હયજી. (૪)

એજી સાચીરે પ્રીત પતંગકી કહીએ.
પીયાજીકા દરશન ઇયું કર લઇએ,
સાચીરે પ્રીત પતંગકી કહીએ,
જો ઉલટ ઉલટ અંગ દેત હય,
એક દીપક કેરે કારણ,
સો કંઇ પતંગ જીવ દેત હયજી. (૫)

એજી હમરે પીયા પર સબહી વારીયા,
પીયા મુખ દીજે વસત પીયારીઆ,
એવા વાર ફેર ઉતાર ડાલો,
કુછક બોલણા મન ધરો,
દયા કરીને શામી રાખો અમને,
એવા વેણ મારા ચીંત ધરોજી. (૬)

એજી દિદારી હોવે સો એસા ચહાવે,
સાહેબજીકું છોડ કર ઓરકું ન ધીઆવે,
દિદારી હોય સો દિલ બાંધે,
દીન દીન અદકા નેહ ધરે,
એક મન હોકર નામ લેવે,
પીયુકા દરશન સો કરેજી. (૭)

એજી યતીમ દાસીસું એસા ન કીજે,
મારા અવગુણ હોય સો ગુણ કરી લીજે,
હુરે અપરાધણ દાસી તોરી,
તું ચીંતા મોરી કીયું ન કરો,
મારા અવગુણ હોય તો ગુણ કરો શામી,
એવા વેણ મારા ચીંત ધરોજી. (૮)

એજી નહીં કુછ હોવે સો દાસી કહાવે,
અપને સાહબજીકું એસા ભાવે,
નહીં કુછ હોવે સો દાસી કહાવે,
નીત ઉઠ અદકા નેહ ધરે,
એક મન હોકર નામ લેવે,
ઇયું કરી જાલો દેહરેજી. (૯)

એજી એક મન થઇ સાહેબજીસું રહીએ,
હેતેસું રંગ એસા લહીએ,
હેક મન થઇ રહીએ સાહેબજીસું,
ચાહો ઘણેરો કીજીએ,
પ્રેમ ઉપર શીશ દેવે,
તો પીયાકા દરશન સો કરેજી. (૧૦)

એજી પ્રેમ તંતવ જેસા ન દેખ્યું કોઇ,
સાહેબ રીઝે કરીએબી સોહી,
પ્રેમે મોહીયા જે મુવા,
તેનો ભલો જીવીયો સંસારરે,
કરતવ આછા કીજીએ,
તો સાહેબ લંગાવે પારજી. (૧૧)

એજી હમ ગુનેહગાર બંદા બી તેરા,
સાર કરો સાહેબ મોરી શ્રેવા,
સાર કીધી સાહેબજીએ મોરી,
રંગ રલીયા કરો સહેલીઆ,
નરને પરસાદે મીરા ભણે સૈયદખાન,
ભાગા તે દુઃખ દોહેલીયાજી. (૧૨)

## ગીનાન - ૨૦૪

એજી હેતે મીલીને સતે ચાલજો, અને જુઠ કરજો સરવે દુર;
સતપંથ સરેવીઆ તો ફલે, જો નીરમલ થઈ પીઓ નુર. (૧)

એજી નુર પીયો ને નામ લીઓ, તો મન લરજીને ઉજળારે થાઓ;
લોભ સવારથને વારીએ, તો ગઢ અમરાપુરી જાઓ. (૨)

એજી કામ ક્રોધે શેર લુંટિયા, અને લુંટિયા તે ચરથ ભંડાર;
હીરા રતન ઝવેર લુટીયા, અને લુટી વસ્તુ અપાર. (૩)

એજી તો મુરખ હૃદયમાંહે નવ જાગિયો, તેણે ખોયો સરવે માલ;
આગલ રોજ કયામત દાડો આવશે, તારે કેમ કરી દેશો જવાબ. (૪)

એજી તેને ચોર કહીને સાહેબ બાંધશે, અને દેશે તે ઘણ કેરી માર,
તેના હઈડા માંહેથી અગન ઉઠાડશે, તારે જીવડો કરશે પુકાર.(૫)

એજી સતપંથ લઈને ઉતડીયા, તેને લાગો તે નીલનું પાસ;
વસાણા હતા તે લુટાઇ ગયા, પછે ખાલી તે રહ્યો હાટ. (૬)

એજી સતી હોકર અસતી કહાવે, તેણે ખોયો પુરવ જનમનું મુલ,
તે તો વોણા ઉખડી ગયા, તેને મોંઢે પડશે ધુળ. (૭)

એજી કરમે કાળા તે સદાય કાળા, મોમનભાઇ તમે ગીનાન વીચારીને જુઓ;
દુધે ધોઇએ કોયલા, કબહી ન ઉજળા હોય. (૮)

એજી સતપંથ લઇ અલગા રહ્યા, તે તો પાકી હંડીને તોલ;
તેને ટાંકણ મારી ટુકડા હુઆ, તેનું કાંઇ ન ઉપજેરે મુલ. (૯)

એજી ભણે સૈયદ ઈમામશાહ સુણોરે મુનીવરો, તમે રાખો તે આપણું આપ;
સતગુર વચને જે નહીં ચાલસે, તેને ખાશે વીછું ને સાપ. (૧૦)

## ગીનાન - ૨૦૫

એજી હેતુસું મીલોરે મુનીવરો, અને મુખે તે સાચી વાણી બોલો,
નીત નીત દરશન કીજે શાહના, ભાઇ સુતક પાતક ખોલો. (૧)

એજી ગુરગત ગંગા તીરથમાંહે નાઇએ, અને નીરમલ કીજીએ મન;
પાંચ પદારથ પામીએ, જો પુરવ હોવે પુન. (૨)

એજી પુરવ પુન વીના નવ પામીએ, અને સાચો તે સતપંથ સાર;
સતપંથ પદારથ પામીએ, ભાઇ જો દિલ હોવે પાક. (૩)

એજી પાક તો સાહેબજીનું નામ છે, તેને જંપીએ સાસ ઉસાસ,
દુર મ દેખો દિલમાંહે વસે, જેમ ચંપા ફુલમાંહે વાસ. (૪)

એજી રોમે રોમે મારો શાહ વસે, અને અંતર નહીં એક તીલ;
એવું જાણીને ભગતાઇ કીજીએ, શાહ પરતક બેઠા દિલ. (૫)

એજી સત બોલોને સતે ચાલજો, અને સત સમો નહીં કોઇ સાર;
સકળ વેદ સતે રચીયા, ભાઇ સતે ઉતરશો પાર. (૬)

એજી સત મ છોડો મારા મુનીવરો, અને સત છોડે પત જાય;
ઇમાન સરીખો દીવડો, તેને અંજવાળે શાહ પાય. (૭)

એજી રેણી અજવાળી ચાંદસુ, અને દિવસ અજવાળો સુર;
તેમ ઘટ અંજવાળો ઇમાનશું, ભાઇ ચૌદીસે વરસે નુર. (૮)

એજી નુર નારાયણજીનું ત્યાં વસે, અને જીસ ઘટ સાચો ઇમાન;
તેને દેવલોક પ્રણામ કરે, પછે વાસો તે વઇકુંઠ ઠામ. (૯)

એજી ભણે સૈયદ ઇમામશાહ સુણો મુનીવરો, અને દેખો અચંબે સાર;
છેલી તે નાવ કલજુગની. ભાઇ ઇમાની ઉતરશે પાર. (૧૦)

# કેટલાક ગ્રંથો
# અને
# તેનો સાર

# બ્રહ્મ પ્રકાશ

## (અર્થ સહિત)
## રચનાર : મહાન પીર શમ્સ

**સત શબ્દ હય ગુરૂ (અલી) હમારા, તાકો લખે નયો સંસારા. (૧)**
અર્થઃ- ઇસ્મે આઝમ યાને ગુરૂ મંત્ર મારો અલી પોતેજ છે પણ સંસારી લોકો તેને ઓળખી શકતા નથી.

**સત શબ્દકા કરો વિચારા, પીરશાહ કહોજી વારંવારા. (૨)**
અર્થઃ- હંમેશાં ઇસ્મે આઝમના ખ્યાલમાં રહેવું પીરશાહના નામનું રટણ ચાલુ રાખો.

**પ્રથમ ધ્યાન રસનાસુ કીજે, નિશદીન પીરશાહ પીરશાહ ભણીજે.(૩)**
અર્થઃ- શરૂઆતમાં જીભના ઝીકર સાથે ધ્યાન ધરવું અને રાત દિવસ પીરશાહ, પીરશાહના નામનું રટણ કરવું.

**તીન માસ રસના બીચ રહ્યા, પીછે નામ બ્રહ્મસો કહ્યા. (૪)**
અર્થઃ- એવી રીતે ત્રણ મહિના સુધી જીભથી રટણ થયા બાદ પછીજ બ્રહ્મ ઉપર ચિત્ત સ્થિર થાય છે.

**નામ લેતા ભયા પ્રેમ પ્રકાશા, તબ ઊપજ્યા મન વિશ્વાસા. (૫)**
અર્થઃ- એવી રીતે નામનું રટણ થતાં રૂહાની ઇશ્ક પ્રકાશીત થાય છે અને ત્યારે મનને એ વિષે યકિન બંધાય છે.

**કહો પ્રેમ લક્ષ કૈસા રે ભાઇ, ગુપ્ત ભેદ કહું પ્રગટ બતાઇ. (૬)**
અર્થઃ- કહો ભાઇ એ ઇશ્કના લક્ષણ કેવા હોય છે તેનો છુપો ભેદ હું જાહેર કરી બતાવું છું.

**ગદ ગદ લહેરી પ્રેમકી ઊઠે, તાં બીચ ધારા શીરી મુખકી છુટે; (૭)**
અર્થઃ- આનંદની રેલમછેલ સાથે ઇશ્કના મોજા ઉછળે છે તે દરમ્યાન મોઢામાંથી અમી છુટે છે.

હોત ગલ ગલી સુખમેં આગાહી, તાં બીચ મનવા રહ્યા સમાઇ. (૮)
અર્થ:- રૂહાની સુખની પ્રાપ્તિ પહેલા હૃદયમાં એક અલૌકીક પ્રકારની ગલ ગલી થાય છે. જેમાં મન સમાયેલું રહે છે.

ચલે ત્રટ જહાં પ્રેમકી ધારા, પિવત પ્રેમ હોવત મતવાલા. (૯)
અર્થ:- (ત્યારબાદ) તે (મન) જ્યાં પ્રેમની નદી વહે છે તેને કિનારેથી ઈશ્કનું પાન કરી મસ્ત બને છે.

છકી કર બકીયા અન ભય બાની, દૂર પહોંચેકી યેહી નિશાની. (૧૦)
અર્થ:- પછી તે બહેકી જઇને બકવાટ કરે છે અને કોઇપણ જાતની બીક વગર બોલો બોલે છે, આગળ વધ્યાની એજ નિશાની છે.

બ્રહ્મ સુખકી ક્યા કહું વડાઇ, મહિમા અધિક કહી નવ જાઇ; (૧૧)
અર્થ:- આત્મીક સુખના દરજ્જાનું વર્ણન કેવી રીતે કરૂ ? તેનો પ્રતાપ એટલો મોટો છે જે વર્ણવી શકાય તેમ નથી.

પોથી પતરા વાંચી સુનાવે, વાં સુખકી ગતી વે નહિ પાવે; (૧૨)
અર્થ : કિતાબો અને તેના પાના જેઓ વાંચે છે અને સંભળાવે છે તેઓને એ સુખંનો ભેદ મળી શકતો નથી.

જટા જુઠ કહાવે ભગવાના, યે સુખ ઉનથી રહ્યા છાના, (૧૩)
અર્થ : જેઓ માથા ઉપર જટા રાખે છે અને ખોટી રીતે પોતાને ઈશ્વર કહેવડાવે છે તેઓથી એ સુખ છુપાયેલું છે.

જતિ રાખ મતા ખાલી રહ્યા, વાં સુખકા રજ ભેદ ન લહ્યા; (૧૪)
અર્થ : રાખ ચોળીને સાધુ થયા પણ તે બુદ્ધિ વગરના હોવાથી તેમને એ સુખના ભેદની એક તલભાર પણ ખબર ન પડી.

જોગી હોકે જુગતી ન પાઇ, ઉનસે વે સુખ રહ્યા સમાઇ; (૧૫)
અર્થ : જેમાં એ બ્રહ્મ સુખ સમાયેલું છે તેની ચાવી જોગી થવા છતા તેને મળી નહિ યાને જોગી થયા જોગ ધારણ કર્યો પણ જુગતી યાને રીત જાણી નહિ જેથી બ્રહ્મ સુખ જેમાં સમાયેલું છે તે તેઓ મેળવી ન શકયા.

જંગમ નિશદિન વિશ્વાસે ધ્યાવે, વાં સુખકો કબહુ ન પાવે; (૧૬)
અર્થ : શિવલિંગની પુજા કરવાવાળા રાત દિવસ તેના ઉપર શ્રદ્ધા રાખીને સાધના કરે છે તો તેઓ પણ એ બ્રહ્મ સુખને કદી પામતા નથી.

જીંદા હોકર જદ નહિ દરસે, કહો વા સુખકો કયસે પરશે ? (૧૭)
અર્થ : એક મસ્ત ફકીર બનવા છતાં જ્યારે મસ્તી નહિ અનુભવે તો કહો તે એ સુખને કેવી રીતે સ્પર્શી શકે યાને અનુભવી શકે ?

અડસઠ તીરથ દેહ નવાઇ વે સુખકી વે ખબર ન પાઇ; (૧૮)
અર્થ : અડસઠ તીરથની યાત્રા કરી ત્યાં શરીરને સ્નાન કરાવ્યું છતાં એને પણ એ સુખની સમજ ન પડી.

ખટ કરમ ત્રીંપણ કરે આચારા, વે સુખ ઉનતે રહ્યા ન્યારા; (૧૯)
અર્થ : ખટ કરમ એટલે બ્રાહ્મણે કરવાના છ ધર્મ કાર્યો (૧) યજન યાને પુજન (૨) યાજન યાને યજ્ઞ કરવો (૩) અધ્યન યાને ભણવું (૪) અધ્યાયન યાને ભણાવવું (૫) (દાન) દાન આપવું (૬) પ્રતિગ્રહ યાને દાન લેવું. આવા છ પ્રકારના ધર્મના કાર્યો તર્પણ એટલે શ્રાદ્ધ જેવી વિધીઓ કરે એવાઓથી પણ એ સુખ દુર રહે છે.

દુધા ધારી નાગા મુની, વાં સુખ પાંખે કાયા સુની; (૨૦)
અર્થ : દુધ ઉપર જ રહેવાવાળા, દિગંબર અને મુનિવૃત ધારણ કરેલાઓના શરીરો એ સુખ વગરના સુના છે.

પથ્થરા પુજે ઘંટ બજાવે, વાં સુખકું સ્વપ્ને નહિ પાવે; (૨૧)
અર્થ : પત્થરની પુજા કરે પત્થરની મૂર્તિ પાસે ઘંટ વગાડે એવાઓને તો બ્રહ્મ સુખ સ્વપ્નામાં પણ મળતું નથી.

ગાએ વજાડે તોડે તાના, વાં સુખકા વે મુલ ન જાના; (૨૨)
અર્થ : ભજન ગાઇ તાલ તંબુરા વગાડી તેના તાનમાં મસ્ત બને તેવાઓ બ્રહ્મ સુખની કિંમત સમજી શકતા નથી.

બહુતા દેખે બાંધે પોથા, વાં સુખ પાંખે રહે ગયા થોથા; (૨૩)
અર્થ : બધા લોકો જુએ તેમ ચોપડાઓ બાંધી ઠેકઠેકાણે ફરે છે પણ બ્રહ્મ સુખ વગરના તે ખાલી થોથાજ રહી ગયા છે.

સબ જ્ઞાની મીલ પઢી પઢી ફુલા, વાં સુખકા વય મારગ ભુલા (૨૪)
અર્થ : બધા આલીમો કિતાબો વાંચી વાંચીને ફુલાય છે પણ એ રૂહાની સુખ મેળવવાના રસ્તાથી ભુલેલા છે.

જડી બુટી કરી દેહ જીવાવે; વાં સુખકું કબહુ ન પાવે; (૨૫)
અર્થ : દવાઓ ખાઈને શરીરને ટકાવી રાખે છે તેઓ પણ એ સુખને કદી મેળવી શકતા નથી.

બહુતા કરીએ ઓખદ પાની. વાં સુખકી વે જુગતી ન જાની; (૨૬)
અર્થ : દવા દારૂ ઘણી કરવાથી બ્રહ્મ સુખની રીત જાણી શકાતી નથી.

બહુતા નાટક ચીટક કરીએ, વાં સુખ કારણ પેટહી ભરીએ; (૨૭)
અર્થ : ઘણા નાટકો યાને ખેલો કરી નાચ કુદ કરે બ્રહ્મ સુખ મેળવવાને બહાને એમ કરીને પોતાનુ પેટજ ભરવાનું હોય છે.

જંત્ર મંત્રકા કરે પસારા, વે સુખ ઉનતે રહ્યા ન્યારા; (૨૮)
અર્થ : મંત્રની સાધના કરી દોરા તાવીજોનો ફેલાવો કરે તો પણ બ્રહ્મ સુખ તેનાથી અળગું જ રહે છે.

મંડલી બાંધી મહંત કીલાયા, વાં સુખકા વે મતા ન પાયા; (૨૯)
અર્થ : મંડળીઓ ભેગી કરી તેમાં પોતે મોટો મહંત થઈને પુજાય તો પણ બ્રહ્મ સુખનો મહીમા તે જાણી શકતો નથી.

કોટી જગન અશ્વમેઘ કરાવે, વાં સુખકા વે ધામ ન પાવે; (૩૦)
અર્થ : અશ્વમેઘ જેવા કરોડો યજ્ઞમાં પુજા કોઈ કરાવે તો પણ બ્રહ્મ સુખનું ઠેકાણું તે મેળવી શકે નહિ.

જીવંત દેહી ખેહ બીચ દાટી, વાં સુખકી વય ભુલા ઘાટી; (૩૧)
અર્થ : જીવતા જીવત પોતાના દેહને જમીનમાં જે દાટી રાખે છે તે બ્રહ્મ સુખનો રસ્તો ભુલી ગયા છે.

નિસ્સવાદી હોઇ કંદખડી ખાયેઆ, વાં સુખકા વે સવાદ ન પાયેઆ; (૩૨)
અર્થ : જીભનો સ્વાદ જેણે તજી દીધો છે અને કંદ મુળ અને માટી ખાય છે તેઓને પણ બ્રહ્મ સુખની લીજ્જત મળતી નથી.

ગુફા બનાઇ રહે ભોં માંહી, વય ભી એ સુખ પાયા નહિ; (૩૩)
અર્થ : ગુફા બનાવી જમીનની અંદર પડી રહે તો પણ એ સુખને તે પામતો નથી.

ઉડત ગડત રાખે દોએ ગોટા, વાં સુખ પાંખે સાધન ખોટા; (૩૪)
અર્થ : હવામાં અદ્ધર રહેવાની અને જમીનમાં દટાઇ રહેવા જેવી બેઉ સાધના જેઓ કરતા હોય તો પણ બ્રહ્મ સુખ વગરના એ સાધનો નકામા છે.

કાશીમેં જઇ કરવત લીના, વાં સુખકું વે રતી ના ચીના; (૩૫)
અર્થ : કાશીમાં જઇ કરવત નીચે બેસી પોતે ચીરાઇ જાય તો પણ બ્રહ્મ સુખની તેને ઓળખાણ થતી નથી.

જાઇ હેમાલે ગાલે ગુડા, વાં સુખ માંહે વે નહિ બુડા; (૩૬)
અર્થ : હિમાલય પર્વત ઉપર જઇને બરફથી પોતાના અવયવો ગળાવી નાખે તો પણ તેઓ બ્રહ્મ સુખમાં ડુબી શકતા નથી.

જીવત દેહ અગન માંહે જારી, વાં સુખકી બાતાં ઉનસેં ન્યારી; (૩૭)
અર્થ : જીવતાં જીવત પોતાની દેહને અગ્નિથી તપાવે તો પણ બ્રહ્મ સુખની વાતો તો તેવાઓથી છેટીજ રહે છે.

પંદે સુર હોઇ ખંડ વિખંડા, વે સુખ ઉનથી રહ્યા ઉંડા; (૩૮)
અર્થ : પંદે સુર યાને ચાલવામાં શુરા, ખંડ વીખંડા યાને એક ખંડથી બીજે ખંડ ભટકવાવાળાઓ પણ એ સુખના ભેદ પામી શકતા નથી.

ક્યા સુહાગી અરૂક્યા સંસારા, એકનામ ભજનબીન વે સુખ ન્યારા: (૩૯)
અર્થ : ગમે તો સંસારી હોય યા ગમે તો ત્યાગી હોય પણ ગુરૂ મંત્ર (જાપ)ની આરાધના કર્યા વિના એ સુખ તેમનાથી છેટુંજ રહે છે.

અણ મીલીયાકી જુગતી બતાઇ, અબ મીલીયા કી કહું સમજાઇ; (૪૦)
અર્થ : ઉપરના પાઠોમાં જેઓ બ્રહ્મ સુખને મળ્યા નથી તેની હકીકતો યાને રીતો બતાવી હવેના પાઠોમાં જેઓ બ્રહ્મ સુખને પામ્યા છે તેની વિગત સમજાવું છું.

શીવ, સનકાદીક, વે સુખ પાયા, આવાગમણ બહોરી નહિ આયેઆ;(૪૧)
અર્થ : શંકર અને સનકાદીક જેવા એ સુખને પ્રાપ્ત કરી ગયા અને લખ ચોરાસીના ફેરામાંથી છુટી ગયા.

સુખદેવ વ્યાસ મીલે સુખમાંહી, ફીર ચોર્યાશી આવે નહિ; (૪૨)
અર્થ : સુખદેવ અને વ્યાસ તે પણ એ સુખમાં યાને બ્રહ્મ સુખમાં મળી ગયા અને જન્મ મરણના ફેરામાંથી છુટી ગયા.

ધ્રુવ પહેલાજ વે સુખ મિલીઆ, ચોર્યાશીકા બંધન ટળીયા; (૪૩)
અર્થ : ધ્રુવ અને પહેલાજ તે પણ બ્રહ્મ સુખમાં મળી ગયા, અને લખ ચોરાશીના બંધનમાંથી છુટી ગયા.

દાસ કબીરા, ગુરૂ રામાનંદા, વે સુખકું મીલી કીયા આનંદા; (૪૪)
અર્થ : કબીરદાસ અને ગુરૂ રામાનંદાએ પણ બ્રહ્મ સુખમાં મળીને આનંદ કર્યો.

વાં સુખકું મીલી રહ્યા નામા, તાંકા નિશ્ચય સરીયા કામા; (૪૫)
અર્થ : નામા ભગતપણ એ બ્રહ્મ સુખમાં સમાઇ જતા તેના કાર્યો નક્કી રીતે પુરા થયા.

પીપા ધના ઓર રોહીદાસા, વાં સુખકું મીલી કીયા વિલાસા; (૪૬)
અર્થ : પીપા ભગત, ધના ભગત અને રોહીદાસે પણ તે બ્રહ્મ સુખમાં મળીને આનંદ કર્યો.

ઔર નાનકશાહને પાયા એક નામ નિશ્ચય કરી ધ્યાયા; (૪૭)
અર્થ : અને નાનકશાહને એ સુખ મળ્યું કે જેણે ગુરૂમંત્રની યકીનથી સાધના કરી.

**વિશન, સુરજન, માધવદાસા, વાં સુખમાંહે વચ કીયા વાસા; (૪૮)**
અર્થ : વિશન, સુરજન અને માધવદાસ તેઓ પણ એ બ્રહ્મ સુખમાં મળી ગયા.

**દાદુ રજબ, પરસા, ગીયાની, વે સુખસુ મીલીયા નીજ ધ્યાની; (૪૯)**
અર્થ : દાદુ, રજબ, પરસા, ગીયાની તેઓ પણ પોતાના એકજ ધ્યાનના લીધે બ્રહ્મ સુખમાં મળી ગયા.

**રંકા વંકા, કાલુ, કુંભા, વાં સુખમાંહી વચ બી ડુબા; (૫૦)**
અર્થ : રંકા, વંકા, કાલુ અને કુંભા નામના ભક્તો પણ બ્રહ્મ સુખમાં ડુબી એક રસ થઇ ગયા.

**ખેતા, ઘટતે, સજના, સેના વા સુખમાંહી વચ બી ભીના; (૫૧)**
અર્થ : ખેતા, ઘટતે, સજના અને સેના નાઇ પણ એ બ્રહ્મ સુખમાં ભીંજાઇ ગયા.

**અગર, કીલજન, તુલસી પાયા, વચબી વાં સુખમાંહે સમાયા; (૫૨)**
અર્થ : અગર, કીલજન અને તુલસીદાસ જે મોટા ભગત થઇ ગયા તે પણ એ બ્રહ્મ સુખમાં સમાઇ ગયા.

**દાસ મોરાર મલુકા જંગી, વચબી વાં સુખકા સંગી; (૫૩)**
અર્થ : દાસ મોરાર, મલુકા જંગી તે પણ બ્રહ્મ સુખના સાથી થયા.

**હરીદાસ, બાજીંદ બીચારા, વચબી મીલ ગયા સુખકી ધારા; (૫૪)**
અર્થ : હરીદાસ, બાજીંદ બાદશાહ પણ બ્રહ્મ સુખનો વિચાર કરતાં એ સુખમાં મળી ગયા.

**વચ સુખ ઇસર તુંબેર પાયા, નામ લેત એક મનવા સમાયા; (૫૫)**
અર્થ : પોતાના મનને ઝીકરમાં લગાડવાથી ઇસર તુંબેરને એ સુખની પ્રાપ્તી થઇ.

તત્વવેતા ખોજી અરૂ ત્યાગી, વે સુખસું મીલીયા બડ ભાગી; (૫૬)
અર્થ : તત્વની શોધ કરી દેહને ભુલનાર સન્યાસી એ બ્રહ્મ સુખમાં મળી પોતે નસીબદાર બની ગયા.

વા સુખ ગોરખ નિશ્ચય પાયા, જુગતી જાણી કરી જોગ કમાયા; (૫૭)
અર્થ : એ સુખ ગોરખને ખરેખર મળ્યું કે જેણે યોગની રીત સમજીને યોગ સાધના કરીને એ સુખ મેળવ્યું.

ગોપીચંદ-ભરથરી યોગી, વયબી થા વય સુખકા ભોગી; (૫૮)
અર્થ : ગોપીચંદ અને ભરથરી જેવા રાજયોગીઓ પણ એ સુખનો ઉપભોગ કરતા હતા.

સુખસું મીલીયા જેતા કહ્યા, અબી મીલીયાકા અંત ન લહ્યા;(૫૯)
અર્થ : જેટલા બ્રહ્મ સુખમાં મળી ગયા તેટલાઓના નામો કહેવામાં આવ્યા અને બીજા કેટલાક તે બ્રહ્મ સુખમાં મળી ગયા તેનો પાર મળી શકતો નથી.

અસંખ્ય જુગ બિચ નામહી ધ્યાયા, વય સબહી વે સુખમાંહી સમાયા;(૬૦)
અર્થઃ- અનેક જમાનાઓમાં જેઓએ ગુરૂ મંત્ર લઇ તેની સાધના કરી તેઓ બધા એ સુખની અંદર લીન થઇ ગયા.

અબ છે માસ ધ્યાન હીરદે રહ્યા, સૂક્ષ્મ એક નામ નિજ કહ્યા;(૬૧)
અર્થઃ- જ્યારે છ માસ સુધી ધ્યાન દિલમાં રહ્યું અને ઝીકરના નામ સાથે એકતાર થાય.

એક દિન અચંબા ભયા, સહેજે ધિયાન નાભીકું ગયા. (૬૨)
અર્થઃ- ત્યારે એક દિવસ અજાયબ બનાવ બન્યો કે ધ્યાન આપો આપ નાભી કમળમાં પહોંચી ગયું.

નામહી બીચ રહિયા નવ માસા, ઓહી ધિયાન ઓહી સુખ વિલાસા.(૬૩)
અર્થઃ- (પછી) નવ મહીના સુધી એજ નામની વચ્ચે લીન રહ્યો અને એજ આત્મીક સુખમાં રમતો રહ્યો.

પશ્ચિમ દિશા હોઇ ચડે આકાશા, જાઇ દેખીઆ અગમ તમાશા;(૬૪)
અર્થ:- (પછી) પશ્ચિમ દિશા યાને ડાબે પડખેથી (વંક નાડ મારફત) ધ્યાન આકાશે યાને ભમર ગુફામાં ગયું કે જ્યાં ભેદ સમજી શકે નહિ એવી રમતો જોઇ.

બીના મેઘ જહાં અંબર ગાજે, બીના મહોલ જહાં બેઠા છાજે;(૬૫)
અર્થ:- (જેવી કે) વરસાદ વગર આકાશમાં ગર્જના થાય છે અને મહેલ વગરના જરૂખામાં બેઠા હોઇએ એમ લાગે છે.

બીના બાદલ જહાં બરસે મેહા, રહેત પુરુષ જહાં એક વણ દેહા;(૬૬)
અર્થ:- વાદળ વગર વરસાદ વરસે છે અને ત્યાં એક વિદેહી પુરૂષ રહે છે.

કેહી વિધિ કરી અંબર ગાજે, બીના મહોલ જહાં બેઠા છાજે; (૬૭)
અર્થ:- આકાશમાં ગર્જના કેવી રીતે થાય છે અને કેવી રીતે જરૂખામાં બેઠા છે ?

કેહી વિધિ કરી બરસે મેહા, કેહી વિધિ કરી રહેત પુરુષ વણદેહા;(૬૮)
અર્થ:- કેવી રીતે એ વરસાદ વરસે છે અને કેવી રીતે વિદેહી પુરૂષ રહે છે ?

ઘોર અનહદ અંબર ગાજે, મન બેઠા ત્રિકુટી કે છાજે. (૬૯)
અર્થ:- આકાશમાં પાર વગરની ઘોર ગર્જના થાય છે અને મન ત્રીકુટી યાને (ઇંગલા, પીંગલા અને સુખમણાના સંગમ) ના જરૂખામાં બેસે છે.

ઝરમર વરસે સુખમણા મેહા, રહેત નિરંજન જહાં વણદેહા; (૭૦)
અર્થ:- સુખમણામાં આનંદનો ઝરમર ઝરમર વરસાદ વરસે છે અને ત્યાં વિદેહી નિરંજન (ખુદાઇ નુર) વસે છે.

નહિ તુર જહાં હય બી તુરા, નહિ સૂર જહાં હય બી સૂરા; (૭૧)
અર્થ:- ત્યાં શરણાઇ નથી પણ તેનો અવાજ છે અને ત્યાં સુર્ય નથી પણ સુર્યનું તેજ છે.

નહિ ગંગ જહાં હય બી ગંગા, નહિ સંગ તહાં હય બી સંગા; (૭૨)
અર્થ:- ત્યાં પ્રવાહ નથી પણ જાણે ગંગા વહે છે ત્યાં કોઇની સોબત નથી પણ જાણે મેળો ભરાયેલ છે.

કહો કોન સો કહીએ તુરા, કહો કોન સો કહીએ સુરા. (૭૩)
અર્થ:- કહી શકશો કે એ શરણાઇનો અવાજ કોને કહેવો અને એ સુર્યનો પ્રકાશ કોને કહેવો ?

કહો કોનકું કહીએ ગંગા, કહો કોનકું કહીએ સંગા; (૭૪)
અર્થ:- કહી શકશો કે વહેતી ગંગા કોને કહેવી અને એ મેળો કોને કહેવો.

અનહદ નાદ બાજે જહાં તુરા, તેજ પુંજ ઊગે જહાં સુરા; (૭૫)
અર્થ:- ત્યાં જે જાતનો ગેબી અવાજ થાય છે તેજ એ શરણાઇનો અવાજ છે અને ત્યાં જે પ્રકાશનો અંબાર છે તેજ સુર્યનો પ્રકાશ છે.

ખલકત હય જહાં સુખમણા ગંગા, સુરતી શબ્દ દોએ મીલી સંગા. (૭૬)
અર્થ:- ધ્યાન અને શબ્દ બેઉ એક થાય ત્યારે સુખમણા નાડી રૂપ ગંગા પાસે જાણે ખલકત ભેગી થઇ હોય એવું દેખાય છે.

કહો અરૂ લોક કેસારે ભાઇ, વહાંકી મહિમા કહી ન જાય; (૭૭)
અર્થ:- કહી શકશો કે રૂહાની જગત કેવું છે ? પણ આ વિષેના મહીમાનું વર્ણન કહી શકાતું નથી.

અખંડ શબ્દ ખંડત ન હોઇ; નિશદિન રહેત સુરતમેં સોઇ; (૭૮)
અર્થ:- ઇસ્મે આઝમનો જાપ અતુટ રહે છે અને હમેશાં તે એના નકશમાં રહે છે.

અમર શબ્દ મરે નહિ જાહીં, રહી સુરતી તાં બીચ સમાઇ; (૭૯)
અર્થ:- એ હાલતમાં એ અમર શબ્દ કદી મરતો નથી યાને વિસરાતો નથી પણ ધ્યાન તેની અંદર સમાઇ જાય છે.

અજર શબ્દ ધ્યાનસુ જરીઆ, સહેજેહી કામ મુક્તિકા સરીઆ;(૮૦)
અર્થ:- પચે નહિ એવો શબ્દ જ્યારે સુરતીના બળે પચી ગયો યાને હજમ થઇ ગયો (એમ બને) ત્યારે સંહેજમાં મુક્તિ મળે છે.

અખર શબ્દ કબહુ નહિ ખરેઆ, મિલી કરી બ્રહ્મ અખર હોઇ રહ્યા; (૮૧)
અર્થ:- ખરે નહિ યાને જેનો કદી પણ નાશ ન થાય તેવો ખુદાઇ શબ્દ છે. મોમનનો રૂહ શબ્દમાં મળી જાય તો તે પણ બ્રહ્મ અખર યાને હૈયાત બની જાય છે.

શબ્દ અકાલ કાલ જહાં નાંહી, નિશદિન રહેત સુરતિ તહાં માંહી; (૮૨)
અર્થ:- કાળ અને સમયની અસરથી ઇસ્મે આઝમ પર છે. યાને તેને કાળની મર્યાદા નથી. ધ્યાન રાત અને દિવસ તેની અંદર લાગેલું રહે છે.

શબ્દ અખંડ ધ્યાનસુ દેખા, આવા ગમણકા મીટીઆ લેખા; (૮૩)
અર્થ:- અતુટ ધ્યાનથી જ્યારે એ શબ્દને જોવાય ત્યારે જનમ મરણની ગણત્રી મટી જાય છે.

શબ્દ અલેખ જુગતીસું લખીઆ, જહાં ફલ સુરતિ મુક્તિકા ચખીયા; (૮૪)
અર્થ:- નહિ લખી શકાય એવો શબ્દ ગુરૂએ બતાવેલ યુક્તિથી લખાય ત્યારે એના ઉપર ધ્યાન લગાડવાના ફળનો સ્વાદ મુક્તિ રૂપે મળે છે.

શબ્દ અડોલ ભવે નહિ ડોલે, શબ્દ અતોલ તાંહી કોણ તોલે; (૮૫)
અર્થ:- શબ્દ સર્વત્ર ભરપુર છે. તેને કોઇ પણ શક્તિ હરાવી કે હટાવી શકતી નથી. શબ્દની તુલના કોઇ પણ ચીજથી કરી શકાય નહીં તેવો અમૂલ્ય છે. તે તુલનાની બાબતે બધાથી પર હોઇ તેની તુલના થઇ શકે નહીં.

શબ્દ અપાર પાર કોન પાવે, શબ્દ અથા થા નહિં આવે; (૮૬)
અર્થ:- લા હદ શબ્દની હદને કોણ પામી શકે ! એ અનંત શબ્દનો અંત નહિ આવે.

સુરતી શબ્દકા જહાં હય વાસા, જહાં નહિ ધરણી નહીં આકાશા (૮૭)
અર્થઃ- સુરતી શબ્દમાં એકતાર થતાં તેનો જે ઠેકાણે વાસ છે ત્યાં ન તો જમીન છે ન તો આકાશ.

સુરતી શબ્દકી ઉનમુની લાગી, જહાં જનમ મરણકી ખડબડ ભાંગી; (૮૮)
અર્થઃ- ઉનમુની યાને યોગીના ચિત્તની અંતિમ અવસ્થા સુરતી શબ્દમાં એક તાર થતાં અને લીન થતાં યોગીના અંતઃકરણ અથવા મનની છેલ્લી અવસ્થા થાય છે ત્યારે મરવાની અને અવતરવાની ભાંજગડ નીકળી જાય છે.

જહાં ઈંગલા પિંગલા સુખમણા નાડી, લાગી શબ્દસું ઉનકી તાળી; (૮૯)
અર્થઃ- જ્યારે ઈંગલા પીંગલા નાડીની ચાલ એક થઇ જાય છે ત્યારે સુખમણા નાડીમાં શબ્દ સાથે સુરતી એક તાર થઇ જાય છે.

શબ્દકો દેખે દેહ સંજોગા, સુરતી શબ્દકા લેખ ન જોગા; (૯૦)
અર્થઃ- જીસ્માની ભાનથી શબ્દને જોવાય તો સુરતી અને શબ્દનો એક તાર થઇ શકતો નથી.

સુરતી શબ્દકી ગાંઠી ગુલાઇ, જીયું જલમેં જલ દીઆ મિલાઇ; (૯૧)
અર્થઃ- જેવી રીતે પાણીમાં બીજું પાણી નાખવામાં આવે તો તે બન્ને પાણી એક થઇ જાય છે. તેમ શબ્દની સતત યાદગીરી કરવાથી સુરતી અને શબ્દની ગાંઠ એક રસ થઇ જાય છે. યાને સુરતી શબ્દમાં સમાય જાય છે.

એક સમે અબ દેહી છૂટે, તોએ સુરતી શબ્દકી ગાંઠી ન તૂટે; (૯૨)
અર્થઃ- એક વખત જો મોત પણ આવે તો પણ સુરતી અને શબ્દની ગાંઠ તુટતી નથી.

શબ્દ નિરંજન નિરાકારા, જીસને ફિર અંજન નહિ ધારા; (૯૩)
અર્થઃ- શબ્દ જ્યારે સુરતીની સાથે એક તાર થઇ જાય છે ત્યારે તે આકાર વગરનો બની જવાથી દેખાતો નથી અને ફરીથી દેખાય એવો તે બનતો નથી.

જીસ અંજન ધારા નહિ કરતા, કરતા સો અંજન નહિ ધરતા; (૯૪)
અર્થઃ- દ્રષ્ટિ શબ્દને હદમાં લેખતી નથી. જે એને હદમાં લેખે તો તેને એ દ્રષ્ટિ નથી.

રે રંકાર કિરતાર હમારા, જીસકા દીસે સકળ પસારા. (૯૫)
અર્થઃ- જે અમારો કિરતાર ઘણો મહાન છે તે સર્વવ્યાપક અને સર્વ જગ્યાએ દેખાય છે.

સાહેબ સો સબહીસે મુગતા, મીલી રહ્યા કોઈ જોગી જુગતા; (૯૬)
અર્થઃ- ખુદાવંદતઆલા સર્વથી પર યાને મુકત છે, છતાં મોમન જુગતીથી ઈબાદત કરનાર તેને મેળવી શકે છે.

અંજન માંહે નિરંજન દેખા, બહુ ધરણેકા છૂટા ભેખા; (૯૭)
અર્થઃ- શુદ્ધ દ્રષ્ટિ થયા પછી દ્રષ્ટિમાં દેખાય એવો ન હોવા છતાં તે જોવામાં આવે ત્યારે નવા અવતાર ધારણ કરવા મટી જાય છે.

જહાં ઝરમર ઝરમર અમ્રત જરી હય,
સુખમણા સુખમેં ક્રિડા કરી હય. (૯૮)
અર્થઃ- જે ઠેકાણે ઝીણી ઝીણી આનંદ રૂપી મીઠાશ વરસે છે તે મીઠાશના સુખમાં સુખમણાં રમે છે.

સુખમણા સુખમેં સુરતી સમાણી, કહેત જાકી અનભય બાની;(૯૯)
અર્થઃ- સુખમણા નાડીમાં જ્યારે સુરતી સમાઈ જાય છે ત્યારે અનહદ સુખ પેદા થાય છે ને તેના બોલો નિડરપણે બહાર નીકળી જાય છે યાને તેનું બોલવું બીક વગરનું હોય છે.

ઉપરકા પરચા સબ કોઈ બૂજે, બ્રહ્મ પરચાકી બાત ન સૂજે; (૧૦૦)
અર્થઃ- જાહેરમાં ચમત્કાર તો બધા જાણે છે, પણ ખુદાઈ ચમત્કારની વાત તો કોઈને સુજતી નથી.

બ્રહ્મ પરચાકી અનભય કયસી, ભેદી બીના ભેદ કોન લયસી;(૧૦૧)
અર્થઃ- ખુદાઈ ચમત્કાર જોનારને ધાસ્તી કેવી, તેનો ભેદ તો તના જાણકાર વગર કોઈ જાણી શકતું નથી.

સુખ સાગર જહાં સુભરહી ભર્યા, તહાં બીચ બ્રહ્મ ગર્ક હોઇ રહ્યા; (૧૦૨)
અર્થઃ- આનંદનો દરિયા જ્યાં છલોછલ ભરેલ છે, તેના અંદર બ્રહ્મ યાને રૂહ સમાઇ જાય છે.

નિજ મન નિજ પદમાં સમાવે, તો યોની સંકટ બહુરી નહિ આવે; (૧૦૩)
અર્થઃ- પોતાનું મન જ્યારે પોતાપણામાં સમાઇ જાય છે. ત્યારે તેને જનમ મરણના દુઃખો ફરીથી આવતા નથી.

નિજ પદમેં દેખે નિજ રૂપા, સો જન જીવત મુગત સરૂપા; (૧૦૪)
અર્થઃ- જે કોઇ પોતાપણામાં પોતાના અસલ સ્વરૂપ (આત્મા)ને જુએ છે તે માણસ જીવંત મુક્ત બની જાય છે.

નિજ પદકી ક્યા કહુ મહિમા પરમા, કુછ કહું તો બી મન હે શરમા; (૧૦૫)
અર્થઃ- એ દરજજાની ખુબી અને પ્રતાપનું શું વર્ણન કરૂં ? કારણ કે તેમ થઇ શકેજ નહિ અને કદી થોડું વર્ણન કરૂં તો પણ મન શરમાઇ જાય છે.

સૂજત આંખા તીને હીરા પાયા, અંધેકું ઇતબાર ન આયા; (૧૦૬)
અર્થઃ- જેની ખરી દ્રષ્ટિ છે તેણે અમુલ્ય ચીજ મેળવી છે, પણ જેઓને એ દ્રષ્ટિ નથી તેઓને ભરોસો આવે નહિ.

હીરા બાંધ્યા ગઠડી માંહી કયા ભયા અંધે માન્યા નહી; (૧૦૭)
અર્થઃ- ગાંઠમાં યાને ગઠડીમાં હીરા બાંધેલ પણ જેને પારખવાની દ્રષ્ટિ નથી તો તેમાં તેને શું ફાયદો થાય ?

બીના સુનીકા એ દેખી બતાયા, ભીન ભીન કરકે સમજાયા; (૧૦૮)
અર્થઃ- સાંભળ્યા વગરની વાતો જોઇને તમને બતાવી અને તેના જુદા જુદા ખુલાસા સાથે સમજાવી.

જેસે મેં પહોંચ્યા તેસે મેં કહ્યા, અણપહોંચ્યા ઇતબાર ન રહ્યા; (૧૦૯)
અર્થઃ- જેવી રીતે હું પહોંચ્યો છું તે દરજ્જાની બધી હકીકત મેં કહી છે. જ્યાં સુધી હું એ દરજ્જે ન્હોતો પહોંચ્યો ત્યાં સુધી વિશ્વાસ આવ્યો નહોતો.

તીન લોક જે કોઇ ફિર આવે, એક નામ ભજે બીન મુક્તિ ન પાવે; (૧૧૦)
અર્થઃ- જે કોઇ ત્રણે લોકમાં યાને સ્વર્ગ, મુત્યું અને પાતાળ સુધી ફરીને પાછો આવે તો પણ ગુરૂ મંત્ર યાને ઇસ્મે આઝમનો જાપ જપ્યા વગર કોઇ પણ મુક્તિ મેળવી શકે નહિ.

સાહેબ નામ હએ મોહોસર નેડા, ભવસાગર તરનેકા બેડા; (૧૧૧)
અર્થઃ- સાહેબ નામ યાને ઇસ્મે આઝમ મારી નજીક છે અને તે પાર ઉતરવાની બેડી યાને નાવ છે.

જો કરસી કોઇ કલ્યા હમારા, તો તુંહી તુંહી કરશી એકહી ધારા; (૧૧૨)
અર્થઃ- જે કોઇ અમારા કલ્યા પ્રમાણે કરશે તો તે વગર અટકે તુંહી તુંહીનો ઝીકર કર્યા કરશે.

તુંહી તું સાહેબ નિશદિન કરસી, તો ભવસાગર નિશ્ચેકર તરસી; (૧૧૩)
અર્થઃ- તુંહી તું એટલે સાહેબને રાત દિવસ જપતો જઇશ તો દુનિયારૂપી ભવસાગરમાંથી નકકી તું પાર ઉતરી જઇશ.

જે કોઇ સાહેબ નામ ધિયાવે, તે સૂરીજન સાહેબકું પાવે; (૧૧૪)
અર્થઃ- જે કોઇ ખુદાના નામનું રટણ કરે છે, તેવા ભક્તજન ખુદાને મેળવે છે.

નામ રટે બીન જનમ ગમાવે, સમરણ કરતાં સુફલ તન કહાવે; (૧૧૫)
અર્થઃ- જે લોકો નામનું રટણ કરતા નથી તે લોકો પોતાની જીંદગી ખોઇ નાખે છે. પણ તેઓ જો ઝીકર કરે તો જન્મારો સફળ કરી શકે.

નામ રટંત અભિમાન હટાયા, તીન કાલ કરમકા ભય મીટાયા; (૧૧૬)
અર્થઃ- નામનો જાપ જપવાથી હું પણાનો નાશ થતાં ત્રણ કાળ યાને ભુત, ભવિષ્ય અને વર્તમાન કાળના કરમોના દોષની બીક મટી ગઇ.

સમરણ કરતા કરત જન સોહી, નીચ હોતે અતિ ઉત્તમ હોઇ; (૧૧૭)
અર્થઃ- હેવાની ખસલત ધરાવનાર ઇન્સાન ખુદાના નામનું રટણ કરે તો તે ઇન્સાન અત્યંત ઉચ્ચ કોટીનો બની જાય છે. યાને ખુદાના નામની બરકતથી ખાકમાંથી પાક થઇ ઉંચા દરજ્જે પહોંચી જાય છે.

સતજુગ, ત્રેતા, દુઆપુર માંહી, ચોથે કલજુગ કહું મેરે ભાઇ; (૧૧૮)
અર્થઃ- સતજુગ ત્રેતા, દુવાપુર અને ચોથા કલજુગની વાતો હે મારા ભાઇઓ તમને હું કહું છું

છૂટે છૂટત ભેગે ભજત જે તે, બીન અભિમાન ભજત હક તે તે; (૧૧૯)
અર્થઃ- જેટલા છુંટી ગયા અને છુટવાના છે તે બધા અહંકાર કર્યા વગર ખુદાની ઇબાદત કરી ગયા અને કરતા રહે છે.

સાહેબજીકે નામ અનંતા, નિંદા તજી ભજે સોહી સંતા. (૧૨૦)
અર્થઃ-ખુદાનું નામ અનંત છે. કે જેનો કોઇ અંત નથી તે હંમેશા હૈયાત છે. નીંદા અને બીજાઓની બધી વાતો છોડી દઇ ખુદાઇ નામનું રટણ કરે છે તેઓ જ સંત યાને ખરા મોમન છે.

અગમ નિગમ પુરાણ કુરાના, સાહેબ મહિમા ભાખત નાના; (૧૨૧)
અર્થઃ- પુરાણ અને કુરઆનમાં ખુદાનો મહિમા અગમ્ય એટલે ગુઢ અને નિગમ એટલે અંત વગરનો યાને જેનો અંત નથી એવી રીતે વર્ણવ્યો છે.

અપની કુદરત આપ પિછાને, હકક કી હિકમત ઓર ન જાને; (૧૨૨)
અર્થઃ- પોતાની કુદરત પોતેજ જાણે છે; હકની હિકમત કોઇ જાણી શકે નહિ.

ખણ માંહે ભરમંડ જમાવે, ખણ માંહે પુની સકલ સમાવે; (૧૨૩)
અર્થઃ- એક ક્ષણની અંદર વિશ્વને ઉત્પન્ન કરે છે અને ક્ષણ માંહે ફરીથી બધુ સમાવી દે છે.

હકકી હિકમત લખી ન જાઈ, સુનો હો મોમન મેરે ભાઈ; (૧૨૪)
અર્થઃ- હે મારા મોમનભાઈ તમે સાંભળો કે ખુદાવંદ આલમીનની કરામત લખી શકાતી નથી.

અવરહી સેંસા સર્વે સમાવે, ઓર અંતર નિજ નામ ઠેરાવે; (૧૨૫)
અર્થઃ- બીજા સઘળા વહેમોને દુર કરી અને પોતાના દિલમાં ખુદાવંદતઆલાના નામને નકશ કરો.

તાતે અવર વિચાર ન કીજે, જેસે તેસે નિજ નામ જ લીજે. (૧૨૬)
અર્થઃ- તે વખતે બીજા કંઇ ખ્યાલ કરવા નહિ. ગમે તેવી મુશ્કેલીમાં પોતાને મળેલ ઝીક્ર ચાલુ રાખવો.

નામ લેતે નામીકું પાવે, આપા મટી નિજ આપ સમાવે. (૧૨૭)
અર્થઃ- ખુદાનું નામ લેતાં લેતાં અંતે ખુદાવંદતઆલાને મેળવે છે. પોતા પણું ભુલી જઇ ખુદાના નુરમાં પોતે મળી જાય છે.

નિજ આપા સો વ્યાપક હી ધર્યા, પીંડ બ્રહ્માંડ ચરાચર ભર્યા; (૧૨૮)
અર્થઃ- પોતે પોતાની મેળે સર્વે ઠેકાણે વ્યાપક થઇ રહ્યો છે આખા વિશ્વમાં તેમજ શરીરમાં અને જડ તેમજ ચૈતન્યમાં તે ભરપુર રહેલો છે.

તા નિરગુણકે ગુણહી અનેકા, સમજી દેખો એક હી એકા; (૧૨૯)
અર્થઃ- જેને કોઈપણ જાતનો ગુણ હોઇ શકતો નથી, તે અનેક પ્રકારના ગુણો ધરાવે છે; પણ સમજીને જોવાય તો તે એકનો એકજ છે.

હક્ક અરૂપી રૂપ હોઇ આવે, સો સૂરીજન મોમન મન ભાવે; (૧૩૦)
અર્થઃ- ખુદાવંદઆલમીન નિરાકાર છે. પણ તે રૂપ ધારણ કરી પ્રગટ થાય છે, ત્યારે મોમન તેમજ ભક્તોના મન પ્રફુલીત થાય છે. યાને આનંદ પામે છે.
અનંત કલપ જુગ બીતે આગે,

તીસમેં છૂટે જીવ સો જો નિંદમેં જાગે; (૧૩૧)
અર્થઃ- અગાઉ ઘણા કલપ અને યુગ થઇ ગયા તેમાં જે જીવ ગફલતની ઉંઘમાંથી જાગ્યા તેઓએજ મુક્તિ મેળવી.

તીનકી ખાસિયત કીતની ગાવે, કહત કહત પાર ન આવે; (૧૩૨)
અર્થઃ- તેના ગુણ ધર્મનું કેટલું વર્ણન થઇ શકે ? ગમે એટલું કહો તો પણ તેનો છેડો આવે નહિ.

સત જુગમે ચતુર રૂપ લીને, ચતુર ભગત ચીને પરવીને; (૧૩૩)
અર્થઃ- સતયુગમાં યાને પહેલા યુગમાં ખુદાવંદ આલમીનનું નુર ચાર રૂપે પ્રગટયું તેમાં ચાર ભક્તે તેને ઓળખ્યા.

પાંચ કોટી પહેલાજ સુખદાઇ, સુનો હો મોમન મેરે ભાઇ; (૧૩૪)
અર્થઃ- હે મારા મોમનભાઇ તમે સાંભળો જે પાંચ કરોડીશું પહેલાંજ તે વખતમાં સુખ મકાને પહોંચ્યા છે.

ત્રેતામે તીન રૂપ ધરાએ, હરિશ્ચંદ્ર સતે સોહી પદ પાએ; (૧૩૫)
અર્થઃ- ત્રેતા યુગમાં ખુદાવંદ આલમીનનું નુર ત્રણ રૂપે પ્રગટયું તેમાં સાતે કરોડીશું હરીશ્ચંદ્ર એ પદવીને પામ્યા અને અમર થયા.

દુઆપુર જુગમે દોએ અલખ લીખાવે, નવ કોટીશું પાંડવ પાવે; (૧૩૬)
અર્થઃ- ખુદાવંદે નિરંજન નિરાકારે દ્વાપુર યાને ત્રીજા યુગમાં બે સ્વરૂપમાં પોતાના નુરને પ્રગટાવ્યું તેમાં નવ કરોડી સાથે પાંડવ એ રૂપને ઓળખ્યા.

કલજુગમેં નકલંકી સરૂપા, સબ જીવકે સાહેબ ભુપા; (૧૩૭)
અર્થઃ- ખુદાવંદ આલમીનનું નુર કલયુગમાં નકલંકી સ્વરૂપે પ્રગટ થયેલ છે અને તે બધા જીવોના શહેનશાહ છે.

ખાલક ખેલ એક દિન કરસી, કુડ કપટ સબ પાખંડ હરસી; (૧૩૮)
અર્થઃ- દુનિયાને પેદા કરનાર ખુદાવંદ આલમીન એક દિવસ એવી રમત કરશે જે જુઠ-કપટ જેવા બધા પાખંડોનો નાશ કરશે.

મૌલાઅલી જબ છત્ર ધરાવે, દ્વાર દશ અનંત મોક્ષ તબ પાવે; (૧૩૯)
અર્થઃ- મૌલા અલી જ્યારે દુનિયામાં રાજ્ય કરશે ત્યારે બાર કરોડ અને અનંત જીવો મોક્ષ મેળવશે.

નીરગુણ કે ગુણ બહોત હય ભારી,
આપે ખેલત ખેલ ખેલાડી; (૧૪૦)
અર્થઃ- એ નિરગુણ યાને ખુદાના ગુણ સમજવા તો બહુ મુશ્કેલ છે. કારણ કે અનેક ખેલ પોતે ખેલાડી બની કરે છે.

શમ્સ દરિયા દરિયા શોધે, ફકીરી વેશે બહોત પરબોધે; (૧૪૧)
અર્થઃ- પીર શમ્સ દરિયા સમુદ્રની શોધ કરીને ફકીરી વેશ લઇને ઘણાઓને પ્રબોધ કરે છે.

જેસે જે કોઇ સમજહી પાવે, તીનહીકુ તીસે સમજાવે; (૧૪૨)
અર્થઃ- જેવી રીતે જે સમજી શકે તેને તેવી રીતે પીર શમ્સ સમજાવે છે.

ગુરૂ શમ્સ એ ભેદ લીખાવે, સાચે મોમન સાહેબકુ ધ્યાવે; (૧૪૩)
અર્થઃ- પીર શમ્સ અ ભેદ ખોલીને બતાવે છે અને જે સાચા મોમન હોય તેજ હાઝર ઇમામને શ્રેવે છે.

હોયા હોએસી હોવણ હારા, ગુરનરકું પુજે સકલ સંસારા; (૧૪૪)
અર્થઃ- આખી દુનિયામાં જે આગળ થઇ ગયા અને ભવિષ્યમાં જે થવાવાળા છે અને હાલ જે છે, તે બધા મોમન શાહપીરની આરાધના કરતા હતા, કરશે અને કરી રહ્યા છે.

તાંતે તીનકી કહીમેં ગાથા, જે કોઇ રહેવે સાહેબ કે સાથા; (૧૪૫)
અર્થઃ- તેટલા માટે મેં તેઓની વાત કહી છે કે જેઓ હાઝર ઇમામની સાથે મહોબત રાખે છે.

સો અલી કા દેખે સર્વ વિલાસા,
જે કોઈ ખોજે બ્રહ્મ ધ્યાન પ્રકાશા; (૧૪૬)
અર્થઃ- જે કોઈ એક ધ્યાન થઈ ખુદાઈ નુર મેળવવા શોધખોળ કરે છે, તેજ મૌલા અલી યાને ઈમામે ઝમાનની સઘળી રમતોને સમજી શકે છે.

તાંકું ઉપજે દ્રઢ વિશ્વાસા કોઈ કરે બ્રહ્મ, ધ્યાન અભ્યાસા; (૧૪૭)
અર્થઃ- જે કોઈ ઈસ્મે આઝમ મેળવીને તેનું રટણ કરે છે. તેનું ઈમાન પહાડ જેવું મજબુત બને છે.

શીખે વિચાર કરી ધ્યાવે નામા, સો મોમન પાવે બહેસ્ત મુકામા; (૧૪૮)
અર્થઃ- તેનું ઈલ્મ મેળવી મનન કરી ઈસ્મે આઝમનું જે રટણ કરે છે તે મોમન બહેસ્તમાં જાય છે.

સત મારગ કા સાર એ ભાઈ, શમ્સ દરિયા કહી સમજાઈ; (૧૪૯)
અર્થઃ- હે ભાઈ સતપંથના જે ભેદ છે તે પીર શમ્સ દરિયાએ કહીને સમજાવેલ છે.

ગુરનર પુરે સબકી આશા જીને કંથીઆ બ્રહ્મ ધ્યાન પ્રકાશા; (૧૫૦)
અર્થઃ- જેણે બ્રહ્મજ્ઞાન ખોલીને બતાવેલ છે તે પીર શમ્સ દુઆ માગે છે કે શાહપીર બધાની ઉમેદ પુરી કરે.

# બૂજ નિરંજન

## નિરંજન (ખુદાની) ઓળખ

રચનાર :

## મહાન પીર સદરદીન

### પાઠ ૧ લો

**અતિ અચરત કહું એક પહેલી, જીસથી હોવે વાટ સોહેલી (૧)**
એક નવાઇ ભરેલું ઉખાણું કહું છું, જેનાથી રસ્તો સહેલો મળી શકે.

**પિયુ છાના ક્યું પ્રગટ આયા, કહોને કોન પિયા ભેખ ફિરાયા. (૨)**
ખુદાવંદતઆલા છુપાએલો હતો તે જાહેર કેવી રીતે થયો ? ખુદાએ કયો વેશ બદલાવ્યો તે કહો.

**લા થી ઉન જાત કહાવે, જાં કી બાત કહી ન જાવે (૩)**
"લા" એટલે સુન્યમાંથી તેની જાત કહેવામાં આવે છે. જેની હકીકત કહી શકાય તેવી નથી.

**ડુબકી લે લે ગોથા ખાવે, પીર પયગમ્બર તોએ ન પાવે (૪)**
ખુદાઇ ભેદ લેવા માટે ઉડા ઉતરીને ગોથા ખાવામાં આવે. તો પણ પીર પયગમ્બરો એ હદને પહોંચ્યા નથી

**મહા અગાધ સમુંદ્ર કહાવે, જા કો પાર કોઇ ન પાવે (૫)**
ખુદાઇ ભેદનો દરિયો સમજમાં આવે એવો નથી, જેથી તેનો અંત કોઇને મળતો નથી.

**જો ઇસ સમુંદ્રમે ડુબકી ખાવે, મરજીવા હોવે સો માણેક લાવે (૬)**
જો એ ખુદાઇ દરિયામાં ઉડા ઉતરી, અને પોતાને ગુમાવી દે તો માણેક રૂપી ખુદાઇ પ્રેમ મેળવે.

ડુબકી લે લે જનમ ગુમાવે, વાં કો થાગ કબુએક પાવે. (૭)
પ્રેમના દરિયામાં ઉંડા ઉતરીને જન્મ ગુમાવી દે તો, તેનો પત્તો ક્યારેક લાગે.

**રે તું હીં મારા સાચા સાંઈયા પિયુજી તું હીં**
**ઓ મારા સાચા મૌલા તુંજ મારો મૌલા છે.**

**નિરાલા નિરંજન કહીએ, નિરાલી કહીએં કુછ બાત રે;**
**ગુંગે સપના પાયા, સમજ સમજ પસતાય રે.**

અર્થ :- ખુદા, જે આંખે દેખી શકાય નહિ એવો કહેવામાં આવે છે તે સૌથી નિરાળો યાને અલગ છે અને એની વાતો પણ નિરાળી યાને અલગ છે એટલે કહી શકાય એવી નથી. જેમ મુંગા માણસને સ્વપ્નું આવે પણ તે કહી શકતો નથી અને એ પોતે પોતાના મનમાં જ સમજીને રહે છે.

## પાઠ ૨ જો

**ન્યારી થે ન્યારી કર કર માને, યહાં ગત થે કુછુ વહાં પીછાને** (૧)
એ વાતો અજાયબી ભરેલી છે અને તેને અજાયેબ જેવી માનવી. કંઈક જીસમમાં મળ્યો, કાંઈક આગળ દરજ્જામાં જતા ઓળખાયો.

**સબ સફાઅત જાકું પાવે, સો સફાએત ફુન વેદીત કહાવે.** (૨)
બધા ગુણો જેને મળી જાય છે તે ગુણો વેદાંત યાને બ્રહ્મને પહોંચવાનો તરીકો છે. (ફુનના બદલે ફન એટલે તરીકો)

**રૂપ અનુપ અનેક દીખાવે, ભાત ભાત મૌલા ભેખ ફીરાવે.** (૩)
તે પોતાના ઉત્તમ અને અસંખ્ય રૂપ દેખાડે છે. અને જાતજાતના વેશનું પરિવર્તન કરે છે.

**ઈન દોમેં વહેદત કહીએ, જાકું દો સફાએતસું લઈએ.** (૪)
તે બેમાં નિરંજન નિરાકારી હાલત અને સાકારી હાલત એક કહેવાય છે. જેને નિરાકાર અને સાકાર એવા બે ગુણોથી ઓળખી શકાય.

જામે જા ઈસમકી હોઈ, કહે અલુપ વત હોઈ સોઈ. (૫)
જેનામાં ઈસ્મે આઝમ ફેલાઇ ગયો હોય તે પાછો નિરંજન નિરાકાર બની ગયો.

રબ જહાં તપસી રજા હોઈ, તાં બુજે બુજણહારા કોઈ. (૬)
ઝીકર કરવાવાળા જ્યારે ધુળ જેવા થઈ રહે ત્યારે, ખુદાને મેળવે છે, તેને ઓળખવાવાળા કોઈકજ હોય છે.

રે તું હી...
ઓ મારા સાચા મૌલા

જેને રંગ ને રૂપ નહિ, નહીં કુછ નામને ઠામ રે;
સો ગુપતા પ્રગટ ભએ, લાખ ધરો તીસ નામ રે.
જેનો રંગ અને દેખાવ નથી; નથી તેનું નામ અને ઠેકાણું, ગુપ્ત ભેદ જ્યારે પ્રગટ થયો પછી તેના લાખો નામ રાખવામાં આવ્યા.

પાઠ ૩ જો

નામ નિરંજન કે દોઈ ભાતી, એક જાતી એક ભયે સિફાતી. (૧)
નિરંજન નિરાકાર ખુદાના નામની બે જાત છે. એક જાતી એટલે અલ્લાહ બીજા સિફાતી એ ગુણ વાચક છે.

ઉત્તમ સબ કહાએ જાતી, ઔર ભયે સબ નામ સિફાતી. (૨)
જાતી નામ જે અલ્લાહ છે તે સૌથી ઉત્તમ છે. બાકીના નામો જે છે તે ગુણવાચક છે.

જીત મૌલા એન આન કહાયા, તીત જાહેર નામ ઈસમ ધરાયા. (૩)
જે ખુદા અહીં અને ત્યાં કહેવાય છે. ત્યાં તેણે શરીર ધારણ કરી જાહેર અસલ નામ ધારણ કર્યું.

જો ઉત થા સો ઈત હો આયા, વહાં ઉપર સબ ભેખ બનાયા. (૪)
જે ત્યાં હતો તે અહીં આવ્યો છે. અને ત્યાર પછી બધા રૂપો બનાવ્યા છે.

માન ગુમાન કરો મત કોઈ; જો ઉત થા સો ઈત ફન હોઈ. (૫)
કોઈએ પોતાના મનમાં વસવસો રાખવો નહિ. જે ત્યાં હતો તેજ આ તરીકામાં યાને રૂપમાં આવ્યો છે.

હોઈ રહેઆ હોવે ફન સોઈ, એ લીખ્યા મીટે ન કોઈ. (૬)
જે પ્રકારે તે થઇ રહ્યો છે એજ પ્રકારે રહેવાવાળો છે જે લખાયેલું છે તેને મટાડનાર કોઇ નથી.

એ સબ આલમ ગયેબ કહાવે, પાકી જાકી કહી ન જાવે. (૭)
એ બધી વાતો આલમે ગએબની કહેવાય છે તેની પવિત્રતા ન વર્ણવી શકાય એવી છે.

ખલકત કોઈ નામ ન પાવે, સબ પાક જહુર કહાવે. (૮)
દુનિયા તેના નામના ભેદને પામી શકતી નથી બધી ચીજો પાક ખુદાની જહુરાત છે.

રે તું હી....
ઓ મારા સાચા સાંહીયા મૌલા તુંહી

ના તીન નામ ને ઠામ હય, ના બીન નામ ને ઠામ રે;
જો લો નામ ન કહીએ, તો સબ વાં કે હય નામ રે.

તેનું કોઇ નામ કે ઠેકાણું નથી તેમજ તે નામ ને સ્થળ વગરનો છે જ્યાં સુધી તેનું નામ અમુક અમુક છે તે જો ન લો તો તે બધા નામ તેના છે.

## પાઠ ૪ થા

**પછે ખલકયો વાંકો આલમ, જાકી બાત અલ્લાહકું માલુમ. (૧)**
પછી તેણે દુનિયા પેદા કરી જેની વિગત ખુદાને ખબર છે.

**આયા હય માલમ સતગુર બાલમ, જા કે સાયે રહે સબ આલમ. (૨)**
નાવનો સુકાની થઇને વહાલો સતગુર રૂપે આવ્યો છે. જેની છાયામાં આખી દુનિયા રહેલી છે.

**પહેલે રૂહકુ ઝસ હો રોએઆ, આખું સફાઅત જીબ્રીલ જોએઆ. (૩)**
પહેલે રૂહને અસલ નુરનો એકાગ્રતાનો ફાયદો જણાયો, તે પછી ખુદાઇ સંદેશો આપનારની મદદથી દેખી શકાયો.

**જો એ ચીતવનકું ન રોઇયા, સો સુંદર જાગતહી સોયા. (૪)**
જેણે એકાગ્રચીત થઇ ન અનુભવ્યું ત્યારે તે આત્મા જાગતો હોવા છતાં સુતેલો છે.

**ત્રીજો આલમ કહીએ મિસાલ, જાકી મુરત પાક કમાલ. (૫)**
ત્રીજા દરજ્જાને આલમે મિસાલ કહેવામાં આવે છે. જેનું સ્વરૂપ પાક અને કમાલીઅત ભરેલું છે.

**વાંકી અજંપીઆ જાપ માલ, ઇસ આલમકો એસો હાલ. (૬)**
તેને મોઢેથી બોલાય નહિ એવો જાપ મલે, તો આ દુનિયાનો એવો હાલ બને એટલે પાક સ્પરૂપને મળે.

**જો તોકું ઇસ જુગમેં સુજે, સો ગમ સબ વાંકી બુજે. (૭)**
જો તને આ દુનિયામાં પ્રેમ સ્વરૂપની ખોજ મળે તો તને તેના ભેદની સઘળી સમજ પડે.

**જે દેખે તે યામા સુજે, જોત બુજ-નિરંજન બુજે. (૮)**
જો તું જોવા ઇચ્છે તો તે તારામાં દેખાય, જેથી ખુદાઇ નિરંજનના જ્યોતની ઓળખાણ થાય.

રે તું હીં....
ઓ મારા સાચા મૌલા

**મૌલા રંગ ભભો રંગ હયે, ઔર રંગે રંગ દિખાયરે;**
**જબ લુ એન દ્રષ્ટી કરે, રંગે રંગ સમાયરે.**

ખુદાઇ ઇશ્કના રંગનો ચળકાટ એવો છે જે દરેક રંગમાં દેખાય છે. જ્યારે તું નિખાલસ દ્રષ્ટિથી જોઇશ ત્યારે રંગમાં રંગ સમાએલો જોઇશ.

## પાઠ ૫ મો

**પહેલે ફેઝ ફયાઝથી આવે, પીછે મુખ આ અપના દીખાવે, (૧)**
પહેલા બક્ષિસ કરનાર (ઇમામ)ની બક્ષિશ મળે, પછી એ પોતાનું નુરાની સ્વરૂપ દેખાડે છે.

**વાથીં હોઇ મિસાલમેં આવે, તાંથી જા શહાદત પાવે. (૨)**
ત્યાંથી તે તસવ્વુરમાં આવે છે ત્યાંથી એ શહીદ (ફિદાઇ) થઇ જાય છે.

**ચોથા મુલક શહાદત કહીએ, ભલા બુરા સબ જામે લઇએ. (૩)**
ચોથો દેશ શહીદનો (ફિદાઇનો) છે તેમાંથી સારૂં અને નરસું બધું જાણી શકાય છે.

**હું તું નીકલ કર જામે કહીએ, અલ્લાહ રસુલ ઉત ફ્રન લઇએ. (૪)**
જેમાંથી હું તું નો દ્વિત્ય ભાવ નિકળી જતાં અલ્લાહ રસુલની જાતી ઓળખાણ એ તરીકાથી મળી શકે છે.

**પાંચમા આલમ તબ દીખલાવે, જબ મોનીસકી મુરત પાવે (૫)**
પાંચમાં આલમનો તરીકો ત્યારે દેખાડે છે જ્યારે પ્યારાનાં સ્વરૂપને મેળવે છે.

**જો આપસમેં ઇલ્મ સમાવે, તો જામે સબ સફાઅત કહાવે. (૬)**
જે પોતામાં ઇલમને સમાવે છે તો તેમાં બધા ગુણો સમાયેલા છે એમ કહેવામાં આવે છે.

**હય નાઝિલકી બાત તમામ, બીન ઉરૂજ ન હોવે કામ. (૭)**
આ બધી વાતો ઉપરથી નીચેના દરજ્જા સુધીની છે. પણ ઉપર ચડ્યા વગર કોઇ અર્થ સરતો નથી.

**જાનત હય સબ ખાસજ આમ, બીન લાલન દીન કીસી ન કામ.(૮)**
આમ અને ખાસ લોકો જાણે છે જે ઇમામ વગર ધર્મ કંઇ કામનો નથી.

**રે તું હીં...**

**ઓ મારા મૌલા**

**મોતી જલથી હોત હય, ફિર જલ કહયો ન જાય રે;**

**મુગતા ફલ છેદીએ, સમુદ્ર છેદીઓં ન જાયરે.**

મોતી પાણીમાંથી બને છે. પછી તેને પાણી કહેવામાં આવતું નથી. મુક્તિનું ફળ-મોતી વીંધી શકાય છે. પણ દરિયાને વિંધી શકાતો નથી.

**પાઠ ૬ ઠો**

**એક આલમ સુનો મેરે મીતા; રેતી લેઇ રસ જા કીતા; (૧)**
મારા મીત્રો એક વાત સાંભળો, કે એક વિજ્ઞાનીકે રેતીમાંથી રસ પેદા કર્યો.

**હેફ કહે જો ખારા મીઠા, કહે તુજ યામેં કયા કર દીઠા. (૨)**
એ રસને ખારૂં મીઠું કહેનારને શરમ છે, તુંજ કહે એની અંદર કેવી રીતે તેં જોયું ?

**ગુન અપનેકું ચિત્ત ન લાવે, સબ અવગુન આપસમેં પાવે. (૩)**
સારા કામો કરવા છતાં પોતાના ખ્યાલમાં લાવતા નથી. પરંતુ તેના બદલે બધા અવગુણો પોતામાં જુએ છે.

**શીશ રાખે કછુ ભાત ન પાવે, ઈસ ડરથી કુછુ કામ ન ભાવે. (૪)**
માથું સલામત રાખીશ તો પ્રેમનો રંગ લાગશે નહિ. એવી રીતે ડરી જઈશ તો તારા કામ સુધરશે નહિ.

**જો નબી મુહમ્મદ કરે સફાઅત, જા કું હય ઉત્તમકી રાહત; (૫)**
જો નબી મુહમ્મદ સફાયત કરે, કે તેવણ ઉપર ખુદાની શાંતિ રહેલી છે.

**જો ગુર મુજ પર કરે ઈનાયત, તો ગુના મેરે સબ હોવે તાયત. (૬)**
અને જો મુરશીદે કામીલ મારા ઉપર બક્ષિસ કરે, તો મારા બધા ગુન્હા બંદગીમાં લેખાય.

**યે પડયો તુજ દેખન પીવ, જો હય દીન દુનિયાકો જીવ. (૭)**
એ મૌલા તને જોવા માટે મળ્યો છે, જે દીન દુનિયાના જીવન રૂપ છે.

**ઈસ જગ માંહે ઇયું કર પીવ, જીયું દુધ દહીમેં ઘીવ. (૮)**
આ દુનિયામાં પીયું એવી રીતે રહેલો છે જેમ દુધ અને દહીંમાં ઘી રહેલું છે.

રે તું હી...
ઓ મારા સાચા મૌલા

**વિરેહ રેન હય નીરમલી, હેત ચિત્ત અલીસું લાએરે;**
**મૌલા આવનકી યેહ હય વિરહ, મત ભોર ભયે પછતાયરે.**
પ્રિય જનના વિયોગ રૂપી રાત સ્વચ્છ છે એ વખતે પ્રેમ અને ખ્યાલ અલી સાથે લગાડ, અને મૌલા આવવાની તલપ લગાડ, નહિ તો સવાર થઈ જતાં તને પસ્તાવું પડશે.

## પાઠ ૭ મો

**મૌલા દરશન કહો કયસે પાઇએ, તજ માયા ઓર ગુરસે જાઇએ; (૧)**
ખુદાવંદ આલમીનના દીદાર કેવી રીતે મળે ? માયાને દુર કરી મુરશીદની સાથે લાગી જા.

**યેહી કરો જે ગુર ફરમાવે, તાથે દરશન મૌલાકા પાવે. (૨)**
ગુરૂ હુકમ કરે તે પ્રમાણે કર, કે જેથી મૌલાનો દીદાર મેળવી શકે.

**કયા સુતા ઉઠ સુંદર જાગા, બુરી મનોરથથી ઊઠ કર ભાગા. (૩)**
હે આત્મા સુતો શું છે ? જાગી જા. જાગીશ તો તારા ખરાબ વિચારો નાશી જશે.

**જો તેરે મોટે હોવે ભાગા, તો નીત ઊઠ ગુર કેરે પાએ લાગા. (૪)**
જો તું મોટો ભાગ્યશાળી હોય તો, હમેશાં વહેલા ઉઠીને મુરશીદને પગે લાગતો જા.

**એક ચીતવન જો ગુરકી પાવે, તો તેરા તન મન નીરમળ હો જાવે, (૫)**
મુરશીદે કામીલ તરફ એક રતીભાર જો ધ્યાનમગ્ન થઇ જાય તો તારૂં શરીર અને મન પવિત્ર બની જાય.

**નીકળંક હોઇ બાટ દીખાવે, દુઃખ ખોવે સબ સુખ ઉપજાવે. (૬)**
તને કલંક વગરનો યાને પવિત્ર બનાવી સત્યને રસ્તે તે ચડાવશે તો સર્વે તારા દુખો દુર થશે અને તને ખુશી પેદા થશે.

**એક નબી ઔર એક ગુસાંઇ, એક ગુર બીના ચિત્ત ન લાઇ. (૭)**
એક મુરશીદ અને એક ખુદા (અલી મોહમદ નુર અલ્લાહ બરહક) એકજ મુરશીદ વગર બીજે ક્યાંય પણ ધ્યાન લગાડતો નહિ.

**ઓર ન ગુંજેઓ મન ઓર જાઇ, જીવત કો ફલ મુળ ન પાઇ. (૮)**
અને મનને બીજી જગ્યાએ ભમવા દઇશ નહિ, નહિ તો તારા જીવતા રહેવાનો ફાયદો મુળથીજ નાશ પામશે યાને તારૂં જીવતર નકામું બની જશે.

રે તું હીં...
ઓ મારા સાચા મૌલા

**એક અહમદ એક જગતપતિ, એક ગુરસુ ચિત્ત લાય;**
**ગુર સેવે અહમદ મીલે, તો અહમદ મીમ ગમાય.**

એક નબી અને એક ખુદા, એક ગુરૂ સાથે યાને સત શબ્દ સાથે ધ્યાન લગાડ જો સત શબ્દનો જીકર કરીશ તો જાહેર અહમદ નામમાંથી મીમ રૂપી પડદો નીકળી જતાં અહદ રહેશે એટલે ખુદા મળશે.

## પાઠ ૮ મો

**જો પંડીત ઔર સીધ કહાવે, ચતુર સુજાણ સુઘડ હોઇ આવે, (૧)**
જો તું જ્ઞાની અને સંત બને, ચાલાક અને સ્વચ્છ થઇને આવે.

**જપ તપ કરી સબ જનમ ગમાવે, બિન ગુરૂ મારગ પ્રેમ ન પાવે.(૨)**
ભક્તિ અને સાધના કરી આખી જીંદગી ગુમાવી દે તો પણ મુરશીદે કામીલ વગર ખુદાઇ ઇશ્કનો રસ્તો મળશે નહિ.

**જો ચેરી ગુર મયા ન પાવે, ધ્યાન ગ્યાન કુછ કામ ન આવે. (૩)**
જ્યાં સુધી ગુરૂના આશીર્વાદ યાને મહેરબાની મેળવે નહિ ત્યાં સુધી ધ્યાન, જ્ઞાન કંઇ કામ આવશે નહિ.

**ઢુંઢત દોડત જનમ ગમાવે, બીન ગુરૂ મયા ન મારગ પાવે. (૪)**
એને શોધવા માટે દોડાદોડ કરી જનમ ખલાસ કરી નાખે તો પણ સતગુરૂની કૃપા વગર રસ્તો મળશે નહિ.

**જો તું લાખ તબીબ બુલાવે, બીન ગુરૂ વેદના ન જાવે. (૫)**
જો તું લાખો હકીમોને બોલાવીશ તો પણ મુરશીદ વગર તારૂં દુઃખ જાશે નહિ.

વેદના જાવે જો ગુર ચિત્ત લાવે, દુઃખ ખોવે સબ સુખ ઉપજાવે. (૬)
જ્યારે મુરશીદની સાથે ધ્યાન લગાડીશ ત્યારે તારા દુઃખ દુર થતાં બધા સુખની પ્રાપ્તી થશે.

જે ગુરથી જો વેદના જાવે, સો ગુર સાચા પીર કહાવે. (૭)
જે મુરશીદથી દુઃખ-પીડા દુર થાય તે ગુરૂ સાચો પીર છે યાને દુઃખ દુર કરનાર છે.

રે તું હીં....

ઓ મારા સાચા મૌલા

બડા ગુર મલે પીઢકું, તોડે રદેહ સબ જાररे;
બીન ગુરૂ પીડા જાવે નહીં, આયા વેદનકા સારરે.

દુઃખ યાને વેદનાવાળાને મોટો ગુરૂ મળે, તો દિલના બધા આવરણોને તે દુર કરી દે છે કારણ કે એ પીડા મુરશીદ વગર જતી નથી. વેદનો (ઇલમનો) ખરેખરો સાર આ છે.

## પાઠ ૯ મો

જો ફન તું ઇસ જુગમેં આયા, ભાગ અભાગ જો અપને લાયા. (૧)
જે તરીકાથી તું આ દુનિયામાં આવ્યો સાથે સારા અને નરસા પોતાના નસીબ લઇને આવ્યો છે

જીને ગુરૂ મૌલાઅલી શાહ પાયા. માઇ પુતા સોહી દોનું જાયા. (૨)
જેને મુરશીદ યાને મૌલાઅલી શાહ મળ્યો છે તેની માતા અને દીકરા બન્નેનો જન્મ સફળ થયો છે.

વો અલીકા જો દરશન પાઇઓ, વાંકે ચરન ઉપર બલ જાઇઓ. (૩)
જો અલીના દીદાર મેળવો તો તેના ચરણે ફીદા થઇ જાઓ.

જો મનમેં ઇચ્છા કરી લાઇઓ, સો ફન વે મયાસું પાઇઓ. (૪)
જે મનમાં ઇચ્છા યાને ઉમેદ લઇને આવ્યો છે. દરેક તરીકો તેની મહેરબાનીથી મેળવીશ.

**કર જોઉ ઔર લટકંધા આયા, અયનલ ઈરફાન નામ ધરાયા. (૫)**
પ્રેમ કર અને જો કે તે લટકા મટકા કરતો આવશે અને આંખથી ઓળખી શકાય તેવું નામ તેણે ધારણ કર્યું છે.

**જા પર નહિ ફન વાંકુ સાંઈયા, જીને એ જુગકું બાટ લગાયા. (૬)**
જેના ઉપર જન્મ અને મરણનો તરીકો નથી તેની મદદ મેળવી લે, જગતને રસ્તે ચડાવનાર પણ એજ મુરશીદ છે

**અએન નબીકા નુર પીછાણો, તેજ ખાસ અલ્લાહી જાણો. (૭)**
એને નબીના નુર તરીકે ઓળખો, તેને ખુદા તરીકે બરાબર સમજીલે.

**જો કર કલ્યા મેરા માનો, ચખ માગો તો વાહે પીછાણો. (૮)**
જો મારૂં કલ્યું માનીશ અને અનુભવ લેવા માંગે તો તારામાં તેને ઓળખ.

રે તું હીં....
ઓ મારા સાચા મૌલા

**જીસ ગુરકું સતગુર કહું, સો વે ભયો ઘટમાંયરે.**
**જો ઘટથી પ્રગટ હોએ, તો રોમે રોમે સુખ પાયરે.**
જે મુરશીદને મારો સાચો મુરશીદ કહું છું, તે તો મારા ઘટમાં છે, જો ઘટમાંથી પ્રગટ થાય તો રોમે રોમે સુખ પેદા થાય.

## પાઠ ૧૦ મો

**નબીકા નાયબ હો કર આયા, સબ કાહુકે મનમેં ભાયા. (૧)**
નબીનો વસી ગાદી વારસ થઈને આવ્યો જે બધાના મનમાં ગમી ગયો.

**જા પર નહિ ફન વાંકો સાયા, ભાગ અભાગ સો અપને લાયા. (૨)**
જેઓ તરીકા પર નહિ હતા તેઓના તેણે હાથ પકડયા સારા અને નબળા નસીબ સૌ પોતે લાવે છે.

વાંકી શ્રેવા કરો સવેરી, મત પષ્ટાવો આખર ભેરી. (૩)
જલદીથી તેને શ્રેવી લ્યો કે જેથી આખર વખતે પસ્તાવું ન પડે.

સબ જુગ હએ ગુર વાંખે ચેરી, સો શ્રેવે ભેદ નિરંજન મેરી. (૪)
આખી દુનિયા ગુર સાથે છે એટલે ગુર થકી જીવંત છે. જો ગુરને શ્રેવે તો ગુરથી નિરંજનનો ભેદ મળે.

સુંદર સુજાણ સુગુણી પ્યારા, વ્રેહી કહે હુ ગુલામ તુમારા. (૫)
એ પવિત્ર, જ્ઞાની ગુણવાળો અને વહાલો છે. તેનો વીયોગી કહે છે હું ગુલામ તમારો છું.

વેગે કરો વાંકા નિસ્તારા, વાંકે ઘટમેં કરો ઉજીયારા. (૬)
એનો છુટકારો જલદી કરો અને તેના દિલમાં રોશની કરો.

જા ગુરથી લાલન પાઉ, અસંખ્ય જુગ માંહે સમાઉ; (૭)
જો એ મુરશીદથી માશુકને મેળવું તો અસંખ્ય જુગમાં હું સમાઇ જાઉં.

અલી જલમેં મીસરી હો જાઉં, વિરહથી બંસરી કિલાઉ. (૮)
અલીના પ્રેમ રૂપી જલમાં સાકર બની જાઉં અને પ્રેમના વિયોગની પીડામાં વાંસળીની જેમ પોકાર કરૂં.

રે તું હી...
ઓ મારા સાચા મૌલા

સાત દીપ નવ ખંડમાં, પ્રગટયો સતગુર શાહરે;
જહાં દેખું તહાં વોહી હય, વોહી હય સબ ઘટ માંહેરે.

સાત દીપ અને નવે ખંડમાં યાને જડ અને ચૈતન્યમાં એ સતગુર શાહ પ્રગટી રહ્યો છે જ્યાં નજર કરૂં છું ત્યાં તેજ છે અને બધાના દિલમાં પણ તેજ વસેલો છે.

## પાઠ ૧૧ મો

**એસો ગુર જો કબહીક પાવે, ઔર તોફિક ઈલાહી આવે; (૧)**
એવો મુરશીદ જો કદાચ મળી જાય, અને જો ખુદાની મદદ આવે.

**જો ચિત અપનેકું અંત ન ડુલાવે, તબ જા મારગ પ્રેમકા પાવે. (૨)**
પોતાના ધ્યાનને છેલ્લા દમ સુધી એટલે ખુદામાં લીન થતા સુધી ન ડોલાવે તો ઇશ્કે હકીકીનો રસ્તો મેળવે.

**પહેલે તો તોકું શરીયત બતાવે, પીછે રાહ તરીકત લાવે; (૩)**
પ્રથમ તો ગુરૂ શરીયત એટલે કર્મકાંડ યાને એકડે એકનો રસ્તો બતાવે છે. પછી ઉપાસનાનો બોધ આપે છે, યાને મનથી સીધ કરવાનો માર્ગ બતાવે છે.

**તબ તુજે હાલ હકીકત આવે, મારફત કેરી શુધ બતાવે. (૪)**
ત્યાર પછી તને હકીકતનો ભેદ જાણવા મળે છે, અને ખુદાની નજીક થવાના ભેદો યાને મારફત જાહેર કરે છે

**સુની ગયો ઇયું કરતે બાત, જીયું દિપકસું રાહી લેવે હાથ; (૫)**
એવી વાતો કરતાં કરતાં મારફતના ભેદની વાતો સાંભળી ગયો, તો જેમ રસ્તે ચાલનાર દીપકના અજવાળામાં રસ્તો મેળવે છે.

**તય કર્યો એ જુલમાત, પાયા આપોહી આબે-હયાત. (૬)**
તય કર્યો એ રસ્તો દુઃખનો સમજ પછી તો તને આબે હયાત યાને અમર જીંદગી મળી અથવા પોતાના રૂહને તેં પોતે જીવતા જીવત દીઠો.

**એ ઝુલમાત તરીકત કહીએ, બીન અગુએ તો રાહા ન લહીએ; (૭)**
એ રસ્તો તરીકતનોં જે દુઃખથી ભરેલ છે. તેમાંથી મુરશીદે કામીલ વગર આગળ જવાનો રસ્તો મેળવી શકેજ નહી.

અગુવો હોયે તો સબ દુઃખ સહીએ, યાને સુખ સરોવર લઇએ. (૮)
મુરશીદે કામીલને મેળવતાં જો દુઃખો સહન કરવા પડે તો બધા દુઃખ સહન કરવા. તેનાથી છલોછલ ભરેલું અમર સુખનું સરોવર તને મળશે.

રે તું હીં...
ઓ મારા સાચા મૌલા

મહા વિકટ યેહી વાટ હય, બીના અગુવે ગયો ન જાયરે;
અગુવો હોય એ સંગાત, અમર નીરંતર પાયરે.
આ રસ્તો મહા મુશીબતોથી ભરેલો છે, માટે ભોમીયા વગર તે રસ્તે જઇ શકાશે નહિ. જો ભોમીયો યાને મુરશીદે કામીલ સાથે હોય તો તને હંમેશની હૈયાતી યાને અમરત્વ પ્રાપ્ત થશે.

## પાઠ ૧૨ મો

જીને ઈસ મારગ કીયા કબુલ, પીછે કબહી ન હોવે મલુલ; (૧)
જેણે આ રસ્તો અખત્યાર કર્યો છે તે ક્યારે પણ દુઃખી થશે નહિ.

કહે તો કલમા નબી રસુલ, દોએ જગમાંહે હોવે કબુલ. (૨)
રસુલે મકબુલનો "કલમો" પડીશ તો બન્ને દુનિયામાં તું કબુલાઇ જઇશ.

શરીયત કાજે રાહ ન માને, અદના હોવે ક્યા પીછાને ? (૩)
ફક્ત શરીયતના લીધેજ એ રસ્તાને લોકો કબુલ કરતા નથી, જે પોતાને મામુલી સમજે તે તેને કેવી રીતે ઓળખે ?

જો યે બુજન બુજ ના માને, સો કિયા સાર નબીકી જાને ? (૪)
જો તે એ સમજી શકાય તેવા ભેદને કબુલ ન કરે તો તે નબી રસુલના ભેદને ક્યાંથી સમજી શકે ?

યાનું થકી જો મુકર હોવે, સો ઉત કયા પાવે ઇતહી ખોવે; (૫)
અહીંયા જો એ ભેદથી મોઢું ફેરવીશ તો ત્યાં શું પામશે બધું અહીંજ ખોઇશ.

પેટ ભરી જે મુગતા સોવે, હેફ કામ જો અપના ખોવે. (૬)
મુક્તિની ઇચ્છાવાળા જો પેટ ભરીને ગફલતની ઉંઘમાં સુઇ જાય તો તેને ધીકકાર છે કારણ કે તે પોતાનું ખરૂં કામ છે તે ગુમાવી દે છે.

અમર નબીકા જો નહિ માને, બહેરા હોવે ક્યા સુન જાને ? (૭)
જે નબી રસુલના ફરમાન નથી માનતા જેમ બહેરો હોય તે શું સાંભળી શકે ?

આગેકું તો ચિત ન આણે, કયા હુવા જો પીછે પસતાણે. (૮)
આગળની વાત તો તે ધ્યાનમાં લેતો નથી પછી પાછળથી પસ્તાવાથી શું વળવાનું છે ?

રે તું હીં...
ઓ મારા સાચા મૌલા

જીને યેહ શબ્દ ન માનીયા, ન પરછીયા મંન ઢોરરે;
આખર ઇનકું શોભા નહિ, ઉત નહિ પાવે ઠોરરે.
જેણે આવા શબ્દોને ધ્યાનમાં લીધા નથી અને જેના મન ઢોર જેવા છે તેને તેની શુધ(ઓળખ) મળી શકતી નથી તે ઠેકાણું પામનાર નથી.

## પાઠ ૧૩ મો

જબ યેહ પડદે ઉકર જાવે, જુઠ સાચ સનમુખ આવે; (૧)
જ્યારે આ પડદો યાને ભેદ ખુલી જાય છે ત્યારે સાચ-જુઠ સામે આવે છે.

ઉત ગયા નહિ ઉત ફિર આવે, ફિર રાહા ખુદાઇ પાવે. (૨)
જ્યાં કોઇ પહોંચી શકયો નથી ત્યાં તે ફરી આવે છે પછી તે ખુદાઇ રસ્તો મેળવે છે.

નિસદિન ઝુરે આપ પસ્તાવે, તોહુ રાહા નબીકી પાવે; (૩)
રાત દિવસ જે પસ્તાવો કરીને ઝુર્યા કરે છે અને તોબા કરે છે ત્યારે તે નબીએ ફરમાવેલ રસ્તા પર ચડે છે.

**જો સંગત ઈસકી જાવે, સબ સ્વાદ અપના બતાવે. (૪)**
અને જો તેની સંગત થઈ જાય તો પ્રેમની સઘળી મીઠાશ તે દેખાડે છે.

**કાટા હાથ ને બહોત પસ્તાવે, એસો હાલ બેહોર ન પાવે; (૫)**
નાદાનીમાં ગુમાવેલી જિંદગી માટે હાથ ઘસી પસ્તાવો કરે તો પણ એવો વખત ફરી પાછો આવતો નથી.

**માલ હાલ મૌલા કી ગત પાવે, જો સંગત સુફીકી કી જાવે, (૬)**
ઈમામનું રહસ્ય અને અનુભવ ત્યારે મેળવે કે તે સુફીની સંગતમાં બેસતો થાય.

**વે માયાસું આપ ગુમાવે, તો ફિલહાલ કુલ્લ મરતબા પાવે. (૭)**
અને પોતાને માયાથી અળગો રાખે છે ત્યારે તરત જ બધા મરતબા યાને દરજ્જા તે મળવે છે.

**જો ભજન કર હીત આપ ગમાવે, તો મૌલાશું મીસરી દુધ જીયું મીલ જાવે. (૮)**
જો ભક્તિ કરતાં કરતાં પોતાને ગુમાવી દે તો તે ખુદાના સાથે સાંકર અને દુધની માફક મળી જાય છે.

રે તું હીં...
ઓ મારા સાચા મૌલા

**લકડી સકલ શરીર કરે, ગુર મીસરી સંગત લાયરે;**
**સંગત ગુણકે કારણે, સો લકડી તોલ બિકાયરે.**
જેમ શેરડીમાં મીઠાસ રૂપી સાકર હોવાથી સુકેલી લાકડી કરતાં તેની કીંમત વધારે અંકાય છે તેવી રીતે તારા શરીરને શેરડી જેવી લાકડી બનાવીશ અને તેમાં ગુરૂની સોબતથી મીઠાશ રૂપી ગુણ મેળવીશ તો જેમ શેરડી તોલથી વેચાય છે તેમ તારો દરજ્જો પણ વધશે.

# પાઠ ૧૪ મો

**મહેનત કર કર જો કુછ લાવે, લોક કુટુંબસું આધ બટાવે; (૧)**
મહેનત મજુરી કરી કરીને જે કાંઇ તું પેદા કરે તેમાંથી અડધો ભાગ કુટુંબની હાજતમંદોને વહેંચી આપજે.

**આધા નામ અલ્લાહ હી કહાવે, તોબા દમ હોઇ મુખ દમી પાવે. (૨)**
અરધો ભાગ ખુદાના નામ પર ખરચજે અને તોબા કરવા માટે તેના તરફ વળજે અને પછી પોતાના મોઢા તરફ નીવાલો લઇ જજે.

**લેખા કારણ જાકું આવે, સબસે પહેલા બહેશ્તમેં જાવે; (૩)**
એવી રીતેનો હીસાબ જેને કરતાં આવડશે તે સૌથી પહેલાં બહેશ્તમાં જશે.
**યહાંસે માયા મુલ લુટાવે, તબ વે નામ ફકીરી કહાવે. (૪)**
મુળથીજ જ્યારે માયાનો ત્યાગ કરે ત્યારે તે ખરો ફકીર કહેવાય છે.

**જો કોઇ ગયેર શરીયત ભાગે, આધી રાત પાછલી જાગે; (૫)**
જે કોઇ શરીયતથી આગળ બીજે માર્ગે આગળ વધે છે તે પાછલી અડધી રાતના જાગે છે.

**સવા પહોર ચીત તપસું લાગે, પીછે કામ કાયાકે લાગે. (૬)**
અને સવા પહોર સુધી ઇબાદતમાં પોતાનું ધ્યાન લગાડે છે ત્યાર પછી જગતના વહેવારના કામકાજ કરે છે.

**ભુખ માર બદ કહાવે, માયાકું દિન રાત મીલાવે; (૭)**
ભુખે મરે, માર સહન કરે અને લોકો તેને ખરાબ કહે પણ પોતે તો રાત દિવસ ઇબાદત રૂપી દૌલત ભેગી કરે.

**નિશદિન સઘળા તાએતમેં જાવે, આબીદકા તબ મરતબા પાવે. (૮)**
અને રાત અને દિવસ ઇબાદતમાં ગુમાવે ત્યારે આબીદ (બંદગી કરનાર)નો મરતબો મળે.

રે તું હીં....
ઓ મારા સાચા મૌલા

**અલી સમરે અલી પાઇએ, અલી સમરે સુખ હોયરે;**
**નીપટ નીકટ જો અલી વસે, પણ અલી સમરણ નહિ કોયરે.**

ખુદાને યાદ કરવાથી ખુદા મળે છે અને ખુદાને યાદ કરવાથી સુખ મળે છે. જો કે ખુદા તો દરેકની નજીક લપટાઇને રહેલો છે પણ ઇલાહી ઝીક (યાદગીરી) કોઇ કરતું જ નથી.

## પાઠ ૧૫ મો

**નામ જો રૂપ ને ગુન હય સાંહી, કયસા કહું મૌલા મુજ ઘર આઇ;(૧)**
ખુદાના નામમાં રૂપ અને ગુણ છે મારા દિલ રૂપી મંદિરમાં તે આવ્યો છે તે કેવી રીતે સમજાવી શકું ?

**તોકું તુંહી માયાસું પાઉં, તો કરૂં વધાઇ મંગલ ગાઉ (૨)**
તને તારી માયાથી જ મેળવી શકું અને પછી તારા વધામણા કરીને આનંદના ગીતો ગાઇશ.

**તલબ કમાલ ઇલાહી આવે, તો કડવા મીઠા સમ હો જાવે; (૩)**
જ્યારે કમાલિયત વાળી ખુદાઇ તલબ જાગશે ત્યારે કડવું કે મીઠું એક બની જશે યાને તારામાં સર્વત્ર સમભાવ પેદા થશે.

**ભલા બુરા તોહી ચીત ન આવે, સ્તુતી નિંદા એકહી પાવે. (૪)**
આ સારૂં છે કે આ નરસું છે એવી વૃત્તિ તારા મનમાં પેદા નહિ થાય. તારા કોઇ વખાણ કરે કે તારૂં કોઇ ખરાબ બોલે તે બધું તારે મન સરખુંજ જણાશે.

**નિંદા ખરાબ હય સો મત કરના, નિંદા કરનેસે મુનીવર ડરના; (૫)**
કોઇની નિંદા કરવી એ ખરાબ વસ્તુ છે માટે નિંદા કરીશ નહિ, હે મોમીન નિંદા કરવાથી ડરતો રહેજે.

નિંદા કીયેસું જાશે ધરમ, ઉપજશે સરવે સીર પર કરમ. (૬)
નિંદા કરવાથી તારૂં પુન્ય નાશ પામશે અને બધી જાતના પાપ તારા ઉપર ચડશે.

નિંદા થાય ત્યાં બેસવું નહિં, નિંદા કાનુસે સુણવી નહિ; (૭)
જ્યાં નિંદા થતી હોય ત્યાં બેસીશ નહિ નિંદા કાનથી સાંભળીશ નહિ.

એક ઈલાહી સબમેં દેખે, ભલા બુરા કુછું નહિ દેખે. (૮)
બધામાં એકજ ખુદાને જોજે કોઈને સારો નરસો સમજીશ નહિ.

રે તું હીં....
ઓ મારા સાચા મૌલા

અયસા દરદ મૌલા કા હોવે, જીને લુંટાયા આપરે;
મૌલા કારણ માયા તજી, તે કારણ પુન્યને પાપરે.
જેણે પોતાપણું ગુમાવી દીધું છે તેનેજ પોતાના મૌલા માટે એવી પીડા થાય છે જે માયાને પ્રતાપે પુન્ય અને પાપના બંધનમાં પડવું પડે છે એવી માયાનો એણે પોતાના મહેબુબ માટે ત્યાગ કર્યો છે.

## પાઠ ૧૬ મો

પીછે હાલ મુજાહિદ આવે, યેહી કરે જે નફસ ન ભાવે; (૧)
પછી તેની હાલત ધર્મ યુધ્ધના લડવૈયા જેવી થઈ જાય છે એજ કરે છે જે મન નફસને ન ભાવે.

ભલા બુરા યક શાં હો જાવે, તબ તું લહા મશાયેખ પાવે; (૨)
જ્યારે સારૂં નરસું તારી નજરમાં એક સરખું થઇ જશે ત્યારે તું મશાયેખનો દરજ્જો મેળવીશ.

વખત મલામતકા જબ આવે, અપની નેકી અમલ દિખલાવે; (૩)
જ્યારે તારા ઉપર ખોટા આળો આવે ત્યારે તારી ભલાઇના કાર્યોને પ્રગટ કરીશ નહિ.

બુરા અમલ પ્રગટ છિપાવે, તબ મૌલાકું અયસા હર ભાવે. (૪)
અને તારાથી થયેલાં ખરાબ કાર્યોને ખુલ્લા કરી દેજે યાને પોતાને ખરાબ ગુનેગાર તરીકે જાહેર કરજે એમ થશે ત્યારે તું મૌલાનો પ્યારો બનીશ.

નિશદિન દરદ મૌલાકે જાગે, સબ લટકે ઇસ પીછે લાગે; (૫)
અને ત્યારે રાત અને દિવસ મૌલાની યાદની પીડા જાગશે અને તેની પાછળ તું દિવાનો બની જઇશ.

મૌલા કારણ જીને આપ ગમાયા, સીર, દાઢી ઔર મુંડ મુંડાયા. (૬)
જેણે એ મુજબ પોતાના મૌલા માટે પોતાને ગુમાવી દીધો યાને તેની પાછળ મજનુ બન્યો તેણે પોતાના શીર દાઢી અને માથું બોડાવી નાખ્યું યાને ઇજ્જત આબરૂ સર્વસ્વનો ત્યાગ કર્યો.

કાલા મોં કર જગ દિખલાયા, તો લાલનકી લાલી પાયા. (૭)
જ્યારે દુનિયાને પોતે નિર્લજ મોઢાનો કરી દેખાડે છે. ત્યારે તેને મૌલાની ખુબસુરતી પ્રાપ્ત થાય છે.

રે તું હી...
ઓ મારા સાચા મૌલા

**કાલા મોં કર જગ ફિરે, દાઢી મુંછ મુંડાએ રે;**
**જગ નિંદા સબ સિર ધરે, તો મૌલાકે મન ભાયરે.**
જ્યારે દુનિયાની પરવાહ કર્યા વગર બદનામ થઇને દુનિયામાં વિચરે અને દાઢી અને માથું બોડાવી નાખે યાને મોટાઇને ખોઇ નાખે અને દુનિયાની બધી બદગોઇ માથે ચડાવે ત્યારે મૌલાના દિલને ગમે.

## પાઠ ૧૭ મો

**લોક કુટુંબ સબ મિલકર આવે, નસીહત કર કર સમજાવે; (૧)**
પછી માણસો અને સગા વહાલાઓ આવી તેને શિખામણ આપી સમજાવે છે.

**વાંકો હાલ ઔરકું છીપાવે, મરી મલામત ફિર ફિર જાવે. (૨)**
અને તેઓ તેની ખરી હાલત બીજાથી છુપાવે છે, તેને મેણા મારી સમજાવવા ફરી ફરીને આવે છે.

**માતા પિતા ઔર આપકી નારી, બહેન ભાઇ ઔર સાસુ સાસરી;(૩)**
માતા પિતા અને પોતાની ઘરવાળી, બહેન, ભાઇ, સાસુ અને સાસરીયા.

**સબ મિલ આવે બારી બારી, ઉનકું સુન સુન દેવે ગાલી. (૪)**
એ બધા તેને ઘડી ઘડી સમજાવવા આવે છે. તેઓની વાતો સાંભળી નસીહત કરે છે.

**માતા પિતા કહે બગડયો પુતા, પ્રેમ પ્રેમ પિયાલા પિતા; (૫)**
ત્યારે તેના માબાપ કહે છે કે આ છોકરો વંઠી ગયો છે. એણે પ્રેમની મસ્તીથી ભરેલો પ્રેમનો પ્યાલો પીધો છે.

**નાર કહે યે કહીં વિગુતા, લોક કુટુંબ કહે લાગો ભુતા. (૬)**
તેને ઘરવાળી કહે છે કે એ ક્યાંક ભ્રમણામાં આવ્યો છે. યાને બીજે રસ્તે ચડી ગયો છે. લોક અને સગાવહાલાં વળી કહે છે કે એને ભુત વળગ્યું છે.

**ઘટસે પ્રેમ જો ઉપજે ભારી, માતા પિતા સબ પ્રેમે વિસારી. (૭)**
પરંતુ તેના ઘટમાં પ્રેમનો એટલો બધો જોશ ઉભરાયેલો હોય છે કે, પોતાના માતા પિતા અને સઘળાના પ્રેમને તે ભુલી ગયો છે.

રે તું હી...
ઓ મારા સાચા મૌલા

**ભોરો લોક જાને નહીં, મોહે મન વર હયે ભોહોરરે;**
**મૌલા અલી જબ ચિત્ત ચડયો, તબ ભુલ ગયો સબ દોરરે.**

નાદાન માણસો જાણતા નથી કે એને પોતાના મહેબુબનો હદ વગરનો પ્યાર થઇ ગયો છે. મૌલા અલી જેવો ધણી જ્યારે એના ખ્યાલમાં વસી જાય છે ત્યારે જગતના સર્વે દોર દમામને તે ભુલી જાય છે.

## પાઠ ૧૮ મો

**સબ જુગ જીને સુંદરને છોડા, સો કાહુકા સંગ ન સોડા (૧)**
જે જીવે બધા સાથે સંબંધ છોડી દીધો છે, તે કોઇની સોબત કરતો નથી કે કોઇના નજીક જતો નથી.

**નરૂ નર હય વહીત કોરા, કાહા કરત હએ જોરા તોરા. (૨)**
તે મરદોમાંનો મરદ અને સાફ દિલનો છે, તેની સામે જોડ તોડ કરવાની શું હોય ?

**સુખ ખોણા દુઃખ અદકા પાવે, અપની મેરી મેહેર ન આંવે (૩)**
તેણે તો દુનિયાના સુખને મુકી વધારે મુશીબતો ઉપાડી લીધી છે, પોતાની સ્ત્રીની પણ તેની દયા આવતી નથી.

**કાહા કરત હય પનવા પર ફેરા, સુન નસીહત કરો ઘણે ઘણેરા. (૪)**
પાણીના આરે શું ફેરા મારી રહ્યો છે ? મારી આ શિખામણને માની વધુમાં વધુ કાર્ય કરતો રહેજે.

**એક ફન અપને લાલન કેરા, મત કો ભાંખો મેરા તેરા. (૫)**
જો એક તરીકો યાને રસ્તો મારી માશુક યાને મૌલાનો મળે, તો પછી આ તારૂં ને આ મારૂં છે એવું બોલીશ નહિ.

ભુખ દુઃખ સબ વાં પર આવે, જીત આવે તીત ઠોર ન પાવે. (૬)
ભુખે મરવું તેમજ બીજા દુઃખો તેવા આશક પર આવે છે, પણ ત્યાં તે હમેશાના માટે ટકી રેહતાં નથી.

જો મૌલાકે દુઃખ દરદ ન ભાવે, તે સુખ તેરે કુછ કામ ન આવે. (૭)
જો ખુદા તરફના સંકટો તને પસંદ નથી, તો પછી દુનિયાના સુખ તને કાંઇ કામ આવશે નહિ.

સુખ કારણ જીને જનમ ગમાવે, બિન દુઃખ સુખ કબહુ નહિ પાવે.(૮)
સુખ મેળવવા માટે જનમારો ગુમાવીશ, પરંતુ દુઃખ વગર સુખ તને કદી મળશે નહિ.

રે તું હીં....
ઓ મારા સાચા મૌલા

ઘટ ઘટ તેરા ચીત નહિ, ઓ ઘટ તેરી ધુળરે;
દુઃખ તુમારા મર રહ્યા. કરો માયા તન સુરરે.

તારા દિલમાં ખુદાના ખ્યાલ નથી તો તેવું તારૂં દિલ ધુળ જેવું છે, દુનિયાનું દુઃખ મુડદા જેવું છે. તારા માયારૂપ શરીરમાંથી પ્રેમનો પોકાર કર.

## પાઠ ૧૯ મો

ગુર જો બાટ હકકી લાવે, પહેલે નસીહત ઇસ બાત બતાવે (૧)
મુરશીદ જ્યારે હકીકતને રસ્તે લઇ જાય ત્યારે પહેલી શિખામણ એ વાતની કરે છે કે

કરતવ વયે જો તોએ ઉઠાવે, આપો આપ નિરંજન પાવે. (૨)
જે તું કરી રહ્યો છે તેમાંથી હું પણું કાઢી નાખ તો તને આશાનીથી ખુદા મળે..

જબ તોફીક ઇલાહી આવે, તબ પીર કેરા ધ્યાન લગાવે. (૩)
અને જ્યારે ખુદાને મેળવવાની શક્તિ આવે ત્યારે મુરશીદે કામીલ સાથે ધ્યાન લાગે.

અલ્લાહ અલ્લાહ કર આપ ગમાવે, ઇલલ્લાહ કર સાજન પાવે. (૪)
ખુદા ખુદા કહેતાં પોતાપણું ગુમાવી દે અને ખુદા શીવાય બીજી ચીજની હસ્તી નથી એમ જાણે છે તે સાજન યાને ખુદાને મેળવે છે.

કભીરત કભીરત મની ગમાવે, કોન સંગ ઔર બગ ધ્યાન લગાવે.(૫)
માન ગુમાન અહંકાર મનથી તજી દે, બીજા સાથે બગલા ભગતની જેમ ધ્યાન લગાડે તેથી શું ફાયદો ?

અદુ અલીકું મુલ ઉઠાવે, સો શ્રેવેગા નિરિંજન પાવે. (૬)
અલીનો દુશ્મન જે મન છે તેને જડમુળમાંથી કાઢીને શ્રેવીશ તો તું નિરંજન રૂપી ખુદાઇ નુરને મેળવીશ.

લાન ખતરા સંબહી ખોવે, મન મનોરીકું સબ ધોવે. (૭)
લાનત થવાનો ભય દિલમાંથી બધો કાઢી નાખે અને મનની બધી ઇચ્છાઓને ધોઇ નાખે.

ઝીકર સઘળાકી ખેતી બોવે, નુર તજલ્લી ગુર ફલ જોવે. (૮)
સઘળી ખેતી જીકરનીજ કર્યા કરે ત્યારે ગુરૂ પ્રતાપે નુરાની જલવો યાને રોશની તારા જોવામાં આવે.

રે તું હીં...
ઓ મારા સાચા મૌલા

ખેતી બોવે પ્રેમકી, પાણી દેવે ગીનાનરે;
નુર તજલ્લી ફુલ ફુલે, જો લાગે પિયાસું ધ્યાનરે.
દિલરૂપી ખેતરમાં પ્રેમથી ઇબાદતની ખેતી કરી તેમાં જ્ઞાનનું પાણી સીંચતો જાય તો ખુદા તરફના તજલ્લીના ફુલમાંથી દીદાર રૂપી ફળ મળે છે કે જ્યારે પોતાના મહેબુબ સાથે એક ધ્યાન થઇ જાય.

## પાઠ ૨૦ મો

**જાકું નુર તજલ્લી હોઇ, તાકી ગત ક્યા જાને કોઇ (૧)**
જેનામાં નુરનો પ્રકાશ થાય છે તેની ગત યાને તેની હાલતની બીજાને શું ખબર પડે ?

**લાજ સબ કુછ વામે ધોઇ, જે નહિ વહાં થે સો ફન હોઇ. (૨)**
તેણે પોતાની શરમની પરવા કરી નથી યાને દુનિયાની લાજ તેની અંદર ગુમાવી દીધી છે. ત્યારે એવી બાબતો બને છે કે જે અહીં નથી હોતી.

**કબહુએક પાવે કબહુએક ખોવે, કબઝ વસ્ત અહિં સબ હોવે. (૩)**
ક્યારેક તે મેળવે છે અને ક્યારેક જુદો પડી જાય છે વળી આવી હાલતમાં બધી ચીજો તેના તાબે થાય છે.

**કબહુએક હસે કબહુએક રોવે, કબહુએક લાગ પીયા ગલ સોવે.(૪)**
ક્યારેક તે હસતો હોય છે ક્યારેક તે રડે છે. અને ક્યારેક પોતાના મહેબુબને ગલે લગાડીને તે સુઇ જાય છે.

**હાલ મશાએખકો જબ આવે, તો સબ કુ જા મૌલાકું પાવે; (૫)**
જ્યારે તે ઉચા દરજ્જાનો અનુભવ મેળવે છે ત્યારે તે બધી જગ્યાએ મૌલાનેજ જુએ છે.

**જેસે દેખે તેસેહી ઉબલ જાવે, જીમ કરહીલ ફુલેલ પટાવે. (૬)**
જેવો મૌલાને તે જુએછે તેવોજ એને ઉમળકો આવે છે જેમ ફુલમાંથી અત્તર ખેંચવામાં આવે છે તેવી રીતે તેનામાંથી પ્રેમની ખુશબો ખેંચાઇ આવે છે.

**ગએર ગયેરિયત સબ ઉઠ જાવે, બુરા ભલા સબ તોકું ભાવે; (૭)**
દ્વિત્યભાવ યાને આ તારૂં અને આ મારૂં છે તે બધું તેનામાંથી નીકળી જાય છે. તેને કોઇ સારો કહે કે ખરાબ કહે તો પણ તેના મન પર તેની અસર થતી નથી એ તો એવી બધી વાતો સાંભળીને હસ્યા કરે છે.

રાહત આવે સબ દુઃખ જાવે, ઈસ ફન ઈશ્ક ઈલાહી આવે. (૮)
તેને આવી શાંતી મળવાથી તેની બધી પીડાઓ દુર થઇ જાય છે આવા તરીકાથી ખુદાઇ પ્રેમ તે મેળવે છે.

રે તું હી...
ઓ મારા સાચા મૌલા

કહાંસુ રીસું ને કહાં સું મીલું, કહાં સું લાવું ચીતરે,
નયેન માંહેરે ચાહેકો, યેહી વેરી યેહી મીંતરે.
કોનાથી નારાજ થાઉ ? કોની મુલાકાત લઉ ? અને કોના સાથે ધ્યાન લગાડું ? કારણ કે મારી આંખોમાં તો મારી માશુકની મસ્તી ભરેલી છે, હું તો દુશ્મન અને મીત્રમાં તેનેજ જોઉ છું.

પાઠ ૨૧ મો

મતલબકો હાલ જો આવે અજબ અજાયેબ હાલ જો પાવે; (૧)
જે ઇચ્છા દિલમાં કરે અને તેવી હાલતમાં જ્યારે તે આવે, ત્યારે નવાઇ ઉપજે એવી હાલત તે મેળવે છે.

કબુએક આપસમેં મૌલા પાવે, કબુએક મૌલા મેં ડોલ ડુલાવે. (૨)
અને કયારેક તે પોતામાં ખુદાને જુએ છે, ક્યારેક ખુદાની પ્રેમભરી મસ્તીમાં તે ડોલતો હોય છે.

જાકો હાલ ન બુજ્યો જાવે, તાકી બાત ન કહી મન આવે. (૩)
આવા માણસની હાલત સમજી શકાય તેવી રહેતી નથી, અને તેની વાતો એવી બની જાય છે જે કહી કે સમજી શકાતી નથી.

કરૂબન વાફલ જબ કીલાવે, ખન માંહે કરૂબ ફિરાએ જપાવે. (૪)
તેની નજીક થવા માટે જ્યારે તે આજીજી કરે છે, ત્યારે તે વળી જરા વારમાં તેની નજીક આવવા માટે જાપ જપતો રહે છે.

જો તું ઈલમે હકક હો જાવે આપસકું ફેલફન પાવે; (૫)
જ્યારે તને ખુદાની મારિફત થશે, ત્યારે તું પોતાને એક રમકડા જેવો જોશે.

બે ઈસ્મ જબ ચીતમાં આવે, કરૂબન વાફલ તબ કહલાવે. (૬)
નામની સાથે જ્યારે તું એકતાર થઈ જશે, ત્યારે તું પોતાને નજીક થવાવાળો કહેવડાવીશ.

જો આપસકું ઈલમ જાને, ફેલ હાકમ તલીકા પીછાને; (૭)
જો તું પોતાને ઓળખીશ તો ખુદાની રમતોની બધી ચાવી તું જાણી જશે.

મેરે ચીતકો ગ્યાન બખાને કરૂં ફરીયાદ તાએત ઠાને. (૮)
મારા આવા ખ્યાલને જે ગીનાની છે તે વખાણે છે હું ફરીયાદ કરૂં છું તે તને ઓળખીને એટલે તારૂં જ ઘર દાદ આપનાર છે એમ સમજીને કરૂં છું.

રે તું હી...
ઓ મારા સાચા મૌલા

મૌલા ઢુંઢણ હુ ચલી, મૌલા હય સબ ઠાંયરે;
ખન ગુપ્ત ખન પ્રગટ હય, સો મૌલા કયસે પાંયરે ?

મારા મૌલાને ગોતવા તો નીકળી પણ તે તો સઘળે ઠેકાણે ભરપુર છે. કયાંક તે જાતી સ્વરૂપમાં દેખાય છે તો વળી ક્યાંક તે સિફાતી સ્વરૂપમાં હોય છે એવો મૌલા કેવી રીતે મળે ?

## પાઠ ૨૨ મો

હાલ હકીકત કો જબ આવે, આપસકું જબ મુલ ઉઠાવે. (૧)
હકીકતી ત્યારે બને છે જ્યારે પોતે ફના થાય છે.

આપ નિરંજન હોકે જાવે, અયનમેં બાએદ તબ કીલાવે. (૨)
પોતે પોતાનામાં ખુદાને જુએ છે ત્યારે તેની આંખ ખુદાને ઓળખવાવાળી કહેવાય છે.

જો તોહી દિલ ઈલ્લાહી આવે; અઈન ગયેન સબ ઉઠ કર જાવે. (૩)
જો તારા દિલમાં ખુદા વસી જાય તો તારૂં અને મારૂં યાને હું તું નીકળી જાય.

આપસકા જબ જલવા પાવે, મુલહિદ કાફર નામ ધરાવે. (૪)
ખુદાઈ જલવો જ્યારે જેના જોવામાં આવે ત્યારે લોકો તે ભેદને ન સમજવાથી તેને બે ઈમાન અને કાફીર કહીને પોકારે છે.

સુંદર કેરા હાલ ન જાને, બુરી ભલી સબ જગત બખાને. (૫)
પવિત્ર રૂહાની હાલતની તેંઓને ખબર નથી પડતી દુનિયામાં લોકમાંથી કોઈ ખરાબ કહે છે તો કોઈ સારૂં કહી વખાણ કરે છે.

કાહેકું વએ ચિત ન આને, સબ જલ્વા આપસકું આને. (૬)
શા માટે તેઓ આ વાતમાં ધ્યાન આપતા નથી ? કે સઘળો ખુદાઈ જલવો છે તે પોતામાંજ છે.

અયનલ હક અંતહી ફલ ભાંખે, જબ લીઝ્ઝત મનસુરી ચાખે. (૭)
જ્યારે મનસુરે લીજ્જત ચાખી હતી તેવી લીજ્જત જ્યારે તે ચાખે છે ત્યારે તેના આખરી ફલ તરીકે તે અનલ હક બોલવા લાગે છે.

જાકર હાફિઝ મરતબા રાખે, લાજ સબ કુછ સબ કુલકી નાંખે.(૮)
ત્યારે ઝીકર કરનારનો દરજ્જો રાખનાર તે લેખાય છે પોતાની બેઈજ્જતી થાય તો પણ તેને પરવા રહેતી નથી.

રે તું હીં...
ઓ મારા સાચા મૌલા

જબ દેખે સબ આપકું, ઔર ન પાવે કોયરે;
કાંએ ન ભાખો અયનલ હક, અયનલ નિરંજન હોયરે.
જ્યારે જુએ છે ત્યારે પોતે પોતાને જ જુવે છે બીજો કોઈ દેખાતો જ નથી ત્યારે શા માટે હું ખુદા છું એવું ન બોલે ? કારણ અનલ હક એ પોતેજ નિરંજન છે.

## પાઠ ૨૩ મો

**વલી મુલ્લા ઔર કાઝી આવે, લાખ ફતવા ઓર મારફત પહોંચાવે;(૧)**
મુલ્લાં, મોલવીયો અને કાઝીયો આવીને મારિફત વીનાની (શરાના) લાખો ફતવા બતાવે છે.

**ઈસ ફતુર કર તોર મીલાવે, વેરી હો કર મારને આવે (૨)**
આવી ફિતુરી થઈને એક બીજાની સાથે મળી તેનો તોડ કાઢે છે અને દુશ્મન થઈ મારવાને આવે છે.

**સંબ દુરીજન મીલી મુલ્લાં આવે, કુફર ફતવા જો કુછ લાવે; (૩)**
બધા મોલવીઓ અને ખરાબ લોકો ભેળા થઈને આવે છે અને કાફરનો ફતવો લગાવે છે.

**બરછી, જમંદર તીર લગાવે, સુંદરકે લઈ દ્વાર ચલાવે. (૪)**
બરછી, જમીયો તીર મારીને ખુદાના માતેલાઓને લઈ કોર્ટ દરબારે તેઓ લઈ જાય છે.

**હેફ જો વાંકો હાલ ન પાવે, મુલ્લા દાનેશમંદ કીલાવે; (૫)**
ધીક્કાર છે તેઓને કે જેમણે તેના ભેદને જાણ્યો નથી જો કે મૌલવીઓ પોતાને અકલવાળા કહેવડાવે છે.

**જીસ દાનતથી ભુલા જાવે, ઉસ દાનતકું ધુડ મીલાવે. (૬)**
પણ પોતાની ખોટી નીતીથી ભુલ ખાઇ જાય છે જેથી એવી વૃત્તિને રાખમાં મીલાવી દે છે.

**જો ઈસ મુખકી સાર ન જાને, સો ક્યું હાલ તેરા પીછાને; (૭)**
જે પ્રેમીના મોઢામાંથી નીકળતી વાતોનો સાર યાને મતલબ નથી સમજતા તો તે તારી ઈશ્કે હકીકીની હાલત ક્યાંથી જાણી શકે ?

**તેરા હાલ તું હી ફન જાને, ક્યા જાને મુલ્લે મુલ્લાંને. (૮)**
તારા ભેદને તો તું તારા તરીકાથી જાણે છે પણ (જેણે એ દરજ્જો નથી મેળવ્યો) એવા મુલ્લાં અને મૌલવીઓં ક્યાંથી જાણી શકે ?

રે તું હી...
ઓ મારા સાચા મૌલા

પ્રેમી જાને પ્રેમ રસ, ઔર ન જાને કોઈરે;
મુરખ લોક જાને નહિ, પ્રેમ સીવા કયા હોયરે.

પ્રેમમાં મસ્ત બનેલ પ્રેમી, પ્રેમના સ્વાદને જાણી શકે છે બીજા કોઇ પણ એ પ્રેમને જાણી શકતા નથી. પ્રેમ વગર કાંઇ છે જ નહિ એ બાબત અજ્ઞાની લોકો સમજી શકતા નથી.

## પાઠ ૨૪ મો

મૂરખ જાકો જાને નહિં, વાંકો હાલ પીછાને નહિં. (૧)
જેઓ અજ્ઞાની છે તેઓ જાણતા નથી. અને તેની ભેદ ભરેલી હાલતને તેઓ ઓળખી શકતા નથી.

દેવે સિર સાટાકું આપે નહિ; ઔર કહેત તે માને નહિ. (૨)
બદલીમાં પોતાનું માથું આપી શકે નહીં અને અન્ય શિખામણ આપે તે માને નહીં.

યાં ન બુઝે માઇ ને બાપ, સેજે ખેલે આપોહી આપ; (૩)
ખુદાઇ નુરના માબાપની ઓળખાણ આપી શકાતી નથી. કારણ કે એ તો પોતેજ એકલો રમત રમી રહ્યો છે.

ન ઇસ માઇ ન ઇસ બાપ; હુવા નિરંજન આપોહી આપ; (૪)
ખુદાઇ નુરને મા અને બાપ હોતા નથી, એતો પોતે પોતાની મેળે નિરંજન બન્યો છે.

આપે મુલ્લાં આપે કાઝી, આપે પડે સો આપ નમાઝી; (૫)
પોતે જ મુલ્લાં છે અને પોતેજ ઇન્સાફ કરનાર કાજી છે પોતે જ પોતાની નમાઝ પઢનાર હોય છે.

સબ જુગ દેખે મૌલાકી બાઝી, ખેલે આપે આપ મૌલાજી. (૬)
સર્વે જગત તેની રમત નિહાળી રહી છે; પોતેજ માલીક છે અને પોતે પોતાની મેળે રમત રમી રહ્યો છે.

આપે સાંહી બહુ ગનીઆરા, આપ નિરંજન અપરમ પારા; (૭)
પોતેજ બહુ ગુણીયલ માલીક છે એ ખુદાઇ નુરના અંતને પહોંચાતું નથી યાને તેની હદ નથી.

સબમેં આપ સબથી ન્યારા, દોઇ જગમાંહે કીયા પસારા. (૮)
સર્વેમાં તે પોતે વસેલો છે છતાં સર્વેથી તે અળગો પણ છે. બન્ને દુનિયામાં તેનો પસારો છે યાને તે સર્વવ્યાપક છે.

રે તું હી...
ઓ મારા સાચા મૌલા

કાંહી સુંદર કાંહીં દેહીઆ, કાંહીં રાજા કાંહીં જોગરે;
કાંહીં મેરી કાંહીં પૂરખ હય, સો આપે કરતાં ભોગરે.
કહીં પવિત્ર આત્મા છે; કહીં દેહધારી છે; કહીં બાદશાહ અને કહીં જોગી બનીને રહે છે; કહીં સ્ત્રી અને કહીં પુરૂષ બનીને પોતાની લીલા કરી રહ્યો છે.

## પાઠ ૨૫ મો

આપે મારે આપે જીલાવે, આપે દુઃખ સુખ દિખલાવે. (૧)
પોતેજ મારનાર અને પોતેજ જીવાડનાર છે સુખ ને દુઃખ દેખાડનાર પોતેજ છે.

પુન પાપ દોએ આપ કરાવે, આપે સ્વર્ગ નર્ક લે જાવે. (૨)
પુન્ય અને પાપ એ બન્ને પોતે જાતે કરાવે છે સ્વર્ગ અને નર્કમાં લઇ જનાર તે પોતેજ છે.

આપે મૌલા હય જે કોઇ જાને, ભલી બૂરી દોઇ નામ બખાને. (૩)
એવો એ માલિક છે પણ જે કોઇ તેને ઓળખી શકે તો ભલાઇથી અથવા ભુંડાઇથી લોકો તેના નામના ગુણ ગાય છે.

**માયા કરતવ એવજ આને, આપ ગમાવે સબ મૌલાકું જાને. (૪)**
અથવા તો માયાથી ઇન્સાન પોતાના કાર્યને બદલા રૂપ સમજે છે પોતાને ગુમાવી દે તો મૌલાની સઘળી ઓળખાણ થાય.

**મયા કરો વ્રેહી કી સાંહી તોહી ઘર છોડી કર કહો કીત જાઇ ? (૫)**
યા ખુદા મહેરબાની કરો વિરેહી પર, તારૂં ઘર છોડીને તુજ કહે કે હું બીજે ક્યાં જાઉ ?

**માં ઘટમાં લટકંદા આયા, ઘટ પરગટ હો દિખલાયા. (૬)**
મારા ઘટમાં યાને દિલમાં રમતો ૨મતો તું આવ્યો અને ઘટમાંથી પ્રગટ થઇ તેં દીદાર આપ્યા.

**અલેખ અક્કલ લખ બાત કહાયા,**
**સબ આપસમાંકા તબ જલવા પાયા; (૭)**
જેની કીર્તી પુર્ણ રીતે લખી શકાય નહિ અને બુદ્ધિ પણ પહોંચી શકે નહિ એવો એ હોવા છતાં લોકો તેની લાખો વાતો કહી ગયા છે જ્યારે સઘળું પોતામાં જોયું ત્યારે તેનો નુરાની જલવો જોવામાં આવ્યો.

**કહીં જમાલ કહીં જલાલ હો આયા, કહીં મુલેલ હાદી કીલાયા. (૮)**
કહીં જાહેર સ્વરૂપે આવ્યો અને કહીં નુર થઇને આવ્યો કહીં ઉસ્તાદ એટલે હિદાયતનો શાહ કહેવાયો.

રે તું હી....
ઓ મારા સાચા મૌલા

**મૌલા લટકત લટક છોડ દે, બિખર ગએ સબ બાલ રે;**
**કહીં જાહેર કહીં બાતન હય, કહીં જલાલ કહીં કમાલ રે.**
સ્વામીના ચરિત્ર અને રમતને નહિ જો, નહિ તો તારા માથાના વાળ સુધા ઉખડી જશે; કારણ કે ક્યાંક એ જાહેર છે, ક્યાંક એ છાનો રહે છે, વળી ક્યાંક તેજસ્વિ રૂપે અને ક્યાંક તાજુબી ભરેલી રીતે તે રહે છે.

## પાઠ ૨૬ મો

**આરિફ્કી જબ સુધ બુધ આવે, બહોર ફ્રિર તસવ્વુરમેં આવે.** (૧)
ઓળખી શકનારની જેટલી સમજ અને અક્કલ પ્રાપ્ત થાય. ત્યાર પછી તે દેખાવમાં આવે છે.

**ગ્યાન ધ્યાન લોકોકું બતાવે; ગુર સાચા ઓર બાટ બતાવે.** (૨)
ત્યારે તેની ઓળખ અને ભક્તિ લોકોને શીખડાવે છે. અને સાચા સતગુરૂનો રસ્તો બતાવે છે.

**હાફિઝ મરતબાકું જબ રાખે, આરિફ્કી જબ લીઝઝત ચાખે;** (૩)
તેને યાદ કરનાર જ્યારે પોતાના દરજ્જાને ઓળખે છે, ત્યારે ઓળખવાનો સ્વાદ તે ચાખે છે.

**એસી બાત કબી ન ભાંખે, સાબિત કદમ જાંહેરમેં રાખે.** (૪)
પરંતુ એવી વાતો જાહેરમાં કયારે પણ તે બોલતો નથી. એને પોતાના મક્કમ વિચારને શરીયત સાથે રાખે છે યાને શરીયતને તે પોતાની નજર સામે રાખે છે.

**જબ તમીઝ ઈલાહી હોવે, સઆદત સાહેબકી સબ લેવે;** (૫)
જ્યારે ખુદાને ઓળખવાની સમજ આવે છે, ત્યારે ખુદા તરફના નેકીના સઘળા ગુણ તે મેળવે છે. યાને નેકીના સાહેબ પાસેથી તે ફાયદો મેળવે છે.

**ભેટ નિરંજન અપના સેવે, સબકું ફયેઝ હકીકી દેવે.** (૬)
પછી નિરંજન નિરાકાર નુરને ભેટી તેને પોતાની સેવા અર્પણ કરે છે. એવી રીતે સઘળાને ખુદાઈ રસ્તે ચડાવી ફાયદો પહોંચાડે છે.

**આપસથી જબ મતલબ જોવે, બુજ નિરંજન અયસા હોવે.** (૭)
જ્યારે પોતાની ઓળખાણ થાય છે ત્યારે તે ખુદાને ઓળખનાર થાય છે.

આપ નિરંજન હોકર જોવે, સબ જુગ અપના મઝહર પાવે. (૮)
પોતે નિરંજન બનીને જુએ છે ત્યારે પોતે બધી દુનિયામાં છે એવું તેને દેખાય.

રે તું હી...
ઓ મારા સાચા મૌલા

**આપ ગુમાવે મૌલા મીલે, આરિફ કહીએ તાંયરે;**
**ઔર આપસકું બુજકર, અને દાસ કહાવે તાંયરે.**

પોતાનું પોતાપણું ગુમાવીશ તો ખુદા તને મળશે અને તેજ ખરો ઓળખનાર કહેવાય છે. જ્યારે કોઇને પોતાની ઓળખ થાય છે છતાં તે પોતાને ગુલામ કહેવરાવે છે.

## પાઠ ૨૭ મો

**આરિફ બિલ્લાહ તબ કીલાવે, જપ તપ કરી સબ જનમ ગમાવે.(૧)**
ખુદાની સાથે મળેલો કોઇ ત્યારે કહેવાય છે યાને ઓળખનાર ત્યારે કહેવાય છે કે જ્યારે બંદગી સાથે તપશ્ચર્યા કરી પોતાની જીંદગી ગુમાવી દે છે.

**ફનાથી બાહો જાવે, બુજ નિરંજનકો દાસ કહાવે. (૨)**
યાને તેની સાથે એક રસ થઇ મળી જાય છે તે નિરંજનને ઓળખનાર દાસ યાને વિશ્વાસુ કહેવાય છે.

**હાફીઝ મરતબા કો રાખે, જબ લીઝઝત ઈરફાનકી ચાખે; (૩)**
એનો દરજ્જો હાફીઝનો બને છે યાને દરેક બાબતો તેને યાદ હોય છે. જ્યારે તેનો એવો દરજ્જો બને છે. ત્યારે તે ઓળખનાર હકીકતની લીઝઝત મેળવે છે.

**પાની જાને આલા ભાખે, માટીકા નામ બુંદ ન રાખે. (૪)**
અસલ રૂહ ઉંચો કહેવાય છે જેમ પાણીમાં માટીના જરાબી રજકણ ન હોય તો તે શુદ્ધ છે. તેમ તે માયામાં હોવા છતાં માયા રહીત રહે છે.

આપે આપસકું ફેરા પાવે, બાજીંદ હો બાટ દિખાવે; (૫)
પોતે પોતાને પાછો ખુદામાં એક થયેલો જુએ છે અને પોતે ખેલ કરનાર બાજીગર થઇ રસ્તે ચડાવે છે.

આરિફ બિલ્લાહ તબ તું હોવે, આપસકું જબ મુતલક ખોવે. (૬)
જ્યારે તું પોતાને તદ્દન ગુમાવી દઇશ ત્યારે તું ખુદાને ઓળખનાર થઇ શકીશ.

વરેહ દિલકી સુરત ચીતથી ધોવે, ફનાથી બાકી ફન હોવે. (૭)
જ્યારે દિલની જુદાઇને તેના ચહેરાના ધ્યાનમાં પાણીથી ધોઇને સાફ કરીશ ત્યારે પોતે ફનાહ થઇ બાકીના નુરના તરીકામાં મળી જઇશ.

રે તું હીં...

ઓ મારા સાચા મૌલા

વાહેદકી સુરંત સબ ગઇ, અને ઘટ ઘટ રહ્યો સમાયરે;
અચરત દેખીયો એ સખી, ઠાકોર દાસ કહાયરે.

એક ખુદાની સુરત યાને ચહેરો મારામાં સમાઇ ગયો ત્યારે ઘટ ઘટમાં સમાયેલો તું દેખાયો પરંતુ અચંબાની વાત તો એ છે કે એવી હાલતમાં શેઠ થઇ ગયો હોવા છતાં પોતાને બંદો કહેવડાવે છે યાને પડદો રાખે છે.

## પાઠ ૨૮ મો

જબ તું અએન સએન હો જાવે, હાલ જલી બર્ક કી આવે; (૧)
જ્યારે તું બીલકુલ પવિત્ર થઇ જઇશ ત્યારે વીજળીના તેજ જેવી હાલતનો તને અનુભવ થશે.

આપસકું અંત મુલ ન પાવે, અએન નિરંજન હોકર જાવે. (૨)
છેલ્લે તને પોતાની કિંમત કંઇ નથી એવું સમજાશે અને ત્યારે તું નુરના દરિયામાં બીલકુલ એક થઇ જઇશ.

ગએર કહે પણ ગએર ન જાણે, દાસ કહે અલ્લાહ પીછાણે; (૩)
કોઇ પણ કહે કે ખુદા તો જુદો છે યાને અલગ છે પણ જે તેને જુદો જાણતો નથી, તેને ખુદાની ઓળખાણ થાય છે.

જેસા કરે તેસા કર માને, જીયું કર ત્યું કર જાને. (૪)
જે જેવા કર્મ કરે છે તે તેવો તેને માને છે જેવા કર્મ કરીશ તેવી તેની ઓળખાણ થશે.

દીન દુનિયાકી જુલમત નુર, દોઝખ બહેશ્ત ઔર હુર કસુર; (૫)
મઝહબ અને દુનિયાના અંધારાને દુર કરનાર નુર છે. નર્ક સ્વર્ગ હુરાઓ અને મહેલાતો.

સબ ઇસ્મકા ભયા ઝહુર, તે માંહે આપે આપ ગફુર. (૬)
એ સઘળા એના નામની ઝહુરાત પામેલા છે અને તેમાં પણ ખુદા પોતે સમાઇ રહ્યો છે.

હય ઝુલ અરજા તમામ, જા કો બુજ નિરંજન નામ; (૭)
તેમજ બન્ને જગતમાં સઘળે ઠેકાણે તેજ છે અને તેનુ નામ ખુદાની ઓળખ છે યાને ખુદા છે.

સરગથી નેડે રહેમાન, બુઝ નિરંજન કરો કુછ કામ. (૮)
યાને ખુદા આપણી ધોરી નસથી પણ વધારે નજીક છે એવું સમજી કાર્ય કરો તો ખુદાની ઓળખ થાય.

**રે તું હીં...**
**ઓ મારા સાચા મૌલા**

**પ્રેમ મુરત ઘટ વસે, મૌલા મુરત પહેછાનરે;**
**જો જએસા પ્રગટ ભયા, તો તેસા કર જાનરે.**
પ્રેમની સુરત ઘટ ઘટમાં વસી રહી છે તેજ ખુદાનો ચહેરો છે તેને તું ઓળખ અને જાહેરમાં તે જેવું સ્વરૂપ લે તેવા સ્વરૂપમાં પણ તું તેને ઓળખ.

## પાઠ ૨૯ મો

**હેત માયા જો ચિત્તથી જાવે, લાખ કરોડ જો મિલ આવે; (૧)**
જેના ખ્યાલમાંથી દુનિયાનો પ્રેમ અને માયા નીકળી ગઇ છે તેને લાખો અને કરોડોની દૌલત મળે તો પણ તેની તે દરકાર કરતો નથી.

**સો સુંદર જાહેદ કીલાવે, યે સબ તાલિબ બહેશ્તકા હોવે. (૨)**
ત્યારે તે તપશ્વી લેખાય છે પણ એ બધા બહેસ્તની ઇચ્છાવાળા હોય છે.

**લાભ કારણ બહેશ્તકું ખોવે, અયસા મુરખ તું ક્યું કર હોવે ? (૩)**
ખુદાઇ દીદારના લાભ માટે બહેશ્તને ગુમાવનારને કહેવામાં આવે છે કે તું આવો મુર્ખ શા માટે બને છે ?

**ખાદિમ ઔર ફકીર દિવાને, જાહેર અબ્દ ખરાયે આના. (૪)**
સેવક, ફકીર અને મોટો મુતવ્વલી એ બધા જાહેર રસમ પાળનારા અને મુરશીદના હુકમને તોડી નાખનારા છે.

**નિસદિન દોજખ બહેશ્ત બખાને, શાહ અપનેકું ચિત્ત ન આણે; (૫)**
તેઓ રાત અને દિવસ દોઝખ અને બહેશ્તનીજ વાતોમાં ગુથાએલા રહે છે પણ પોતાના ઇમામને ચિત્તમાં લાવતા નથી.

**જીને શાહ દોજખ બહેશ્ત નીપાઇ, સાત દ્વિપ નવ ખંડ બનાઇ. (૬)**
કે જે મૌલાએ દોઝખ અને બહેશ્તને પેદા કરી છે અને સાત દ્વીપ અને નવે ખંડ બનાવ્યા છે.

**યે સબ રૂપ અનુપ દીખાઇ, યે અહમદ કેરે સંગ લગાઇ. (૭)**
એ આ બધા ઉત્તમ રૂપ તેણે દેખાડયા છે અને હ. નબી સાહેબ સાથે મેળવ્યા છે.

રે તું હીં...
ઓ મારા સાચા મૌલા

**કાહે લાવે મન ઔરસું, ઔર કાહે ડોલાવે ચિત્તરે;**
**એક પલ ચિત્ત મૌલાસું, જહાં ચિત્તવન તહાં નિતરે.**
શા માટે બીજા સાથે ધ્યાન લગાડે છે ? અને તારા વિચારોને શા માટે ફેરવે છે ? જો એક પળ માત્ર તારૂં ધ્યાન મૌલા સાથે લગાડીશ તો જ્યાં તારું ધ્યાન હશે ત્યાં તું તારા પરમ મિત્ર યાને મૌલાને જોઇશ.

## પાઠ ૩૦ મો

**જો ગુર રાહ તરીકત લાવે, માયા પુંજી મૂલ લુંટાવે.** **(૧)**
જ્યારે મુરશીદ (મુરીદને) તરીકતના રસ્તા ઉપર લઇ જાય છે. ત્યારે તેની માયા મિલકત વગેરેના ખ્યાલો તે દુર કરાવે છે.

**ગુરુ દ્વારકું રંગ લગાવે, મજનું હો લૈલીકું ધ્યાવે.** **(૨)**
અને તારા દિલને ઇશ્કે હકીકીના રંગથી તે રંગી નાખે છે. ત્યારે તું મજનું બની લૈલી રૂપી માશુકને ઇશ્કથી શ્રેવીશ.

**પ્રેમ પીયારેકા જબ હોવે, હું સબ એ દિલકી ધોવે;** **(૩)**
એવો ઇશ્ક જ્યારે થાય છે. ત્યારે તે બધા હું પણાને દિલમાંથી કાઢી દિલને પવિત્ર બનાવે છે.

**નિશદિન જાગે કબહું એ ન સોવે, ઝાર ઝાર દો નૈના રોવે.** **(૪)**
અને હંમેશા ચેતતો રહે છે અને ક્યારે પણ ગફલતી કરતો નથી. અને પ્રેમની મસ્તીમાં બન્ને આંખોથી વીયોગના લીધે તે રડયા કરે છે.

**હીરદે માંહે આગસી લાગે, આગે હોય સો આગે આગે;** **(૫)**
અંતઃકરણમાંથી પણ આહના આગ જેવા પોકાર નીકળે છે. છતાં પણ પગલે પગલે આગળ જે થવાનું હોય તે થાય એમ જાણી ચાલ્યો જાય છે.

ગયે જીવ પંખી હો ઉડ જાવે, લાલન કેરા દરશન પાવે. (૬)
જ્યારે આત્મા રૂપી પંખી શરીરમાંથી છુટું પડે છે, ત્યારે તેને ખુદાના દીદાર થાય છે.

સાજન પર હું બલ બલ જાઉ, લે સાજનકું ગલે લગાઉ. (૭)
આવા મુરશીદે કામીલ ઉપર હું કુરબાન થઇ જાઉ અને એ મૌલાને મારા ગળે લગાવું.

રે તું હીં...
ઓ મારા સાચા મૌલા

પંખી હું જો ઉડ સગું, તો જાઉ મૌલાકી ઓડરે;
એક જીવકી કાજ હાય, વારૂં લાખ કરોડરે.
હું પંખી બની ને ઉડી શકું, તો મૌલા તરફ પ્રયાણ કરૂં, મારો આ એક જીવ તો શું, એવા લાખો કરોડો જીવ કુરબાન કરી દઉ.

પાઠ ૩૧ મો

લાલન મોકું લાલી કાની, વિરેહની મારી ફીરૂં દિવાની; (૧)
એ મૌલાએ મને પ્રેમના બાણ મારી રંગી નાખી છે અને જુદાઈના ગમમાં પાગલ થઈને હું ફરી રહી છું.

લોક કુટુંબસું ભઇ બીગાની, સાજન મેરી સાર ન જાની. (૨)
દુનિયાના લોકો અને કબીલાનો સંગાથ મુકી હું દૂર થઇ ગઇ છું છતાં પણ મારા મૌલાએ મારી ખબર પણ પૂછી નહિ.

બીન શાહ દીન કીલાએ ન કોઇ, મૌલા કારન સઘળો દિન રોઇ; (૩)
મુરશીદે કામીલ વગરનો મઝહબ એ મઝહબ કહેવાતો નથી એ મૌલાને મેળવવા માટે આખો દિવસ રડતી રહી.

માઇ બાપ ન પૂછે કોઇ, જીને લાગી બૂજે ફન સોઇ. (૪)
એ રસ્તે ચાલતા મા બાપને પુછવાની જરૂર રહેતી નથી કારણ કે જેને લગની લાગી હોય તે ઇશ્કના તરીકાને જાણી શકે છે.

**જાકું કડવા કલેજે હોવે, સો ક્યું નીંદ કર સુખસું સોવે; (૫)**
જેના દિલમાં ઇશકનું દરદ પેદા થાય છે તે નિશ્ચિંત થઇ આરામથી કેમ સુઇ શકે ?

**સબ હેત ચિત્ત અપનેથી ધોવે, નિશદિન નૈનું લોહી રોવે. (૬)**
પોતાના દુનિયાના સઘળા હીત પોતાના ખ્યાલમાંથી કાઢીને ખ્યાલને પવિત્ર રાખે છે અને આંખોમાંથી પાણી ખુટતા લોહીના આંસુઓ વહેવરાવીને રાત દિવસ રડે છે.

**રાતદિન મુજે નિંદ ન આવે, નિશદિન નૈનું પાણી બહાવે. (૭)**
રાત કે દિવસ મને એથી ઉઘ આવતી નથી, અને રાત દિવસ આંખો પાણી કાઢતી રહે છે.

**હું મુઈ સાજન તેરે હાવે, તુજે મેરી મહેર ન આવે. (૮)**
હે સાજન તારી જુદાઇ ઉપર મરી રહી છું. છતાં તને મારા ઉપર દયા આવતી નથી.

**રે તું હીં...**
એ મારા સાચા મૌલા

**દેખો સખી સોહનીયા, દેહનકો હાલ બે હાલરે;**
**મૌલા અલી જબ ચિત્ત ચડિયો, તબ મૂઇ સંભાર સંભારરે.**
હે મારી ભલી સખીઓ, મારા શરીર તરફ તો જુઓ કે તેના કેવા હાલ હવાલ થઇ ગયા છે ? કારણ કે જ્યારથી મારો માલિક મારો મૌલા મારા ખ્યાલમાં રમી રહ્યો છે ત્યારથી તે મારાથી જરા પણ દૂર ન થાય એવું માંગી રહી છું.

## પાઠ ૩૨ મા

**સાજન પર હું સદા બલહારી, જીને સાજન મોહે નિપટ બિસારી. (૧)**
મારા મુરશીદે કામીલ ઉપર હું વારી જાઉ છું કે જેણે મને બીલકુલ વિસારી મુકી છે.

**નિશદિન નૈનું લાગી તાડી, કબહુએક આવે હમારી વારી. (૨)**
રાત દિવસ મારી આંખમાં મને તારી તલબ લાગી છે એમ કરતાં કરતાં કોઈક વખત અમારો પણ વારો આવશે.

**જબ દરશન દેખું તેરા, સબ દુઃખ બિસરે ચિત્તથી મેરા. (૩)**
કે જ્યારે તારા પવિત્ર દીદાર કરીશ ત્યારે મારા ખ્યાલમાંથી સઘળા દુઃખો નીકળી જશે.

**સુખ ઉપજે મન ગને ગનેરા, લાલન કરો હમારે યહાં ફેરા. (૪)**
અને મારા મનમાં અધીકાધીક આનંદ પેદા થશે કે મારા મૌલા. એક વખત તો મારે ત્યાં આંટો મારી જાઓ.

**અબકે મંય જો સાજન પાઉ, હઈડે અંદર સેજ બીછાઉ; (૫)**
હવે જો હું મારા મૌલાને મેળવું તો મારા હ્રદયમાં સેજ બિછાનું પાથરી તેના ઉપર તેને પોઢાડું.

**મીલું ઉસીકે નુર સંગાથ, ફિર દૂસરેકા નવ ઝાલું હાથ. (૬)**
અને તેનો નુરાની સથવારો મળી જાય પછી બીજા કોઈની દામન નહિં પકડું.

**હઈડે તલપી મારી મારી, કહાં સહું એ દુઃખ હય ભારી; (૭)**
મારૂં હ્રદય તારા પ્રેમના બાણથી તડપી રહ્યું છે. એ દુઃખ બહુ ભારી છે તેને ક્યાં સુધી હું સહન કરતો રહીશ ?

**દરશન દિખાઓ સબ ભય હારી, બ્રેહ ન ભજે તારી મારી. (૮)**
તારા દીદાર કરવાથી દુનિયાના દરેક જાતના ભય યાને ડર નીકળી જાય છે. તારી જુદાઈની આગ હ્રદયમાં સળગતાં આ તારૂં અને આ મારૂં કરવાની ફુરસદજ ક્યાંથી હોય ?

દિલકે અંદર દઉ ઉતારી, સાજન તુમ પર જાઉ બલીહારી. (૯)
હું તો તને મારા દિલમાં જ ઉતારી દઉ હે મૌલા તારા ઉપર હું કુરબાન થઇ જાઉ.

રે તું હીં...
ઓ મારા સાચા મૌલા

**દરશન દીયો સમજી, શુધ બુધ ગઇ હરાઈરે;**
**પ્રીતમ પાસ બુલાએ હમ, કહીં શુધ લો તમ આયરે.**
મારી હાલતને જોઈ દીદાર આપો કારણ કે મારૂં ધ્યાન અને અકલ હણાઇ ગયા છે માટે હે પ્રીતમ મને તમારી પાસે તેડાવીને મારી ખબર તમે આવીને લ્યો.

## પાઠ ૩૩ મો

**જો નફસાનિયતકું નાખે, સબ રોઝે રમઝાનકે રાખે (૧)**
જો તું તમામ જાતની નફસાનીયત હીર્સ, નીંદા જુઠ, બદનઝર, વગેરે દુર કરીશ તો સમજ કે તેં રમજાનના બધા રોજા રાખ્યા.

**મનથી હોંઇ શહાદત ભાખે, તબ લીઝઝત ઈસ્લામકી ચાખે. (૨)**
અને સાફ દિલથી શાહદતનો કલમો (ખુદા એક છે તેમ) કહીશ ત્યારે ઇસલામની ખુબી મેળવી તેની મીઠાસ ચાખી શકીશ.

**ચાર મઝહબ બરહક કરી જાને, ચાર કીતાબકું સહી પીછાને. (૩)**
ચારે નબીના ચારે મઝહબને સાચા કરીને તું માનીશ અને તેની ચારે કિતાબોને સહી અર્થમાં સમજીશ.

**અપને નબીકું હક કરી માને, ફીર તુજે હોયે દુરસ્ત ઈમાને. (૪)**
અને આપણા નબી રસુલને સાચા કરીને માનીશ ત્યારે તારૂં ઈમાન પાક થશે.

વાજબ ફરઝ જો સત કરી માને,

સબ હય યેહ કામ અરકાન પિછાને. (૫)

જો તું જરૂરી ફરઝોને સાચી કરી માનીશ અને સઘળા સિદ્ધાંતોના કાર્યને ઓળખીશ.

રોઝ કયામત સહી કરી જાને, સબ કાહુકું મનમેં ઠાને. (૬)

છેલ્લે ઇન્સાફના દિવસને હકક કરી માનીશ એ બધી કહેલી બાબતોને જો મનમાં રાખીશ.

પડે કુરઆન કિતાબાં બૂજે, તો તુજે રાહ નબીકી સૂજે. (૭)

કિતાબ કુરઆન સમજીને પઢીશ તો તને નબી રસુલના સિરાતલ મુસ્તકીમના રસ્તાની ખબર પડશે.

જો મુખ અહમદ કેરા બૂજે, રાહ નિરંજન આપે સૂજે (૮)

જો તને નબી સાહેબની મારિફત થશે તો ખુદાની ઓળખાણ પોતાની મેળે થઇ જશે.

રે તું હીં...

ઓ મારા સાચા મૌલા

જો બુજે મારગ પીર સદરદીન કેરા, જો હય સદા કબુલરે;

સબ નબીયું કે સિરતાજ હય, સો દુલે નબી રસૂલરે.

કોઇ પીર સદરદીનના બતાવેલા માર્ગને ઓળખી લે કે જે માર્ગ સિરાતલ મુસ્તકીમ તરીકે હંમેશા માટે કબુલ થયેલ છે. સર્વ નબીઓના માથાના તાજ તે અમારા દુલ્લા યાને શહેનશાહ નબી રસુલ સ. અ. છે.

# શલોકો - મોટો

## રચનાર

## મહાન સુફી સંત પીર શમ્સુદીન સાહેબ

સતગુર કહેરે દિલમાંહે દેવલ પુજીએ, અને દિલમાંહે દેવ દુવાર;
દિલમાંહે મૌલા આપે વસે, અને દિલમાંહે આપે દિદારરે. (૧)

સતગુર કહેરે આપે હરીઆ લહેર હે, અને આપે અલીવર દાતાર,
આપે સબકું દેખત હય પણ અંધે કે મન દુર રે. (૨)

સતગુર કહેરે સતપંથી તેજે સત શું રહે, અને બુરો ન રાખે મન;
સતપંથી તે સાચા કહીએ બાકી સરવે રદરે. (૩)

સતગુર કહેરે સતપંથી તો સુરા ધ્યાનસું, અને સુરાને હય સુર;
તે ઉપર કોઇ ખંડુ કાઢે કહેરનું; તોએ સુરા ન છોડે સુર રે. (૪)

સતગુર કહેરે જેણે રંગ લીઆ અમતણા, તેને કેસા હોએ ગુમાન;
જે જેવો હોએ મોમના, તે તેવો લાવે ઇમાન રે. (૫)

સતગુર કહેરે જેસા જીવ હોવે આપણા, તેસા તુ અવરાને બુજ;
જેણે પરકું દેખીયા ભુંડકા, તેતો આપે હોસે જુઠરે. (૬)

સતગુર કહેરે હીરા મોતી લાલ હય, તે સબ બજાર ચોક બીકાએ;
પણ જેણે કાચ લીઆ જઇને હાથમાં, તેને લાલ મોતી ન સોહાયરે.(૭)

સતગુર કહેરે અમે સરવે જુગ દેખીયા, અને દેખીયા સૌના મન;
જે મોમન જેવું બોલશે, તેનું તન મન તેવો પ્રાણ રે. (૮)

સતગુર કહેરે જેણે ધરમ જોયા સતના, અને જોયા વેદ વિચાર;
તે ઇમાન રાખસે સત શું; અને શાહપીર ઉપર રાખશે પ્યારરે.(૯)

સતગુર કહેરે જેણે વેદ જોઇને વિચારીયા નહીં અને તેનું વેદશું નહીં કામ;
તે ઠાલા આવ્યા ને ભુલા ગયા તેની વેદ માંહે નહીં સાખરે. (૧૦)

સતગુર કહેરે બ્રહ્મ જ્ઞાન માંહે જે રહ્યા, વળી દાનત રાખે ઠામ;
તે તો સોળ કળાની જોત માંહે જઇ મળે, તેને સુજે સરવે કામ રે. (૧૧)

સતગુર કહેરે જેણે કળા જોઇ દીનકી તે જીવ પરલે નહીં જાએ;
સતગુર શમ્સ એમ ભણે , ભાઇ તે અંતે ભેળા થાય રે. (૧૨)

સતગુર કહેરે અમારા રંગ જે દેખશે, તેને દીન સુજે સાર;
તેને લાખ આવી વેરી મલે, તોએ ન મેલે સતનો ઠામ રે. (૧૩)

સતગુર કહેરે જેને કલેજે બાણ લાગા નેહ તણા,
તેની દ્રષ્ટી કેમ અવર જાએ;
તેનું પીંઢ ચાલે મૃત લોકમાં, તેની સુરતી આકાશે જાએરે. (૧૪)

સતગુર કહેરે અજંપીયા જાપ જીસ ઘટ વસે,
તીસ ઘટ માંહે સહી દીપક જાણ;
સોળ કળા સુજે તેને દિલમાં, ભાઇ તેને કલજુગ ન લોપે જાણ રે. (૧૫)

સતગુર કહેરે તે દિપક જાગેઆ જાપસું, તે માંહે સુરત નીરત સમાએ,
સતસો તેને જીભે રહે, ગુર કહે હું પાસ તેને સહી જાણરે. (૧૬)

સતગુર કહેરે જેના દિલ માંહે મૌલા અલી વસી રહ્યા અને તેને
કેમ સુજે નીંદા ને ચેન;
તે સંસારની વાત સહુ સાંભલે, તોએ ન ડોલાવે પોતાનું મનરે.(૧૭)

સતગુર કહેરે જેના ઘટ માંહે પીરશાહ વસી રહ્યા અને ભરપુર બેઠા જાણ;
તેને શેતાન કેમ લોપશે, જેણે દિલ માંહેથી મારી કાઢયો કાળરે.(૧૮)

સતગુર કહેરે શેતાન તેને લોપશે, જે જીવ બેગીનાની થાએ;
તે જાણી બુજી છાંદો રાખશે, તેને મુએ મોક્ષ ન થાએરે. (૧૯)

સતગુર કહેરે પાપ તો જુગમાંહે અતી ઘણું, અને સહુ સંસાર લુટાએ;
સતી જન જુઠ ન બોલીએ, જો સહસ્ત્ર મારણહારા થાયરે. (૨૦)

સતગુર કહેરે જીસમાંહે નુર પ્રકટીયા, તેની આંખો હુઇ અનંત;
તેને લાખ અંધારા આવી વસે, તોએ ન મેલે સતનું ઠામરે. (૨૧)

સતગુર કહેરે ગીનાન વીચારી જે ચાલીયા, તે દુનિયાથી રહેશે દુર;
સંસાર સાગર તો મહા દુઃખ હે, અને સતગુર બીજો મ જાણ રે. (૨૨)

સતગુર કહેરે તિરથ નાહીએ ત્રીવેણી, જ્યાં નિરંજન હે હજુર;
તે પાપ છોડાવે જુગ ચારના, જો મનમાંહે ન આણો મોટરે. (૨૩)

સતગુર કહેરે શાહ પીર દોનું એક હે, તે વસે છે મીલછા માંહે;
તેને શ્રેવજો રૂદેહસું, અને મન માંહે ન લાવજો ખોટરે. (૨૪)

સતગુર કહેરે જીસ મુખથી અલી નામ જપીએ, તીસ મુખ વરસે નુર;
તીસ મુંખથી જો જુઠ બોલીએ, તો સતપંથથી થઇએ દુરરે. (૨૫)

સતગુર કહેરે ફેરા હતા તે ફરી રહ્યા, અને એ છે સતગુરની સાખ;
હવે ઈમાન જો તમે ડોલાવશો તો એવો અવતાર ફરી નહી થાયરે.(૨૬)

સતગુર કહેરે આંચે વળગીઆ પતંગીઓ નહીં, તે જોત દેખી નાશી જાએ;
તેણે જોતનો ભેદ નવ જાણીયો, તે આપે બળી બળી જાયરે.(૨૭)

સતગુર કહેરે સર્વે દુનિયા જોત નવ દેખે અને જોત દેખી નાશી જાએ;
તે જોતનો ભેદ જો બહાર કાઢીએ, તો દુનિયા માંહે ઘેલો કહેવાયરે.(૨૮)

સતગુર કહેરે દુનિયા કાલે ફના હો જાયશે, તમે મત છોડો શાહ પીરસું રંગ;
જો સીર કાપી સંસાર લીએ, ભાઈ તોએ ન છોડો શાહસું સંગરે.(૨૯)

સતગુર કહેરે પીયું તો વસે છે જોત માંહે, તે આવશે ઘટમાંહે જાણ,
તે ઘટમાંહે દીવો કીજે ધરમનો, તો ધરમ ઉતારે પારરે. (૩૦)

સતગુર કહેરે હભીયા દોજકમાંહે તે જીવ પડશે, તેને ત્યાં સુખ નહીં લગાર,
તેને એક ખાઇ બીજો આરોગશે, તેના એવા હવાલજ થાયરે.(૩૧)

સતગુર કહેરે હકીકતી ગીનાની સતપંથી, તેનો સદાએ સાચ શું વેવાર;
તે નીંદા જુઠ શુ અળગો રહેશે, અને દિલથી રાખશે ઇમાનરે.(૩૨)

સતગુર કહેરે નર તો આગે દેવતા, અને તેની સરવે જોતજ જાણ;
તેનું ઘડી ઘડી માંહે રૂપ છે કોડામણું, ભાઇ તેસુ રાખો ઇમાનરે.(૩૩)

સતગુર કહેરે ઇમાન રાખશો તો છુટશો, અને ગુર કહેછે પુકાર;
સાચી દશોંદજ આલજો, અને દિલથી લાગજો પાયરે. (૩૪)

સતગુર કહેરે કોલ દશોંદનો તમે આલીયો, અને તે માતાના
ગીરભાવાસ માંહે જાણ;
તેમ નીંદાનો કોલ પણ આલીયો જે નહીં કરવી કેની વાતરે.(૩૫)

સતગુર કહેરે દશોંદ આલો તમે સાચશું, તે અલીની હજુરજ જાણ;
તે પટો લીધો સવા લાખનો, તે લીધો ટંકશાળનો જાણ રે. (૩૬)

સતગુર કહેરે સવા લાખ ત્યાં પામશો, અને જેવા દીધાં હશે દાન;
જ્યાં નહી મળશે અન્નપાણી એક તીલ, ત્યાં લેશો દશોંદ દાનના
ફળરે. (૩૭)

સતગુર કહેરે સતપંથી તમે રહેજો સતસું, અને તમે આલ્યા કોલ
તેનો કરજો વિચાર;
તે છાપો લીધો ત્રાંબા પાટનો, તે કબી ન ખોટો થાયરે. (૩૮)

સતગુર કહેરે એવો ધરમ કેમ હારીએ, અને દુનિયાને લાજે જ જાણ;
તે લાજ રાખો છો સંસારની, અને રાખો છો નીંદાસું નેહરે. (૩૯)

સતગુર કહેરે અમે પુકારીયા અતિ ઘણું અને ચોવટે ચડી જાણ;
પણ અમારી પુકાર સાંભળી જે બહેરા થાશે, ત્યાં તેની ન ચાલે
પુકાર રે. (૪૦)

સતગુર કહેરે અમારી પુકાર જે સાંભળે, તે સાંભળે એકાંતે જાણ;
તે પાંચ હત્યાથી અળગા રહેશે, ભાઈ તે માંહે છે અમારો ઠામરે.(૪૧)

સતગુર કહેરે અમે આવી તે માંહે બેસીએ, અને બહોતેર કોઠા માંહે
થાએ અવાજ,
રેણી જાય તેની જાગતાં, ત્યાં રચના ગીનાનની થાયરે. (૪૨)

સતગુર કહેરે અજંપીયા જાપ તેને ઘટ વસે, અને કાયા માંહે થાય
જંત્રીનો અવાજ;
ત્યાં બહોતેર કોઠા માંહે તાલ તંબલ વાજે, તેની ઘાત જાણે વીરલા
કોઈરે. (૪૩)

સતગુર કહેરે તે જીવની જીભ અમ તણી, અને વસે તે સંસારજ માંહે;
તેને બંધ બંધાણા અમતણાં, તેની ઘાત ન જાણે કોઈ રે. (૪૪)

સતગુર કહેરે દશ આસમાન તે માંહે વસે, તે માંહે સુરત નીરત સમાંએ;
જે ભ્રાંત કાંઢે મનથી, તેની દષ્ટી ઈમાની થાયરે. (૪૫)

સતગુર કહેરે ગત સઘળીમાં શાહપીર વશે, અને ગતમાંહે જોત જાણ;
તે જોત પ્રકાશ કાંઈક રાખશો, તો તમારા જીવની રહેશે શરમરે.(૪૬)

સતગુર કહેરે ધરમ દાન ગુર મુખે આલીયેં, અને દીજે દશોંદનું દાન,
ગુર ગત હજુર જો આલીએ, તો સાહેબ પુરે મનની આશરે.(૪૭)

સતગુર કહેરે શુરા જેમ રણમાંહે લડે, અને શીશ કપાવા જાય;
તે પાછું પગલુ નવ ધરે તે સન્મુખ ચાલ્યો જાયરે. (૪૮)

સતગુર કહેરે અમે આવી જેને મળીએ, તેની કોઇ આગળ ન કરવી વાત;
જો અંતરનો ભેદ કેને આપશો; તો રીસામણું અમારૂં થાયરે.(૪૯)

સતગુર કહેરે રીસામણું અમતણું દોએલું, તે દોએલું ઘણાં ઘણું જાણ;
વળી ઉભા થઇ જો તપ કરશો, ભાઈ તોય ન મળશું જાણારે. (૫૦)

સતગુર કહેરે ચાર દિન તમે જીવશો, તે માંહે લાગી છે પ્રીત અપાર;
તે કાલે પ્રીતજ તૂટશે, ત્યારે આગળ શું દેશો જવાબરે. (૫૧)

સતગુર કહેરે ચેતણહારા તમે ચેતજો, અને કહું છું છેલ્લીવાર;
પોતાનું પીંઢ તમે સાંચવજો, ભાઇ બીજાનું શું છે કામરે. (૫૨)

સતગુર કહેરે અંતરનો ભેદ કેને નવ આલીએ, જો શીર કાપી દીએ હાથ;
તે જો શીર કાપી લીએ આપણું, ભાઇ તોય ભેદ ન આપરે. (૫૩)

સતગુર કહેરે શીર દીધું તોય શું થયું, જો રૂદેહ ન ભીનું જાણ;
પણ કટકા કરે કાયા તણાં, તોએ અજંપેઆ જાપ વીના કુડા કામરે(૫૪)

સતગુર કહેરે ધરમ તેને આલીએ, જો હોવે ધરમી મહા સુજાણ;
અવર કોઈ માથે આવી પડે, કોઈ દુશ્મનની ફોજ જ જાણરે. (૫૫)

સતગુર કહેરે શીર પડે તો સહી લઇએ, પણ ન કાઢીએ પોતાનો ભેદજ બહાર;
તે જીવને અમે કોલજ આલીએ, ગુર કહે તે અમ સાથે જાણ રે.(૫૬)

સતગુર કહેરે દીદાર કીજે શાહ અલીતણા, અને કીજીએ પુરે વિશ્વાસ;
ઈમાન રાખીએ સાચસું, તો પામીએ શાહના દીદારરે. (૫૭)

સતગુર કહેરે દીદાર કીજે શાહતણું, વળી તેનો ન જાણીએ ભેદ;
તો જેમ પાવઇઆને પાનું ચડે, ભાઈ તેને તેવો દીદારરે. (૫૮)

સતગુર કહેરે દાસ હમારા તે કહીએ, જે દીએ દસોંદનું દાન;
તે હોય ગરીબ કોઈ એબ ચડાવે, તોએ મુખથી ન બોલે વાણરે.(૫૯)

સતગુર કહેરે દાસ હમારા તે કહીએ, જે દુનિયાસું અંધા જાણ;
જ્યાં નીંદા થાય કોઇ વાતની, ત્યાં સુરતી ન રાખે જાણ રે. (૬૦)

સતગુર કહેરે દાસ હમારા હોઇ રહ્યા, જારે કહેવાણા સતપંથી જીવ;
જે એબ ઢુંઢે પારકા, તે સતપંથી નહી તે ચોરરે. (૬૧)

સતગુર કહેરે સતપંથી હવે તમે ચેતજો, અને વારો પોતાનું મન;
હવે એક તીલ જુઠું બોલશો, તો ગુર કહે નહીં પામો મોક્ષરે. (૬૨)

સતગુર કહેરે જીસ મુખે અલી નામ જપીએ, અને નામ અલી નબી જાણ,
તીસ મુખથી કેને આળ બોલીયે, તો કેમ કરી પામીએ મોક્ષરે(૬૩)

સતગુર કહેરે જીસ મુખથી અમૃત જમીએ, અને તીસ મુખ ખીરનેખાંડ;
તીસ મુખથી કેને એબ ચડાવીએ, ત્યારે તે જમ્યાના કેવા ફળરે.(૬૪)

સતગુર કહેરે પાંચ તત્વમાં સરદાર છે, ભાઇ ખમીયા તેનું નામ;
જે ખમીયા રાખે દેહીમાં, તેને ત્યાં સૌ ઉઠી કરે સલામરે. (૬૫)

સતગુર કહેરે ધરમ અમારો છે દોહેલો, તે માંહે ઘાંટીઉ છે અપાર;
એક એક ઘાટી માંહે સોળ ચોક છે, તે બીન ખમીયા ન આવે હાથરે. (૬૬)

સતગુર કહેરે નર નીરંજન તો નીરાકાર છે, તેનું મૌલાઅલી છે નામ;
સતગુર સોહોદેવ એમ ભાખીયા, શાહનો પશ્ચિમ દિશામાંહે ઠામરે.(૬૭)

સતગુર કહેરે હુરાઉ પચાસ તેની જાયસે, અને સરગવાસો ન જાણ;
તેને ફીટકાર લાગે સતગુર તણી, જે રાખે પરસ્ત્રીસું નેહરે. (૬૮)

સતગુર કહેરે શુક્રવારી બીજ જે કોઇ કલમાંહે સ્થાપશે
અને સ્થાપશે પુરે વિશ્વાશ
તે જીવને મુક્તિજ થાશે, અને સહી થાશે અમારો દિદારરે (૬૯)

સતગુર કહેરે અમારે દુઆરે તે ફળ પામશે, અને તેત્રીસ ક્રોડ
દેવતાને હજુર;
જેણે પરસ્ત્રી શું ગવન કર્યા તે અમથી રહેશે દુરરે. (૭૦)

સતગુર કહેરે અમારા ધરમમાં જે જીવ રહ્યા,
અને તેને છે અમારો રંગ;
તેને અલી હેતે શું હુરાઉ દેશે, અને તેને દેશે ઘણાં ઘણાં માનરે.(૭૧)

સતગુર કહેરે મહીમા અમારો રાખજો, અને વચન અમારા શીર ચડાય;
તે તો પાંચ હત્યાથી છુટશે, તે અમારા વચનને પરતાપ. (૭૨)

સતગુર કહેરે અમારા વચન જે માનશેં, તે છે અમારે ગલેકા હાર;
તેને ગલેકા હાર કરી રાખશું, તીસ મોમનકે સુખકા અંત ન પારરે.(૭૩)

સતગુર કહેરે મોમન તેનું નામ છે, જે મનમાંહે ન રાખે ભ્રાંત;
જે મોમન ભ્રાંત રાખશે, ભાઇ તે કાચો હોવે નીરધારરે. (૭૪)

સતગુર કહેરે ધરમ તો સાચો ઇમાનનો, તે ઇમાન સાચો જાણ;
જે ઇમાન લાવશે ફરમાનસું; તે દાસ અમારા જાણરે. (૭૫)

સતગુર કહેરે પાક નામ તો અલીનું છે,
અને અવીચળ વચન અલીનબી જાણ;
ગુર ગીનાન જેણે જાણીયા, તે ભગત હુઆ સાચા જાણરે. (૭૬)

સતગુર કહેરે સોળ કળા સતગુર તણી,
અને બાર કળા નારાયણની જાણ;
તેમાં એ ચાર કળા ગત માંહે વશે, તે કળા નરની પરમાણરે.(૭૭)

સતગુર કહેરે દીદારતો અમારો દોએલો, અને રાતે જાગો લોક;
નીદ્રાં તેને શું કરે, જે રાખે મૌલાસુ હેતરે. (૭૮)

સતગુર કહેરે નીંદ્રા તો જમની દાશી જાણીએ, અને કાયા કસીયે આપ;
પોતાના હકની કમાઇ કરીને ખાઇએ,
ભાઇ તો નીંદ્રા ન આવે પાસરે. (૭૯)

સતગુર કહેરે કીરીઆ ધરમ દશોંદ સાચી આપીએ, તે દીજીએ
આપણે હાથે ઇમાન;
તેનું મુઆ પછી ફળ પામીએ, જો હાથે દીજીએ દશોંદનું દાનરે.(૮૦)

સતગુર કહેરે હાથે ધરમ દશોંદ દીજે સાચસું, સતગુર બોલે તમે
સાચો રાખો વીસવાસ,
પીર શમશ કહે તેને સવા લાખ ઘણેરો આપશું, તે આપશું સતગુર
સાહેબજી કે પાસરે. (૮૧)

# શલોકો નાનો
## (રચનાર - પીર સદરદીન)

સતગુર કહેરે પીયુ પીયુ તો સબ જુગ કરે, પણ પીયુ ન પાવે કોઈ;
મુખ જપંતાં જો પીયું મીલે, તો શીર સાટા ન હોયરે. (૧)

સતગુર કહેરે શીર સાટા જો કીજીએ, અને રેહેણી જગાઈએ આપ;
જીવ લગાઈએ જીકરશું, તો સાચા સુરીજન પાસરે. (૨)

સતગુર કહેરે પીયુ પીયું તો જીવ જંત કરે, અને પીયુ ન પાવે કોઈ;
જીભ જપંતા જો પીયું મીલે, તો બગલા હંસજ હોયરે. (૩)

સતગુર કહેરે બગ હંસ બે પટુંતરો, અને દીસે એકજ વરન;
પણ બગ ચરે મન માનીયું, અને હંસ મોતી ચરનરે. (૪)

સતગુર કહેરે કાચ રતન બે પટુંતરો, અને કસતાં પાઈએ ભાવ;
કાચ કમાયો વીખ ભર્યો, અને રતને અજવાળો હોયરે. (૫)

સતગુર કહેરે નુગરા સુગરા બે પટુંતરો, સંરવે સુરત એક સમાન;
પણ નુગરા ચાવે દામકું, સુગરા સાહેબજીકો નામરે. (૬)

સતગુર કહેરે નામ લીઆ સો અતી ઘણા, અને પ્રેમ પીડા ન લાએ;
એતો ધુળી ઉપર લીંપણા, જેમ ફુટા મંડલ બજાએરે. (૭)

સતગુર કહેરે પ્રેમ ભગતીતો રદેહ વસે, અને અંતરની લેહ લગાએ;
શ્વાસ ઉસાસે એમ જંપીએ, જેમ કાને સુરત ન જાયરે. (૮)

સતગુર કહેરે જીસમાંહે ઈમાન પ્રગટીયા, તીસે ગફલત હોવે દુર;
ત્યાં અંધારા શું કરે જ્યાં વસે સતગુર કેરાં નુરરે. (૯)

સતગુર કહેરે નુરે મંદીર સમારીયા, અને નુરે રચ્યો આસમાન;
તે નુર માંહેથી નુર પ્રગટીયા, તેનું અલી છે નામરે. (૧૦)

સતગુર કહેરે અમે આવ્યા એહી લોકમાં, અને લાવ્યા મુગતીનો ભેદ;
તે રંગ ભોગ બહુ પદવી પામીયા, પણ થોડા આશક મુલરે. (૧૧)

સતગુર કહેરે ભાગ ઉણા તે લોકના, જેણે કીધા તપ તીરથ વૃત
બહુ દીધા દાન;
તે સ્વર્ગ ભોગવી હેઠે ઉતરીયા, જેણે ન ઓળખ્યા નુર અલી નામરે.(૧૨)

સતગુર કહેરે ગુરકે સીર તો ગાંઠડી, અને સેવક કે સીર ભાર;
લોહા નાવ માંહે બેસીએ, તો કેમ કરી ઉતરીએ પારરે. (૧૩)

સતગુર કહેરે જીસકા ગુર તો આંધળા, અને ચેલા ઉસકા ફોક;
તે આપ મતીલા મન હઠીલા, તે મુવે ન પામે મોક્ષરે. (૧૪)

સતગુર કહેરે જુઠ મરણા તો સંબ જુગ મરે, અને સાચા ન મરે કોઈ;
આ ગુર ગીનાને જે મરે, તીસે બોહોત મરણા ન હોયરે. (૧૫)

સતગુર કહેરે નાવ કીજે અલી કે નામ કી,
અને તે માંહે સાચા ભરીએ ભાર;
પવન જો ચાલે પ્રેમકા, તો અલી ઉતારે પારરે. (૧૬)

સતગુર કહેરે માનખા અવતાર તું પામીયો પણ કાંઇ ન જાણીયો
મુગતીનો ભેદ;
એ માણેક મોટો શું થયો, જો અંતર ન પડીયો છેદરે. (૧૭)

સતગુર કહેરે રવિ ઉગ્યો તે અજવાળો ભયો, અને રેણી તે હોવે દુર;
તેમ નવખંડ માંહે અલી પ્રકોસ્શીયા, જેમ પ્રભાતે ઉગ્યો સુરરે.(૧૮)

સતગુર કહેરે સુરજ ઉગ્યો તે સહુ દિન કહે, અને રહેણી ન કહેવે કોઈ;
તેમ અલીજી જુગમાંહે મુગતકો દાતાર હએ,
ભાઈ અવરાથી મુગત ન હોયરે.(૧૯)

સતગુર કહેરે અમે આવીયા એહી લોકમાં, અને લાવ્યા મુગતીનો ભેદ;
જેને નુર સતગુર ભેટીઆ, તે અમર હુઆ તતખેવરે. (૨૦)

સતગુર કહેરે પરતક જોઇએ પારખું, અને સાચે મન પતીલાએ;
એ લોહા પારસ જો મીલે, તો ક્ષણ એક માંહે કંચન થાયરે. (૨૧)

સતગુર કહેરે ઇયળ ભમરી દોએ પટુંતરો, અને લઇ મંદીરમાં બાહે;
ભમરી ચટકો ઇયળ સહે, તો આપ સમાની થાયરે. (૨૨)

સતગુર કહેરે સાચ જુઠકા પટુંતરો, અને પરખો તે પરખણહાર;
એ મોતી ભાગીયુ વીંધતાં, તેનું ગયું મુલ અપારરે. (૨૩)

સતગુર કહેરે જુઠાને તે જગ પતીત લાવે, અને સાચાને મારે લાત;
જુઠાને જુઠો આવી મળે, તો બોલે પાંચને સાતરે. (૨૪)

સતગુર કહેરે સહસ્ત્ર પચાસ ભોગવી તું આવીયો,
અને આવ્યો તે માનખા દેહ;
સતપંથ સીર લાગ્યા નહીં, જેમ ઉનાળે ઉઠા મેહરે. (૨૫)

સતગુર કહેરે તમે રંગ રંગાવો સાચશું, અને જેસો પટોલે ઢંગ;
તે જળી ગળી ટુકડા હો રહે, તોય ન મેલે રંગરે. (૨૬)

સતગુર કહેરે આશા મારો સાચસું, અને સતકા કરો શણગાર;
નયણે કાજલ નેહકા, પીયું કરો ગલેકા હારરે. (૨૭)

સતગુર કહેરે મુઆ તેજે મન મુઆ, અને ધરતી જેવા હોવે આપ;
એ પાંચ તત્વ કેરા પુતલા, તે જપે અજંપીઆ જાપરે. (૨૮)

સતગુર કહેરે સબ જુગ દેખીયા નીર્ધના, અને ધનવંત ન દેખીયા કોઇ;
ધનવંત ઉસકું આંખીયે, જેની પ્રીત પીઆસું હોયરે. (૨૯)

સતગુર કહેરે અમી પીધે વીખ ઉતરે, અને પાણી પીધે ત્રસનાં બુજાએ;
ભોજન જમે ક્ષુધા ભાંગે, તેમ અલીનામ જપંતાં પાતક જાયરે.(૩૦)

સતગુર કહેરે મીઠી દુનિયા સરવે દુર કરો, અને માયા માંહે ન લાવો જીવ;
જનમ ગમાઇએ પ્રેમશું તો પામીએ સાચા પીવરે. (૩૧)

સતગુર કહેરે પ્રીત પીઆની દોહેલી, અને પ્રેમ પીડા હએ સૂલ;
એ કનક કસોટી આપ કું; તો ચઉદા પાવે મુલરે. (૩૨)

સતગુર કહેરે પીયુ પીયુ કરતા જો પીયુ મળે અને શીર ઉપર ભરીયા ભાર;
જો મન ખેલે મોકળા, ભાંગી નાવ ન હોવે પારરે. (૩૩)

સતગુર કહેરે ગીનાની પંડીત જુગમાંહે કીલાવે, અને ચરણ (ધોઇ) પીલાવે આપ;
મરમ ન જાણે મોક્ષકા, તો અદકા કરણા પાપરે. (૩૪

સતગુર કહેરે દમોદમ અલીને જંપીએ, અને અવર તે ચીંત ન લાએ;
પીયું પટુંતરો રતી ન રાખીએ, જીઉ સમુદ્રમાં લહેર સમાયરે. (૩૫)

સતગુર કહેરે જીકરજ લાવો જીવડાં અને રહેણી તે હોવે હાથ;
જો દમ ઉઠે નાભથી, તબ અલીસું કરણા વાતરે. (૩૬)

સતગુર કહેરે વાતે વડા ન હોઇએ, કર માણક મુખ લે સાહેબજીકો નામ;
સાચ વીના જો જપીએ જીઉ ઉજડ ખેડા ગામરે. (૩૭)

સતગુર કહેરે ઉજડ ખેડા તો ફીર વસે, અને નીર્ધનીઆ ધનવંત હોય;
પણ એક અચંબો આંખીએ, ભાઇ મુવા ન જીવે કોઈરે. (૩૮)

સતગુર કહેરે ઘર ઉપર જેમ દિવડો, અને માંહે કાળી રાત;
એ ફોકટ ધોણાં બહારકા, તારા દિલનું કાસલ કાઢરે. (૩૯)

સતગુર કહેરે પુરી પ્રીતે પીયુ મળે, અને વણ પ્રીતે દુરજ હોય;
જળ મધે જેમ કમલ છે, તેને અંગ ન ભેટે તોયરે. (૪૦)

સતગુર કહેરે ભલકા વાગે ભાવકા, અને પડે પ્રેમકા ઘાવ;
જો પીડા હોવે પ્રેમકી, તો નયણે નીંદ ન આએરે. (૪૧)

સતગુર કહેરે નીંદ બીચારી કીઆ કરે, જો બંદા હોવે હુશીઆર;
અલી અલી કરતા રેહેણી ગમાવે, પછી હોવે પ્રભાતરે. (૪૨)

સતગુર કહેરે પ્રભાતે રવી ઉગીયો, અને નવખંડ માંહે હુઓ પ્રકાશ;
જ્યાં જોઇએ ત્યાં તેટલો, એમ સર્વ ઘટ અલીનો વાસરે. (૪૩)

સતગુર કહેરે સોના વેચી સાજન લીજીએ, અને મોતી કેરે મુલ;
વે સાજન કેમ છોડીએ, ભાઇ લોકા કેરે બોલરે. (૪૪)

સતગુર કહેરે બોલે બોલે લીજીયે, અને પીયુંને પીછાણ;
સીર સાટે જો પીયું મીલે તો બી સોંઘા જાણરે. (૪૫)

સતગુર કહેરે સીર સાટા તો કીજીયે, જો પીયું બીકાતા હોય હાટ;
તો એક ક્ષણ વીલંબ ન કીજીએ, ભાઇ હાથે દીજે કાટરે. (૪૬)

સતગુર કહેરે ઇશ્કતો વાડીમાં ન નીપજે, ઇશ્ક હાટે ન વેચાય;
ઇશ્ક તો હૈડામાંહે નીપજે, હૈડું કોરી ખાયરે. (૪૭)

સતગુર કહેરે પ્રેમ રસ તો અતી રસ મીઠડા અને જે કોઇ દેખે ચાખે;
સ્વાદ જો પાવે સીર લગી; તેનું હૈડું દેવે સાખરે. (૪૮)

સતગુર કહેરે સતી હુઇ તો કીયું રહી જો ન જલી પીયુજીકે લાએ,
જાજા ન મુઇ દોલડી, પ્રેમ લાજ ન માંહેરે. (૪૯)

સતગુર કહેરે પાંચ કાળ જીને વશ કીઆ; મરી રહ્યા જુગમાંહે;
પછી સતગુર સાથી કીજીયે, તો જીવ અમરાપુરી જાયરે. (૫૦)

સતગુર કહેરે દુનિયા દુરીજન દુર કરો, અને અંતરની લેહ લગાએ;
સતગુર દીપક હાથ કરી ઢુંઢશો, તો મોમન અલી પાયરે. (૫૧)

સતગુર કહેરે સુળી ઉપર નાચણાં, અને ખેલે તે ખેલણહાર;
સામી અણીએ ચાલણાં, ભલકા પડે તેણી વારરે. (૫૨)

# મુમન ચેતામણી.
## (સૈયદ ઈમામશાહની રચેલી)

એજી અલી તે તો સહી અલ્લાહ કહીએ,
તેમાં ઓછો નહીરે લગાર;
અમે એને માનીઓ સીદકસું,
એનું નામ છે જલલશાનહુ આકાર. ...ચેતો. (૧)

એજી એ રૂપ અમારૂં જાણજો,
તે મૌલા મુરતજા અલી અવતાર;
અલી અલ્લાહ એક કરી જાણજો,
તે માંહે શક મ આણજો લગાર. ...ચેતો. (૨)

એજી તે અલી મુહમ્મદ એક છે,
તેના નામના જુઆ જુઆ વિચાર;
અલી કીરતાર વિષ્ણું કહીએ,
નબી મુહમ્મદ બ્રહ્માજીનો અવતાર. ...ચેતો. (૩)

એજી આદ નીરીંજન અલી કહીએ,
સતગુરૂ બ્રહ્મા નબી મુહમ્મદનો અવતાર;
તેને ફરમાને જે જીવ ચાલશે,
તે જીવ ઉતરશે પેલે પાર....ચેતો. (૪)

એજી તેને હાજર જોમો દેખાડીઓ,
શાહા કાસમનો અવતાર;
એને તે અલ્લાહ કરીને માનજો,
તેમાં શક મ આણજો લગાર. ...ચેતો. (૫)

એજી અલી દ્વારે અમે આવીઆ,
જ્યાં છુટે તે સર્વે જીવુંને જંજાળ;
જ્યાં હીણા ખીણા આગે કંઈ જીવ ઉધરીયા,
ત્યાં યાઅલી અમારો જીવ છે ઉમેદવાર. ...ચેતો. (૬)

એજી જેને આઠેઇ પોહોર ચીન્તા આપણા જીવની,
રાખશે તે આપણા મનમાં વીચાર;
આ સત ધરમ તેને સુજશે,
તે નહિ મેલશે ધરમ આચાર....ચેતો. (૭)

એજી સૃષ્ટીના સીરજણહાર તમે,
તમે છો માત તાત બંધવ મોરાર;
આ કુટુમ્બ કબીલો યાઅલી તમે,
તમ વિના નહી કોઈ સંસારમાં સાર. ...ચેતો. (૮)

એજી મયા તમારીથી છુટીએ,
યાઅલી ટળે તે જીવુંને જંજાળ;
તમે તમારા બીરદ સામું જુઓ,
મ જુઓ અમારા અવગુણ સામુ સીરજણહાર. ..ચેતો.(૯)

એજી છેલ્લો અખાડો આ કલજુગનો,
તેમાં જેણે ઓળખીઓ તેતો પામીઆ પાર;
આ અમને તમને જેણે સીરજીઆ,
તે અલીને ઓળખ્યા વિના નહિ જાશે જીવુંને, જંજાળ. ...ચેતો.(૧૦)

એજી અમે તો તેને સહી કરી માનીઓ,
તે છે આદ નીરીંજનનો અવતાર;
આ નુરનાં પગલાં અમે નીરખીઆં,
શ્રી ઈસલામશાહ છે તે અલ્લાહનો અવતાર. ...ચેતો.(૧૧)

એજી અમારે વચને જે જીવ ચાલશે,
તે તો એ ઘર મેલી નહિ જાશે બહાર;
તે નર શ્રી ઈસલામશાહને અલ્લાહ કરી માનશે.
એમાં શક ન આણશે લગાર. ..ચેતો.(૧૨)

એજી એ પાત્ર અવતાર ઓળખીયા વીના નવ છુટશા.
તેનો કોલ કીધો છે શ્રી ઇસલામશાહ કીરતાર,
સતગુરૂના વચને જે જીવ અમને ઓળખશે;
તે જીવ આવશે અનંત કરોડના હીસાબ મીંજાર. ...ચેતો.(૧૩)

એજી તે અનંતનો તારણહાર તે તો શ્રી ઇસલામશાહા.
જેણે કોલ આલીઓ અમને ને ઓળખાવીઓ પોતાનો અવતાર;
તે માંહે કલજુગ છેલ્લી સંધ જારે આવશે,
તારે એ નરની નીંદા તે કરશે સંસાર. ..ચેતો. (૧૪)

એજી તારે એક બીજાના વચન ઉથાપશે,
એમ કહેશે જે માણસ રૂપે કેમ હોશે સીરજણહાર,
તે તો ઘરોઘર જઇ વાત કરશે;
તેના મન થીર નહિ રહેશે લગાર. ...ચેતો. (૧૫)

એજી ત્યાં કલજુગ સંધે એવા જીવ ઉપજશે,
તે ડુબશે અને બીજાને ડુબાવશે અપાર;
તે તો મળી અર્થનો અનર્થ ઠેરાવશે,
તે સતગુરૂના વચન ઉથાપશે તેણીજ વાર. ...ચેતો. (૧૬)

એજી અલીજીના ચલીત્ર સામું નવ જોઇએ;
શ્રી સતગુરૂને વચને સેવા કરીએ સાર,
જેમ જેમ કળીકાર વાધસે મુનીવરો,
તેમ અલીરાજો ચલીત્ર કરશે અપાર. ...ચેતો. (૧૭)

એજી અમે તમે બંદા સર્વે સાહેબ તણા,
તે અલીજીના સમરથનો નહી કોઇ પાર;
સતગુરે જેવું દીઠું તેવું કહ્યું,
આપણે સહુએ જવું છે એ અલીજીને દ્વાર. ...ચેતો. (૧૮)

# તો મુનીવરભાઈ નાની
# યાને
# મુમન ચીતવણી
## (રચનાર સૈયદ ઈમામશાહ)

તો મુનીવરભાઈ જે આ અલીજીને શ્રેવશે સાચશું,
તેને અલી છે હજુર;
મુમન ચીતવરણી ચીત દઈને સાંભલો,
પીરાછત થાય તેના દુરરે. (૧)

તો મુનીવરભાઈ જે કોઈ આવા અલી રસ સુણી રાચીયા,
તેણે આ શાહપીર ઓળખ્યાં પરમાણ;
તે સદા કાલ છે મીઠડા;
તે કદી વીખ ન હોવે જાણરે. (૨)

તો મુનીવરભાઈ ચેતણહારા તમે ચેતજો,
અને સતપંથ છે મુગતનું મયદાન;
પણ જ્યારે રોજ કયામત દહાડો આવશે,
ત્યારે લેખો પુછશે નીદાનરે. (૩)

તો મુનીવરભાઈ એ સરવે દુનિયા ત્યાં દાવો કરશે,
પણ આજ મુગત ખેતર અથરવેદ સતગુર ઠામ;
ભાઈ જો શીશ જાય તો જાવા દીયો.
પણ ન છોડો મૌલા અલીનું નામરે. (૪)

તો મુનીવરભાઈ તમે સતપંથ ધ્યાવો સાચસું,
અને પુરો અલીજીસું રાખો હેત;
જો ટુકડા કરી નાખે તારી દેહીના,
તોએ ન છોડો અલીશું પ્રીતરે. (૫)

તો મુનીવરભાઈ તમે શાહપીર ઉપર પુરો હેત રાખો મુનીવરો,
અને હું હું ખુદીને માર;
આ દુનિયા રંગ કસુંબ છે,
તેને જાતાં ન લાગે વારરે. (૬)

તો મુનીવરભાઇ તમે રંગ રંગાવો અલીજી મુખે,
અને જેસી પટોલે ઢંગ;
તે ફાટે ફીટે ગલી જાય.
તોય ન મેલે રંગરે. (૭)

તો મુનીવરભાઇ કાળી કામળી ધોઇએ,
અને છ મણ સાબુ લાય;
તેમ મુરખને છ માસ લગણ સમજાવીએ,
ભાઇ તોયે ન મેલે સ્વભાવ. (૮)

તો મુનીવરભાઇ ભગત કસણી વીના જુગમાંહે કોઇ સીધા નહી,
અને ભગતુંને કસણી જુગમાંહે સાર;
જો આ સતપંથની કસણી શીરે સહે;
તો ઉતરો પેલે પારરે. (૯)

તો મુનીવરભાઇ સતની કસણી કસાવો મુનીવરો,
અને જેસી સોના તોલ;
તેને જેમ જેમ કસણી શીર પડે,
ભાઇ તેમ તેમ વાધે મોલરે. (૧૦)

તો મુનીવરભાઇ એ કંચન કસણી શીર રહે,
તે અગનમાંહે પેસે બહુ વાર;
જેમ જેમ ઘાહા હથોડા શીર સહે,
તેમ તેમ રૂપ અપારરે. (૧૧)

તો મુનીવરભાઇ પીત્તલભી સોના તોલ હય,
અને તે સોના સરીખો દીખલાય;
તેને એક તીલ અગનમાં બાહીએ,
તો તતક્ષણ કાળો થાયરે. (૧૨)

તો મુનીવરભાઇ લખચોર્યાશીનું દુઃખ સહે સરવે દુનીયા,
અને તેના મન સરવે પીત્તલ જો આય;
જો આ અલીજીને શ્રેવો તો સોના તોલ હો,
ભાઇ તે કદી ન ફેરા ખાયરે. (૧૩)

# અનંત અખાડો

## પીર હસન કબીરદીન

આશાજી જુગપતિ જુગનાથ શાહ ઈસ્લામશાહ,
હમ મન તેરે ઉમાયોજી,
કાયમ સામી શાહ હંસાજીના રાજા,
જંપુદિપમેં શાહ આવો,
અલી અનંત અનંત,
અલી અનંતેજો સામી શાહ,
અનંતેજો અંત તુંહી જાણેજી.
એકને મારે શાહ એકને તારે.
એકને અલી વર આલે. ...અલી. (૧)

આશાજી ત્રિભોવર સામી શાહ તમે વર દાતા,
શ્રેવા તમારી હમ લીઅણાજી,
સરવે જીવ તમારી સેવાએ લાગા,
તમે છો અલી અવતાર. ...અલી. (૨)

આશાજી પાતાલ તણી સુધ જે જાણે,
સોહી ધણી ઈયાં આયાજી,
પૃથ્વીના જેણે બંધજ બાંધ્યા,
સો નર આપે બેઠા... અલી. (૩)

આશાજી ગુરનર ભાંખી ગિનાન સુણાયા,
દીયા તે રિખીસરને હાથજી,
રિખીસર તે જે ગિનાનજ જાણે,
તે બેસે શાહ પીરકે પાસ... અલી. (૪)

આશાજી સતપંથ સાચો ને રિખીસર ખોટા,
અને હોશે તે ખોટાને ખોટજી,
ઉસથી સૂરજ છીપી કરી ચાલે,
તે અંધલે જનમ ગમાયા. ...અલી. (૫)

આશાજી સતપંથ એહી સદા ઉત્તમ
સોહી અમે પાયાજી,
અમારા જીવ અમે ઓળખીને પાયા,
દીધા તેને ગુર ગિનાન. ...અલી. (૬)

આશાજી મુનિવર થઇ ધરમસરા નહીં આવે,
અને ગત માંહે હાલ ન ગુજારેજી,
હાથ પગ તેના વાઢી નાંખશે,
તે બહોત કરશે પુકાર. ...અલી. (૭)

આશાજી તીલ ધરમ ને હસતી પાપ,
સોહી ગત ઉતારેજી,
ગતના વચન તે નરજી માને,
તે માહાદન માંહે નહીં પૂછાય. ...અલી. (૮)

આશાજી સત સેથી જે ગત માંહે આવે,
ગતનું મેળો સોહીજી,
પાપ ઉતરાવી પાછા નહીં કરે,
સોહી જીવ હમ તમકું પ્યારા. ...અલી. (૯)

આશાજી સંધ્યાવેળા તમે મત કોઇ ચુકો,
એ છે ગુરની એંધાણીજી,
એ વેળા તમને દીધી,
કીધી તે દીનની બારી. ...અલી. (૧૦)

આશાજી બીજી વેળા એહીજ જાણો,
રાત ઘડી છ ગઇ જાણોજી,
તે તો બારી દરગાહ તણી,
ગુરથી થાઓ હુશિયાર. ...અલી. (૧૧)

આશાજી ત્રીજી સંધ્યા પાછલી જાણો,
ખટ ઘડી પરમાણોજી,
એ બારી સરગની ભણીએ,
લેવે ગુરને હાથ. ...અલી. (૧૨)

આશાજી ચોથી બારી નહીં કુછ બોલે,
નીત નીંત કરવી વધાઇજી,
ગુરનરસું નીત હેતજ રાખો,
તો પહોંચો સરગ દુવાર. ...અલી. (૧૩)

આશાજી પાંચમી બારી દસોંદની કહીએ,
તે સહુથી મોટી જાણોજી,
તે માંહે તમે રહો હુશિયાર,
તો રહેશો ગુરનરને સાથ. ...અલી. (૧૪)

આશાજી સુનકાલ માંહેથી રચના કીધી,
તીસ દિન દસોંદ લિખાણીજી,
ગુર ગિનાન ભેદ વિચારો,
તો દસોંદ વિના નહીં છુટો. ...અલી. (૧૫)

આશાજી દસોંદ ન દીધી ને કિરિયા કીધી,
તે સતી હુઓ અપારજી,
દસોંદ કારણ ઊંચો નહી ચડીઓ,
તેને આવી દીદારની ખોટ. ...અલી. (૧૬)

આશાજી દસોંદ વિના દીન ન જાણો,
ફલ સોહી ન ફલેજી,
મૂળ સુકા તો ફલ સરવે સુકા,
સુકા ડાળે ડાળ. ...અલી. (૧૭)

આશાજી સુકા ફલ સો નહીં કુછ ભાવે,
તેનું મોઢું ફીટ ફીટ થાયેજી,
ખારા પાણી સરોવર કહીએ,
પીતા તરસ ન જાયે. ...અલી. (૧૮)

આશાજી અમે શાહજીકે હાટ વેચાણા,
મેરા નહીં કુછ ચાલેજી,
અમારા વચન જે જીવ માંને,
તે હોશે સરગ દુવાર. ...અલી. (૧૯)

આશાજી પાવલ પીને ગત માંહ આવો,
અને કરો ગુરનું ગિનાનજી,
ગુરનું ગિનાન જે ઓછું કરી જાણે,
તે જાશે નરગ દુવાર. ...અલી. (૨૦)

આશાજી નર સોના ગુર રૂપા,
હીરા રીખીસર જાણોજી,
મોતી લાલ ગીનાન પીછાણો,
તો જપો પીરશાહનો જાપ. અલી. (૨૧)

આશાજી મારગ ચોખ્ખો મલી કરી ચાલો,
અંધેરા નહી લગારજી,
અજવાળા માંહે જે અંધેરા કરશે,
તે જાશે નરગ દુવાર. ...અલી. (૨૨)

આશાજી કાયા રતન કાયકું ગુમાવો,
મૂરખ કાંએ જનમ હરાવોજી,
જનમ તમારો એળે જાશે,
હાથ ન આવે કાંઇ. ...અલી. (૨૩)

આશાજી ચેતી સગો તો ચેતીને ચાલો,
ધરો મન હુશિયારજી,
કમાઇ તણા ફલ વીણીને લેશો.
જાશો સરગ દુવાર. ...અલી. (૨૪)

આશાજી ચંદન થાઓ તો ચેતીને ચાલો,
ઘસાવો દેહી આપણીજી,
ઘસંતે ઘસંતે સોરભ લાગે,
ઉત્તમ કમાઇ થાએ. ...અલી. (૨૫)

આશાજી ચાર પોહોર ચેતીને ચાલો,
રાતીઆ કરો હુશિયારજી,
માણક મોતી જોઇને લેજો,
કરો એહી વેપાર. ...અલી. (૨૬)

આશાજી દુનિયા કારણ દીન ગમાવે,
મુરખ ન ચેતે લોકાજી,
સરગ તણાં તો મેવા ગમાવે,
અને ગમાવે અમારો દીદાર. ...અલી. (૨૭)

આશાજી કલજુગ કૂડો સહુ પાખંડે રાચે,
અંધલે જનમ ગમાયાજી,
નીચી પ્રીતે તે જીવ ચાલે,
જે નહીં વિચારે ગિનાન. ...અલી. (૨૮)

આશાજી જનમ ખોટા તે જીવ કહીએ,
જે ગિનાન વિચારી નહીં ચાલેજી,
તે જીવ માનખા જનમજ હોશે,
પણ હોશે, તે ઢોર પરમાણ. ...અલી. (૨૯)

આશાજી સહુને હાથે માણક મોતી,
ઝલકે હીરા અપારજી,
સોના કેરી કાયા ઝલકે,
હોશે અમરત વાણી. ...અલી. (૩૦)

આશાજી ઈમાન સલામત શાહકું શ્રેવો,
હરામ તમાકુ વારોજી,
શેતાન શરાબથી દૂરજ રહેજો,
તો પહોંચો શાહને દુવાર. અલી. (૩૧)

## પદ - ૧
## ઝીકર જાપ (ઈબાદત)

સુરીજન સાર તો જા કરસી.
જીકરૂં લે કર દીલમાંહે ધરસી;
નીશદીન જપીએ શાહકા નામ,
તેમ તેમ દીલ આવે ઠામ;
હયાત દીલકી જીકરૂં પાવે,
જીકરે નેહડા અદકા વાદે;
જપણી કમ મ કરજો રે કોઇ,
તો જા દીલ તેરા જીંદા હોઇ;
રસુલે આખી એહીજ ગાલી,
દીલ ઠામ ન આવે જીકરૂં ટાલી,

રે તું હીં મારા સાચા સાંઇયા પિયુજી તું હીં

જીકર જીસે હય પીયાકી,
ભાઇ દીલકી દારૂ એહરે.
જીંદા હોવે દીલ માંહેથી,
અને અદકા વાદે નેહરે.

## પદ - ૨
## રૂહાની ઈશ્ક

નેહકે મીંદર જો જા પડીયા,
તો રોમે રોમે તીસે દુઃખડા જડીઆ;
તન મન ધન પીયાકા જાણે,
આપસ માંહે પીયા દેખ પીછાણે;
પીયાકી પ્રીત જીસ મન ભાવે,
સો સબ જાએ અગન જલાવે;
ઔર સો સારે સુખસુ સોવે,
પ્રેમું માંતો એ ટપ ટપ રોવે;
ઔર સો હંસા બાજી બુઝે,
વિરેહ વઈરાગીકું સબ કુછ સુઝે.

રે તું હીં મારા સાચા સાંઇયા પિયુજી તું હીં

શીશ સાટા જે કરે,
સો ખેલે પ્રેમજ ખેલરે;
જીવ ગમાવે આપણા,
અને સતસું બાંધે નેહરે;

## પદ - ૩
## જુદાઈ નો ફીરાગ

જીસકું પીયાકી વીરેહજ હોવે,
સો ક્યું જાકર રોટી મોહોવે;
ઉસકું તપતે રેહેણી જાવે,
સુખસું નીંદ તીસે કેસી આવે;
ઉસ દોહાગણકી ફુટી છાતી,
શાહ બીસારી જે નીંદજ માતી;
જુઠ બીસારો તો નીંદ ન આવે,
સાચ કારણ સબ જુઠ ગમાવે;
જીસકું પીયુકા બીછોડા હોવે,
સો ક્યું જાકર સુખસું સોવે.

રે તું હીં મારા સાચા સાંઇયા પિયુજી તું હીં

જીસે બીછોડા પીયુકા,
તીસે નીંદ ન આવે રાતરે;
જીવ ગમાવે આપણા,
ઝીકર કરે દીન રાતરે.

# ગિર્ભાવલી શાસ્ત્ર (સાર)

સતગુર પરમાત્માએ નમઃ શ્રી શતગુર બ્રહ્માં હો વાચા ગિર્ભાવલી શાસ્ત્ર લીખીયતે શીવ દેવી સંવાદ

**ફરમાન શાહા પીરજો શ્રી પાર્વતી વાચા :-**

પુછંતે શકતિયં કહો શીવ સ્વામિ, અમર ભેદ બ્રહ્મજ્ઞાનં પિંઢ બ્રહ્માંડતે કિતો ઉપના હો સ્વામિજી કિતો ઉપજંતે, પાંચ તત્વં કિતો પરવરતને હો સ્વામિજી આદ શબ્દકા ભેદ કંથો હો સ્વામિજી સીરજન હારજનં.

મહાદેવો વાચાઃ- પ્રથવિ, આપહુતાશ, વાયુ, આકાશ, પાતાલ. થાવર જંગમ ચોરાસી લાખ જીવાજોણ સરવે રચનાકી ભવતી તે ભેદ સુણો હો દેવી.

દેવી વાચા :- પાંચ તત્વનાં વરણ કંથો હો દેવ મહેશર :-

| તત્વો | વિષયો | ઈન્દ્રીયો | વર્ણ-પ્રકાર |
|---|---|---|---|
| (૧) આકાશ | શબ્દ | કાન | કરશન(કાળું) |
| (૨) તેજ | રૂપ | આંખ | રગત (લોહી) |
| (૩) પવન (મહારૂત) | સ્પર્શ | ચામડી | શ્વાસ |
| (૪) પાણી (તોય) | રસ | જબાન | લાળ |
| (૫) ધરતી (મંઇયં) | ગંધ | નાક | પીંઢ |

| તત્વો | સ્વાદ | ઘર | મુખ |
|---|---|---|---|
| (૧) આકાશ | કડવું | પીતું (પિત્તાશય) | બે કાન |
| (૨) તેજ | તીખો | તલી (Pancreas) | ચંદ્રમા-આંખ |
| (૩) પવન | ખાટો | નાભ કમળ | નાસીકા-નાક |
| (૪) પાણી | મોળું | ફેફસું | લીંગ-તાલું-ગળું |
| (૫) ધરતી | મીઠી | કલેજું | પાણી |

| તત્વો | શેમાંથી ઉત્પતી | દેવ | તાત-બાપ |
|---|---|---|---|
| (૧) આકાશ | વીગત નથી | નીરંજન નૂર | શબ્દ-વાએક |
| (૨) તેજ | આકાશથી | સૂરજ | જ્ઞાન |
| (૩) પવન | તેજથી | આકાશ | પ્રાણ |
| (૪) પાણી | પવનથી | ચંદ્રમા | ભધું (વાસણ) |
| (૫) ધરતી | પાણીથી | બ્રહ્મા | વીપુ (વિશાળ) |

પાંચ તત્ત્વના પચ્ચીસ ગુણ

(૧) આકાશ :- અવિગત, અતિત, નીરાધાર, શબ્દ, શૂન્ય
(૨) તેજ :- ભૂખ, ક્રાંતિ, તૃષ્ણા (તરસ), આળસ, નિંદ્રા
(૩) પવન :- દોડવું, વળવું, અગોચર(અગમ્ય), નિરાધાર, સ્વપ્ન
(૪) પાણી :- લાળ, મૂત્ર, પરસેવો, શુકર (વિર્ય), લોહી
(૫) ધરતી :- આત્મા, નસો, ચામડી, વાળ, માંસ

| પાંચ તત્વનાં | ભેદ | હલનચલન |
|---|---|---|
| (૧) આકાશ | :- મીથુન, ભોગ કરવો | ગર્જના કરે |
| (૨) તેજ | :- ધીયાંતે (દોડવું) | ધરે |
| (૩) પવન | :- બોલે | ચમકે |
| (૪) પાણી | :- દોડે | વરસે |
| (૫) ધરતી | :- બેઠી તે પૃથ્વી | શોષવું |

કવણ સ્થાનંગ (કોણ સ્થાન)

મન - ચંચળ, પવન - શ્વાસમાં, શબ્દ - શૂન્યમાં,
પ્રાણ - નિદ્રા, ખુદા - ભેદમાં, હંશ - અવીનાશી,
શૂન્ય - પવન

જીવ - કર્મ બુદ્ધી,
શીવ - કર્મ મુકતા,
નિરિજંન - માયા રહિત.
જ્ઞાન - સુબુદ્ધિ
ધ્યાન આપો આપંગ વિદેહીપણું હોઇ તેને કહીએ.

## ક્યાં વસે

મન - નાભીએ,
પવન - શ્વાસો શ્વાસ,
શબ્દ - આકાશે,
પ્રાણ - નવ નાડીએ,
બ્રહ્મ - જ્ઞાને,
હંસ - અલોપે (રદયે),
નિરંજન - બ્રહ્માંડે,
શૂન્ય - વિદેહીએ,
કાળ - કાયામાં કુબુદ્ધિએ,
જીવ - અજ્ઞાને,
શીવ - સુખમણાએ,
જ્ઞાન - બ્રહ્મે,
ધ્યાન - ત્રિકુટી નાસિકાએ વસે,

બ્રહ્મ જ્ઞાનનો લક્ષ તે સતગુરૂના રદયે હોઇ તે ગુરૂનાં શરણમાંહે નાશ થવું પહેલું પદ એ છે.

રદય નહોતા તારે - અલીપ હોતા મન,
નાભી નહોતી તારે - નિરાકાર હોતા પવન,
આકાશ કરણ નહોતા તારે - અકલ હોતા શબ્દ,
નિરંજન નહોતા તારે - અવીગત હોતા પ્રાણ,
દશમો દ્વાર બ્રહ્મંડ નહોતા તારે - અરૂપ જ્યોત માંહે હોતા બ્રહ્મ
જ્ઞાન નહોતા તારે - અવીનાસી હોતા હંસ,
અલોપ નહોતા તારે - અવકાશમાં હોતા શૂન્ય,
કમલ નહોતા તારે - શૂન્યમાં હોતા કાલ,
કાયાં નહોતી તારે - શીવમાં હોતા જીવ,
ચંદ્ર નહોતા તારે - નિરંજનમાં હોતા શીવ,
સુખમણાં નહોતા ત્યારે - અલેખમાં હોતા નિરંજન.

મનકા જીવ સો - પવન,
પવનકા જીવ સો - શ્વાશોશ્વાશ,
શબ્દકા જીવ સો - પ્રાણ,
પ્રાણકા જીવ સો - હંસ,
હંસકા જીવ સો - અવીનાસી,
અવીનાસીકા જીવ સો - શુન્ય,
શૂન્યકા જીવ સો - અલોપ,
અલોપકા જીવ સો - શૂન્ય,
જીવ સો - શૂન્ય કહીએ,
તેનાં ભેદ અમર, પદવી તે સતગુરને રદયે;

જીવકા જીવ સો - શીવ,
શીવકા જીવ સો - નિરંજન,
નિરંજનના જીવ સો - અલખ
તે અલખનાં ભેદ તેનાં મરમની વાત તો લેખામાં નથી,
ને કહેવામાં નથી, લેહવામાં છે,
જ્ઞાનકા જીવ સો - બ્રહ્મ,
બ્રહ્મકા જીવ સો - જ્ઞાન,
જ્ઞાનકા જીવ સો - ધ્યાન,
ધ્યાનકા જીવ સો - પ્રેમ,
પ્રેમપદ સદા આનંદઘનને આરાધી ન્યારો સમસા (ભેદ) તે સતગુર જાણે.

આદ અનાદ અવીચલંગ અવીચલ હો તે
આદ થકી નીલ ઉપના - તે નિરંજન આપો આપ ઉપજંતે,
શીવે - શીવ ઉપજંતે,
જીવે - જીવ ઉપજંતે,
કાળ - અહૂંકારે ઉપજંતે,
શૂન્ય - અવિનાસી ઉપજાવંતે,
શ્રેષ્ઠ ઉપજંતે શ્રી શીવ - જ્યોતે જ્યોત ઉપજંતે,
બ્રહ્મે - અવીગત ઉપજંતે,
શબ્દે - શબ્દ ઉપજંતે,
પવને - શ્વાસ ઉપજંતે,
બ્રહ્મે - ચિદ ઉપજંતે,
ચિદે - સત ઉપજંતે,
સતે - અહૂ ઉપજંતે,
જ્ઞાને - ધ્યાન ઉપજંતે,
ધ્યાને - પ્રેમ ઉપજંતે

તે પ્રેમ વૈરાગ ઉદ્દાસ સદ્ વિદેહી તેના રૂપ નાશ નાશ તે નફીને કહીએ.

જગત તેજ જગદીશ અનંત અનંત રૂપ તે જાણીને રહેવું,
મન છુટે-જ્યોતમાં સમાણાં,
શબ્દ - પ્રાણમાં સમાણાં,
બ્રહ્મ - હંસમાં સમાણાં,
હંશ - અવીગતમાં સમાણાં,
અવીગત - શુન્યમાં સમાણાં,
શૂન્ય - અહૂંકારમાં સમાણાં,

જીવ - શીવમાં સમાણાં,
જ્ઞાન - ધ્યાનમાં સમાણાં,
ધ્યાન - ચૈતન્યમાં સમાણાં,
શીવ - નિરંજંનમાં સમાણાં,
નિરજંન - સતમાં સમાણાં,
સત - ચિદ્‌માં સમાણાં,
ચિદ્ - આનંદમાં સમાણાં.
આનંદ - શ્રી બ્રહ્મમાં સમાણાં,

તે પારબ્રહ્મણંગ (બ્રહ્માંડથી પર), અલખંગ (લખી ન શકાય તેવો), અછેદંગ (છેદી ન શકાય તેવો), અભેદંગ (ભેદી ન શકાય તેવો), અપરંમપરણ (અપરંમપાર).

ચિત્તરૂપે હે પાર્વતી :- તે હરહંમેશા અવિચલ, અરૂપસમુદ્ર અખંડ પ્રેમ રૂપે વાયુના જોગા જોગ થકી તે અખંડ અરૂપ સમુદ્રમાંથી ચિત્તરૂપે લહેર થઇ તે સત્યા સત્ય સ્વરૂપ થકી ઉત્પંન થઇ તે લહેર થકી નીરંજન જ્યોતી સ્વરૂપ ઉત્પંન થઇ તે ખુદા કહીએ તે આપોઆપ અહુ અલી અવતાર, તેની કુદરત અને અમ્રએ શ્રેષ્ઠ ખલકત સીરજી.

સપ્ત પાતાલ
આઠમું જળ
નવમું પૃથ્વી
દસમું સતદીત ક્ષમા
અગીયારમો મૃતલોક.
છ આસમાન એટલે સત્તર થયા,
અઢારમું - સાતમું આસમાન,
ઓગણીસમો જન્નતનો ઠેકાણો જ્યાં હૌજે-કૌસર છે.
વીસમું નૂરાની તેજ રૂપી આસમાન - હુકમી ફીરસ્તાનું મુકામ,
એકવીસમો બ્રહ્માંડ - લા મકાન, તે ખુદાની જગ્યા -અલખ
કહીએ અલ્લા કહીએ,

હાં મુનિવરો, માનખા જન્મ માત્ર જ્ઞાન જાણવું.

ગુરૂ શરણેથી કારજ સીજે, શ્રેવા થકી ઉત્તમ સરે, સરવે શ્રેવા ગુરૂચરણે, એ શ્રેવાનો મુળ મંત્ર થકી ઉત્તમ સરે, સરવે મંત્ર ગુરૂવાયેક એ મંત્રના ધ્યાન થકી ઉત્તમ સરે, ધ્યાન મુર્તી એ ધ્યાનનો મુળ મોક્ષ થકી ઉત્તમ સરે મોક્ષ ગુરૂકૃપાએ, એ મોક્ષ મુગતનો મૂળ.

પેલું સંસ્કાર જે તકદીર,

બીજો જન્મ જે સુફલ,

ત્રીજો સાચોશબ્દ, સત-શાસ્ત્ર જે ઇલમ,

ચોથો-પ્રેમ વૈરાગ જે હેત મહોબત ઇશ્કપુરો,

પાંચમો ઉસ્તાદ જે પ્રબોધ કરે

છઠો ગુરૂ જે સતગુરૂ જે નબી, તેમાં નાશ થવું. જે ફનાનફી થવું,

સાતમો અહંમબ્રહ્મ જે વાસલ હક.

સાહેબ સતગુર સંસાર, જે જગત તે એ સ્વરૂપ-અરસપરસ જેમ સમુદ્રને વિષે મોજ લહેર ફીણ બુંદ બુંદા પણ સમુદ્ર થકી નોખા નહીં-જેમ વૃક્ષ શું થડ, મુળ, ડાળ, પાન, ફુલ, ફળ તે ઝાડ થકી નોખા નહિ. એમ જગત વ જગદીશ ને જગતગુરૂ હો, મુનીવરો.

હવે મૃત્યુંલોકને વર્ણવું. ત્યાં સુરજ, ચંદ્ર સાચે સાચ પૃથ્વી ઉપર આ સંસારમાં હેતથી પ્રકાશે છે. એકવીશ બ્રહ્મંડ ઉપરે એક દીપ છે ત્યાં પ્રાણ પુરુષ વીદેહી સહદેવ પ્રકાશ કર્તવંગ, સતે સત શીવ રૂપ પ્રકાશ કર્તવંગ ત્યાં બેઠા અચત પચત ત્યાં અરૂપ તેજ પાટણ સોળશો બંધ, બહોતેર કોઠા, અડસઠ કમળ, ત્રણસો સાઠ બહાર ભીતર.

નામ, રૂપ તેનો નાશ. જે ઉત્પન થાય છે તે ચાલ્યું જાય છે. આત્માથી આત્મા ચાલ્યો જાય છે ત્યારે પીંઢ પડી જાય છે.

મન સોવે પવન જાગે તેમ મનને બ્રહ્મજ્ઞાનની અગની લગ લગાવે પછી પોતાને પોતે ઓળખે,

જે જીવ સંસાર મધ્યે જીવ રૂપી કર્મ કબુદ્ધિ-હું ને મારૂ એવે અજ્ઞાને વાદ-વિવાદે વલગી રહ્યા છે તેને છલ પડે તે ભેદ કહું તે સાંભળો હો-મુનીવરભાઇ.

સદરદીનો વાચાઃ- અવીધા માયા, તે અનંત ચલત્ર સંસારમાં નામ રૂપે જીવ બુદ્ધિ વાળાને છલ પડાવે (છેતરે), અજ્ઞાન પવન થકી મનને દૂલાવે તારે રતિ એક શતસંજોગ, સતગુરૂ સાહેબનો મર્મ લેવાય નહીં, ને દેહીનો શોધન થાય નહીં દેહી મૃત્યુ પામે, તત્વ-તત્વમાં શમાય, ત્યારે મનને સાહેબનો વિજોગ પડે, ત્યારે મનનો પરતવો (પડછાયો) જે સ્વપ્ન તે જે વાસના લિંગ તે લખચોરાસીમાં અવતરે. પછી જંવો સંસ્કાર તે અલખની અકળ ગત તે અલખ જાણે.

તે માટે હો મુનીવરો સતશાસ્ત્ર, સતસંગ, સતગુરૂ વીના મોક્ષ નથી.

મહાદેવો વાચાઃ- પ્રથમ ચોવીશ લક્ષણે કરી દેહીને વીચાર ગુરૂ કરી ચિત્તને ઉપદેશ પ્રબોધ કરે હકીકતીના ચોવીશ લક્ષણ આ પ્રમાણે છે :-

(૧) પ્રથમ આકાશનો લક્ષણ, પૂર્ણપદ નિર્લેપ-નિર્મલ-પાક.

(૨) બીજો પવનનો લક્ષણ બહાર ભીતર પૂર્ણ દુર્ગંધ રહિત.

(૩) ત્રીજો લક્ષણ અગ્નીનો તેજ-સીજે આવે તે નાશ પામે.

(૪) ચોથો જલનો લક્ષણ પોતે નિર્મલ-પાક ને બીજાને નિર્મલ પાક કરે.

(૫) પાંચમો પ્રથવીનો લક્ષણ, ક્ષમા-શિલતા, દોસ્ત-દુશ્મન, કોઇ નહિં, પરમાર્થપણું.

(૬) છઠો સુરજનો લક્ષણ, સુખે પાખે વાલુ વેરી કોઇ નહી.

(૭) સાતમો ચંદ્રમાનો લક્ષણ, પોતે આત્મા સ્વરૂપ ને દેહી વધે ઘટે હરખ શોક, શરદી, ગરમી આવે ને જાય પણ મન એકાગ્રહે રહે.

(૮) આઠમો લક્ષણ હોલાનો, સ્ત્રીનો સંગ ન કરે, સ્ત્રી-છોકરાનો સંગ કરે તો મરે.

(૯) નવમો સમુદ્રનો લક્ષણ, ગુણ અવગુણ તો જલને વિષે, પણ માંહે મોતી જેની કિંમત નહીં.

(૧૦) દશમો લક્ષણ તો અજગરનો, સબર-સંતોષ વૃત્તી રાખે તવકુલ.

(૧૧) અગીઆરમો લક્ષણ પતંગનો, સ્વરૂપ દેખીને બળે સ્વરૂપ માહે, લીન થાય, બળીમરે.

(૧૨) બારમો લક્ષણ ભમરાનો જેને મીલે, જ્યાં બેસે ત્યાં પોતે મરે, દુઃખ ભોગવે પણ સામાને દુઃખ ન કરે.

(૧૩) તેરમો લક્ષણ તો મધમાખીનો, નાના-મોટા ગ્રંથ-શાસ્ત્ર દેખીને પણ પોતાનું સ્વરૂપ ઓળખવાનુ જ્ઞાન રાખે.

(૧૪) ચૌદમો લક્ષણ હરણીનો, શબ્દ ન સુણે, એક પરમેશ્વર સાહેબનો સુણે હેતવંતો

(૧૫) પંદરમો લક્ષણ હાથીનો સ્પર્શ કરે. એક ધ્યાન, એક મને રહે પણ દેહી ને વિષે સુખ દુઃખની ખબર નહીં.

(૧૬) સોળમો લક્ષણ તો મીન-મછીનો, રસનાનો ત્યાગ રાખે તો જાળમાં ન ભરાય.

(૧૭) સતરમો લક્ષણ તો ગિનકાનો, નિરાશપણું આશા અલખની.

(૧૮) અઢારમો લક્ષણ તો શમલાનો (સમડી-[illegible] ), માણસનો ત્યાગ કરે.

(૧૯) ઓગણીશમો લક્ષણ બાળકનો, હરખ શોક નહીં જ્ઞાનની ચેષ્ઠા કરે.

(૨૦) વીશમો લક્ષણ તો કુંવારી કન્યાનો, સરવેને ત્યાગી એકાકી રહે પતીવ્રતાપણું પાળે.

(૨૧) એકવીસમો લક્ષણ તો સર્પનો, ખોરડો-ઘર બાંધે નહીં.

(૨૨) બાવીશમો લક્ષણ તીરગરનો, સર્પની વર્તી બાધે ધ્યાને કરી નીશાન ન ભૂલે.

(૨૩) તેવીસમો લક્ષણ, કરોળીયાનો, જાળ ઉપરથી તાર તે શાસ્ત્રરૂપે કાઢે ને જીવરૂપે રમે, બ્રહ્મરૂપે ખાય-ચલણ હલણ ધરતી ઉપરે પણ મન ઠેકાણે.

(૨૪) ચોવીસમો લક્ષણ ભમરીનો, ઇયળને લઇ જાય ને ભમરી કરી મૂકે.

એ ચોવીશ લક્ષણ પાર્વતી પ્રત્યે ઇશ્વરે કહ્યા,

પછે અષ્ટાંગ યોગ સાધના કરે તે ગુરૂ કરાવે તો થાય તેની ગત તો ગુરૂના હૃદયેમાં હો પાર્વતી,

સદરદીનો વાચાઃ- શૂણો હો મૂનીવરો ઇશ્વર પાર્વતી પ્રત્યે એમ કહેતા હતા જે આઠ પ્રકાર અષ્ટાંગયોગ.

(૧) પ્રથયંમ નેમઃ- નાના પ્રકારની વાસનાં તે એક ઠોર કરવી.

(૨) બીજુ નેમઃ- ઇંદ્રિઓ સરવેને નેમ માંહી રાખે, દોડે નહીં.

(૩) ત્રીજુ - આસન, ચોરાશી છે તેમાં બે રાખે એ બેમાં મોક્ષ છે, એક શિલ, બીજુ પદ્યમ.

(૪) ચોથો પ્રાણંયમ; પૂરક, કુંભક, રેચક, બાર પુરે ભળે છોડે તે સુજે નાશકાય, પવન સાધન હે ગુર કરાવે તો થાય.

(૫) પાંચમું પ્રતિહારઃ-જ્યાં જ્યાં મન જાય તે ફરી ફરીને શબ્દને વિષે રાખે, જેને એક અક્ષર હરફ કહે છે હો દેવી પાર્વતી એ લક્ષણનો ગુરનાં હૃદયમાં એ છે.

(૬) છઠ્ઠ ધ્યાનઃ- સ્વરૂપન વિષે ધ્યાન રાખે અતિશય જાર

(૭) સાતમુ ધારણાઃ- જુવે સ્વરૂપને જે કેવાં રગ છે, હો દેવાં દ્રઢ વૈરાગને સતગુરૂની ક્રિપા વીના ન થાય.

(૮) આઠમી સમાધીઃ- તે લીન થાય તે શું જે મળી જાય, દહન ભુલે ઉદાસી જેને વાસલ-હક કહીએ હો મૂનીવરો.

મન પવન તે કેમ સ્થીર થાય, -પિંઢ પડે તારે જીવ કહાં સમાએ. શૂન્ય આવેને શૂન્ય જાએ શૂન્ય મધ્યે રહે સમાય. પ્રેમ શૂન્યમાં એકાગ્રહે રહી જાગે કોઇ, અને તે શૂન્ય મધ્યે અન ભવન હોય જેને એ પદવીનો લક્ષ થાય, તે સમજીને સમાય રહે.

ખોજ ઉગતા સૂરજ સર્વત્રવ્યાપક ન જાણે તે મહા અખોજ દેવી તું અનંત કાળની ખોજતાં ખોજતા બુઢી થઇ પણ લોકને એવો સ્નેહ જે ગૌરી મર ગઇ, સાતવાર અમે તમે એકઠા રહેતા સંસાર અર્થે જાણે જે ગૌરી મર ગઇ, સાતવાર અવતરી જીવતી થઇ. ઓળખાણ એક બીજાની લહી, પણ સતગુર દાતા, સતગુર માતા, સતગુર પિતા, પણ ગૌરી દેવી મરે તારે તો ઇશ્વર લાજે.

અસંખ્ય જુગ અમને આરંભ ભૈયો અને છત્રીસ જુગ-અમને ગિર્ભાશન રહ્યો અબુર્ધ રૂપે લીધો અવતાર, નરબુધ રૂપે-સ્થાપિલો સંસાર, નરબુધ ધંધુકાર,

નહીં શાદ, નહીં શબ્દ, નહીં અહૂંકાર નહીં જલ, નહી સ્થલ, નહીં ધરતી નહીં આકાશ, નહીં મેર, નહીં મંઢણ-નહીં કેવલાસ

ત્યાં અલખ પુરૂષકા વાસ, ત્યાં પડી ધર્મા-ધર્મ જો રેખા ત્યાં ઉપના દેવ નિરંજન એકહી એકા તેમાંથી એક શક્તિ ઉપાઇ ચાર શુન્ય, પાંચમું પિંઢ, પિંઢ ફોડી ભૈયો ત્રિખંડ, ત્યાંથી ઉપનાં-ધરતી-આકાશ, ત્યાંથી ઉપનાં મેર, મંઢણ, કેવલાસ.

નૂર સ્વરૂપે શૂન્ય પરવતે, નહીં માતા, નહીં પિતા, એક નિરંજન ઉત્ ઉપના, આપો આપ, ખીર સમુદ્રમાં જમાવણ કર્યો અલખમાં-અલેખકા વાસા, એમ પાર્વતી પ્રત્યે, શંકર કહેતા હતા.

સતે-ધરતી-સતે આકાશ, સતે મેર-મંઢણ-કેવલાસ, સતે પવન સતે હુતાશ (તેજ) સ્વરૂપે જલાહી (પાણી) ઉપાયો, ચંદ્ર-સુરજ સતશે આયો; સતગુર કૃપાએ સીરાજ પાયો સતે **આત્મા આપ ઓલખાયો.**

મહાદેવો વાચાઃ- સુણો હો પાર્વતી;
પહેલી ધરતી પછી આકાશ,
પહેલો મેર-પછી કેવલાશ,
પહેલા રાતને પછી દીવસ,
પહેલો બાપને પછી માત, પ્રવેશ
પહેલોં પૂષ્પને પછી વાસ,
પહેલો ગુરૂને પછી દાસ,
પહેલો ધરમને પછી પાપ,
પહેલો અંગને પછી આપ,
પહેલો ચંદ્રને પછી શુર,
પહેલો નૂરને પછી ઝહુર.

**ગિરભનો વીચાર, મહાદેવો વાચાઃ-**
પહેલે માસે તો નિરમલ નીર.
બીજે માસે પ્રકટે ખીર.
ત્રીજે માસે રગતનો ગોલો.
ચોથે માસે થાનુ સ્વામ ચકરલો.
પાંચમે માસે પાકે ફુટે.
છઠે માસે જ્યોત-પાલટે.
સાતમે માસે સંપૂર્ણ કાયા.
આઠમે માસે શક્તિમાયા.
નવમે માસે પ્રથવી સર્વંચા.
દશમે માસે દશ દ્વારા મૂગતા.

મહાદેવો વાચાઃ-

કાયાનો લક્ષ અંતર વીચાર સવા-ઘડો રગતનો, બાવન પલ ગૂદા, સપ્ત ધાત સુકરશ્રોણિત, ચાર આંગલ-મૂખનો પાટ, પા હાથની કલેજી, બે પગ ને બે હાથ, એકવીસ હાથનાં આંતરડા-બત્રીશ દાંત-નવ, નાડી, બહોતેર કોઠા, ઇંગલા, પિંગલા, સુખમણાં, ત્રણ સો સાઠ રગું કાયાનાં બંધ, ત્રણ સોહ સાઠ છેદ, સોલ સાંધા, એકવીશ મણકા-ચૌદ પાંસળી, ચૌદ આંગલનું ફેફરૂં બાર આંગલનું કાળજુ બાર આંગલની જીભ નવ આંગલીનું દિલ, સાત આંગલીની તીલી, ત્રણ આંગલનું પિતું, સવાહાથ અખંડ હાડ એક હૈયુ બે થાન-બે આંખ બે કાન નાસિકા, લિંગ ઇન્દ્રિ, એક મુખ. કહે દેવી પાર્વતી-દેવને કાંઇ ભુલચુક, અઢાર આંગલ મહેલ એક દંડી ભાઢા આઠ આંગલ અમરતકા માંદા ત્યાં વસે ઇંગલા પિંગલા સુખમણા નાડી બ્રહ્માં વિષ્ણું મહેશ્વર રખવાલી ત્યાં વસે નૂર લોક, ઇન્દ્ર લોક મુગતા ત્યાં વષે તેત્રીસ-કરોડ દેવતા.

ઘટમાં બોલીએ ચારે વેદ, રૂગ, જુજર, સામ, અથરકા ભેદ.
ઘટમાં બોલીએ ચતુર જુગ, સતજુગ, ત્રેતા, દ્વાપર, કલજુગ.
ઘટમાં-બોલીએ ચાર કીતાબ નીધાન, તૌરતે, જંબૂર, અંજીલ, ફુરકાન.
ઘટમાં સાત હાડનું વીચાર, શંકર શક્તિને કહે ઉપચાર;
નૂર જવ, તલ, અમર એ ચાર. સાક્ષાત, વજર તીખી,
તમતમા એ સાત.
ઘટમાં બોલીએ સાત સમુદ્ર દેવી મન ગ્રહી રહીએ,
ઘટમાં કહીએ અલખ એક મેવા
ઘટમાં કહીએ સતગુર શ્રેવા,
ઘટમાં કહીએ ધરતી-આકાશ,
ઘટમાં કહીએ શ્વાશોશ્વાશ,
ઘટમાં ચંદ્ર સૂરજ દોઇ નૂર, રોમે રોમે ચૈતન્ય ભરપૂર

ઘટમાં કહીએ નવ લખ તારા,
ઘટમાં કહીએ અગમ અપાર,
ઘટમાં તીરથ ત્રીવેણી નાવ
ઘટમાં દર્શન પ્રગટ પાવ,
ઘટમાં અઢાર ભાર વનસ્પતિ
ઘટમાં પરમાત્માં પ્રાણપતિ,
ઘટમાં મેળા જ્યોત જુગતકા
ઘટમાં જગ્યા મોક્ષ મુગતકા,
ઘટમાં, પ્રેમ પ્યાલા પીવે અમર પદવી જુગાજુગ જીવે
ઘટમાં ગુરૂ ગુરણ ગોવિંદ
ઘટમાં સૂરજ ઘટમાં ચંદા
ઘટમાં સતગુરૂ મરમ બતાવે બ્રહ્મ જ્યોતમાં આપ સમાવે.

વિશ્વરૂપંગ (વિશ્વરૂપ) સદા સર્વદા એક બ્રહ્મ જાણવું. તે મહાપદ હે અર્જુન પૂણ્ય પાંપ હનતે નીજ નામે પ્રાણ ઓધરતે, સતગુર શરણેથી સ્થીર કરતા અમર પદવી સદા સર્વદા અવિચલ.

સંસ્કાર મૂનીવર જેને જુગાજુગ ગુરનર શુ પ્રીત, અને વાચા વચનનાં સાચા તેને આ અમર ભેદનો પ્રબોધ થાય, બીજા સાંભળે પણ જુગાજુગ લખચોરાસીનો શેંશો ન ટળે, ને સંસ્કારી મુનિવરંગ લહે તે ભેદંગ જોગ મારગ પવન શોધન ગુઢ અમર પદ સત સતપંથ સદા ઉત્તમ અવતાર પાત્ર નિકલંકી નારાયણ-અલીઆદ વીષ્ણું વર શ્રી એસલામશાહ જગત ગુરૂ આદ બ્રહ્મા-નબી મહમદ મુસ્તફા, પીર સદરદીન સોહોદેવો વાચા.

જુગતી જોગ, કારણંગ, મહાકારણંગ લક્ષ પરમ તત્વંગ સંસાર મધે પ્રકાશંતે, ચંદનની કાષ્ટ વૃક્ષ વારાંગ-સુગંદ સર્વ એક મેવા કષ્ટ ચંદન હોતવા તેમ સતગુર ભેટંતે કૃપા કારણંગ શીષ્ય આપ સમાન કર્તવા હો મૂનીવરંગ.

નિરંજન તે આદ વિષ્ણુ થકી ઓપના સતગુર બ્રહ્માં, સતગુર બ્રહ્માંથકી ઉપનાં જીવ, જીવ થકી ઉપની માયા, માયા થકી ઉપના ત્રિગુણા, ત્રિગુણા થકી ઉપનાં પંચભૂત.

અહુંકાર પરવતંતે આકાશંગ તે નભુ, નભુથી વાયુ, વાયુથી તેજ જેને હુતાશ કહીએ, હુતાશથી તોઇ જેને જલ કહીએ, જલથી પ્રથવી સપ્ત પાતાલંગ.

પ્રથવી જલમાં લય પામે, વાયુ આકાશમાં લય પામે, તે આકાશ નિર્લેપીરીશકાર સદા-સર્વદા નિર્મલ આકાશ અહૂંકાર સમાવીત અહૂંકાર મોહો તત્વ સમાવીત.

સતત; નિરજંન સત-ચિદ આનંદ પાર બ્રહ્માંણ જેના શુત **નાસુત, મલકુત, જબરૂત, લાહૂત, હાહૂતં,**

**નાસુતઃ–** તે જે સ્થુલ શરીર દેહીને ક્રિયા આચરે અદ્લ ઇન્સાફ સતગુરને વચને કરી.

**મલકુતઃ–** તે જે રૂહ ચૈતન્ય બાતુનનાં લોકનો એહવાલ માલુમ પડે.
**જબંરૂતઃ–** તે જે કારણ મોક્ષ જીન્નત પીર પેગંબર ઓલીયા અંબીયાનાં અહેવાલ સાથે મલી રહે.

**લાહૂતઃ–** તે જે મહાકારણ જે લાઃ મકાન નફી થઇ રહે-અખંડ સમાધી-વિદેહપણું.

**હાહૂતઃ–** તે જે પોતે સાક્ષાતપણું એ વાત માંહે બોલ્યાની જગ્યા નથી, સમજી રહેવું સર્વત્ર વ્યાપક જેને મોહીત કહીએ.

**ભાહુતઃ–** તે જે ચલણ હલણ શુલક્ષણપણું-પણ મુગતમંય કોઇને કળ પડે નહીં ને સર્વની કળ જાણે સૃષ્ટીને મુગતમય જાણે.

પ્રથમ સ્થૂળ જાગરૂત દુતીઓ સુક્ષ્મ સ્વપ્ન ત્રીતીઓ કારણ સુષીપ્તીહા. ચતુરમો મહાકારણ તુરિઆં.

સ્થુલ જાગરત પંચ તત્વ, ધરા, જલ, વ્રેહની વાયુ, નભુ, સુક્ષ્મ સ્વપ્ન તે.

નવ તત્વ શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ, મન, બુધ, ચિત, અહંકાર કારણ સુષૂપ્તી.

તે ચિંદ્દભાષ, તે જે પ્રવણો એ પ્રતિબિંબ સૂરજનો તડકો જેમ દીવાનુ અજવાળું જેમ આરશીમાં મોઢું, એ દ્રષ્ટાંત ખરાખરૂ, મહાકારણ, તુરિઆ તે જે આત્મા તે જે ભગવાન સૌનો સાક્ષી, જે ત્રિગુણી પતીનો રાઇ.

સ્થુલ શરીરજ પંચભુતાનું, નવ તત્વ લિંગ શરીર પરવરતંતે.

પાંચ કરમ ઈન્દ્રિ,

પાંચ જ્ઞાન ઈન્દ્રિ,

એ ચોવીશ તત્વ સતગુરૂ કથંન તે સર્વ ગુણોં શાંસ્ત્રહા,

પચીસમીં માયા,

છવ્વીસમો આત્મા,

પંચ અંતઃકરણ પરવરતંતે; મન, બુધ, ચિત, અહંકાર, નૂર, એ પંચ અતઃકરણ પરવરતંતે.

જીવ આત્મા રૂપ, હું ને મારૂં એવો જે અજ્ઞાન અને નામરૂપે કરમકાંડ-હરખને શોક, એ સંસાર એવું જે અજ્ઞાન તેને વળગી રહ્યા હશે તેને મોક્ષ પદારથ નથી, તે માટે સતગુરૂની વાત તે સાચી છે.

જેણે સતગુરને સાહેબ એક કરી જાણ્યા નથી, અને સતગુરનાં મરમને ન જાણ્યા તેને કર્મમોક્ષ થાય ? ( ન થાય )

હો શીષ્ય ચિત્ ચિદ્ રૂપંગ,

તમે પોતે પોતાનાં સ્વરૂપને તપાસો જે હૂં તો કોણ ?

જેણે સત્સંગ, સત્ શાસ્ત્ર સતગુરનાં શરણ થકી લક્ષ પ્રેમ વૈરાગ્ય થયો અને સતગુર કૃપાએ જેણે દેહ શોધન કર્યો તે ચતુર સ્વરૂપ પ્રગટ પંરવરતંતે, જાણને પ્રાણ જે આ જુગતંગ તે મોક્ષ પદારથનીં ગતીને લહે, અવિચલ, અખંડ, અમર પછેડાનો લક્ષ લહે, સુખનાં જે ભુવન જે અરૂપ તેની ગતી લહે, એના નામ બ્રહ્મજ્ઞાન મહાવાયેક શાસ્ત્ર સતગુર સોહોદેવ કથીતંગ.

ગિર્ભાવલી. સંપૂર્ણ સમાપ્ત ભવસ્તુઃ વઃ સલામ.

-ભૂલચૂક શાહાપીર બક્ષે શાહી

-ગિરભાવલી જે અનુભવે, મોક્ષ પદારથનો મુલ;

સાધતાં તરતજ ટળે, વિવિધ તાપનુ શુલ.

# દસ અવતાર - સીત્તોતેર પાત્ર

# વીશનાપુરી

ફરમાન મુબારક

દસ અવતારની ફીલસુફી લઇ ઇસ્લામી સિધ્ધાંતથી સમજાવવી જોઇએ અને દુનિયાની ઉત્પતિ પહેલાથી ચાલતા આવેલા ખુદાઇ નુરની સમજણ આપવી જોઇએ. ઇસ્લામશાહના વખતમાં પીર સદરદીને જે સિધ્ધાંતો સમજાવ્યા હતા તે પ્રમાણે સમજાવવું જોઇએ. -હ. ઇમામ સુલતાન મુહમ્મદશાહ

## ત્રણ કરણ માંહે સામીજીના અવતાર પાત્ર

૧) શ્રી અહુંણાદ ૨) અલખ ૩) નામનીલ ૪) અનીલ ૫) સુન ૬) શાન ૭) નાન ૮) જ્ઞાન ૯) નૂર ૧૦) તેજ ૧૧) જળ ૧૨) કમળ ૧૩) અદબુધ ૧૪) આગ ૧૫) તંતવ ૧૬) પ્રેમતંતવ ૧૭) આદપુરૂષ. આદપુરૂષ નાભકમળ થી ભયો શ્રી અહુંણાદ આદ, અવિગત આદ

૧) શ્રીહવ ૨) કવ ૩) ધરમ ૪) કેશવ ૫) તઉણાદ ૬) ઉત્તરા ૭) હરિતક ૮) પરૂરવા ૯) અંતઅતીત ૧૦) પ્રેમરૂખ

### વંશ શ્રી મચ્છ (૧)

શ્રી મચ્છના ૧) મનાએક ૨) અજીમેર ૩) અગરસેન ૪) એછાઉત ૫) ભરેસપત ૬) અસુઅમિતર ૭) પઉતર ૮) પડવીર

### વંશ શ્રી કોરભ (૨)

શ્રી કોરભના ૯) ભીસરીઆત ૧૦) દીખીયાત ૧૧) પરજાપત ૧૨) અગરસેન ૧૩) કદીમ ૧૪) દોએલ

### વંશ શ્રી વારાહ (૩)

શ્રી વારાહના ૧૫) કેશવ ૧૬) ખત્રીવંશ ૧૭) અસાવ ૧૮) ઉનસ ૧૯) ખલીફત ૨૦) ગોતમ ૨૧) અંત ૨૨) હરીતક

**વંશ શ્રી નરસીંહ (૪)**

શ્રી નરસિંહના ૨૩) મનાએક ૨૪) કૌચક ૨૫) રેપક ૨૬) કેશવઢણ ૨૭) કેશવરૂખ

**વંશ શ્રી વાયમન (૫)**

વંશ શ્રી વાયમનના ૨૮) માનધાતા ૨૯) પરથમીજએ ૩૦) એસરીન ૩૧) જવલગન

**વંશ શ્રી ફરસીરામ (૬)**

શ્રી ફરસીરામના ૩૨) રૂગ ૩૩) નુગ ૩૪) જુજેઆત ૩૫) કુંભ ૩૬) અલીફ ૩૭) અજેપાલ ૩૮) દશરથ

**વંશ શ્રી રામ (૭)**

શ્રી રામના ૩૯) પદમ ૪૦) જસવઢણ ૪૧) વીરપાર ૪૨) વાસુદેવ

**વંશ શ્રી કરસનજી (૮)**

શ્રી કરસનજીના ૪૩) પરીખત ૪૪) જનમેજય ૪૫) સેસાનંદ ૪૬) સતાનંદ ૪૭) સવસ્થાન ૪૮) બુધસ્થાન ૪૯) વીણ વછરાજ

**વંશ શ્રી બુધ (૯)**

શ્રી બુધના ૫૦) શીશ ૫૧) શામ ૫૨) સલામ ૫૩) મલકાન ૫૪) એસલામ ૫૫) હારૂન ૫૬) સમઉનસફા ૫૭) અદનાન ૫૮) માઅદ ૫૯) નીઝાર ૬૦) મુઝર ૬૧) એલીયાસ ૬૨) મુધરક ૬૩) ખુજેમા ૬૪) કીનાને ૬૫) નઝર ૬૬) માલેક ૬૭) ફહર ૬૮) ગાલેબ ૬૯) લુવે ૭૦) કઅબ ૭૧) મુરે ૭૨) કીલાબ ૭૩) કુસે ૭૪) અબ્દુલમુનાફ ૭૫) અબુહાશમ ૭૬) અબ્દુલમુતલબ ૭૭) અબુંતાલબ વલી **વંશ શ્રી શાહ મૌલા મુર્તઝાઅલી (૧૦)**

**દરેક ઈમામ મૌલા મુર્તઝાઅલી છે.**

(સે) સાબત હો કર ખોજો દેહી, બોલનહાર નિરંજન વોહી;
ઘટઘટ બોલે રમતા રામા, નાદ બંદ નારાયણ નામા;
(જીમ) જુગત બીના જોગ ન હોઇ, બાતે પ્રેમ ન પાવે કોઇ;
જોગ જુગત શું લાવે ધ્યાન, સોહી જોગી આ જુગ પરમાણ;
રે તુંહી...

મનચ્છા વાચા કરમણા, જીને ન ખોજી દેહરે;
આહમદ વએ મુંઢ હય, જીઉ ગદ્ધાકે શીર ખેહરે. (૨)

(હે) હય હદમેં હદકી રેલ, બે હદ માંહે મુગતકા ખેલ;
સહેજ સુનીમેં રહે સમાએ, તે જોગીકું કાલ ન ખાએ;
(ખે) ખાલકસે જે કોઇ ધ્યાવે, અરધ ઉરધ બીચ તાડી લાવે;
સાસ ઉસાસે સમરણ માંડે, કરમ કાટ ચોરાંસી ખાંડે;
(દાલ) દોઆર દસ ખોજલે ભાઇ, દુઆર મુલ બાંધો ચીત લાઇ;
પરથમ બેઠો અગમમેં જાગે, તીન લોકમેં તીમીર ભાગે;
(ઝાલ) જોગ પંચુકા બાના, બાહેર જાવે સો ભીતર લાના;
મેલ દુઆર દસ અગમમેં કરે, કહો સાધ વો કયસા મરે;
(રે) રાવત હોઇ પુરે આસન, પ્રેમ હોય તો બેઠે શીંગાસન;
ત્રીકુટી કોટમેં લશકર જોડે, સહેજ બંકા ગઢ તોડે;
રે તુંહી...

સુરા પુરા પંથકા, સો તજે ન અપની ભાનરે;
આહમદ વએ નર મરદ હય, જો ચડ કર મારે મયદાનરે.(૩)

(ઝે) જોર બીન સત ચલાવે, ગંગા જમના બીચ સરસ્વતી લાવે;
ત્રિવેણી મન માંહે કરે સ્નાન, હરીજલ ભીંજે કોઇ સંત સુજાણ;
(સીન) સુખમણા સો તનમાંહે વાજે, અનહદ ઘોર ગગનમાંહે ગાજે;
દર બરસે અમૃત અંબર ભરે, તાકી સેવા ગોરખ કરે;

તાડી લાવે દસહી દુઆર, સત નિરંજન ઓહંગ કાર;
(સોઆદ) સીદક કરે જે કોઇ, અજરેઆ જરે સો અમર હોઇ;
નવ નાડીકા જાણે ભેવા, તાં ઘર નીર ભરે સબ દેવા;
(ઝોઆદ) જરૂરી સુખમણા જોવે, ચંદા સુરજ બીચ બાટી બોહોવે;
પીવે અમૃત મન કરે ઠંડા, તબ ખેલે એકહી ભિરમડા.

રે તુંહી...

મદ મદ માતી ધીઆનસું, ઓર સખત ભઇ હય પ્રીતરે;
આહમદ એસે સતકા, કોઇ સવાદ લહે અતીતરે. (૪)

(તોય) તઇયાર હોઇ ખેલે ખેલા, નાગ નાથ પેઠે પાતાલા;
બાંબી ઉલટ સરપકું ખાવે, તબ મન એ સહેજે સમાવે;
(ઝોય) જુલમ હો ખોજો અગમ, વંક નાડકા રાખો સંગમ;
ફુટે ચકર મીટે સબ સોંચા, જલ હલ દીસે જગમગ જોતા;
(અએન) ઇનાયત અલીકી ફીરે, ચંદા ઉતરે ને સુરજ ચડે;
ભમર ગુફા માંહે રહે સમાએ, તે જોગીકું કાલ ન ખાએ;
(ગીએન) ગનીકા કીજે ધ્યાન, પછમ દીસે જેમ ઉગે ભાન;
વીકસે કલીઆ કમલ ફેલાએ, જાંકી બાસ ગગનસું ભાએ;
(ફે) ફરમાન કુ મત મેલ, આસા માર અલખસું ખેલ;
દોનું મારગ એક કરી જાણ, અયસા બોલે બ્રહ્મ ગીનાન;

રે તુંહી...

સતગુર સાંહી નીરમલા, જીને દીયા મરમ ગંભીરરે;
આહમદ તાકે નામ પર, સદકે કરૂં શરીરરે. (૫)

(કાફ) કરાર સહેજ હય મેરા, સતગુર સાહેબ મેં બંદા તેરા;
દીઆ ઉપદેશ પઢાયા નાવ (નામ), મેં બલિહારી સતગુરકી જાવ;
(કાફ) કુ–મારગ કટકર ચાલ, ત્રિશના લોભ ને ભરમ જંજાલ;
એહી આશા તું તજરે પ્રાણી, સતગુર બોલે અમરત વાણી;
(લાભ) લોભ નીંદા લુતરાઇ, ઉનકું છોડો તો હોવે ભલાઇ;

જીભીઆ ઓર લંગોટી રાખ, સત સંગત મીલી પડ વચસાખ;
(મીમ) મુહમ્મદ હય સુખ દેવા, તીન લોક કા જાણે ભેવા;
જે કોઇ ઉનકે મારગ રેવે, સો ત્રીગુણ સુજે ને આપ ગત લેવે;
(નુન) નીત હરદે અલી ગુણ ગાવે, નહી તો જનમ અકારથ જાવે;
નામ સમરતે મીટે બીકારા, ભજ ભગવંત તો ઉતરે પારા;

રે તુંહી...

હીરદે અલીકો નામ લીખ, ઓર અક્ષર સબ ધોયરે;
આહમદ અલી અલી બોલતાં, પીછે હોણી હોય સો હોયરે.(૬)

(વાવ) વોહી હય ઓર ન દુજા, આપે સાહેબને આપે પુજા;
ભરમ ભુત દેહી માંહે રોગા, ઉનસું દેખે દુજા લોગા;
(હે) હાંસી મન ન જાણો એહ, આપે આતમા ને આપે દેહ;
આપે આપ ઓર અનાથ, અયસા સાધુ જે ભરેઆ ભાઠ;
(લામ અલેફ) હએ એક અનેક, આદ અંત સો એક કા એક;
મનકી માયા હય અથાગ, આસા મેટ ભજનસે લાગ;
(હમજા અલેફ) ચીત લાવો ખેલા, આપે સતગુર ને આપે ચેલા;
આપે આપ ઓર અનાન, એસા કહેવે બ્રહ્મ ગીનાન;
(યે) યારી મૌલાઅલીસું કીજે, નીસદીન નામ હેતેસું લીજે;
અલી અલી કરતાં આપજ ખોવે, તબ હરદમમેં સો અલી, અલી હોવે;

રે તુંહી...

અલી નામ ઇશ દેહીકું, સો દેતા રસ ભર રંગરે;
આહમદ જયસે લોહકું, સો પારસ પલટે અંગરે. (૭)

પારસ સ્પર્શ કરે અંગ સોહંગા, ભુત આતમા કરે નીજ રંગા;
દેહા જીવ ફના કર ડાલે, એકહી બ્રહ્મ માંહે આપસ માલે;
જીવતે જીવ જીને અપણા ખોયા, જીવતે આપકું આપહી પાયા;
સતગુર કીરપા નીજ હુઇ સંપુરણ, ખલકત ખાલક દોએ એહી સ્ફુરણ;
જીવન મુગત જીવ અપણા દેખે, માહા મુગતા જીવ પલ પલ પેખે;

અખંડ વાંકું નીજ હય આનંદા, આનંદા સોહી જો પરમાનંદા;
ગુરૂ ચેલા ન રહ્યા કોઇ, સોહી રહેઆ જાસું શ્રેષ્ટી હોઇ;
સરજણહારા સો એક અનેકા, ગુરૂ ચેલા સબ ઉસમેં છેકા;
આપ ખોયા તબ પાયા મરમ, દેખે દીખાવે સોહંગ બ્રહ્મ;
કીટ ભમરીકા તમે દેખા ખેલા, અયસા પાયા ગુરૂસું ચેલા;

રે તુંહી...

સહેજે સીતલ મોહોલમેં, જો સનમુખ અલીજી પાયરે;
આહમદ તબ વઇકુંઠકી, આશા કરે બલાયરે. (૮

# તારવણી કરેલી ગીનાનની કડીઓ.

## પીર શમસ

એજી પીર શમસ કહે યારો ખણંગ સરાણે ઉજળા અને
નીરે ઉજળા ચીર,
તેમ ગીનાને મોમન ઉજળા, એમ બોલ્યા શમસ પીર.

પહેલું દરશન પુજીયે પાઠ
બીજું દરશન સત સોહાગ
ત્રીજુ દરશન આત્મા સમાન
ચોથું દરશન ગુરૂમુખે દિજે દાન
પાંચમું દરશન ભીરમ ગીનાન
છઠું દરશન ગતં ગંગાનું સ્નાન
સાતમું દરશન અજંપીયા જાપ
સપ્ત દરશન જાણે વીરલા કોઈ
ખટ દરશન માંહે સરવે સંસાર

સીતેજ જરેજ ઈંડેજ જાણ, ચોથી રચી ઉદભોજ ખાણ,
લખ ચોરાશી જીવ પરમાણ, રચના રચી તે સારંગ પરાણ.

એજી ઈલમ આલ ઓછું કરી માને, અને આપે ડાહ્યા થાશે;
કહે પીર શમ્સ સુનોરે ભાઇ મોમનો, તે નિશટે દાજખે જાશેજી.

એલમ ભણે સુણે પાળે નહિ, તે ભણે સુણે દોય જુઠાજી;
એલમમાં લખ્યું તે નિશટે થાશે, એક તીલ ન આધુ ન પાછુંજી.

એજી ભણે સુણે ને ભેદ ન જાણે અને મન કી બાજી ન મુકે;
હાથમાંએ દીવો ને કુવે પડે, તેને પીરશાહ કેમ કરી રાખેજી.

એજી ગીનાન ભણેને સાંભળે, ન મુકે કપટને કુડ;
તે જાણી બુજીને દોઝખે ગયા, ફીરે મુરખ મુડ.

શરીયત તરીકત હકીકત તેની માલુમ છે મારફત માંહે;
તે તો મારફત માંહેથી કાઢી કરી, તે તો આણીઓ ઇસ પંથ માંહે.

ગીનાની ગીનાન વિચારી જોય,
ત્યારે આપોહી આપ નિરંજન સોય.

દુનિયા હે શરાબ શયતાની, હઇડા સેથી જાવે ગીનાન;
જે કોઇ હોવે સુરીજન જોગો, સો શરાબ શયતાનસું ન કરે ભોગા.

દોય બાટા જુગ માંહે ચલાઇ, જીને જો ઢુંઢી તીને સો પાઇ.

જો શીર સારે કંગઇયા, અને બહોત કરે શણગારરે.
પીયું બીના જો શણગારીએ, સો આભરણ લાગે અંગારર.

મેંદી માંહે રંગ હય, જાણે સારા જગરે;
આપ પીસાવે પથ્થર તલે, તબ લાગે નવશા પાયરે.

સરગા દેવે લાખ એક, હુરા લાખ પચાસરે;
અધીક જો ચાહો બાવરે, તો માંગો પીયુ કે પાસરે.

ક્ષણ એક જો બાહીયે, પ્રેમજ કેરી જાલ રે;
ભસ્મ કરે એક પળમાં, સરગ મૃત્યુ પાતાળરે.

ટોપી બાવે શીર માહે અને સુજરા દેવે હાથરે;
પીયું ન બતાવે આપણા, તો જાય શેતાન સાથ રે.

પીયુ તો આપણે પાસ હય, ભાઇ મનમાં કીજીયે નેહરે;
જીયું પડી બુંદ સમુદ્રમેં, કેસે નીકલે તેહરે.

એકસું ચિત લાય કર, દુજે દ્વાર મતજાયરે;
દો મુખ બોલે માંદલા, સો બહોત તમાચા ખાયરે.

પીયું બીના દેખાડીએ, સો સબ બાજી જાણરે;
અવરૂં જીવ લોભાઇએ, તો મીંતજ હોવે હાણરે.

જીસે બીછોડા પીયુંકા, તીસે નીંદ ન આવે રાતરે;
જીવ ગમાવે આપણા, જીકર કરે દિન-રાતરે.

રહેણી ભેજી ઇસ જુગ માંહે, મીત મિલાવા કાજરે;
રસુલબી ઇસ રહેણી માંહે, જા પાયા મએરાજરે.

જો જાણો શાહ પીછાણીએ, તો પહેલે આપ પીછાણરે;
જો કુછ આહે પીછાણણા, સો સબ તુજ માંહે જાણરે.

સબ બાટે ગુરૂ કીજીયે, ગુર બીના ન આવે ઠામરે;
જુગમાંહે ગુર નહી ભેજતા, તો કોઇ ન સરતા કામરે.

નીશદીન જપીયે પીયુંકું, પડે રહીએ દરબારરે;
કબહુંક આપણે ભાવસું, સુરીજન કરસે સારરે.

જીસમાંહે ઇમાન પરગટીયા, તીસે ગફલત હોવે દૂરરે;
તીયાં અંધારાં ક્યા કરે, જ્યાં સતગુર કેરા નુરરે.

દિલકી જીકર સાધીયે ચિંતજ સઘલા લાયરે;
એસી જુગતી જો કરે, સો સબ દર્શન પાયરે.

મુરશીદ દિવા હય જુગમાં, જો આન દિખાવે સારરે;
એ બાટ બહુત રળીયામણી, જ્યાં ચોરાસી નહી ફેરરે.

જાકું દરશન ઇત હય, તાકું દરશન ઉતરે;
જીને ન દેખીયા સતસું ઇત, સો કીયા પાવેગા ઉતરે.

ફાકા ફિરાક ઉદાસ દિલ, આસણ દ્રઢ ગંભીર;
ફિકર ફાડ કફની કરે, વહોંકો નામ ફકીર.

## પીર સદરદીન

અજંપીયા જાપ વીના મુક્તિ ન હોય.

તોજે ગેઆન ધીઆનસું યા ઇલાહી તોરે નામસે,
મોરે મન બાંધો, બાંધો સો શાહ આપનડે પીરસાદે.

ખારારે સાગર શાહાના મીઠડા હોયસે,
શાહા મોરો એસી રચણી રચાવેગોજી.

તમે વેલારે થાઓ વીરા બંધવા
તમે ખણ મ લાવો વીલંબજી

અલી રંગ રંગે જે રંગીઆ,
તેતો પામીઆ મોક્ષ દીદાર.

જેણે દીદાર દેખીયા શાહ અલી તણા,
તેની કાયા અવીચલ અભંગજી.
તેના પાપ ગયા ભવોભવ તણા
પામે સાતમો ભરમંઢજી.

એજી ઉંઠ કરોડ રોમ રાય લોહકા હોયશે,
ફીરકર દેહીમાં ખુચેંગા જીરે.

એજી મોમન હોકર ન મીલે ગત માંહે
પીરીત દુનીયાસું જોડે જીરે.
જીરેવીરા પરથમ ગુરનર સીરેવીએ, જીસથી પાપ જાય સર્વે દુર;
લખ ચોરાસી ફેરા તો ટળે, જો ભેટીયે સતગુર નુર.
જીરેવીરા ચેતણહાર તમે ચેતજો, અને દેખત દુનીયા જાય,
દુનીયાની સંગતે જે ભુલા તેની ઉંમર દોજક માંહે.

એજી એક પાડોશીના લક્ષણ ભુંડા જે કુડા ચડાવે આળરે;
તેને હળવે હળવે રે છાંડીએ, જેમ સરોવર છાંડે પાળરે.

એજી એક પાડોશીના લક્ષણ ભુંડા, જેનો હયડો નહી નીરમળરે;
તે ગીનાન સાંથે ધડબડે, જેમ ગરહરે રે સુવાનરે.
એજી પીર સદ્રદીન બોલીયા વેનતી મારા મોમનભાઇ તમે
રહેજો હુશીઆરરે;
આ કસણી વીના કોઇ ન સીધા તમે કેમ ઉતરશો પેલે પારરે.

જીરેભાઈરે આવતા બી દેખીયા બાને જાવત બી દેખીયા,
થીર રહેણાં કેને નહી પાયાજી.

જીરે ભાઈરે મરણે પહેલા જે કોઇ મરી મરી જાણે,
ફીર મરણા તીસે કેસા.
જીરે ભાઈરે આઠેઇ પહોર જેને આપકી ચીંતા, જેને જીવકી ચીંતા;
તેને કલજુગ કેમ કરી લુપે.
જીરે ભાઈરે ગીનાન ભણે સુણે તોયે અહંકાર ન મેલે,
કાલ ક્રોધ ન મેલે;
ભાઇ તીસ સીર માહાદન રચેશે.

જીરેવીરા ગીનાન ફરમાવે પીર સદરદીન,
યાશા ગુર બીના ગોડ અંધારા,
શાહપીરને વચને જે જીવ થર રહ્યારે વીરા,
તે પામે મોક્ષ મુગત દીદાર.
એજી સતી જીવને જોઇએ ખમીઆ, દયા, સંતોશ ને સાચ,
પરધન પરસ્ત્રીસું વીરાભાઇ મ કરજો ઘાત;
કુડ કપટની વાત વીરાભાઇ જો તમે પરહરો,
તો પામો મોક્ષ મુગત દીદાર.
એજી એક નુરથી શાહા પીર ઉપના,
તેને કેમ કરી કહીએ જુઆ જુઆ.

કરમે લખ્યા કેમ છુટીયે,
જો જઇ રહીએ સાયર પાર;
મંગ કોરીને માંહે પેસીએ,
તોય અક્ષર લખીયા હોય રે નીલાડ.

ફુલડા મ ચુંટીશ ભોળા મહેશરી,
એણે ફુલડે ફુલડે છે જીવ ભોળા માલી,
જીસ કારણ તમે ચુંટો છો ફુલડા,
સો પાથરીઓ નહિ જીવ ભોળા માલી.
એજી એક ન ભુલા માલી દોય ન ભુલા,
એવો ભુલીયો ભુલીયો સઘળો સંસાર ભોળા માલી;
એક ન ભુલા મારા મુનીવરભાઇ, સતગુરને વચને ચાલીયા.

એજી પરઘર પ્રીત ન કીજીયે, એણે પ્રીતે હોય વીનાશ;
પ્રીત કીજે ગુર નરસું, તો પહોંચે મનડાની આશ.
એજી પાળ ફાટીને નીર ઉલટીયા, નહી કોઇ બંધણહાર;
ગાય ત્રાટી નહીં વારશે, નહીં કોઇ ગતમાં ગોવાળ,
કલીકાર કલજુગ માંહે વાપીયો વીરાભાઇ વાપીયો.

એજી ગીનાન ધ્યાન વેદ વાયેક, નહીં કોઇ વાંચણહાર;
પાના પુસ્તક સરવે ઓડવીયા, વસત ગઇરે વીસાર.
પુત્ર પીતાથી આગળો, ગુરથી ચેલો વડેરો થાય.
એજી શેઠથી વાણોતર વધશે, નરથી નારી બડેરી થાય.
સાધથી ચોર ઉતાવલો, મલી દર દીવાને જાય.
એજી નહીં કોઇ ગતમાંહે જાગશે, નહી કોઇ દેવળ દેરામાંહે સાચ;
નહીં કોઇ કરામત દેખાડશે નહી કોઇ પરદુ:ખ ભંજણહાર.
એજી ગીનાન ધ્યાન જે કોઇ વાંચશે તે પણ કરશે અહંકાર

એજી આવા ગુરનર સામી સાથે, જેણે જીવે યારીયા;
તેણે દિલ થકી દુનિયા વીસારીયા.

અમર ગીનાન ગુરજીને વચને જે આય,
જે સુણે સાંભળે તો પાતક સરવે જાય.

એજી વાવસો તેવું લુણસો, અને આરે સંસારીયા માંહેજી,
વણ વાવીયા જેણે લુણીયા, તે પીર કહે મુજને દેખાડોજી
આ કસણી વીના કોઇ ન સીધ્યા,
તમે કેમ ઉતરશો પેલે પારજી.

એજી દીન ગમાવે ફરતાં હીંડતાં, અને રાત ગમાવે સોઇ;
ભઠ પડે ઉસ જીવકું, ભાઇ એસા મ જીવે કોઇ.
એજી જબ લગ હરીયા ખેત્ર હય, ભાઇ તબ લગ તું આપ સંભાર;
સબ કોઇ જાણો રે જાળ હય, ભાઇ લોક કુટુંબ પરીવાર.
માણસ ફેરી શાહ મોરો દેવ કરે, શાહને કરતા ન લાગે વાર.
સામી ઘોળે ને ગત પીયે, પીર સદરદીન સીંચણહાર.

## પીર હસન કબીરદીન

સાધકા તો પડે દુકાળ પુરણ જાણો આયા કલીકાર.
  એક તીલ જુઠ બોલેંગે ભાઇ, તો સારે ભવ કી જાયેગી કમાઇ.
ઘર ઘર મુલાં ને ઘર ઘર કાઝી, કુડ કપટકી રચે બાજી.
  ઘર ઘર દુરાચારી એસી હોય, સતકી રાહ પર ચાલે ન કોઇ.
સીલવંતી કુસીલવંતી કહાવે, ઘરકે ધણીસું ચીત ન લાવે.
  ટોડા ટામણ ઘર ઘર હોય, ગીનાન વીચારી ન ચાલે કોઇ.
જીસ માણેકથી જોતજ હોય, ઉસકું બુજે વીરલા કોઇ.
  સો માણક ક્યું છોડો ભાઇ, નીત નીત સતસું કરો કમાઇ.

જીરેભાઇ આજ કલજુગ માંહે જે સતપંથી સાચા,
  તે તો ફેરા આઠ ફરી સીધ્યા.
જીરેભાઇ આઠ ફેરા જીવને માનખાના જાણો,
  પહેલો રાજા થઇને આવે.
જીરેભાઇ બીજો અવતાર તે વઝીરનો આવે,
  અને ત્રીજો શેઠ શાહુકાર.
જીરેભાઇ ચોથો અવતાર તો બ્રાહ્મણ માંહે આવે,
  અને પાંચમો કાપડીનો જાણો.
જીરેભાઇ છઠો અવતાર તો મહાભારથી જાણો,
  અને સાતમું નીચ પીછાણો.
જીરેભાઇ આઠમો અવતાર તો સતપંથ માંહે આવ્યા,
  તારે સતપંથ મારગ સુજ્યા.

જીરેભાઇ પાંત્રીસ પચવીશ સોળ ને આઠ,
  એવા વાર ચોરાસી ફેરા જીવડો ફરીયો
જીરેભાઇ આઠેઇ પહોર જેને જીવડાની છે ચીંતા,
  જેને આપકી છે ચીંતા, તેને કલજુગ કેમ કરી લુપે.

એજી ગુરના ગીનાન જે કોઇ ભણે, સોહી હમારા મન.
એજી ગીનાન વીના ઘોર અંધાર, ગીનાન હય ગુરજીકા દીવા.
એજી ગુરનું ગીનાન તે સાફી સરાણ, તે સહુનું કીટ ટાળે.

એજી ભગત કારણ રમત રમ્યા, ધર્યા મનખા વેશ.
એજી ગીનાન માંહે નુરજ જાણો, તો ગીનાન કહે તેમ ચાલો

એજી આકાશે આરંભ બુજરગ કહીયે, તે ધરતી કે થાન વસંતા.
એજી છ દીન માંહે સાહેબે રચના રચાઇ, તે રચના કી કુદરત સાચી.

એજી આકાશ દેવનું મસ્તક છે, પાતાળ દેવના પાય.
દેવને કાળ નહીં નીંદ્રા નહીં, મહા રીખીરાય દેવને ધીયાય.
એજી તમે ગત સૌ હેતે મીલો, મીલી રાખો ધણીસું ધીયાન;
માંહો માંહે મેળા મીલો, એકો એકને સનમાન.
એજી ફરમાન માનો તો ફેરા ટળે,
પીર શાહ કહેતા ઉતરીયે પેલે પાર.

એજી આંધળો હોય તે પણ લાકડી ઠકોરે,
અને તે પણ ના ભુલે વાટ જીરેભાઇ;
મુનીવર હોય તે ગીનાન વીચારે, તે ઉવાટે નવ જાય.
એજી પારસમણી ગુરે મુમનને દીધી,
અને ત્યાં અંધારા કેમ હોયજી;
મારા મુનીવર હોય તે ગીનાન વીચારે, તો મુમન સાચા યાર.

એજી તીલ સુખ કારણ તેરી કાયા વટલાણી અબધુ,
દુઃખ દોહેલા મેરું સમાનજી.

એજી બંદગી કારણે સરજીયો સંસાર,
મુનીવર સમજો તે ગીનાન વીચાર.

એજી ગત માંહે જપ તપ ગત માંહે જુગતી,
ગત માંહે અમીરસ ગતમાંહે મુક્તી

અમર હુઆના કીયારે ભેદ લખરે ચોરાસીનો ટળીયો ફેર.

**સૈયદ ઈમામશાહ**

એજી સતગુરનું ફરમાવીયું નહી કરે, અને દુનીયાસું લાવે નેહ;
તેના હાથ ઘસંતા હાડ નીસરશે, અને નીલ વરણી હોએશે દેહ.

એક તીલ જુઠું જો બોલશો, તો ખોયશો ભવની કમાઇ.
એજી સવા લાખ વરસનું એક પરબ રચાવશે,
તારે નીરમલ કરે દેહ
તારે નુરવાઇ ફીરસ્તાને હુકમ થાશે, તે નુરનું વરસાવે મેહ.

એજી ચંદન પાસે લીંબ છે, તે માંહે સુગંધ બહુ અપારજી
તેની રે પાસે પોલો વાંસડા, તે માંહે સુગંધ નહીં લગારજી.

એજી પીયુસું પ્રીત એસી કીજીએ, જો અંતર ઉપજે બ્રહ્મ ગીનાન,
મન મારી મુસલો કીજીએ, ભાઇ રહીએ તે એક ધીયાન.

મુખી તે જે જીવને મોક્ષ જો આલે,
અને મોક્ષ મુગતનો મરંમ બતાવે.
મુખી તે જે કીસકે ઘર જાવે,
ઉનકે જીવકા ભલા કર આવે.
મુખી તે જે સરવે બલા નીકાલે,
અને લખ ચોરાશીના ફેરા ટાળે.

મુખી તે જે મુવા માનવી જીવતા કરે,

જીનકા દીલ હોય તેના કાજ સારે.

મુખી તે જે આપ અમર ભેદ જાણે

અને આગમ નીગમની વાત પીછાણે

મુખી તે જે સુધ બુધ વરસાદકી જાણે,

અને સરવેના ઘરની વાત પરમાણે.

મુખી તે જે પીર પયગમ્બરકું નજરે દેખે,

અને જનમ મરણકી હલ જો પેખે.

મુખી તે જે મન મારી રહે,

અને મુખમાંથી માર કોને ન કહે.

## કસીદાઓ

૧) દર બૂદ મર મદીના એ ઈલ્મ રસૂલ રા
ઝીરાં જુઝ ઊ ન બૂદ સઝાયે અમાનતશ
હ. અલી નબીના ઈલ્મના શહેરનો દરવાજો હતા; કારણ,
તેઓ અલી સિવાય અન્ય કોઇ તેમની
અમાનતને માટે વિશ્વાસપાત્ર ન હતા.

૨) ગર ઈલ્મ બાયદત બ દરે શહેર ઈલ્મ શવ
તા બદ દિલત બતાબદ બનૂરે સઆદતશ
જો તને ઈલ્મ જોઈતું હોય તો ઈલ્મના શહેરના દરવાજે જા, જેથી
તારા દિલ પર તેની ખુશીનું નૂર પ્રકાશે.

૩) અલી રા તરજુમાને વહી પિન્દાર
હમ આન મઅ્‌ની હમ ઈન મઅની દરૂ દાન
હ. અલીને ઈલાહી વહીના સમજાવનાર માન !
એ અર્થ અને આ, બેઉ તેઓમાં સમાયેલ છે.

૪) બોસ્તાને ખુદાયસ્ત શરીઅત બ હકીકત
પુર ગલ્લે વ પુર કિશ્ત વ દરખ્તાને ફરાવાન
હકીકતમાં શરીઅત ખુદાનો બાગ છે કે જે પશુઓના ધણ,
પાક અને અનેક ઝાડોથી ભરપૂર છે.

૫) અગર મીવેઅત બાયદ સૂઈ સીબ વ બહી શવ
મનગર સૂઈ બીમીવે વ પૂર્‌ખાર મુગીલાન
જો તને ફળની જરૂર હોય તો સફરજન અને બહી (સફરજન
જેવું એક ફળ) ના ફળો તરફ જા; ફળ વગરના અને કાંટાળા
બાવળ તરફ નજર ન કર.

૬) અગર ફરમાન દહી ખ્વાહી દરીન આફાકે લાહૂતી
બફરમાનમ્ કમર બર બંદ વ બશનવ આનચે ફરમાયમ
અગર તું આ અનંત ક્ષિતિજમાં સરદારી મેળવવા ચાહતો હોય
તો અમારા ફરમાન વડે કમર કસ અને જે ફરમાવીએ છીએ તે
સાંભળ.

૭) અગર ખ્વાહી કે રૂયે મન બબીની ચશ્મે સિરે બકુશા
કે ચશ્મે સર ન બીનદ જુઝ વજૂદે દહર ફર્સાયમ
જો તને અમારા દીદાર કરવાની તમન્ના છે તો બાતૂની આંખો ઉઘાડ ! કારણ જિસ્માની આંખો અમારા દુન્યવી વજૂદ સિવાય બીજું કંઇ નહીં જોઇ શકે.

૮) મન આન અઅ્જૂબેએ સનઅમ કે ચૂન અફશાન કુનમ મઅની
દો આલમ મુશ્તઅલ ગરદદ ઝ નૂરેસોઅ્લે આરાયમ
અમે સર્જનની એ અજાયબી છીએ કે જ્યારે તેની હકીકત ઉઘાડીએ છીએ તો અમારા નૂરના કિરણ થકી બન્ને જગત પ્રકાશિત બની જાય છે.

૯) અગર યે કતરે રા માનમ કે અઝ દરિયા બિરૂન આયદ
વલી ચૂન કતરે બશનાસી બદાની હમચૂ દરિયામય
જો અગર અમારા નૂરના સાગરમાંથી અમે એક બિંદુને બહાર આવવા દઇએ તો જો તું એ બિંદુને ઓળખી શકે તો તું જાણી લેશે કે અમે (નૂરના) સાગરસમ છીએ.

૧૦) મિસાલે મન બસી બીની વલી અઝ રાહે કજ બીની
અગર તૂ રાસ્ત બીનબાશી ન બીની મસલ વ હમ્તાયમ
અગર જો તું એક અવળા માર્ગથી અમને જુએ તો અમારા જેવા ઘણાયે જોઇશ; અગર જો તું ખરું જોનાર બને તો અમારા જેવા અને અમારા સમોવડિયા કોઇને નહીં જુએ.

૧૧) મન તાઇરે કુદ્સમ કફસે જિસ્મ નખ્વાહમ
મન ગૌહરે પાકમ બ ગીલે તીરે ચે કારમ
અમે પવિત્ર પંખી છીએ, શરીરના પાંજરાની અમને જરૂર નથી; અમે પવિત્ર રત્ન છીએ, કાળી માટીથી અમને શું કામ ?

૧૨) મતલબ ઝ જવાહર ન બુઝુર્ગી વ રસાઇસ્ત
મન જૌહરે અસ્લમ કે અઝ-આન રૂઇ સિ-ગારમ
જવાહરનો અર્થ મોટા કે વિશાળ હોવું એમ નથી; અમે તો અસલ રત્ન છીએ, એ કારણે સૂક્ષ્મ છીએ.

૧૩) મઅ્નીએ સુખને ઈઝદ પૈગમ્બર દાનદ
બોહતાન બુવદ અર તો બજુઝ ઈન ગુઈ બોહતાન
ઈલાહી કલામની આવી સમજણ તો પૈગમ્બર જાણે છે; જો તું આ સિવાય કંઈ કહે તો તે જૂઠ જ કહેવાય.

૧૪) બર મુશ્કિલે ઈનં મુઅજિઝે જુઝ આલે નબી રા
કસી રા ન બુવદ કુદરત વ ન કુવ્વત વ સુલતાન
આ તાવીલ આપવાના મુશ્કેલ મોજિજા ઉપર આલે નબી સિવાય કોઈને ન તો સત્તા છે, ન શક્તિ અને ન તો અધિકાર.

૧૫) ઝી દરગે ઊ શવ કે સુલૈમાને જહાન અસ્ત
તા બાઝ રહદ જાને તો અઝ આફતે દીવાન
ઈમામે ઝમાનના આ દરવાજામાં દાખલ થા; કારણ તે જ દુનિયાનાના સુલૈમાન છે કે જેથી શૈતાનની આફતોમાંથી તારો જીવ નજાત પામે.

૧૬) બ તાવીલે અલી અઝ આતિશે જહલ
નિગહે કુન રસ્તે દર દિલ્હા ગુલિસ્તાન
જો તો ખરો ! હ. અલીના ઈલ્મની તાવીલ થકી અજ્ઞાનતાની આગમાંથી દિલોમાં ફૂલવાડી ઊગી નીકળી.

૧૭) સાયેએ ખુદાઈ ઉસ્ત કે બા ઊ સિફાતે ઉસ્ત
સાયેએ ખુદાઈ વ નૂરે ખુદાઈસ્ત બીમિસાલ
એજ ખુદાનો છાંયો છે, કારણ, તેની સાથે એની સિફાતો છે; ખુદાનો છાંયો અને ખુદાનું નૂર બેમિસાલ છે.

૧૮) મઅઝૂલ શુદ દુ ચીઝે જહાન અઝ દુ ચીઝે તૂ
અઝ ઈલ્મે તૂ જહાલત વ અઝ જૂદે તુ મતાલ
(ઓ ે રા ઈમામ! ) તારી બે બાબતો થકી દુનિયાની બે બાબતં દૂર થઈ છે; તારા ઈલ્મના પ્રતાપે અજ્ઞાનતા દૂર થઈ છે અને તારી ઉદારતાના પ્રતાપે ઉદારતામાં વિલંબ થતો નથી.

૧૯) મિન્નત ખુદાઇ ખુદાઇ રા કે બજૂદે ઇમામે હક
બશનાખ્તમ બહક વ યકીનં દર હકીકતશ
ખુદાના શુક્રના અદા કરું છું કે ઇમામે હકની મહેરબાનીથી મેં સચ્ચાઇ અને ઇમાનથી તેને (ખુદાને) તેની ખરી હકીકતમાં ઓળખ્યા છે.

૨૦) ચશ્મે સર બીઆફતાબે આસમાન બીકાર ગશ્ત
ચશ્મે દિલ બીઆફતાબે દીન ચેરા બીકાર નીસ્ત
ઇન્સાનની જાહેરી આંખ જ્યારે જાહેરી સૂરજ વગર નકામી બની જાય છે તો ઇન્સાનના દિલની આંખ દીનના સૂરજ નૂરે ઇમામત વગર નકામી કેમ ન બની જાય ?

૨૧) આનૂહા કે જહાન રા બચિરાગી કે ખુદાવંદ
બફરૂખ્ત અંદર શબે ઇન રૂઝ ઝિયા અંદ
ઇમામો એ દીવાનો પ્રકાશ છે કે જે વડે ખુદાએ દુનિયાને આ અંધકારમય જમાનામાં પ્રકાશમાન કરી.

૨૨) આન્હા કે ઝ મા જુમલે બતાઇદ ઇલાહી
ચૂન મા ઝ સતૂરીમ જુદા નીઝ જુદા અંદ
ઇમામો એ છે કે જેઓ ખુદાઇ તાઇદને પરિણામે આપણાથી જુદા છે જેવી રીતે કે આપણે પશુઓથી જુદા છીએ.

૨૩) દિલે ઉ દાદ રા બહીન રહબર
અમ્રે ઉ ખલ્ક ખલ્ક રા મહીન મીઝાન
ઇમામનું દિલ ઇન્સાફ માટે સર્વોત્તમ રહેબર છે; તેમનું ફરમાન સર્જન માટે દીન અને ઇમાનનું સૌથી મોટું માપદંડ છે.

૨૪) દાદ વ દાનિશ બફર્રે ઊ ઝિન્દેહ
દીન વ દુનિયા બનૂરે ઊ રખ્શાન
અદલ અને ઇલ્મ તેમના પ્રતાપે જીવંત છે; દીન અને દુનિયા તેમના નૂર થકી પ્રકાશિત છે.

૨૫) નામે બુઝુર્ગે ઈમામે ઝમાન અસ્ત અઝીન કબ્લ
મન અઝ ઝમીન ચો ઝહરા બદું બર સમા શુદમ
એ ઈમામે ઝમાનનું મહાન નામ (ઈસ્મે આઝમ) છે કે જેના પ્રતાપે હું ક્યારનો આ જમીન પરથી ઝળકતા શુક્રના તારાની જેમ આસ્માન ઉપર પહોંચી ચુક્યો છું.

૨૬) બહેતરીને જાનવર હમે મર્દુમ
બહેતરીને મર્દમાન ઈમામે ઝમાન
પ્રાણીઓમાં માનવીઓ સર્વોત્તમ છે; માનવીઓમાં ઈમામે ઝમાન સર્વોત્તમ છે.

૨૭) હૈવાની કે ખુઈ મા ગીરદ
કીમતશ બરફઝાયદ અઝ દીગરાન
જે પ્રાણી ઈન્સાની આદતોને અપનાવે છે તેની કીમત અન્ય પ્રાણીઓથી વધી જાય છે.

૨૮) ગર બગીરીમ ખુઈ બહેતરે ખલ્ક
અઝ સરા બર શવીમ ઝી ગીહાન
જો આપણે સર્જનમાં જે ઉચ્ચતર છે તેના ગુણ અપનાવીશું તો આ જગતની ધૂળમાંથી ઊંચે જઈશું.

૨૯) ફરિયાદ યાફતમ્ ઝ જફા વ દહાયે દીવ
ચૂંદર હરીમ વ કસ્ત્રે ઈમામુલ વરા શુદમ
હું ઈમામે ઝમાનની પનાહ અને કિલ્લામાં દાખલ થયો તો શૈતાનની બેવફાઈ અને મુશ્કિલોથી નજાત મળી.

૩૦) બર જાને મન ચો નૂરે ઈમામે ઝમાન બતાફત
લૈલુસ્સરાર બૂદમ વ શમ્સુઝ્ઝુહા શુદમ
મારા રૂહ ઉપર ઈમામે ઝમાનનું નૂર પ્રકાશ્યું તો હું અમાસની અંધારી રાત હતો તેમાંથી ઝળહળતો સૂર્ય બની ગયો.

૩૧) ખલાએક ખાક વ ઊ અબ્રે બહારી
ઝમાએર ચુન શબ ઊ ખુર્શીદે રુખ્શાન
જગતના લોકો માટી છે અલી વસંત ઋતુંનું વાદળ; માણસનું માનસ રાત જેવું છે અને અલી જાજ્વલ્યમાન સૂર્ય છે.

૩૨) યક શોલેએ નૂરે હક અગરત દર દિલે ઉફ્તદ
રુખસારેઅત શવદ બનઝર સદ ચૂ આફતાબ
નૂરે હક્કનું એક કિરણ અગર તારા દિલ પર પડે તો તારો ચહેરો સો સૂર્ય સમાન બની જશે.

૩૩) મૌલા મુહમ્મદ આન્કે અસ્ત્રે ખાકે પાયે ઊ
દર ચશ્મે અક્લ સુરમએ કશ્ફલ ગતા શવદ
મૌલાના અલાઉદ્દીનમહમ્મદ એ હસ્તી છે જેમના પગના રજની અસર અકલની આંખો પરથી અજ્ઞાનતાના અંધકારનો પર્દો હટાવી નાખનાર સુરમો બની જાય છે.

૩૪) ગર સાયેએ સખ્ત ફગની બર ફરિશ્તે
દીવે ઝમાને ગરદદ્ વ કારશ હબા શવદ
જો તું ફિરસ્તા ઉપર નારાજીનો કડો પડછાયો નાખે તો એ દાનવ બની જાય અને તેના કાર્યો નષ્ટ થઇ જાય.

૩૫) દર દીવ અર બચશ્મે ઇનાયત કુની નિગાહ
હમચું ફરિશ્તે મઅદને સિદ્ક વ સફા શવદ
જો દાનવ ઉપર તું મહેરબાનીની નજર કરે તો તે ફિરસ્તાની જેમ સચ્ચાઇ અને પવિત્રતાની ખાણ બની જાય.

૩૬) ઝિન્દાને સરાએ હાદસે બર બન્દગાને તુ
અઝ રહ્મતે તુ રવ્ઝએ દારૂલ્ બકા શવદ
આ નાશવંત દુનિયાનું કેદખાનું તારા બંદાઓ ઉપર તારી રહેમત થકી નિરંતર રહેવાવાળો બગીચો બની જાય છે.

૩૭) હક્કા કે હય ઊ બૂદ કે મીગુફ્ત અનલ્ હક્ક પઠા ઋપ
દર સૌતે ઈલાહી
એ સત્ય છે કે એ એજ હતો કે જે ઈલાહી અવાજમાં અનલ્ હક્ક કહેતો હતો.

૩૮) તિશ્નેએ આબ હયાત તા ચન્દ બાશી તિશ્ના-લબ
હાઝિરે ખૂદ બાશ કીન સરચશ્મે દર ઈવાને તૌરત
ક્યાં સુધી તરસ્યા-હોઠોમય આબે હયાતનો તરસ્યો રહીશ; પોતામાં જ રહે, કારણ કે ઝરણું તારા પોતામાં છે.

૩૯) બર સરે દીવ તુરા અકલબન્દે અસ્ત રકીબ
બર રહે ખૈર તુરા ઈલ્મ બન્દે અસ્ત નહાઝ
તારી અકલ તારા અખત્યારમાં છે કે જે શેતાનની દુશ્મન છે; તારી અકલ તારા અખત્યારમાં છે કે જે ભલાઈના રસ્તા ઉપર તારી રહેનુમા છે.

૪૦) સુખને હિકમતી એ હુજ્જત ઝરે ખિરદ અસ્ત
બા આતિશે ફિકરત જુઝ ઝરે ખિરદ રા મગુઝાર
ઓ હુજ્જત (નાસિર ખુસરૂ) ! હિકમતની વાણી તો બુદ્ધિનું સોનું (સત્વ) છે; બુદ્ધિના સોનાને (ઘડવા) પોતાની સમજદારીની આગ સિવાય બીજે ક્યાંય ન નાખ.

૪૧) દીન ગિરમી શુદ બદાના વ બ નાદાન ખ્વાર ગશ્ત
પીશે નાદાન દીન ચો પીશે ગાવ બાશદ યાસ્મિન
સમજદાર થકી દીન - ધર્મ મુલ્યવાન બને છે, નાદાન થકી તેની અધોગતિ થાય છે; નાદાનની સામે દીનની સ્થિતિ એવી છે કે જાણે ગાયની સામે ચમેલીનું ફૂલ.

૪૨) શમ્ એ ખિરદ બરફરૂઝ દર દિલ વ બશતાબ
બા દિલે રોશન બસૂઈ આલમે રોશન
દિલમાં બુદ્ધિની જ્યોત જલાવ અને પ્રકાશિત દિલ સહિત પ્રકાશમાન જગત તરફ આગળ વધ.

૪૩) દર રહે ઉકબા બપાઈ રફત ન બાયદ
બલ્કે બજાન વ બઅકલ બાયદ રફતન
આખરત તરફ પગપાળા ન જવું જોઈએ; બલ્કે, આત્મા અને બુદ્ધિ સહિત જવું જોઇએ.

૪૪) તુશેએ તો ઈલ્મ વ તાઅત અસ્ત દરીન રાહ
સુફરેએ દિલ રા બદીન દો તુશે બયાગીન
આખરતના આ માર્ગમાં જ્ઞાન અને ફરમાન બરદારી તારું ભાથું છે; દિલના સુફરાને આ બે ભાથાથી ભરી લે.

૪૫) જાને મર્દુમ રા દો કુવ્વત બીનીમ અઝ ઈલ્મ વ અમલ
ચૂં દરખ્તી કેશ અમલ બર્ગ અસ્ત વ ઝ ઈલમસ્ત બર
ઈન્સાનના રૂહ માટે ઈલ્મ અને અમલ થકી બે શક્તિઓ જોઉં છું; જાણે કે તે એક ઝાડ હોય કે જેના પાંદડાં અમલ હોય અને તેનું ફળ ઈલ્મ હોય.

૪૬) જાનત રા દાનિશ નિગેહ દારદ ઝ દોઝખ હમચુનાનક
બરનિગહ દારદ દરખ્તાન રા ઝ આતશ વઝ તબર
તારા રૂહને ઈલ્મ એ રીતે સંભાળે છે કે જેવી રીતે ઝાડ, ફળને કોઈની આગ કે કુહાડીથી નાશ થતો બચાવે છે.

૪૭) જાનત આઝાદી નયાબદ જુઝ બઈલ્મ વ બંદગી
ગર બદીન બુરૂહાનત યાબદ રવ બદીન અંદર નિગર
તારો રૂહ ઈલ્મ અને બંદગી વગર નજાત નથી પામી શકતો; જો તને આ માટે દલીલ જોઈતી હોય તો જા ! ધર્મમાં નજર કર.

૪૮) અગર બા ખિરદ જફત વ અંદર ખોરીમ
ગમે ખોર ચો ખર ચન્દ વ તા કઈ ખોરીમ
અગર જો ઈલ્મ અને યોગ્યતા ધરાવતા હોઈએ તો ગધેડાની જેમ ખાવાની ફિકર શા માટે અને ક્યાં સુધી રાખશું ?

૪૯) સર અઝ ચર્ખે નીલૂફરી બરકશીમ
બદાનશ કે દાનન્દે વ બા ફરીમ
આપણે ઈલ્મ થકી મસ્તકને નીલા આકાશથી પણ ઊંચું કરીએ,
કારણ કે ઈલ્મ અને મર્તબો ધરાવીએ છીએ.

૫૦ ) ખાક રા બર ઝર ગુઝીદસ્તી ચો નાદાનાન અઝ આન્ક
ખાક પીશે તોસ્ત અઝ ઝર મીનદારી જુઝ ખબર
તેં તો નાદાનની જેમ ધૂળને સોનાથી વધુ ચડિયાતી ગણી,
કારણ કે તારી પાસે તો ધૂળ જ છે અને સોનાની તો તને
ખબર જ નથી.

૫૧) જાનત રા અંદર તને ખાકી બદાનિશ ઝર કુની
ચું હમી નાયદ બરૂન હરગિઝ મગર અઝ ખાક ઝર
ઈલ્મ થકી તારા રૂહને માટીના શરીરમાં સોનું બનાવ; કારણ,
શું માટીમાંથી જ સોનું નીકળતું નથી !

૫૨) રહે દરાઝત પીશ અસ્ત વ સહમગીન કે દરૂ
તઆમ વ આબ ન બાશદ મગર ઝ ઈલ્મ વ અમલ
તારી સામે પંથ ઘણો લાંબો છે અને તે પણ ખતરનાક;
કારણ, તેમાં ઈલ્મ અને અમલ સિવાય બીજાં અન્ન અને
પાણી નથી.

૫૩) દરખ્તે તો ગર બારે દાનિશ બગીરદ
બઝીર આવરી ચર્ખે નીલૂફરી રા
જો તારા જીવન વૃક્ષને ઈલ્મ-જ્ઞાનના ફળ લાગે તો નીલા
આકાશને પણ નીચે લાવી શકે છે.

૫૪) ઈન જહાન અલફન્જગાહે ઈલ્મે તોસ્ત
સર મ ઝન ચૂન ખર દર ઈન ખાનેએ ખરાબ
આ દુનિયા તારા માટે ઈલ્મ હાસલ કરવાનું સ્થાન છે; ગધેડાની
જેમ આ વેરાન જગ્યામાં માથું ન માર.

૫૫) ફબી બકુન વ સીર બદીન હિકમત જાન રા
તા નાયદ અઝીન બંદ બરૂન લાગર વ નાહાર
પોતાના જીવને ઈલ્મની હિકમત થકી રૂષ્ટપુષ્ટ અને ભરપૂર બનાવ, જેથી તે આ બદનની કેદમાંથી પાતળો અને નબળો બનીને બહાર ન આવવા પામે.

૫૬) હર ચન્દ કે બર મિમ્બર નાદાન બનશીનદ
હરગિઝ ન શવદ હમ્બર બાદાના નાદાન
ભલે એક અજ્ઞાની બોધ આપવાના સ્થાન ઉપર બેસે તો પણ એ અજ્ઞાની, જ્ઞાનીની બરોબરીમાં આવી શકતો નથી.

૫૭) અગર ચે ગર્કેઈ અઝ ફઝ્લે હક નુમીદ મબાશ
બ ઈલ્મે કૂશ વ અઝીન ગર્કે જહલ બીરૂન ચલ
અગર જો તું અજ્ઞાનતામાં ડૂબ્યો પડયો હોય તો પણ અલ્લાહની રહેમતથી નિરાશ ન બન; ઈલ્મ સહિત કોશિશ કર અને આ અજ્ઞાનતાના ઊંડા પાણીમાંથી બહાર નીકળ.

૫૮) શે રે હુજ્જત રા બખાન ઐ હોશિયાર વ યાદગીર
શે રે ઊ દર દિલે તુ રા શહદ અસ્ત વ અંદર લબ લબન.
ઓ સમજદાર ! હુજ્જત નાસિર ખુસરૂની કવિતા વાંચ અને યાદ કરીલે; તેની કવિતા તારા દિલ માટે તાજગી આપનાર મધ જેવી છે. અને હોઠ માટે દૂધ જેવી સ્વાદિષ્ટ છે.

૫૯) આં રા કે બબી હૂદે સુખન શાદ શવદ જાનશ
બકરૂશ બયક દસ્તે ખર્સે તર્રે બ બક્કાલ
જે અર્થ વિનાના શબ્દો થકી ખુશી માણે છે તેને નકામા ઘાસના પૂડા લેખે ભાજીવાળાને વેચી નાખ.

૬૦) અગર બખ્વાની તૂ અશ્આરે નાસિરે ખુસરૂ
રસદ બજાને તૂ ઝાન નૂરે ઈલ્મે દીન પરતવ
જો તું નાસિર ખુસરૂની કવિતાઓ વાંચે તો તારા જીવને ઈલ્મે દીનના નુરનો પડછાયો હાંસલ થાય.

૬૧) ખુદાશનાસ શવી રાહે દીન બયામૂઝી
અગર તુ બર સુખને નાસિરી શવી પૈરવ.
જો તું નાસિર ખુસરૂની વાણી ઉપર અમલ કરીશ તો ખુદાને ઓળખનાર બનીશ અને ધર્મનો માર્ગ શીખીશ.

૬૨) ઝ હર કસીદે કે ખ્વાની અગર તુ બાખિરદી
બચશ્મે મઅ્‌ની બબીની અજાઇબી અઝ નૂર
જો તું સમજદાર છો તો પ્રત્યેક કસીદો કે જે તું વાંચશે તેમાંથી બાતૂની દ્રષ્ટિ વડે નૂરની અજાયબીઓ જોઇ શકીશ.

૬૩) હદીસે નાસિરે ખુસરૂ હકાઇક અસ્ત વ રમૂઝ
બચશ્મે સર બશનાસ વ બગૂશે જાન બશનવ
નાસિર ખુસરૂની વાતો રહસ્યપૂર્ણ સત્યો છે; તેને તારી જિસ્માની આંખો વડે ઓળખ અને રૂહની આંખ વડે સાંભળ.

૬૪) ઇલાહી નીસ્ત બાદ, ઇન જાને પૂર પીચ
અગર ખ્વાહદ બગૈર અઝ તો દીગર હીચ
ઓ અલ્લાહ ! આ આંટિઘૂંટીવાળા જીવનો નાશ થાય અગર જો તે તારા સિવાય બીજું કંઇ માંગે.

૬૫) મન અવ્વલ દર અદમ ના બૂદે બૂદમ
દરાન નાબૂદગી આસુદે બુદમ
પહેલાં અનાદિકાળમાં હું કંઇ જ નહોતો; એ કંઇ જ નહીં હોવા પણામાં હું ઘણો રાહતમાં હતો.

૬૬) હઝાર ગૂને બલંગમ બહર રહમ કે બરન્દ
રહી કે આન બસૂયે તોસ્ત તુર્કતાઝ કુનમ
કોઇ મને બીજા કોઇપણ માર્ગે લઇ જાય તો હું હજાર રીતે લંગડાઉ છું; પરંતુ જે રસ્તો તારી તરફ જાય છે તેની પર તો હું ઉતાવળો ઉતાવળો જાઉં છું.

૬૭) ઉમ્ર મરા બમોર્દ શબો રૂઝો માહો સાલ
પિન્હાનો નર્મ ચૂં મૂશાન વ રાસવાન
દિવસ, રાત, મહિના અને વરસે ઊંદર અને નોળિયાની જેમ
મારી જિંદગીને ધીમે ધીમે (નરમીપૂર્વક) ખાઇ નાખી છે.

૬૮) ઇન જહાન ખાબ અસ્ત ખ્વાબ એ પૂરે બાબ
શાદ ચૂં બાશી બદીન આશુફતે ખાબ
ઓ પિતાના પુત્ર ! દુનિયા એક સપનું છે. પરેશાન સપનામાં
તું ખુશ કેમ રહી શકે છે ?

૬૯) દિલ દરીન આશુફતે ખાબ અંદર મબન્દ
પીશ કૂ અઝ તૂ બતાબદ તૂ બતાબ
આ પરેશાન સ્વપ્નમાં દિલ ન બાંધ, તે તારાથી મોઢું ફેરવીલે
તે પહેલાં તુંજ મોઢું ફેરવી લે.

૭૦) ફાની બજાન નેઇ બતની અય હકીમ તુ
જાનરા ફના બઅકલ મહાલ અસ્ત વ નારવાસ્ત
ઓ હકીમ ! તું જિસ્માની રીતે નાશ થનાર છો, પરંતુ રૂહાની
રીતે નહીં; કારણ કે બુદ્ધિની દ્રષ્ટીએ ઇન્સાનના રૂહ માટે ફના
થવું અશકય અને અસ્વીકાર્ય છે.

૭૧) ગર ઝે આસમાન બખાક તુ ખુરસંદ ગશ્તે
હમ ચૂં તુ શૂરબખ્ત બઆલમ દિગર કુજાસ્ત
અગર તું આસમાનને છોડી જમીન ઉપર રહેવામાં ખુશ થઇ
ચુકયો છો તો પછી સાંભળ કે આ જગત પર તારાથી વધુ બદ
નસીબી કયાં છે ?

૭૨) રફતન્દ હમરહાનત વ બાયદ હમિયત રફત
અન્દુહ મખૂર કે જાઇ સપંજ અસ્ત વ બીનવાસ્ત
તારા સાથીઓ ચાલ્યા ગયા અને તમને સર્વેને જવું પડશે.
આથી દુઃખી ન થા, કારણકે દુનિયા ક્ષણિક અને બેસૂરી છે.

૭૩) બાઝારે તુ અસ્ત ઈન બતલબ હર ચે બબાયદત
બી તોશે મરવ બાઝ તહીખાને ઝે બાઝાર
દુનિયા તારી  આખરત માટેની બજાર છે. તને આખરતની જિંદગી માટે જે જોઈએ તે મેળવી લે. આ બજાર રૂપી દુનિયામાંથી ભાથું લીધા વગર પાછો ન જા.

૭૪) રાહગુઝાર અસ્ત ઈન જહાન યારા ! બદુ દિલ દર મબંદ
દિલ ન બંદદ હુશિયાર અંદર સરાયે રાહગુઝર
ઓ દોસ્ત ! આ દુનિયા પસાર થઈ જવાવાળી છે. સમજદાર આ મુસાફરખાનામાં પોતાનું દિલ નથી બાંધતા.

૭૫) દો જહાન અસ્ત વ તુ અઝ હર દો જહાન મુખ્તસરી
જાને તુ અહલે મઆદ અસ્ત વ તનત અહલે મઆશ
દુનિયા બે છે અને તું આ બન્ને દુનિયાનો પ્રતિકરૂપ છો. તારો રૂહ આલમે આખરનો વાસી છે અને શરીર આ દુનિયાનું છે.

૭૬) મરા ખબર ન અઝ આનકે ઈન જહાને મર્દ ફરીબ
બદસ્ત રાસ્ત શિકર દારદ વ બચપ હન્ઝલ
મને એ બાબતનું કોઈ જ્ઞાન નહોતું કે ઈન્સાનને ફરેબ આપવાવાળી દુનિયા પોતાના જમણા હાથમાં સાકર રાખે છે ડાબા હાથમાં ઝેરી ઈન્દ્રાફળ રાખે છે.

૭૭) ઈલ્મે અજલ્હા બહીચ ખલ્ક ન દાદેસ્ત
ઈઝદે દાદારે દાદ ગુસ્તરો ઝૂલમન
ઉદાર, ન્યાયી અને કૃપાળુ ખુદાએ મૃત્યુ વિશેનું જ્ઞાન કોઈને પણ આપ્યું નથી.

૭૮) દીગરત ગશ્ત અસ્ત હાલે તન ઝે ગશ્તે રૂઝગાર
હમચૂ હાલે તન સઝદીગર હાલે જાન દીગર કુન
સમયના વહેણ સાથે તારા શરીરની પરિસ્થિતિ બદલાઈ ગઈ છે. જે પ્રમાણે તારા શરીરની પરિસ્થિતિ બદલી છે તેવી જ રીતે તારા રૂહની સ્થિતિ પણ બદલ.

૭૯) જવાની ઝ દીવી નિશાન અસ્ત અઝીરા
કે સોહબત ન દારદ ખિરદ બા જવાની
(જોવામાં આવે તો) જવાની દેખીતી રીતે એક શૈતાનની નિશાની છે, કારણ કે જવાની અને અકલ વચ્ચે સુલેહ થઇ શકતી નથી.

૮૦) ચૂં રૂઝી તૂ નાની વ યકમુશ્ત બરંજ અસ્ત
અઝ બહર ચે ચન્દીન બ શબો રૂઝ બરંજી
જ્યારે તારો ખોરાક માત્ર એક રોટલી અને મુઠ્ઠીભર ચોખાજ છે તો પછી શા માટે (દોલત એકઠી કરવાની રાહમાં) રાત દિવસ આટલો દુઃખી થાય છે.

૮૧) ફરદાત તુહીદસ્ત બકુન્જી બસપારન્દ
હર ચન્દ મલિકવાર કુનુન બરસરે ગન્જી
કાલે મૃત્યુ આવવાથી લોકો તને ખાલી હાથે જમીનના એક ખુણામાં દફનાવી દેશે. ભલે આજે તું રાજા સમાન ખજાના ઉપર બેઠો છે.

૮૨) બા ખીશ્તન બિયન્દીશ અય દૂસ્ત ! તા બદાની
કઝ ફઅલે ખીશ હર બદ હર ઝિશ્તરા સઝાઈ
ઓ દોસ્ત ! તું પોતે પોતાના વિશે વિચાર કર કે જેથી પોતાના કૃત્યો થકી સારા અને નરસા વચ્ચેનો ભેદ સમજી શકે.

૮૩) બફરીફ્ત મર મરા બજવાની જહાને પીર
પીરાન રવા કુનન્દ બલી મક્ર બા જવાન
મને ઘરડી દુનિયાએ જવાનીમાં દગો આપ્યો; હા !
ઘરડાઓ જવાન સાથે છળકપટ કરવાનું યોગ્ય ગણે છે.

૮૪) તન તો રા ગુર અસ્ત બીશક હમચુનાન કા ચૂન વાદા કર્દ
રૂઝી અઝ ગૂરત બરૂન આરદ ખુદાઇ દાદગર
તારું શરીર તારા રૂહની કબર છે; બેશક ! ઈન્શાફ આપનાર ખુદાએ પોતે જે પ્રમાણે વચન આપ્યું છે તે પ્રમાણે એક દિવસ એ (શરીરરૂપી) કબરમાંથી તને બહાર લાવશે.

૮૫) તનન હમચૂન ગુરે ખાક અસ્ત એ પેસર મપસંદ હીચ
જાન રા દર ખાકે તીરે જાવેદાના મુસ્તેકર
તારું શરીર માટીની કબર જેવું છે; ઓ પુત્ર ! એવું સહેજે ન ચાહે ા ! કે પોતાના રૂહને હંમેશ માટે આ કાળી માટીમાં રાખ મૂકે.

૮૬) ફઝલ વજૂદ વ અદ્લે ઇઝદ ખિદમતે કૌસર કુનદ
ચૂન તો રૂઝે હશ્ર મજલિસ બર સરે કૌસર કુની
ઓ મૌલા અલી ! જો તમે કયામતના દિવસે કૌસરને કિનારે મજલિસ ગોઠવશો તો અલ્લાહની રહેમત, સખાવત અને ઇન્સાફ કૌસરના અખત્યારમાં હશે.

૮૭) ઝ બહરે દાનિશ વ દીન બાયદશ હમી મરદુમ
કે ખૂદ ખૂરન્દે જુઝ ઇન બેશુમાર વ મરદારદ
લોકોને ઇલ્મ અને ધર્મ માટે જીવવું જોઇએ, કારણ કે આના સિવાય અન્ય બાબતોને પોતાનો ખોરાક બનાવનાર તો ઘણાએ છે.

૮૮) આરઝૂ રા વ હસદ માહેદ અંદર દિલ જાઇ
ગર હમી ખ્વાહી તા ખાને બમારાન ન દહી
ઇચ્છા અને હસદને દિલમાં સ્થાન ન આપ, જો તું ભલું ચાહતો હોય તો સર્પોને તેમાં વસવા ન દે.

૮૯) દીવે બીફરમાન બનશીનદ બર ગરદને તો
ચૂન તો ગરદન બખુદાવંદે ફરમાન ન દહી
જ્યારે તું ફરમાનના માલિક ઇમામે ઝમાન ને પોતાની ગરદન આપતો નથી તો નાફરમાન શૈતાન તારી ગરદન ઉપર બેસી જાય છે.

૯૦) મૂશ વ માર અન્દર ખઝીનેએ ખીશ મીફગન્દ ખૈર ખૈર
ગર ન દારી દુર્ર વ ગૌહર કાન્દરૂ મખઝૂન કુની
પોતાના દિલમાં ઉંદર અને સાપનો સંગ્રહ ન કર, જો તારી પાસે તેમાં સંગ્રહ કરવા માટે મોતી અને રત્નો ન હોય.

૯૧) ગર શરફ યાબદ ઝ દાનિશ જાનત બર ગરદુનકશદ
લીકન અન્દર ચાહ માનદ દૂન ગર ઊરા દૂન કૂની
જો તારો રૂહ જ્ઞાન થકી મહાનતા મેળવે તો પોતાને આકાશથી ઊંચે લઇ જઇ શકે છે; પરંતુ જો તેને નીચે બનાવે તો તે અજ્ઞાનતાના કૂવાની અંદર પડ્યું રહેશે.

૯૨) મન બસાબૂન ખિરદ બાયદ શુસ્તન કાઈન જસદ
તીરે માનદ ગર મર ઊરા જુલ્મે દર સાબૂન કુની
પોતાના રૂહને જ્ઞાનના સાબુથી ધોવો જોઇએ, કારણ કે જો તારા શરીર આખાને સાબુમાં નાખી દે તો પણ તે મેલું જ રહેશે.

૯૩) આન સુખન બાશદ સુખન નઝદીકે મન કઝ દીન બુવદ
વાન સુખન કઝ દીન બાશદ ન બાશદ જુઝ હજન
મારી સમક્ષ એ વાણી, વાણી છે કે જે દીન -ધર્મની હોય અને તે વાણી કે જે દીન સિવાયની છે તે કુવાણી સિવાય બીજું કંઇ નથી.

૯૪) મર્દે નિહાન ઝીરે દિલસ્ત વ ઝબાન
દીગર અકસરે ગિલે પુરસૂરત અસ્ત
માણસ પોતાના દિલ અને વાણીમાં સમાયેલો છે; બીજું તો સમુળગું આકાર ધરાવતી માટી જ છે.

૯૫) આઘ ગીવે તોસ્ત ચન્દી ચૂન રહો જુઇ ઝ દીવ
તો રેહા કુન દીવ રા તા ઝૂ બબાશી ખુદ રેહા
લાલચ તારો શૈતાન છે, જો તું શૈતાનથી નજાત ચાહતો હોય તો તું જ શૈતાનને છોડી આપ કે જેથી તું તેનાથી નજાત પામે.

૯૬) ખીશ્તન રા ચૂન ફરીબી ન પરહીઝી ઝદીવ
ચૂન નહી ચૂન ખુદ કુની અસ્યાન બહાને બર કઝા
તું શૈતાનથી દૂર નથી રહેતો અને પોતાને દગો આપે છે; તું જ તેને પોતામાં બેસાડે છે અને ગુનાહ કરે છે અને તકદીરનું બહાનું કાઢે છે.

૯૭) દીવ રા પૈગમ્બરાન દીદન્દ વ રાન્દન્દશ ઝપીશ
દીવ રા નાદાન ન બીનદ મન નમૂદમ મર તૂરા
શૈતાનને પૈગમ્બરોએ જોયો હતો અને તેને પોતાની પાસેથી હાંકી કાઢયો હતો; નાદાન શૈતાનને નથી જોઇ શકતો એ મેં તને જણાવ્યું છે.

૯૮) આંકે બ પેશ અઝ દિગરાન બૂવદ બ શમશીરો બ ઇલ્મ,
વાંન્ગહ કે બિ ગુઝીદો વસી કર્દ નબી બરસરે માશ.
અર્થ : તે, જે શુજાઅત અને ઈલ્મમાં બીજા તમામથી અફઝલ હતા તેથી જ ઈદે ગદીરના દિવસે હ. નબીએ તેમને પસંદ કર્યા અને તેવણને જ અમારા પર પોતાના વસી મુકર્રર ફરમાવ્યા.

૯૯) પસ અઝ ખુત્બાએ ગદીરે ખુમ શુનીદી,
અલી ઉ રા વલી બાશદ બે પયમાન.
ગદીરે ખુમ્મનો ખુત્બો તેં સાંભળી જ લીધો છે તો પછી તે વાયદા મુજબ જેઓના મૌલા નબી સલ્અમ છે તેમના મૌલા અલી છે.

૧૦૦) પસ બહર દૌરે વલી કાએમ અસ્ત,
તા ક્યામત આઝમાએશ દાએમ અસ્ત;
હર દૌર અને હર ઝમાનામાં ઈમામ મૌજૂદ વ કાયમ છે અને તેની તાબેદારી અને શનાખતથી નેક અને બદની પિછાન ક્યામત સુધી કાયમ રહેનાર છે.

૧૦૧) બ રૂઝો શબ જાને શયદા અલી ગૂયમ અલી જૂયમ
બ બાગો ગુલશનો સહરા અલી ગૂયમં અલી જૂયમ.
દિવસ અને રાત મારા મદમસ્ત હૃદયમાં હું અલીને પુકારું છું; હું અલીને ઝંખું છું.બગીચામાં, ગુલાબના બાગમાં ને રણમાં હું અલીને પુકારું છું, હું અલીને ઝંખું છું.

૧૦૨) અલી રૂહો રવાને મન અલી આરામે જાને મન
અલી ઝિકે ઝબાને મન અલી ગૂયમ અલી જૂયમ
અલી મારો રૂહ અને જીવન છે; અલી મારા રૂહની શાંતિ છે. અલી મારી જીભનું રટણ છે; હું અલીને પુકારું છું, અલીને ઝંખું છું.

૧૦૩) અલી સુલ્તાને મુલ્કે જાન અલી શહેનશાહે ખૂબાન
અલી આઈનેએ યઝદાન અલી ગૂયમ અલી જૂયમ
અલી જીવનના મુલકના રાજા છે; અલી સારા લોકોના શહેનશાહ છે. અલી અલ્લાહનો અરીસો છે; હું અલીને પુકારું છું, અલીને ઝંખું છું.

૧૦૪) અલી હલ્લાલે હર મુશ્કિલ અલી સુલ્તાને શાહો દિલ
અલી બાશદ બ હક્ક વાસિલ અલી ગૂયમ અલી જૂયમ.
અલી મુશ્કેલીઓનો આસાન કરનાર છે; અલી રાજાના રાજા અને દિલના પણ રાજા છે. અલી સત્યની સાથે સંકળાયેલ છે; હું અલીને પુકારું છું, હું અલીને ઝંખું છું.

૧૦૫) અલી હૈદર અલી સફ્ર અલી મુનિસ અલી દિલબર
અલી બૂદ યારે પૈગમ્બર અલી ગૂયબ અલી જૂયમ
અલી શેરે ખુદા છે; અલી શૂરવીર છે; અલી સંધ્યારો છે; અલી દિલ જીતનાર છે; અલી પૈગમ્બરના દોસ્ત છે, હું અલીને પુકારું છું, હું અલીને ઝંખું છું.

૧૦૬) અલી અવ્વલ અલી આખર અલી બાતિન અલી ઝાહિર
અલી બા હર અલી તાહિર અલી ગૂયમ અલી જૂયમ
અલી પહેલા છે; અલી છેલ્લા છે; અલી બાતિન છે; અલી જાહેર છે; અલી સર્વે સાથે છે; અલી પવિત્ર છે, હું અલીને પુકરું છું, અલીને ઝંખું છું.

૧૦૭) અલી મિરાતે ઝાતે હક્ક ઝ અઅ્લા નામે ઉ મુસ્તાક
બુવદ ઝાતશ બ હક્ક મુલ્હક અલી ગૂયમ અલૂ જૂયમ
અલી ખુદ સત્યનો અરીસો છે; સર્વોચ્ચથી તેનું નામ બનેલું છે; તેનું વજૂદ સત્યથી જોડાયેલું છે, હું અલીને પુકરું છું, અલીને ઝંખું છું.

૧૦૮) બુવદ મિહરે અલી દીનમ તરીકો ફિક્રો આઈનમ
ફુરૂઘે કલ્બે ગમગીનમ અલી ગુયમ અલી જૂયમ
અલીનો પ્રેમ મારો ધર્મ, તરીકો, વિચાર અને મારું ઈમાન છે; મારા દુઃખી દિલનું અજવાળું છે, હું અલીને પુકરું છું, અલીને ઝંખું છું.

**૧૦૯) ઝ ઈશ્કે ઉ શુદમ સાબિર બ રૂએ ઉ શુદમ નાઝિર**
**ઝબાન અઝ વસ્ફે ઉ કાસિર અલી ગૂયમ અલી જૂયમ**
તેના પ્રેમમાં હું ધીરજવાન બન્યો છું; તેના ચહેરા તરફ જોતો થયો છું; જીભ તેનું વર્ણન નથી કરી શકતી હું અલીને પુકારું છું, હું અલીને ઝંખું છું.

**૧૧૦) સાકીએ બા વફા મનમ્, દમ હમે દમ્ અલી અલી;**
**સૂફીએ બા સફા મનમ્, દમ્ હમે દમ્ અલી અલી.**
હું વફાદાર સાકી છું, દરેક શ્વાસ અને બધા શ્વાસોમાં અલી અલીજ છે. હું નિખાલસતા ધરાવતો સૂફી છું, દરેક શ્વાસ અને બધા શ્વાસોમાં અલી અલી જ છે.

**૧૧૧) આદમે બા સફા તુંઈ, યૂસુફે મહ્ લકા તુંઈ;**
**ખિઝરે રહે ખુદા તુંઈ, દમ્ હમે દમ્ અલી અલી**
પવિત્ર આદમ પણ તું છો અને ચંદ્રમા જેવી સુંદરતા ધરાવનાર યૂસુફ પણ તું જ છો; ખુદાના માર્ગનો ખીઝર પણ તું છો, દરેક શ્વાસ અને બધા શ્વાસોમાં અલી અલી જ છે.

**૧૧૨) શાહે શરીઅતમ્ તુંઈ, પીરે તરીકત્મ તુંઈ;**
**હક-બ-હકીકત્મ તુંઈ, દમ્ હમે દમ અલી અલી.**
મારી શરીયતનો માલિક પણ તું છો અને મારી તરીકતનો પીર પણ તું જ છો, સત્ય તો એ છે કે મારી હકીકત પણ તું છો દરેક શ્વાસ અને બધા શ્વાસોમાં અલી અલી જ છે

**૧૧૩) સય્યદે સરવરે કરમ, ગુફત બત્ અય ઈબ્ને અમ;**
**લહ્મક લહ્મી દમ્મક દમ્મી, દમ્ હમે દમ્ અલી અલી**
કૃપાના માલિક અને સરદાર રસૂલે પાક એ તને ફરમાવ્યું : ઓ મારા પિત્રાઈ ભાઈ ! તારું ગોશ્ત એ મારું ગોશ્ત છે અને તારું લોહી એ મારું લોહી છે, દરેક શ્વાસ અને બધા શ્વાસોમાં અલી અલીજ છે.

**૧૧૪) આયાસે ઈન્નમા બરતુ, તાજએ લા ફતા સરતુ;**
**શમ્સ ગુલામે કમ્બરતુ, દમ્ હમે દમ્ અલી અલી.**
ઈન્નમા (વલીયુકુમુલ્લાહ)ની આયાત (૫:૫૫) તારી ઉપર છે, લા ફતા ઈલ્લા અલી લા સૈફ ઈલ્લા ઝુલ્ફીકારનો તાજ તારા મુબારક મસ્તક ઉપર છે. આ શમસ તારા ગુલામ કમ્બરનો, ગુલામ છે. દરેક શ્વાસમાં અને બધા શ્વાસોમાં અલી અલીજ છે...

**૧૧૫) મશ્રૂરિકે અન્વારે યઝદાન, નૂર મૌલાના કરીમ;**
**મત્લએ અસ્રારે ઈર્ફાન, નૂર મૌલાના કરીમ.**
ખુદાના નૂરના પ્રકાશનું સ્થાન નૂર મૌલાના કરીમ;
બાતુની જ્ઞાનના ભેદોનું ઉદ્ભવસ્થાન, નૂર મૌલાના કરીમ.

**૧૧૬) કિસ્વતે દીગર હમી પુશીદ, આન યારે કદીમ;**
**જલ્વેહા બનમૂદ બર જાન, નૂર મૌલાના કરીમ.**
એ જૂના મિત્રે અન્ય જામો પહેરી રાખ્યો છે; રૂહમાં તેણે જલ્વા દેખાડ્યા છે, નૂર મૌલાના કરીમ.

**૧૧૭) તું હમાન સુલ્તાને દીની, ઈમ્તહાન અઝ મા મગીર;**
**હાઝરે હર અસ્ત્રે દૌરાન, નૂર મૌલાના કરીમ.**
તું દીનનો એ જ સુલતાન છો, અમારી પરીક્ષા ન કર; દરેક સમય અને હર ઝમાનામાં હાજર રહેનાર, નૂર મૌલાના કરીમ.

**૧૧૮) મખ્ઝને ઈલ્મે હકાઈક, મઅદને નૂરો સફા;**
**આલિમે અસ્રારે કુર્આન નૂર મૌલાના કરીમ.**
હકીકતોના જ્ઞાનનો ખજાનો, નૂર અને પવિત્રતાની ખાણ;
કુર્આનના ભેદોના જ્ઞાની, નૂર મૌલાના કરીમ.

૧૧૯) **ચશ્મે દિલ બગુશા, વ બર્ક રુઇ ઝેબા યશ્બે બીન;**
**તા શનાસી જાને જાનાન, નૂર મૌલાના કરીમ.**
ઓ પામર જીવ ! દિલની આંખો ખોલ અને તેના સુંદર મુખનું નૂર તો જો કે જેથી તું આત્માઓના આત્માને ઓળખી શકે, તે છે નૂર મૌલાના કરીમ.

૧૨૦) **ઝાહિરન આલે મુહમ્મદ હમ અઝ અવ્લાદે અલી;**
**અકમલો અશરફ ઝ ઇન્સાન, નૂર મૌલાના કરીમ.**
જાહેર રીતે તે આલે નબી ઔલાદે અલી છે; પણ માનવીઓમાં પરિપૂર્ણ અને સર્વ શ્રેષ્ઠ છે, તે છે નૂર મૌલાના કરીમ.

૧૨૧) **રહબરે ઇસ્લામ, ઇમામે મા, શનેએ દીન, નૂરે હક્ક;**
**શાહે મરદાન માહે ખૂબાન, નૂર મૌલાના કરીમ.**
ઇસ્લામના રહેબર, અમારા ઇમામ, દીનનો રણકાર, હક્કના નૂર (સત્યનો પ્રકાશ) માનવીઓના શાહ, સારા લોકોના ચંદ્ર, નૂર મૌલાના કરીમ.

૧૨૨) **ખાતિમે રૂહે સખી, વ જાને દિલ નૂરે ઉકૂલ;**
**મસદરે અકરામો અહસાન, નૂર મૌલાના કરીમ.**
ન્યાય આપનાર દાતા અને દિલનું જીવન, અકલોનું નૂર, કૃપા અને ઉપકારનું મૂળ, નૂર મૌલાના કરીમ.

૧૨૩) **જૌહરે રૂહ મુકદ્દસ, ગૌહરે અમ્રે અલ્લાહ;**
**નાયબ ફરઝંદે સલમાન નૂર મૌલાના કરીમ.**
પવિત્ર આત્માનું તત્ત્વ, અલ્લાહના અમ્રનું સત્વ, પ્રિન્સ અલી સલમાનખાન ના જાનશીન ફરઝંદ, નૂર મૌલાના કરીમ.

૧૨૪) **ઉર્વતે વુસ્કાયે કિતાબુલ્લાહ હબ્બુલ્લાહ બહક્ક;**
**મઝ્હરે આયતે રહ્માન નૂર મૌલાના કરીમ.**
અલ્લાહની કિતાબના મજબૂત હાથા, ખરેખર અલ્લાહની રસ્સી; આયતે રહ્માનના મઝ્હર, નૂર મૌલાના કરીમ.

**સમાપ્ત**

# ગીનાનના શબ્દાર્થ

૧

નૈનુસે-આંખોથી
નૈન-આંખ
સનમુખ-સામે
સુરત-ચહેરો
નીર-પાણી
ચંચલચાલા-ચપળતાથી ચાલવું
છેલછબીલા-ખુબસુરત, નટખટ
જોબન-યુવાની
મતવાલા-મસ્ત
અલબેલા-મોહક
મયા-દયા, રહેમ
રમ્ઝ-ભેદ
કંથી સુણાયા-કહી સંભળાવવું

૨

અમીરસ-અમૃત
પ્રાછત-પછતાવો, પાપ
ચોખલા-સ્વચ્છ
ચિત-ધ્યાન
નોખલા-અલગ
કરતવ-કાર્ય
આછા-સારા
વૈકુંઠ-બહેસ્ત

૫

વેંધડા-પસાર થઇ રહ્યું હતું
સંધણા-જોડાણા
અરવા-રૂહ
મનહઠી - મનના ભાવથી દુર રહીને
રાજેધા સધડા-
સુઇધે ધકે વીચ-સુઇના વચ્ચમાં રહી
હસ્તી માવણા-
સફાયત-ભલામણ, સીફારીશ
ઢકીયો-ઢાંકેલો
લોણે-જીવન ગુજારે
હલત્ર-હમણાં
પલત્ર-પળમાં, પાછુ
આપ મુરાદા-પોતાની ઇચ્છા
શુરો-બહાદુર, હિંમતવાન

૬

શબ્દ-વાત
સુઘડ-સ્વચ્છ
કીસીકી-કોની
બેટી-દિકરી
સાડા-વસ્ત્ર
નાડા-દોરી
ચિતદે-ધ્યાનથી
જારી-પીરસવાનું સાધન
દોરીયા-દોરી
ઘડુલા-ઘડો

૭

સાર-સારાંશ, તત્વ
પ્રાછત-પાપ
થાવર-શુક્રવાર
સીદક-ઇમાન
હોંશ-ભાન
ઓધરીયા-ઉગરી ગયા, પાર ઉતરવું

૮

સભાગા-ભાગ્યશાળી, પીર શખ્સનો મુરીદ
નાલ-સાથે
ગૌવા-ગાય
તતીયા ચંભીયા-ગરમ થાંભલો
ધાધો ધાધ-ખૂબ જોરથી
ભરધે-પામીશ

૯

સફાયત-ભલામણ, સીફારીશ
ઢકીયો-ઢાંકેલો
લોણે-જીવન ગુજારે
હલત્ર-હમણાં
પલત્ર-પળમાં, પાછુ
આપ મુરાદા-પોતાની ઇચ્છા
શુરો-બહાદુર, હિંમતવાન

૧૦

અઝા-ઘેટું
ભરમ-ભ્રમણા,
અવિદ્યા-અજ્ઞાનતા, શક
ગિરભ-અભિમાન
વિદ્યા-જ્ઞાન
દિલકી ગાલી-દિલની વાત, હકીકત

૧૧

પતીજણા-માનવા
દાયમ-હંમેશા
પીરન-પીર
ચાંદરુણા-રોશની
આધાબી-અદબથી
ઢોઇ-બેસાડવું

૧૨

અબધું-ઇબાદતી, એ બંદા
જુગત-દુનિયા
જોલ-જોળી
ડંડા-લાકડી
મુંદ્રા-કાનમાં પહેરવાની બુટી
અબધુતા-મસ્ત દરવેશ
ભભુતા-રાખ ચોળનાર
અવરથ-બીજો

૧૩

મહાલજો-સુખ ભોગવવું
સુરતી-ધ્યાન
સોહંગ-ખુશ્બું, ઇશ્ક
દુરીજન-ખરાબ માણસ
મુંઢમતી-બુદ્ધિ વગરના
સોંઘો-સસ્તો

૧૪

સુફલ-સારા ફળ
હિન-આવા
ભાવ-પ્યાર
લુણીધા-મેળવશો
નુગરે-ગુરૂ વગરના
પુઠીઅડે-પાછળ
સમરલેના-યાદ કરી લેજો
ખોખરી-શરીર, ખોળ્યું

૧૫

જંત્રી-તાલ, વાજીંત્ર
વાગા-વાગ્યું
વાજા-વાજુ
રૂખી-મોમન
ભૂપાલ-રાજા
પયાલ-પાતાળ
રૈયત-લોકો
સારંગ પાણ-રાજા

૧૬

હિરખ-પ્રેમ, દિલ
સુમન-સારી બુદ્ધિ, જ્ઞાન
ગીરઇયા-લાગ્યો
સહેલ-પ્રવાસ
ઝીલીયા-નાહ્યા

૧૮

વિરત-વ્રત, ટેક
પાવલ-નિયાઝ
સુતક-મેલાઇ, નાપાકી
નિરવાણ-ચોક્કસ

૧૯

કંથે-કહ્યું
વારોઇવાર-વારંવાર
તતખેવ-તરતજ
શીએ કાજ-શા માટે
ઠાકર દેવ-હિન્દુઓના દેવ

૨૦

પ્રેમ પાટણ-પ્રેમનું શહેર
મનસુધ-શુદ્ધમન
રદિયાદે-દિલ
પંચવીર-પાંચભાઇ
પોઢાડયો-સુવડાવ્યો
પાનો ચડયો-ધાવણ ભરાણુ

૨૧

અભિયાગત-મહેમાન
ભરખિયું-ખાધું
કંચોલો-પ્યાલો
સંદુક-જનાજો, પેટી
હાલણ વેળા-મરણનો સમય
સાબદી-તૈયાર
દરગે-કબ્રસ્તાન
ભરેશ પતવાર-ગુરૂવાર
કાંધી-કાંધ આપનાર

૨૨

ભમરડો-ભમરો
જટણ-બળતરા
બીધુ-રીતે
પતણ-પારખવાનું
બેડીયા-નાવ
તુલહારીયા-વજન કરનાર
હેલે હોલે-

૨૩

રાસ-લગામ
બેપડ-બેજોડી
રાતા-લાલ
સમરણી-વાવેતર કરવાનું સાધન
વરત-દોરડું
નિંદામણ-નકામું ઘાસ
સાવજ-વાજુ, અવાજ
અહોનિશ-રાત દિવસ
ધોરી-રખેવાળ
ઉપના-ઉત્પન થયા

૨૪

નીમ-લીમડો
સુગંધા-સુગંધી
પીવ-મૌલા
રયણ વીયાણીયા-રાત પસાર થઇગઇ
પદુંતરો-જુદો
નેહ-ઇશ્ક
અહોનિશ-રાતદિવસ

૨૬

વણ સમજ્યા-સમજ્યા વગર
બોધિયે-ઉપદેશ

૨૭

વહોરી-પસંદ કરીને લેવું
અલગા-અલગ, દુર
ઉપાયા-ઉત્પન કર્યું
નિપાયા-નિભાવ કર્યો
માનખો-માણસ
મરમ-ભેદ
અલખ નિરંજન-ખુદા

૨૮

ગુર બિરમા-નબી મહમ્મદ
નુગરે-ગુરૂ વગર
શિષ-માથું, અક્કલ
બેલી-તારણહાર
પતીઅણા-ઓળખવું
નિલાડ-માણેક
બાના-બહાનું
આરાધો-ઇબાદત કરો

૨૯

પહોરા-વારો
કેતેક-ઘણાં
પીછાણો-ઓળખો
જામેઠોર-ચોક્કસ જગ્યા
રળિયા-આનંદમય

૩૦

બેર-વખત
અદલ-ઇન્સાફ
આલમ-આલીમ
બેકોલી-કોલ આપીને ફરી જનાર
કલંદર-દરવેશ

૩૧

પોઢયા-સુવુ
સહસ્ત્ર-હજાર
નવશાબાલ-નાનુ બાળ, વરરાજા
સિંચાડા-પાણી પાનાર
હરીયાલા-લીલું
બીજોરા-એક જાતનું ફળ
પરમલ-સુગંધ
જમ-મોતનો ફીરસ્તો

૩૨

થળ-જમીન
મૂળ મંડળહાર-તારા મંડળ, ગ્રહો

૩૩

તાયત-ઇબાદત
બુજે-ઓળખે
ખાલક-ખુદા

૩૪

હથી હથી-હથેલીમાં
પરબત-પહાડ, પર્વત
તોલંદે-તોળવું, હાથમાં લેવું
જોધે-વિરલા
મટીરલે-માટીમાં મળી ગયા
ગીરભ-અભિમાન
હર ભજલે-ખુદાને યાદ કર
ગીરોહ-કોળિયો
ગાફલ-ગફલતમાં પડેલ
ગાડદે-કબ્રસ્તાનમાં દફનાવી દેવું
પહેનતે-પહેરવું

૩૫

અબુજ-ના સમજ
બુજે-સમજે

મુગતા મારગ-મુક્તિનો મારગ
હીરડા-હીરા
વીચ વીચ-વચ્ચે વચ્ચે
સોહોદેવ-દેવોના દેવ

૩૭

શ્રેવો-ઇબાદત કરો,
બાના-બંદા
ફાની-નાશવંત
લાદાણું-વિદાય થવું
હીઅસા-આવા
વિછુટા-જુદો પડયો
કરાર-શાંતી
પાંધી-પગે ચાલનાર મુસાફર

૩૮

મુસે-હ. મુસા
ખેણ-ખાવાનું
રજક-રોજી
કાસા- પ્યાલો
લાલી-નોકરાણી
વાસા-વાસી
અવાસા-તાજું
ભીરખ-ખોરાક
અભીર-
ઉઇ-એજ
ગરાસા-કોળીયો

૩૯

અવલ-પહેલું
આખર-છેલ્લું
અંદેસા-ફિકર, ડર
આગમ-પહેલેથી, અગાઉથી

૪૧

સીરેવો-સેવા કરો, ઇબાદત કરો
અવીગત-જેની કોઇ વીગત ન હોય
ભુત-ખોટા ખ્યાલ, અજ્ઞાનતા
સેજ સમાવ-
જપતપ-ઇબાદત
તીરથ-તીર્થ
વરત-વ્રત
ઉપવાસી-ઉપવાસ
મતસર-
પાખંડ-ઢોંગ
પીંઢ-શરીર
પખારે-ધોવે
ચૌદીસ-ચારે દીશા
નીહારે-જોવે
મીથ્યા-ખોટું
જાુગતી-યુક્તિ, કળા
જોગ-ઇબાદત
લોચન-આંખ
ગતી-વેગ
સુરસુંસીંગી-મીઠા અવાજે બોલવું
ઝુઝે-માથાકુટ
શુધ-ચોખ્ખું, સ્વચ્છ
તંતવ-તત્વ
આછા-ચોખ્ખા
નીરમલ-સ્વચ્છ
સુરત-ધ્યાન
નીરત-ઇશ્ક
બીંબ-પ્રતિબીંબ
ભાસેજી-દેખાય

૪૨

ગત-ભેદ
નાદ-અવાજ
ગગન-આકાશ
ભેલાણીજી-મળી ગઇ
ખોજત-શોધવું
સુરીજન-મોમન
મુનીજન-મોમન
સનકાદીક-એક નામ
નિગમ-પરલોકનું
નેતીનેતી-ઇશ્કથી
ગાવે-રાગથી બોલે
ભણતા-શીખતા
પુરાણીજી-પુરાણના અભ્યાસી
શુધ-સમજ
અગમ-બુદ્ધિથી પર
અગોચર-ઇન્દ્રીથી પર
અપરમપાર-અપાર
નીરગુણ-ગુણ વગરનું

૪૩

આદ-શરૂઆત
અલખ-લખી ન શકાય તેવું

અગીયા-આગળ
ચઇતન-ચૈતન્ય
તેજ-પ્રકાશ
પરમાણ-સાબિતી
તેજ બીંબ-પ્રકાશ
જળહળે-પ્રકાશે
શેશતર-હઝાર
માયા-ઇશ્ક, હેત
અકળ-કળી ન શકાય તેવું
નકંલકી-કલંક વગરનું
પહોર-એક સમય

૪૪

અવલ-પ્રથમ
જંપુદીપ-હિન્દ-પાક. પરવરીયો-ફેલાવો
ધીયાવો-માનો
કરતવે-કાર્ય
આગમએંધાણ-ભવિષ્યવાણી

૪૫

આલમોત- કીલ્લાનું નામ
ઘડુલો-ઘડો
ઇન્ઢોણી-ઘડો ઉપાડવાં માટે માથે
રાખવામાં આવતું ગોળ કપડું
નવસરો-નવલખો
લોકડીયા-લોકો
એમણા-એક નામ
અવાસ-ઘર
સારદાર-શાનદાર
બાજોટ-પાટલી
કેવડીયાના પાન-એક જાતની વનસ્પતિ
બાજલા-પાંદડાની બનેલી થાળી
અંતીત-મહેમાન
નીલજર કાપડો-સુંદર કપડું
અકારી-અમારી
કોયલડી જુઆર-જુવારની એક જાત

૪૮

કેડીયું-ઇમારત
અડાઇયે-ચણવું
માડીયુંરે-
કેડા-કેવાં કેવાં
ખટણહારા-લાભલેનાર
સુજાણી-જાણકાર

નાવડીયે-નાવ
હંસા-રૂહ

૪૯

પરતક-સામે
નીરાકાર-આકાર વગરનું
ઠાઠ-દેખાવ
વેળા-સમય
બુધ-બુદ્ધિ
કાસલ-કાળાશ, મેલ
અંબર-આકાશ
સનમુખ-સામે
જોધ-યોદ્ધો
હાળ-નુકશાન
વીખ-ઝેર

૫૦

સોવણ-ઉંઘવું
વસમો-દુઃખદાયક, મુશ્કેલ
કેડે-પાછળ
મમ રાખો-મન રાખવું
અહોરંગ-ખુશી
સીજે-થવું
રીજે-રાજી થાય
લોડીયો-મેળવો
વીગુતા-જુદા
વીમાસણ-ચિંતા
દાઢો-દિવસ
નેહણે આવે-જોવામાં ન આવે
મહીયર-પીયર
કાલબ-અસલ
નફસા નફસી-પોત પોતાનું

૫૧

ઉણીયા-અધુરા
હીણાં-ઓછા
મેડો-મેળો, માણસો
થાન થાનેતર-જગ્યા, જગ્યાએ
આરાધ્યા-શ્રેવવો
હેમાલે-હિમાલય
હાડ-હાડકા
હાલ-હમણાં
વાયેક-ફરમાન
કળતાર-કલજુગ

૫૨

હંસા-જીવ, રૂહ
ત્રીવેણી-ત્રણ નદીનો સંગમ
બુધ-અક્કલ
સુરતી-ધ્યાન
પ્રેમનો પલીતો-પ્રેમનો દાગ
દાગીજે-દાગ
ધીરપસું-ધીરજ
વીખીયાનો વેલો-ઝેરી વેલો
ઇન્દરા ફલ-એકપ્રકારનું ઝેરી તડબુચ
ગુણવંતા-ગુણવાન
પાંચે પાંખંડીયા-પાંચ કપટી

૫૩

ભણેરે-શીખે
આસા-સારા, ઉત્તમ
પેખે-ઓળખવું, જાણે
બુજો-ઓળખવું
ભાન-સમજ
ભોવરે-
જીવ-ચૈતન્ય
પીંડ-શરીર
શીવ-રૂહ
જુજવા-અલગ
સરભુશણ-
પરમાણરે-સાબીત
પદમ-પદ
સર-ઉંચ
પેખીએ-જાણે
એધાણ રે-આગમ વાણી
નિસીજલ--પવિત્ર
પુનમ કેરો ચાંદ-પૂરો ચંદ્ર
ઓછો રે-
લોપાયરે-લોભાય
સત પરમ આત્મા-ખુદા
વિશ્વપાલક-માલિક
શામને-કૃષ્ણને-મૌલાને

૫૪

વલોયાજી-વલોવવું
કીલતાર-કર્તા
રંઢજ રોલ્યાજી-

૫૫

કસણી-દુઃખ, કસોટી
ઉડન પંખી- ઉડતા પંખી
સતાવત-હેરાન કરવું

૫૬

અનહદ-હદ વગરનું
સુખમણા નાડી-સુક્ષ્મ મન
કંથો-કહો
બોણ- ફરીથી
ભવસાગર-દુનિયા

૫૭

જતન-સંભાળીને
શાયર-દરિયો
દોએતડ-બન્ને બાજું
છતે હુતે-હયાતીમાં
સુકરીત-સારું કાર્ય
પરહરો-છોડવું
વોરંતીયા-ખરીદવાવાળા
જાજ-જહાજ
છીતવાને-ફસાવવું
મછ ગરોગર-
પરલે-બીજે
બેડી-નાવ
છલીયો-વ્યાપક

૫૮

મુરાદા-પોતાની ઇચ્છા
ફંદ-દગાબાજી

૬૦

અમીરસ-અમૃત

૬૩

હઇડે-દિલમાં
આગાને-મૌલા
ટોપે-ટોપી ઉપર
આગેરો-આગળ
બેડીએ-નાવ
તંબોલી-પાનવાળો
જુગતે જડયા-યુક્તિથી બનાવું

૬૪

અજા-બકરો

૬૫

બાલી-કુંવારી કન્યા
વાલી-ધણી

૬૮

અંતકાળે-છેલ્લા સમયે
વસંતો- વસતો હતો
કલરેવાડીમાં-કલજુગમાં
ધુસાસા-નિરાશા
ધાહો-રાડ પાડવી

૬૯

પંજભુ-કામ, ક્રોધ, લોભ, મોહ, મદ
ડગલડા-ડગલું
પારધી-શિકારી
હયડું-હૃદય, દિલ
પરવસું-બીજાથી
ફાંસ-ફાંસો, જાળ
વસિયરલો-સાપ
કરંડીયા-છાબડી
ઉદર-પેટ
ખુધીયાસું-ભૂખ
ભીખાણોજી-વેચાણો
નયન- આંખ
જલાણોજી-પકડાણો
ગીરહેયોં-ફસાણો

૭૧

મનધા-મનનું
સાચું સીધક-સાચું ઇમાન
ઓંજીરે-મુશ્કેલ
સંધજી-છેલ્લે
સેંસા-શક, વહેમ
ધીરજી-સબર

૭૩

ટાઢું ટાઢું-ઠંડું-મીઠુ
રીદે-દિલમાં
સાધને-સંત પુરૂષ
કમલ-કમળનું ફુલ
લોકસું વહેવાર-લોકો સાથે વહેવાર
ઉણાચાચારી-અધુરા

૭૪

સધારે-વિદાય
વિછુટા-જુદા
ભીરમંડલ-ભ્રમાંડ
ફુલોકી છાંયા-ફુલોનો છાયડો
વરણાવરણ-પ્રકાર
પીંડ-શરીર
હઝરત-હાથે, પોતે
નીરવાણ-ચોકકસ

૭૫

ખણમેં કીના-પળમા કર્યું
રવી રસ ભાણા-સૂર્ય અને ચંદ્ર
ધીયા-પુત્રી
સમરથ-બળવાન
આગો-આગળ પડતો
પાગડે-પાઘડી

૭૬

તીલભાર-તલભાર
તુલણા-તોળવું
ખનેકી ધાર-તલવારની ધાર
દીણાં-આપવું
પીંડ સવારથ-શરીરનો સ્વાર્થ
ઢુંઢણા-શોધવું
રઇયણકા સપના-રાતનું સપનું
ફઝલ-રહેમ

૭૭

અંધારી- દિદાર વગરના
દિદારી-દિદાર કરેલ
એષ્ટ-આઠ
આદઉણાદ-શરૂઆત અને તેના પહેલા
ઉતપુત-અજાયબ
કલપ ધધુંકાર-એક સમય પહેલું
પાછમેથી-પાછળથી
વાજશે તંબલ-તબલું વગાડવું

૭૮

દિલના દગા-દિલનો દગો
સુબહાના-પાક, ખુદા
જંત્ર-ચામડી
સાણસીયે-પકડ

૭૯

દીવડા બત્તી-દીવો
કોણાં-
અશટ-આઠ
અપરમ પરસું વીધાણા-ખુદાના ઇશ્કથી વિંધાવુ
ગીરથ-ઘી
પખારી-સાફ કરવું
રાહોરંક-રાજાને રૈયત

લપટાણા-લપેટાવું
બાની-બંદી, ગુલામડી

૮૦

ચલત્ર-ચલિત્ર
સપનાતરનું-સપનું
પેખણું-જોવું
પુતર-છોકરો
ધીયર-છોકરી
બંધવા-ભાઇ
મદ-અહંકાર, અભિમાન
વજરભીંત-લોખંડની ભીંત

૮૧

ભરમે-ભ્રમ
ભેજો-ભેજું
જુમલોજી-જમાનાના માલીક
ગતીઉ-જમાત

૮૨

દાડહોરે-દિવસ
કસમલ-મોટા
સતગુરસું-સતગુર
બારગુરસું-૧૨ કરોડના તારણહાર
ધુતારો સંસાર-લુંટનાર સંસાર
ઠગારો સંસાર-ઠગનાર
પરલે-પાછળ
સુકરમ-સારા કાર્યો
દેલમ-દેશનું નામ
પરબત-પર્વત, પહાડ
ઘાટજી-ખીણ
તરોવર-ઝાડ
હીણાંજી-લાચાર
ભુલાભમે-ભુલેલા
ચોવટડે-ચોવટે
શામલી બજારે-બજારનું નામ
આલેકાંશે-
નીલવાંશે-
ચોરી ચીત્રાવી-લગ્નના કપડાં મંગાવવા
લગન-શાદી
પશુજીવડા-જાનવર જેવા માણસો

૮૩

ચરજ-સ્થિર
હંસલા-રૂહ
મોતી-માણેક
ચુણે-ખાવું, ચરવું
આહાર-ખોરાક
કંચોલો-ઘડો
અજબ-નવાઇ પમાડે તેવું
રૂપ-સ્વરૂપ
અમી-અમૃત, નુર

૮૪

ધંધુકાર-દુનિયાની ઉત્પતિ પહેલાનો સમય
સાંખ-સાબિતી
પીંડભાગા-મરણ પામવું
ધરમ સીર લાગા-ધરમ કામે લાગે
ગંધેરી-ગંદી
ઉથાપ્યા-અવગણના
વાયકે-ફરમાન

૮૫

પોપ વેળા-નુરની વેળા
રયણ વીયાણીયાજી-રાત વહી ગઇ
અભીયાગત-મહેમાન
ખટઘડી-છ ઘડી,
વીરલે-સુરા,વીરલા
સતકેરી વાટ-સાચ્ચો રસ્તો

૮૬

વારો-રોકો
અર્ધા જનમારો-અડધી જીંદગી
માલો-ભોગવો
ખણાખણ ખુટે-પળ પળમાં ખૂટે
વીખના વિરોધ્યા-ઝેર પીવાવાળો

૮૭

દોયલો-મુશ્કેલ
બેસણાં-બેસવું
કંઠલડી-કંઠી
રૂડા-સારા
કાયા પીઢી-શરીર

૮૮

પરતક વિલોણી-પ્રત્યક્ષ
ફાંસ-ફાંસો
સેંસો-શક
ટીંગાયરે-ટીંગાવું
મુક્તા ફલ-મુક્તિનું ફળ
પાંજર-પાંજરૂ
આણારે-હુકમ

ભરમ-ભ્રમણા
ફેરા-ચક્કર
વાંઝ-બચ્ચાં ન થાય તે
જાતક જોતક-લાડકોડ
જોગણીયું-જોગણી, દેવી
છાપા- છાપ મારવી
રાંક-ગરીબ, નામર્દ
હસ્તી-હાથી
ચમર-પડદો
પાલખી-બેસવાની
ધોરી-બળદ
ધાંસરૂં-બળદના કાંધ ઉપર
મુકવામાં આવતું લાકડું
ઝાંઝવા-દ્રષ્ટિ ભ્રમ
મનછા સરોવર-મનની ઉમેદો
માક મોટી-ઝાકળ
અડવાણે-પગરખાં વગર
હોંસરે-ઉમેદ

૮૯

આરતી-વેનંતી
ચમર-રોશની

૯૦

હેજે-જે લોક
વણજારાજી-વેપાર કરનાર
સીભાણા-પસંદ પડયા
ઢોલને ધધાંમાજી-મસ્તી
જુલન નિશાન-આવવાની નિશાની
મસાણ-સ્મશાન
કુડા-ખોટા
છોતીઅડે-અપવિત્ર
લીઅણાં-લેવું

૯૧

દળ-લશ્કર
મીંજારીયાજી-અંદર
દાતારીયાજી-દાતાર
તુરીંગ તોખારીયાજી-ઘોડા ઉપર સવાર
ચમર ઢળાય-પડદો
દેરડી-ડેરી
કનક સોનારીયાજી-સોનું ઘડનાર
મુંદરી-કાનની બુટી

૯૨

ચોક-ચાર રસ્તાનું મિલન
કલસ-કુંભ
નઇડે-
રૂડા સાધ-સંત
રૂડા સંત-સંત પુરૂષ
દીસતણારે રૂડેરા દીસે-સારા દેખાય
બોલતણાં-બોલવું
જુમલોજી-જમાતના માલિક
સરવણે-કાનથી
દોયેલડા-મુશ્કેલ
સુધ લીજેરે-સમજ

૯૩

પીંડત-શરીર
અનહદ-ઘણું
બહોડ-વધારે

૯૪

બેડીયે-નાવ
મતીલા-મનનું માનનાર, જીદ્દી
હઠીલા-હઠ
વીંગુતાજી-છુટા
સીયાણાં-
મુળગા-
મહાદન-કયામત

૯૫

બ્રીન્દ્રારે વન-લીલું વન
ગાવંત્રી-ગાય
ચુસણીજી-રખેવાળ
ધામ-ધીરજ
હીંચોલે-હીંચકો
ભરખો-ખાઓ
સુધ-સમજ
બુધ-અક્કલ
સુધો-સાચો, સીધો

૯૬

ત્રાટી-જનાજો
ગીરભ-અભિમાન
નાતી-છોકરીઓ, દિકરીઓ
ના બાતી-ન બતી

૯૭

મહાપદ-મોટું પદ

નાભ કમળ-નાભી
સોહંગ ઉઠેરે-
હંસ-જીવ, રૂહ
ઇંગલા-જમણા નસકોરા વડે ચાલતી નાડી
પીંગલા-ડાબા નસકોરા વડે ચાલતી નાડી
સુખમણા-સુક્ષ્મ નાડી
મનછા મારીરે-મનને મારીને
જ્યોતી-પ્રકાશ
વંકનાડ મુકામ-પાછળનો રસ્તો
નીરત-ચોખ્ખું
સુરત-ધ્યાન
પરચો-મોજીજો
પાંચ કોષ પર ગામ-અંતરનું માપ
ભરમંડ-બ્રહ્માંડ
અરસ કુરશ-આસમાન, તખ્ત
ગમ-જાણ
અનામી-નામ વગરનો
અલખ-લખી ન શકાય તે

૯૮

ઓધાર-ઉધ્ધાર
સેજ-બીછાનું
પલંગ-ખાટલો
અંગડામાં-દિલમાં
વીરેહ-જુદાઇ
વાલમ-પ્રીયતમ, વ્હાલો
સુધીર-સારો, ધીરજવાન
ખલકશહાર-પેદા કરનાર
બાંહ્ય-હાથ

૯૯

ગોઠડી-દોસ્તી
નીતોનીત-હંમેશાં
દોહાગણ-પતિ વગરની
સોહાગણ-જેને પતિ હયાત હોય
નવશા-વરરાજા
અવીચલપદ-અમર પદ
મુગતાઇરે-મુક્તિ
સરવે સાધ-દરેક સાધન
સત-સાચું
ચીત-ધ્યાન
આનંદ-ખુશી
સરિતા-નદી
સાયર-દરિયો

૧૦૦

ગતના મેળા-જમાત
જમના હેરા-મૃત્યુનો કાળ

૧૦૧

સતના સરોવર-સતનું સરોવર
અમીજલ-અમૃત
હેતા રસ-હેત, ઇશ્ક
જીલવાને બેઠા-સ્નાન કરવા બેઠા
તડોતડ-તરતજ
સાર પીઓ-તત્વ પીવો
વીખે રસ ઢોળો-ખરાબ ફેંકી દો
અદકા-વધારે
આછીઆછી-ઉત્તમ

૧૦૨

ગાફલ-ગફલત
નેનું-આંખ
પુતલી-પુતળુ
શશીઅર-ચાંદ
કોટકોટ કુંભ-કરોડો કુંભ
ખાસેરે-
નેડાને-પાસેનું
પારસ-પારસમણી
સોવન-સોનુ
અલખ વડો-મોટો

૧૦૫

ઉમાયો-આવ્યો
દીઅણીયે-
કેશવા-કેમ ટકી શકાય
લોડીએ-ત્યાગ કરવું
ગજા-હાથી
તંબલ-નગારું

૧૦૬

જંગી-મોટા
વજાવે-વગડાવે
ચાંદુડે-રોશની
નમણી-નમ્રતા
ખમણી-ખમીયા
બીરાના-વેરાન
કાંય ધન સંચો-શું ધન ભેળું કરો છો
માલ ધન હુઅડા-માલ મિલક્ત
હુઇરે ચોબારી-ચારે દિશા ખુલ્લી

ખેત્ર ખણસલા-વેરાન ખેતર
રીડી ભીડી-મળી જશે
લાધા-હાંશલ કરવું
કલર-કીડા

૧૦૭

સુન સુન-કંઇ નહિ, શૂન્ય
સાંહીયા-સાહેબ
પઇયાં-પગ
પાઉ-પગ
તેલ કંગઇયાં-તેલ અને કાંસકો
તળાઇયે-ઢાળવા
ઢોલીયો-ખાટલો
પોઢણ-ગાદલું, સુવાનુ
વાહો-પવન
મંગલ-શુભ

૧૦૮

શરીઅત-ધર્મના જાહેરી કાયદા કાનૂન
ખલીફા-બાદશાહ
ભીગોવે-ભીંજાવુ
હીરસ-તૃષ્ણા
મુનાફક-દીનમાં રહીને દીનનો દુશ્મન

૧૦૯

ફીરનતી-ફરતી, બદલાતી
જીએ દીંઅ ચાર-ચાર દિવસ
સજણ-સારો માણસ
ભવનીસ લંગીધા-ભવ પાર ઉતરવું
રંગ કસુંબો-કસુંબાનો રંગ
કસીધો-તોળશે
વારા નીકી વાટડી-
મહેરી-પત્ની
નાઠી-ભાગી ગઇ
પાણસે-પોતાના સાથે

૧૧૧

સીભું-સવાર
આરતી-વેનતી
સોહોદેવ-પીર સદરદીન
અજંપીયા જાપ-ઇસ્મે આઝમ
એકોતેર પુરીયા- ૭૧ પેઢી
દયાલ-દયાળું
અકળ સ્વરૂપ-કળી ન શકાય તેવું રૂપ
લાજે-શરમાય

ખટ દર્શન-છ દર્શન
સુન-કાંઇ નહિ, શુન્ય
સતપંથ-સાચો ધર્મ
મરમ-ભેદ

૧૧૨

રાઝ-ભેદ
કાજ-કામ
સ્નેહ-પ્રેમ
સીર બંધી-આધિન થઇ જવું, માથું આપવા બંધાયેલ
દસંબંધી-ચોખ્ખી દશાંદનું ધ્યેય
સુધીર-ધીરજવાન

૧૧૩

પાંચ સખી-પાંચ મિત્રો
વાલમો-પ્રિયતમ
ચતુર સુજાણ-હોશિયાર
જીત-જીવંત, ટકેલું
સાખી-સાક્ષી

૧૧૪

ત્રિભોવર-ત્રણ ભવનનો નાથ
એમું અલ્લાહ-અલ્લાહ
કેડો-કેમ
નીઆરીએ-જોવું
રત્નાકર-દરિયો
તુલેસી-તોળવું
નીકી-બારીક
ખનેઆ તીખી તેજી- તલવારની ધાર
લંગીધા-પાર ઉતરવું
કીરત-ક્રીયા

૧૧૫

વાણોતર-નોકર
વણજ-વેપાર
ઘોર અધોરમેં-અજ્ઞાનતામાં
વીઘને-મુશ્કેલી
અણ ચીંતવ્યા-જાણ વગર
મોટેરો હાટ-મોટી દુકાન
ત્રાજવા-તોલ કરવાનું સાધન
દાંડી-લાકડાની દંડી
પાસન-ફરક
કાટલા-તોલ માપ
વાયું-પવન

૧૧૮

રવી-સુરજ
પરહરો-ખતમ કરવુ, દુર કરવું
કીડી કુંજર-કીડી અને હાથી
સરાચર-ભરપુર
થાવરજંગમ-સ્થાઇ મિલ્કત

૧૧૯

બલીહારી-વારી જવું, ફીદા
વિછોડા-જુદાઇ
પોતી-પુરી થઇ
મેદની-જમાત
મેડોમીલે-ભેગા મળે વોહણા-વગર
લુણીયો ખેત્ર ન ટોઇયે-પાક લણેલા
ખેતરમાંથી પક્ષીઓ શું ઉડાડવા ?
રૂએ બાલા પુંબડા-માસુમ બાળક રોવે
રૂખડા-એક ઝાડ
હલકારા-સંદેશ વાહક
બુટીયા-જડી બુટ્ટી, હકીકી સમજ

૧૨૦

પતિલાય-વિશ્વાસ કરવો
બુજરગ-મહાન, મોટો
ઘોર અંધાર-અજ્ઞાનતા
નુર અંતર આયે-દિલમાં નુર આવે
શાન-સમજ
ગ્રત-ઘી
બુડા-ડુબ્યા

૧૨૧

ફાની-નાશવંત
સત ભાવસું-સાચા ભાવથી

૧૨૨

હંસપુરી-રૂહાની જગત
બાજોઠીયા-પાઠ
રેલ-રેલાઓ
છેલ-આનંદ, મોજ, મજા
દમસર-શ્વાસોશ્વાસ સાથે
મરુઆની-મરવાની
મહાજન-શાનદાર, ભવ્ય
ત્રિધારો-ત્રણ ધારવાળું
દાણવ-શેતાન
કાઢશે સાસ-મારી નાખવું
વાચેક-ફરમાન
જેહ-જે માણસ

૧૨૩

કલપ-એક સમય
પરીયાણજી-પેદા થવું
અરદાસ-વિનંતી
છત્રીસ જુગ ચોરાસી ચોકડી-ચાર
જુગ પહેલાનો સમય
ઇંડ-ઇંડુ
સીતેજખાણ-માટી-પથ્થરની ખાણ
ઉદભોજખાણ-વન્સપતિની ખાણ
ઇંડેજખાણ-ઇંડામાંથી પેદા થતા જીવો
જરેજખાણ-જાનવરના અવતાર

૧૨૪

ખસમ-ધણી, માલિક
અવીચલ-જે ચલીત ન થાય તેવું
બાજી-ફરેબ
બુજો-ઓળખો
મુશરક-કાફર
લોહ કલમ-ભેદ.
લેખા-કાર્ય
ગંદુમ-ખરાબ
કનીક દાના-ઘઉનો દાણો
સગ પોશકી-કુતરાની ચામડી
મીસક-પાણી ભરવાની મસક
સીર-માથું
ધડ-મસ્તના નીચેનો ભાગ
કુંચી-ચાંવી
પતીઅણા-ઓળખવું
દાવેપડીયા-દુશ્મની

૧૨૫

આદમ- પ્રથમ પુરૂષ
અરૂપ-રૂપ વગરનું
નરગુણ-ગુણ વગરનું
રૂપ-જીસ્મ
જોડજોડાવો-મીલાવો
સુનકાલ-એક સમય
ચલત્ર-ચલીત્ર, નાટક
જુમલે-મોમન,
કલપ-ચારજુગ પહેલાનો જમાનો,
જખ, મેઘ, કીનર-માણસ જાત
પહેલાની રૂહાનીઓ
સુધા-સાચા
હેલ-ઉમેદ

અરૂખડી-કાઢવું, જુદું કરવું
કર-હાથ,
પરીબ્રહ્મ-આત્માનો ઉપરી
અરૂપડી-રૂપ વગરની
અંબરઆભુષણ-ઘરેણાં, શણગાર,
વિરેહવંતી-જુદાઇમાં દુઃખી
દોયતડ-બે બાજુ
સાર-સંભાળ
વણસી-સ્પર્શ કરે
સુજેરે સુર- સમજાય
હઇડો કુટીને-રડાવીને
વળગું-પકડી લઉં

૧૨૬

ખડેરે ઉમાયો-પાસે ભેગા થવું
કનક-સોનું
હર દોય-દરેક
માહાવ-મોટા
મુકુંદ મુરારી-માલિક, ભગવાન
ત્રુઠે-રાજી થયે, થકી
નવનંદ-નવો આનંદ
છલ-કપટ

૧૨૭

બી શાહીયા-ઓ સાહીયા
તો સેથી-તારાથી
લગડીરે-લાગી ગઇ
આન મીલો-આવી મળો
વસીલો-વસી, ગાદી વારસ
વરદીનું-વરદાન આપવું
દેહ પદેહી-દેહી છતાં વીદેહી
આસ પુની-ઉમેદ રાખવી

૧૨૮

ઓહંગ-આદિ શબ્દ
નમો-નમવું
આદેસ-હુકમ
દંડવત-ચિત્તથી સુઇને પગે લાગવું
આયાન છોડું-આવેલું ન છોડું
અબધુત-બંદા
છોતી- આભડ શેટ
જુગતકી રાણી-દુનિયાની રાણી
જોતી-જયોત
કોણસો-કોણ

પીંડત-પંડીત
નીવાલા-કોળીયો
જનોઇ-ક્ષત્રિઓ બ્રાહ્મણ જે ગળામાં
ડાબેથી જમણી બાજુએ પહેરવાની દોરી
ધોતી-ધોતીયું, વસ્ત્ર
પોથી-કિતાબ
અગમ-બુદ્ધિથી પર
નિગમ-પરલોકનું
અખંડ-ખંડીત ન હોય તેવું
દોદીશ ધાવે-બે દિશાએ ફરે
તીરથ-જાત્રાનું સ્થળ
મમ-મારું
ખટ દરશના-છ પ્રકારના દર્શન
કેતા-કેટલા
ગગન-આકાશ
અંતર તારે-
અલકુલ તારના-અસંખ્ય તરવું
આગુ આગુ-આગળ આગળ
પરે પરે-દરેક હદથી પર પર

૧૨૯

અંતકાળ-આખરં વેળા
વાપરીરે-પ્રસરવું, આવી જવું
વેળા-સમય
મોરે-આગળ થઇને

૧૩૦

બહુ-ઉચું,
ચના-ચણવું
બાવરી-પ્રેમમાં પાગલ
બાલમ-વાલમ, પ્રેમી
સુરત-ચહેરો
અગર-અગરનું લાકડું
ચંદન-ચંદનનું લાકડું
સુફળ-સારા
પીંજર-પાંજરું, કેદખાનું,
બુજત-ઓળખે
તપત-બળતરા, વેદના

૧૩૧

કલપત-કલજુગ
જલપત-જલ ભરેલું
મોહી-માયાનું

ફઝલ-રહેમ કરો
કાર-કામ
પનાહ-શરણમાં

૧૩૨

સુલી-શૂળી
સાચરો-પચારી

૧૩૩

ખડીયા-ઉઠતા
પડીયા-ચાલતા
મેદેભાઇવે-મારાભાઇ
જરમે ભલમે-
લતુ-તક, મોકો
રાધેધા-
અકાઅંબા-
ઢાખા રૂહીઆ-
લંગાયસી-પાર ઉતારશે

૧૩૪

વસ્ત-વસ્તુ, ચીજ
એક કણ-એક દાણો
પલત્ર- પળ વારમાં
પતીજીએજી-ઓળખીએ
ખુવારીજી-બરબાદ
કંચ-કાચ
હટી-દુકાન
વખર-સામાન
તીન સાણ- તેની સાથે
ભંડાર-સંગ્રહ સ્થાન
સીદક-ઇમાન

૧૩૫

થીરં-સ્થિર
રીઝન-રાજી
નીશ અંધારી-અંધારી રાત
હુઅડા-હુઆ
હીણી વીખડી-નાજુક
વણજ-વેપાર
વીની કંચ વણજન-કાચ વીણવા
પરખી-ઓળખીને
તીનસાણ-તેની સાથે

૧૩૬

લાખેણે ફુલડે-તાજા ફુલ
વણસશે-કરમાશે

મહાવૃત્ત-મોટું કાર્ય
તુંબા જારીરે-ભાંગેલી નાવ
જુપડા-શરીર
તતકાળ-તુરંત
હીચડે-આંધી

૧૩૭

ખાક-માટી
બાપડે-બીચારો
યાર-દોસ્ત

૧૩૯

ગીડે-લેવાથી
મોલ અડાયા-મહેલ ચણાયો
નીરતસું-હેત, નિયત
વેલડી-વહેલી

૧૪૧

ભરમે-ભ્રમણા
વાણ-વાણી
કાયા કેરો ઝુંપડો-શરીર રૂપી ઘર
મસાણ-કબ્રસ્થાન
શોણીત-લોહી
ઉપજ-ઉત્તપતિ
ઉંકળાટો-કચવાણ થવું
ધરતા અભેદ-અભિમાન ધરવું
કાયા કલેવર કારમી-કાયા દેખાવે
સુંદર લાગે છે.
ધુંધ-અંધાપો
લોચન-આંખ
સારમાં સાર-તત્વ
કાહાર-ક્રોધ, ઝેર
સરપની કાંચળી-સર્પની ચામડી
સુધ સાર-શુધ તત્વ
નિર્ગુણ-ગુણ વગરનું
બ્રહ્મ-આત્મા, નુર
તરલા-તરણું

૧૪૩

મગજ-તત્વ, દીન
લાધો-મળ્યો
દેતાસું-આપવાવાળો
આછેરો-ઓછું
શીતલ-ઠંડું
નવનાડ-નવનાડી

પ્રેમ હંસા-ઇશ્કી રૂહ
ગ્રહણ-લેવું
બેલી-સાથી
વીજોગણ-વીયોગી
ગગનતર-આકાશમાં
ઝુલે-હીંચે
પદમણી-પ્રથમ પ્રકાર
હંસતણી-હંસગુણી
ચેતણી-ચકોર
શંખણી-હીણી
સુહાવે-ભાવે, પસંદ પડે
હુજ્જત-સાબિતી
રળીયા-આનંદ
ચીંતજ-ચિત્ત
દોય તડીયા-બે ભાગ
રાચે-રમે
રંગે-રંગ, મોહ
કલેશે-ઝઘડો
અઘોર-અજ્ઞાનના
ગંધા-વાસ
વીરખા-ઝાડ
કેશા-બાલ
લંબ કેશા-લાંબા વાળ
ભોરીંગ કેશા-વાકડીયા બાલ
ઉભ કેશા-ઉભા-જાડા બાલ
ભીરખા-ખાવું
પલત્ર-પળમાં
હલત્ર-હમણાંજ
અંતર ભજની-હૃદય ભક્તિ
માલા ભજની-તસ્બિહ ભજે
મથમથો-મહેનત કરો
સોજો-સોધો

૧૪૫

ઢાંગા-ઢોંગ
વોળાવા-વચન
ભાણ-સુરજ
નીરધાર-ચોક્કસ, નક્કી

૧૪૬

અમુલખ-કિંમતી
લાધાજી-મળ્યું
જતન-સંભાળીને
અદકેરા-વધારે
પાખંડ-ઢોંગ
સાચી સુકરીત-સારા કાર્ય
ગોડમ ગોડ-નીચામાં નીચી હાલતે

૧૪૭

ભેખ-વેશ
કાશા-પ્યાલો
લાલી-નોકરાણી
મકરૂં-વાસી
નીવાલા-કોળીયો
ખરચમે-વહેવારમાં

૧૪૮

મનોરથ-મનની ઇચ્છા

૧૫૦

રળીયા-કમાયા
વર-ધણી
અંગુર-રસ
કહેક-શહેર
કદીમ-ગુલામ
પોપ-પવિત્ર
પરમલ-સુગંધ

૧૫૨

આદ-શરૂઆત
ઉણાદજો-શરૂઆત પહેલા
જુગેસર-ખુદા, માલિક
પાવલ-નિયાજ
વીસનવને-વિષ્ણું, મૌલાઅલી

૧૫૩

જોગી-ઇબાદતી
જુગત-જુગતિ, કળા
મંડલ-ઢોલ
તાલ તામસ-વાજીંત્ર

૧૫૪

મુંદ્રા-કાનમાં પહેરવાની વાળી
નીરવાણ-ચોક્કસ
ભભુત-રાખ
સીધના-સિદ્ધિ
સીંગી-વાજીંત્ર
જટા-ચોટી
ત્રીભોવન-ત્રણ ભવનનો નાથ

૧૫૫
સપનુંતર-સપનું
લીલુડે આવાસ-હરીયાલું ઘર
બેલી-મદદગાર
૧૫૬
હુરાં-ખુશીઓ, ભેદ
સુભુ-સવારે
ચતુર-હોંશીયાર
મંડાવુરે-નોંધાવવું
અમીનાકંચોલા-અમૃતના પ્યાલા
ચેરારે-મશ્કરી
૧૫૭
ઇંડ-ઇંડું
નુર તજલેથી-નુરનો જલવો
અદબદ-પુરેપૂરૂં ભરપુર
૧૫૮
સોહીદીન-તે જ દિવસ
ચુણીયા મીંદર-ચણેલું મંદીર
પેખણો-દેખાવ, નાટક
માયા મમતે-દુનિયાની મહોબતે
સુકણ-સુકાય જવું
છોરૂ-ઔલાદ
વાછરૂં-વાછંરડું
૧૫૯
રૂડી-સારી
સાબત-સાબિત
નાભીસે- નાભીએ
તન મન સુરત સમશા-શરીર
મન ધ્યાન અને ભેદ
ત્રીવેણી-ત્રણ નદીનો સંગમ
આઠ પોહોરમેં-ચોવીસ કલાક
૧૬૦
ભાવે-ગમે
રહેણી-રાત
જહુરા-જહુરાત, જાહેર
૧૬૧
દેવ મોરાર-માલિક
રંગે ચંગે-ખુશીથી
સેજ બીછાયા-પથારી પાથરી
૧૬૨
ભીંજે-ભીંજાવવું
ઘટપાલ-ચક
૧૬૩
ઘાંચા-ફેરા
સુનોરે વટારૂ બાવરે-રાહદારી સાભળો
બાવા-બાપા
૧૬૪
સુહાગણ-જેનો પતિ હયાત છે તે
૧૬૫
કાલકો-કાલ
ભવરો-મન
બલબલ-વારી જવું
૧૬૬
શાન-અક્કલ
૧૬૭
દુરીજન-દુરજન, અધર્મી
ભુંડો-ખરાબ
ઉતાર-ઉતારવું,
આપ ગાળો- હું ખુદી ખતમ કરવી
રતી-થોડું
પટુંતરો-જુદાઇ
ભાદરવે-ભાદરવો
૧૬૮
વાયુકી મુઠી-પવન
ધીઆ-દિકરી
ત્રીઆ-સ્ત્રી
શીઆ-પુત્ર
ગોરમે-કબરમા
સુરત નીરત-પવિત્ર ધ્યાન
નેહાર-દિદાર
કલમા-કલમો
૧૬૯
બુજરગ્ગું-મોટો
૧૭૦
દેહી જાલો-દેહી બાળો
આપ ગાલો-ખુદી ખતમ કરો
કસલ-મહેલ
પાંચ કાળ-પંચભૂ
ચાંદુડા-રોશની
૧૭૧
નેહ અગનસું-પ્રેમનો અગ્નિ
દેહા બીરાની-વેરાન દેહી